GJBN010022172024

## FORM -A

IN THE COURT OF

**The Hon'ble Sp. Judge(NDPS) & 5th Addl. District & Session Judge, Bhavnagar.**

Date of The judgement: 01/06/2026

# Sp. (NDPS) Case No.5/2024

Details of F. I.R /Crime and Police Station.
વેળાવદર ભાલ (સનેસ) ગુ.ર.નં.સેકન્ડ ૧૧૧૯૮૦૬૬૨૪૦૦૪૨/૨૦૨૪, તા : ૧૦/૦૩/૨૦૨૪

**ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એક્ટ, ૧૯૮૫ ની કલમ–૮(સી), ૨૨(સી), ૨૯ મુજબ**

| | |
|---|---|
| Complainant | સ્ટેટ ઓફ ગુજરાત. |
| REPRESENTED BY | વિ.એ.પી.પી. શ્રી જે.એ.પંડયા |
| ACCUSED | (૧) તૌફીકભાઈ અહેમદભાઈ મન્સુરી, **(જ્યુડીશ્યલ કસ્ટડી)**<br>રહે. શેરી નં.૩, કાદરી મસ્જીદની બાજુમાં, મોતીતળાવ, કુંભારવાડા, ભાવનગર.<br>(૨) એઝાઝભાઈ ઉર્ફે બાદશાહ હનીફભાઈ મન્સુરી, **(જ્યુડીશ્યલ કસ્ટડી)**<br>રહે. શેરી નં.૬, મોતીતળાવ કુંભારવાડા, ભાવનગર.<br>(૩) અલ્ફાઝભાઈ સાદીકભાઈ ગોરી, **(જ્યુડીશ્યલ કસ્ટડી)**<br>રહે. શેરી નં.૮, મફતનગર, મોતીતળાવ, કુંભારવાડા, ભાવનગર.<br>(૪) હુસેનભાઈ ઉર્ફે ટાઈગર અખ્તરભાઈ કલીવાળા, **(જ્યુડીશ્યલ કસ્ટડી)**<br>રહે. શેરી નં.૦૬, મોતીતળાવ, કુંભારવાડા, ભાવનગર.<br>(૫) મહેફુઝ અયુબ મિયાનુર,<br>રહે. ચકલા સ્ટ્રીટ બિલ્ડીંગ નં.૧૦૩/૧૦૫, મસ્જીદ બંર, મુંબઈ.<br>(૬) તોહરાબ ખાન અબ્દુલ રહેમાન ખાન,<br>રહે. રૂમ નં.૫૦૮, ઉતમ પેલેસ, મીનારા મસ્જીદ, |

| | |
|---|---|
| | મહંમદઅલી રોડ, મુંબઈ.<br>(૭) મોહમ્મદ રિઝવાન ગુલામ ગૌસ,<br>રહે. રૂમ નં.૧૦, બીજા માળે, ઝુમા મસ્જીદ બિલ્ડીંગ, ઝંડાગલીની સામે, એમ.ઈ.માર્ગ, ડોંગરી, મુંબઈ. |
| REPRESENTED BY | આરોપી નં.૧ થી નં.૩ તરફે વિ.વકીલ શ્રી બી.કે.વાઘેલા<br>આરોપી નં.૪ તરફે વિ.વકીલ શ્રી એસ.વાય.હમીરાણી<br>આરોપી નં.૫ થી નં.૭ તરફે વિ.વકીલ શ્રી આર.એચ.જોબનપુત્રા |

## FORM -B

| | |
|---|---|
| Date of Offence | તા.૧૦/૦૩/૨૦૨૪ |
| Date of F.I.R | તા.૧૦/૦૩/૨૦૨૪ |
| Date of Chargesheet | તા.૦૨/૦૬/૨૦૨૪ |
| Date of Framing of Charges | તા.૦૭/૦૪/૨૦૨૫ |
| Date of commencement of evidence | તા.૦૬/૦૬/૨૦૨૫ |
| Date of which judgment is reserved | તા: ૦૧/૦૬/૨૦૨૬ |
| Date of the Judgment | તા: ૦૧/૦૬/૨૦૨૬ |
| Date of the Sentencing Order, if any | NA |

## Accused Details.

| Rank of the accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428 Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | તૌફીકભાઈ અહેમદભાઈ મન્સુરી | ૧૦/૦૩/૨૦૨૪ | **judicial custody** | એન.ડી.પી.એસ. કલમ–૮(સી), ૨૨(સી), ૨૯ | ૨૦ વર્ષની સખત કેદની સજા તથા રૂા.૧,૦૦,૦૦૦/– નો દંડ | | |
| ૨. | એઝાઝભાઈ ઉર્ફે બાદશાહ હનીફભાઈ મન્સુરી | ૧૦/૦૩/૨૦૨૪ | **judicial custody** | એન.ડી.પી.એસ. કલમ–૮(સી), ૨૨(સી), ૨૯ | ૨૦ વર્ષની સખત કેદની સજા તથા રૂા.૧,૦૦,૦૦૦/– નો દંડ | | |
| ૩. | અલ્ફાઝભાઈ સાદીકભાઈ ગોરી | ૧૦/૦૩/૨૦૨૪ | **judicial custody** | એન.ડી.પી.એસ. કલમ–૮(સી), ૨૨(સી), ૨૯ | ૨૦ વર્ષની સખત કેદની સજા તથા રૂા.૧,૦૦,૦૦૦/– નો દંડ | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૪. | હુસેનભાઈ ઉર્ફે ટાઈગર અખ્તરભાઈ કલીવાળા | ૧૦/૦૩/૨૦૨૪ | **judicial custody** | એન.ડી.પી.એસ. કલમ–૮(સી), ૨૨(સી), ૨૯ | ૨૦ વર્ષની સખત કેદની સજા તથા રૂા.૧ ,૦૦,૦૦૦/– નો દંડ | | |
| ૫. | મહેફુઝ અયુબ મિયાનુર | ૧૬/૦૩/૨૦૨૪ | | એન.ડી.પી.એસ. કલમ–૮(સી), ૨૨(સી), ૨૯ | શંકાનો લા ભ આપી નિર્દોષ | | |
| ૬. | તોહરાબ ખાન અબ્દુલ રહેમાન ખાન | ૧૬/૦૩/૨૦૨૪ | | એન.ડી.પી.એસ. કલમ–૮(સી), ૨૨(સી), ૨૯ | શંકાનો લા ભ આપી નિર્દોષ | | |
| ૭. | મોહમ્મદ રિઝવાન ગુલામ ગૌસ | ૧૯/૦૩/૨૦૨૪ | | એન.ડી.પી.એસ. કલમ–૮(સી), ૨૨(સી), ૨૯ | શંકાનો લા ભ આપી નિર્દોષ | | |

## FORM-C

## LIST OF PROSECUTION / DEFFENCE/ COURT WITNESSES

## A. Prosecution.

| RANK | NAME | ex. | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESSE, MEDICAL WITNESSE, PUNCH WITNESSE, OTHER WITNESSE |
|---|---|---|---|
| PW1 | ચિરાગભાઈ મુકેશભાઈ જેઠવા | આંક–૩૩ | પંચ સાહેદ |
| PW2 | ચેતનકુમાર હસુભાઈ મકવાણા | આંક–૪૮ | ફરીયાદી |
| PW3 | શશીભાઈ જયંતિભાઈ ધંધુકીયા | આંક–૫૧ | વજન કરનાર સાહેદ |
| PW4 | જીતેન્દ્રભાઈ અનંતરાય ભટ્ટ | આંક–૫૪ | પંચ સાહેદ |
| PW5 | મુસ્તુફાભાઈ હુસેનભાઈ બીલખીયા | આંક–૫૮ | પંચ સાહેદ |
| PW6 | અજયપાલસિંહ રણજીતસિંહ ચુડાસમા | આંક–૫૯ | પંચ સાહેદ |
| PW7 | રાજદીપસિંહ વનરાજસિંહ ચુડાસમા | આંક–૬૧ | પંચ સાહેદ |
| PW8 | રાજુભાઈ વામનભાઈ ભુવા | આંક–૬૨ | પંચ સાહેદ |
| PW9 | મહાવીરસિંહ દિલીપસિંહ ગોહિલ | આંક–૬૮ | સાહેદ |
| PW10 | વિજયસિંહ ભુપતસિંહ ગોહિલ | આંક–૬૯ | સાહેદ |
| PW11 | અશ્વિનકુમાર હરીભાઈ ઈટાળીયા | આંક–૭૦ | સાહેદ |
| PW12 | સંજયસિંહ બહાદુરસિંહ ગોહિલ | આંક–૭૩ | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| PW13 | અજીતસિંહ રાયસંગભાઈ વાળા | આંક–૮૦ | સાહેદ |
| PW14 | અમિતકુમાર ધરમશીભાઈ મકવાણા | આંક–૯૧ | સાહેદ |
| PW15 | રાહુલ અભેસીંગ વાઢેર | આંક–૧૦૪ | તપાસ કરનાર અમલદાર |
| PW16 | મહિપાલસિંહ દિલુભા ગોહિલ | આંક–૧૫૧ | સાહેદ |

## B. Defence Witnesses , if any: None.

## C. Court Witnesses If any : None.

## LIST OF PROSECUTION /DEFFENCE / COURT EXIHIBITS.
## A. Prosecution.

| Sr. No. | Exihibit Number | Description |
|---|---|---|
| 1. | આંક–૩૪/PW 1 | પંચનામું |
| 2. | આંક–૩૫/PW 1 | પંચનામું |
| 3. | આંક–૩૬/PW 1 | પંચનામું. |
| 4. | આંક–૩૭,૩૮, ૩૯, ૪૦, ૪૧,૪૨, / PW 1 | પંચ સ્લીપો. |
| 5. | આંક–૪૩/ PW 1 | પંચનામું |
| 6. | આંક–૪૪/ PW 1 | એન.ડી.પી.એસ. એકટની કલમ ૪૨ મુજબનો ઝડતી ઠરાવ |
| 7. | આંક–૪૫/ PW 1 | એન.ડી.પી.એસ. એકટની કલમ ૫૦ મુજબ સમજ કર્યા બદલનો પત્ર |
| 8. | આંક–૪૬/ PW 1 | સીઝર મેમો. |
| 9. | આંક–૪૯/ PW 2 | ફરીયાદ |
| 10. | આંક–૫૨/ PW 3 | વજન કરનાર સાહેદનું પ્રમાણપત્ર |
| 11. | આંક–૫૫/ PW 4 | આરોપીઓનું અટક પંચનામું |
| 12. | આંક–૫૬,૫૭/ PW 4 | પંચ સ્લીપો |
| 13. | આંક–૬૦/ PW 6 | પેન ડ્રાઈવ કબ્જે કર્યા અંગેનું પંચનામું |
| 14. | આંક–૭૧/ PW 11 | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| 15. | આંક–૭૨/ PW 11 | નાર્કોટીકસના જથ્થાની ચકાસણી માટે સ્થળ પર પધારવા કરેલ યાદી |
| 16. | આંક–૮૮/ PW 12 | પેનડ્રાઈવ |
| 17. | આંક–૮૯/ PW 12 | ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫ (બી) નું પ્રમાણપત્ર |
| 18. | આંક–૯૦/ PW 12 | ટોલનાકામાં ફાસ્ટેગના પૈસા કપાયેલાનું સ્ટેટમેન્ટ |
| 19. | આંક–૮૧/ PW 13 | જી.એસ.ટી. વિભાગને સરકારી પંચો ફાળવવા કરેલ યાદી |
| 20. | આંક–૮૨/ PW 13 | સ્થળ પર નાર્કાટીકસના જથ્થાનું વજન કરવા યાદી |
| 21. | આંક–૮૩/ PW 13 | એન.ડી.પી.સી. એકટની કલમ–૪૨(૨) મુજબ નાર્કોટીકસ અંગેની માહિતી મળેલ |

| | | |
|---|---|---|
| | | અંગે જાણ કર્યાની યાદી |
| 22. | આંક–૮૪/ PW 13 | ગુન્હો રજીસ્ટર કરી આગળની કાર્યવાહી કરવા યાદી |
| 23. | આંક–૯૨ / PW 14 | સ્ટેશન ડાયરીની કોમ્પ્યુટર કોપી |
| 24. | આંક–૯૩/ PW 14 | તપાસ સંભાળી લેવા યાદી |
| 25. | આંક–૧૦૫/ PW 15 | એફ.આઈ.આર.માં મિલીગ્રામ શબ્દના સ્થાને ગ્રામ શબ્દનો સુધારો ગણવા યાદી |
| 26. | આંક–૧૦૬/ PW 15 | ગુન્હાના કામે કબ્જે લીધેલ માદક પદાર્થના સેમ્પલીંગની કાર્યવાહી કરવા યાદી |
| 27. | આંક–૧૦૭/ PW 15 | ઈન્વેન્ટરી રીપોર્ટ |
| 28. | આંક–૧૦૮/ PW 15 | સી.આર.પી.સી.ની કલમ–૫૮ અન્વયે આરોપીઓની ધરપકડ કર્યા અંગેની જાણ કરવાની યાદી |
| 29. | આંક–૧૦૯/ PW 15 | સી.આર.પી.સી.ની કલમ–૫૮ અન્વયે આરોપીઓની ધરપકડ કર્યા અંગેની જાણ કરવાની યાદી |
| 30. | આંક–૧૧૦/ PW 15 | ક્રાઈમ રાઈટર, સનેસ પોલીસ સ્ટેશનને ગુન્હાના કામે મુદ્દામાલ સાથે હાજર રહેવા અંગેની યાદી |
| 31. | આંક–૧૧૧/ PW 15 | પોલીસ સબ ઈન્સ્પેકટર, સનેસ પોલીસ સ્ટેશનને ગુન્હાના કામે મુદ્દામાલ એફ.એસ.એલ. ગાંધીનગર મોકલી આપવા યાદી |
| 32. | આંક–૧૧૨/ PW 15 | ગુન્હાના કામે કબ્જે કરેલ ફોર વ્હીલ વાહનની માંગ્યા મુજબની માહિતી આપવા યાદી |
| 33. | આંક–૧૧૩/ PW 15 | ગુજરાત મોટર સાયકલ ડી.ભાવનગરનું વ્હીકલ રજી.ની નકલ |
| 34. | આંક–૧૧૪/ PW 15 | બેંક એકાઉન્ટ નંબર અને ટ્રાન્ઝેકશન હિસ્ટ્રી મળવા યાદી |
| 35 | આંક–૧૧૫/ PW 15 | એકસીસ બેંકના ઈ–મેઈલની નકલ |
| 36 | આંક–૧૧૬/ PW 15 | આઈ.ડી.બી.એફ.સી.બેંકને બેંક એકાઉન્ટ નંબર અને ટ્રાન્ઝેકશન હિસ્ટ્રી મળવા યાદી |
| 37 | આંક–૧૧૭/ PW 15 | એસ.બી.આઈ બેંકને બેંક એકાઉન્ટ નંબર અને ટ્રાન્ઝેકશન હિસ્ટ્રી મળવા યાદી |
| 38 | આંક–૧૧૮/ PW 15 | એસ.બી.આઈ બેંકને બેંક એકાઉન્ટ નંબર અને ટ્રાન્ઝેકશન હિસ્ટ્રી મળવા યાદી |
| 39 | આંક–૧૧૯/ PW 15 | એસ.બી.આઈ બેંકને બેંક એકાઉન્ટ નંબર અને ટ્રાન્ઝેકશન હિસ્ટ્રી મળવા યાદી |
| 40 | આંક–૧૨૦/ PW 15 | એસ.બી.આઈ., ભાવનગરના બેંક સ્ટેટમેન્ટની નકલ (કુલ પાના–૨૮) |
| 41 | આંક–૧૨૧/ PW 15 | એચ.ડી.એફ.સી.બેંકને બેંક એકાઉન્ટ નંબર અને ટ્રાન્ઝેકશન હિસ્ટ્રી મળવા યાદી |
| 42 | આંક–૧૨૨/ PW 15 | એચ.ડી.એફ.સી.બેંકને બેંક એકાઉન્ટ નંબર અને ટ્રાન્ઝેકશન હિસ્ટ્રી મળવા યાદી |
| 43 | આંક–૧૨૩/ PW 15 | એસ.બી.આઈ., ભાવનગરના બેંક સ્ટેટમેન્ટની નકલ (કુલ પાના–૧૮) |
| 44 | આંક–૧૨૪/ PW 15 | આઈ.સી.આઈ.સી.બેંકને બેંક એકાઉન્ટ નંબર અને ટ્રાન્ઝેકશન હિસ્ટ્રી મળવા યાદી |
| 45 | આંક–૧૨૫/ PW 15 | મેનેજરશ્રી ટોલ પ્લાઝા, ભાવનગરને સી.સી.ટી.વી. ફુટેજ મળવા યાદી |
| 46 | આંક–૧૨૬/ PW 15 | ગુન્હાના કામે નોકરી બુક તથા સરકારી ગાડીની લોગ બુકના ઉતારાની નકલ મળવા યાદી |
| 47 | આંક–૧૨૭/ PW 15 | તપાસ સોંપણીનો લેટર |
| 48 | આંક–૧૨૮/ PW 15 | પોલીસ મદદ મળવા યાદી |
| 49 | આંક–૧૨૯/ PW 15 | પોલીસ મદદ મળવા યાદી |
| 50 | આંક–૧૩૦/ PW 15 | ગુન્હાના કામે આરોપીની પુછપરછ સારું લઈ જવા અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા અંગે. |
| 51 | આંક–૧૩૧/ PW 15 | પોલીસ મદદ મળવા યાદી |
| 52 | આંક–૧૩૨/ PW 15 | ગુન્હાના કામે આરોપીની પુછપરછ સારું લઈ જવા અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા અંગે. |
| 53 | આંક–૧૩૩/ PW 15 | પોલીસ ઈન્સ્પેકટર, ભાવનગરની રજીસ્ટરની નકલ (ફોર્મ–બી) |

| | | |
|---|---|---|
| 54 | આંક–૧૩૪/ PW 15 | ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર |
| 55 | આંક–૧૩૫/ PW 15 | સી.આર.પી.સી.ની કલમ–૧૬૪ મુજબના કામે નિવેદન લેવા માટે તારીખ સમય ફાળવવા યાદી |
| 56 | આંક–૧૩૬/ PW 15 | એફ.એસ.એલ. ગાંધીનગરને મુદ્દામાલનું પૃથ્થકરણ કરી અભિપ્રાય મેળવવાનો ફોરવડીંગ લેટર |
| 57 | આંક–૧૩૭/ PW 15 | એફ.એસ.એલ. મુદ્દામાલ રવાનગી |
| 58 | આંક–૧૩૮/ PW 15 | એફ.એસ.એલ. ગાંધીનગરની પહોંચ |
| 59 | આંક–૧૩૯/ PW 15 | ડી.એફ.એસ.ગાંધીનગરનો ફોરવડીંગ લેટર |
| 60 | આંક–૧૪૦/ PW 15 | ડી.એફ.એસ. ગાંધીનગરનો પરીક્ષણ અહેવાલ |
| 61 | આંક–૧૪૧/ PW 15 | પોલીસ ઈન્સ્પેકટરશ્રી, સનેસને ગુન્હાના કામે કબ્જે કરેલ પેન ડ્રાઈવ એફ.એસ.એલ. ગાંધીનગર મોકલી આપવા યાદી |
| 62 | આંક–૧૪૨/ PW 15 | એફ.એસ.એલ. મુદ્દામાલ રવાનગી |
| 63 | આંક–૧૪૩/ PW 15 | એફ.એસ.એલ. ગાંધીનગરની પહોંચ |
| 64. | આંક–૧૪૪/ PW 15 | એફ.એસ.એલ. ગાંધીનગરને મુદ્દામાલનું પૃથ્થકરણ કરી અભિપ્રાય મેળવવાનો ફોરવડીંગ લેટર |
| 65. | આંક–૧૪૫/ PW 15 | ડી.એફ.એસ. ગાંધીનગરનું મુદ્દામાલનું પરીક્ષણ કરી તેની સાથે ફોરવડીંગ લેટર |
| 66. | આંક–૧૪૬/ PW 15 | ડી.એફ.એસ. ગાંધીનગરનું મુદ્દામાલનું પરીક્ષણ પૃથ્થુકરણ અહેવાલ |
| 67 | આંક–૧૪૭/ PW 15 | ડી.એફ.એસ. ગાંધીનગરનું ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી)(૪)(સી) મુજબનું અસલ પ્રમાણપત્ર |
| 68 | આંક–૧૪૮/ PW 15 | એનેક્ષર–એ ફોરવ્હીલ ગાડીના ફોટો સાથેના પાના ૪ |

## B. Defence. : None.

## C. Court Exihibits. : None.

## D. Material Objects.

| Sr. No. | Material Number | Description |
|---|---|---|
| 1. | MO 1 | **<u>મુદ્દામાલ પાવતી મુજબ.</u>** |

| | |
|---|---|
| રજુ તારીખ | તા.૦૫/૦૬/૨૦૨૪ |
| દાખલ તારીખ | તા.૦૫/૦૬/૨૦૨૪ |
| ફેંસલ તારીખ | તા.૦૧/૦૬/૨૦૨૬ |
| **સમયગાળો** | **વર્ષ–માસ–દિવસ** |
| | **૦૧ ૧૧ ૨૭** |

---

**ભાવનગરના મહે.સ્પેશ્યલ જજ (એન.ડી.પી.એસ.) તથા પાંચમાં એડી. સેશન્સ જજ સાહેબની અદાલતમા.**

---

**સ્પે.(એન.ડી.પી.એસ.) કેસ નં.૦૫/૨૦૨૪ આંક :–૧૭૭**

---

**<u>ફરીયાદી</u>** :– **શ્રી સરકાર**

વિરુદ્ધ

**<u>આરોપીઓ</u>** :–

(૧) તૌફીકભાઈ અહેમદભાઈ મન્સુરી, **(જયુડીશ્યલ કસ્ટડી)**
રહે. શેરી નં.૩, કાદરી મસ્જીદની બાજુમાં, મોતીતળાવ, કુંભારવાડા, ભાવનગર.

(૨) એઝાઝભાઈ ઉર્ફે બાદશાહ હનીફભાઈ મન્સુરી, **(જયુડીશ્યલ કસ્ટડી)**
રહે. શેરી નં.૬, મોતીતળાવ કુંભારવાડા, ભાવનગર.

(૩) અલ્ફાઝભાઈ સાદીકભાઈ ગોરી, **(જયુડીશ્યલ કસ્ટડી)**
રહે. શેરી નં.૮, મફતનગર, મોતીતળાવ, કુંભારવાડા, ભાવનગર.

(૪) હુસેનભાઈ ઉર્ફે ટાઈગર અખ્તરભાઈ કલીવાળા, **(જયુડીશ્યલ કસ્ટડી)**
રહે. શેરી નં.૦૬, મોતીતળાવ, કુંભારવાડા, ભાવનગર.

(૫) મહેફુઝ અયુબ મિયાનુર,
રહે. ચકલા સ્ટ્રીટ બિલ્ડીંગ નં.૧૦૩/૧૦૫, મસ્જીદ બંર, મુંબઈ.

(૬) તોહરાબ ખાન અબ્દુલ રહેમાન ખાન,
રહે. રૂમ નં.૫૦૮, ઉતમ પેલેસ, મીનારા મસ્જીદ, મહંમદઅલી રોડ, મુંબઈ.

(૭) મોહમ્મદ રિઝવાન ગુલામ ગૌસ,
રહે. રૂમ નં.૧૦, બીજા માળે, ઝુમા મસ્જીદ બિલ્ડીંગ, ઝંડાગલીની સામે, એમ.ઈ.માર્ગ, ડોંગરી, મુંબઈ.

---

ગુન્હો:– **<u>ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૮(સી), ૨૨(સી), ૨૯ મુજબ</u>**

---

-----------------------------------------------------------------------

| | | |
|---|---|---|
| ફરીયાદપક્ષ તરફે | : | વિધ્વાન એ.પી.પી. શ્રી જે.એ.પંડયા |
| આરોપી નં.૧ થી નં.૩ તરફે | : | વિ.વકીલ શ્રી બી.કે.વાઘેલા |
| આરોપી નં.૪ તરફે | : | વિ.વકીલ શ્રી એસ.વાય.હમીરાણી |
| આરોપી નં.૫ થી નં.૭ તરફે | : | વિ.વકીલ શ્રી આર.એચ.જોબનપુત્રા |

-----------------------------------------------------------------------

## :: જજમેન્ટ ::

**(૧)** ફરીયાદપક્ષની ટૂંકમાં વિગત એવી છે કે,

આ કામના આરોપી નં.૧ તૌફીકભાઈ એહમદભાઈ મન્સુરી, નં.ર એઝાઝભાઈ, નં.૩ અલ્ફાઝભાઈ તથા નં.૪ હુસેનભાઈ કલીવાળા નાઓએ સફેદ કલરની બલેનો કારમાં પોતાના આર્થિક ફાયદા સારું વગર પાસ પરમીટે ગેરકાયદેસરના નશીલા પદાર્થ નાર્કોટીકસ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો મુંબઈ ખાતે રહેતા આરોપી નં.૫ મહેફુઝ અયુબ મીયાનુર તથા આરોપી નં.૬ તોહરાબ અબ્દુલ રહેમાન ખાન વાળાઓ પાસેથી વેચાણ કરવાના ઈરાદે પોતાના કબજામાં રાખી તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ કલાક ૧૪:૧૦ વાગ્યે ભાવનગર અમદાવાદ હાઈ–વે રોડ, વેગડ નદીના પુલ નજીક જાહેર રોડ ઉપર નાર્કોટીકસ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો જેનું વજન ૯૧.૮૦૦ ગ્રામ કિ.૯,૧૮,૦૦૦/– તથા કાંટો–૧ તથા ત્રણ મોબાઈલ કિ.૧૫,૦૦૦/– તથા ચાર આધારકાર્ડ તથા બલેનો કાર કિ.૭,૦૦,૦૦૦/– તથા ગાડીની આર.સી.બુક તથા પારદર્શક પ્લાસ્ટીકની ખાલી નાની જીપવાળી કોથળી કુલ નંગ–૩૦૬ તથા રોકડા રૂા.૧૦૭૦/– સહિત કુલ રૂા.૧૬,૩૪,૦૭૦/– ના મુદ્દામાલ સાથે મળી આવી, પકડાઈ જઈ તેમજ આ કામે મળી આવેલ નાર્કોટીકસ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો આરોપી નં.૧ થી નં.૪ નાઓએ આરોપી નં.૫ અને નં.૬ વાળાઓ પાસેથી વેચાણ અર્થે ખરીદ કરી, આરોપી નં.૬ નાએ આ નાર્કોટીકસ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો વેચાણ કર્યાના રોકડા રૂા.૩૫,૮૦૦/– સાથે મળી આવી, તેમજ આરોપી નં.૭ મોહમ્મદ રીઝવાન ગુલામ ગૌસ નાએ આ નાર્કોટીકસ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો વેચાણ કર્યાના રોકડા રૂા.૯,૦૦૦/– સાથે મળી આવી પોતાના ફાયદા સારું ગુનાહિત કૃત્યમાં એકબીજાને મદદગારી કરી, તે રીતે આરોપીઓએ એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૨(સી), ૨૯ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોય, આરોપીઓ વિરુધ્ધ ધોરણસર થવા ફરિયાદીએ સદર ફરિયાદ આપેલ હતી.

**(૨)** સદરહુ કામની ફરીયાદ, ફરીયાદી–સી.એચ.મકવાણા, પી.એસ.આઈ., એસ.ઓ.જી. શાખા, ભાવનગર જિલ્લાનાએ આપતા, સદરહુ ફરિયાદ વેળાવદર ભાલ (સનેસ) ગુ.ર.નં.

સેકન્ડ ૧૧૧૯૮૦૬૬૨૪૦૦૪૨/૨૦૨૪ થી એન.ડી.પી.એસ. એકટની કલમ ૮(સી), ૨૨(સી), ૨૯ મુજબના ગુના અંગેની રજીસ્ટરે લઈ, તે અંગેની તપાસ પોલીસ–સબ–ઈન્સ્પેકટર શ્રી, એલ.સી.બી. ભાવનગરનાઓને સોંપવામાં આવેલ અને તેઓએ લાગતાં વળગતાં સાહેદોના નિવેદનો લીધેલ, જરુરી પંચનામાઓ કરી, જરૂરી પુરાવો એકત્રીત કરી, તપાસના અંતે આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો મળતાં, આરોપીઓ વિરૂઘ્ધના આક્ષેપીત ગુન્હાની ટ્રાયલ ચલાવવાની સત્તા એન.ડી.પી.એસ. એકટ હેઠળ રચવામાં આવેલ ખાસ અદાલતને હોવાથી, આરોપીઓ વિરૂઘ્ધ એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૨(સી), ૨૯ મુજબના ગુન્હાનું ચાર્જશીટ નામદાર સેશન્સ અદાલત, ભાવનગર સમક્ષ દાખલ થતાં, સદર કેસને સ્પેશ્યલ (એન.ડી.પી.એસ.) કેસ નં.૦૫/૨૦૨૪ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે અને અત્રેની અદાલતમાં આગળની ઈન્સાફી કાર્યવાહી માટે તબદીલ થયેલ છે.

(૩) સદરહુ કેસ ઈન્સાફી કાર્યવાહી માટે આ કોર્ટ રૂબરૂ તબદીલ થયા બાદ આરોપીઓ જાતે તથા વકીલ મારફતે હાજર થતાં તેઓને ચાર્જશીટની નકલો મળી ગયા બાબતની ખાતરી કર્યા બાદ ફરિયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રી તથા આરોપીઓના વકીલશ્રીને સાંભળ્યા બાદ આરોપી વિરૂઘ્ધ **<u>આંક–૨૦</u>** થી એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૨(સી), ૨૯ મુજબના ગુન્હાનું તહોમતનામું તા.૦૭/૦૪/૨૦૨૫ ના રોજ પુરોગામી સેશન્સ જજશ્રી ધ્વારા ફરમાવવામાં આવેલ અને તે તહોમતનામું ફરમાવી વાંચી સંભળાવી સમજાવ્યા બાદ, તે તહોમતનામા બાબતે **<u>આંક–૨૧</u>** થી **<u>આંક–૨૭</u>** સુધી આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં આરોપીઓએ ગુન્હો કબુલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવો છે તેમ જણાવતા તેઓની સામેના આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં ઉપરોકત ફોર્મ–'સી' માં જણાવ્યા મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામા આવેલ છે તથા **<u>આંક–૧૬૦</u>** થી કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ છે.

(૬) આ કામે ફરીયાદપક્ષે પુરાવો પુર્ણ થયા બાદ આ કામના આરોપીઓનો રેકર્ડ ઉપર આવેલ પુરાવા અન્વયે ક્રિ.પ્રો.કો.કલમ–૩૧૩ અન્વયે વધારાનો જવાબ નોંધવામા આવતા, આરોપીએ ફરીયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે તથા વિશેષમાં આરોપીએ જણાવેલ છે કે, તે નિર્દોષ છે અને તેને ખોટી રીતે સંડોવી દીધેલ છે. વધુમાં, આરોપઓએ તેમને બચાવના સાક્ષી તપાસવા નથી કે જાતે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેવું

જણાવેલ છે. ત્યારબાદ, આ કેસ આખરી દલીલોની સુનાવણી માટે રાખવામાં આવેલ છે.

(૭) **આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.એ.પંડયા ધ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે,**

આ કામે ફરિયાદપક્ષે આક્ષેપિત ગુન્હાની હકીકત નિ:શંકપણે પુરવાર કરેલ છે. આ કામે ફરીયાદપક્ષ ધ્વારા જે સાહેદોને તપાસેલ છે તે સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી અને સંપૂર્ણ વિશ્વાસપાત્ર પુરાવો રજુ કરેલ છે. આ કામે બચાવપક્ષ ધ્વારા જે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં ફરીયાદપક્ષના કેસ પરત્વે શંકા ઉત્પન્ન થાય તેવી કોઈ હકીકત બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તેમજ આ કામે બનાવ સ્થળ બનાવ સમયે, આરોપીની ઓળખ તથા બનાવવાળા સ્થળે આરોપીની હાજરી સંબંધે કોઈ તકરાર લેવામાં આવેલ નથી. આથી, ફરીયાદપક્ષ આક્ષેપિત હકીકતો નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે. આ કામે ફરીયાદપક્ષના તપાસવામાં આવેલા પંચ સાહેદોએ બનાવની હકીકત અને બનાવ સંબંધે નિ:શંક અને યથાયોગ્ય પુરાવો રજુ કરેલ છે જેઓએ પોલીસ તપાસની કાર્યવાહીઓ સ્વતંત્ર રીતે રજુ કરેલ છે. તેમજ આ કામે ફરીયાદપક્ષના રેડ સમયે હાજર પોલીસ સાહેદોએ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ છે અને રેડની કાર્યવાહી યોગ્ય નિયમોને આધીન થયેલ હોવાનું તમામ સાહેદોના મૌખિક પુરાવાથી ફલિત થાય છે. આ કામના આરોપી પાસેથી પકડવામાં આવેલ એમ.ડી.ડ્રગ્સ તેઓ મું બઈથી લાવેલ હોવાની પકડાયેલ મુદ્દામાલ એમ.ડી.ડ્રગ્સ હોવાનું એફ.એસ.એલ.અધિકારીના મૌખિક પુરાવા તથા તેણે રજુ કરેલ પૃથ્થકરણ રીપોર્ટથી પ્રાથમિક રીતે પુરવાર થાય છે પરંતુ તે સંબંધે એફ.એસ.એલ. અધિકારી ધ્વારા વધુ પૃથ્થકરણ માટે રવાનગી નોંધ આધારે ડી.એફ.એસ. ગાંધીનગર મારફતે જે પૃથ્થકરણ રીપોર્ટનો અભિપ્રાય મોકલેલ. જે આંક–૧૪૦ થી રજુ છે તેમાં પણ પૃથ્થકરણમાં જી.સી.એમ.એસ. મારફતે રાસાયણીક કસોટી અને ઉપકરણીય પૃથ્થકરણ કરેલ તેમાં મેફ્ડ્રોનની હાજરી જોવા મળેલ હોવાનું ગાંધીનગરના ડી.એફ.એસ. ના પૃથ્થકરણ રીપોર્ટથી પુરવાર થતું હોય, જેથી કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ એમ.ડી.ડ્રગ્સ હોવાનું ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે. તેમજ આ કામે આંક–૩૩ થી પંચ સાહેદ ચિરાગભાઈ જેઠવા કે જેઓ સરકારી કર્મચારી હોય તેઓએ બનાવ સ્થળે આરોપીએ રેડ દરમ્યાન તેના કબજામાં રહેલ વાહનમાંથી પકડવામાં આવેલ મુદ્દામાલ ડ્રગ્સ કબ્જે થયેલ હોવાનું જણાવતા હોય આથી આ કામે આરોપીના કબજામાંથી પકડવામાં આવેલ એમ.ડી.ડ્રગ્સ મેફેડ્રોન હોવાનું તથા આરોપીના કબજામાંથી મળેલ હોવાનું તથા તે સંબંધે જરૂરી ઠરાવો કાયદા મુજબ કરવામાં આવેલ હોવાનું

ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે. આથી આ કામે ફરીયાદપક્ષ દ્વારા પોલીસ કાર્યવાહી દરમ્યાન કલમ–૪૨ મુજબનો ઠરાવ, કલમ–૫૦ મુજબનો ઠરાવ, કલમ–૫૦ મુજબનો સમજ પત્ર તથા ઝડતી અંગેના જરૂરી ઠરાવો કરેલ હોય તે સંજોગોમાં ફરીયાદપક્ષ આક્ષેપિત ગુન્હાની હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે.

(૭.૧) વિશેષમાં ફરીયાદપક્ષ દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે બચાવપક્ષ દ્વારા જયાં સુધી તેઓના ઉલટતપાસમાં કોઈ કાર્યવાહી સંબંધે કે ઠરાવ સંબંધે તકરાર લેવામાં આવેલ ન હોય, ત્યાં સુધી તે હકીકતને તે દલીલમાં પડકારી શકે નહી. જેથી આ કામના આરોપી પક્ષ દ્વારા જે લેખિત દલીલ રજુ કરેલ છે તે લેખિત દલીલમાં જે તકરારો લીધેલ છે તે બચાવપક્ષે પોતાની ઉલટતપાસમાં તકરાર લીધેલ ન હોય, આથી આ કામે તેઓની તકરાર યોગ્ય સ્થાને ન હોય, તે તકરાર રદ્દ થવા પાત્ર છે. વિશેષમાં દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષ જયારે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ હોય, તે સંજોગોમાં આ કામે કલમ–૩૫ તથા કલમ–૫૪ સંબંધે જે પૂર્વાનુમાનની જે જોગવાઈ કરવામાં આવેલ છે તે આરોપી પક્ષે તેનું ખંડનાત્મક પુરાવો રજુ કરવાની જવાબદારી બની જાય છે પરંતુ આ કામે ફરીયાદપક્ષે જે હકીકતો સાબિત કરેલ છે તે સંબંધે બચાવપક્ષે કોઈ ખંડનાત્મક પુરાવો રજુ કરેલ ન હોય, આથી કલમ–૩૫ તથા કલમ–૫૪ ની જોગવાઈ જોતાં પૂર્વાનુમાન આરોપીની તરફે ભંગ કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, આથી આરોપીને મહતમ સજા કરવા રજુઆત કરેલ છે. વિશેષમાં દલીલ કરેલ છે કે, આ કામે ફરીયાદપક્ષ દ્વારા કલમ–૫૨ અન્વયે ઈન્વટરી થયેલાનો પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ હોય તથા કલમ–૫૪ મુજબ જાગૃત કબજો જે આરોપીઓ ગાડીમાં બેસેલ હોય તેમાં મુદ્દામાલ હોવાનું ફલિત થતું હોય, તે સંજોગોમાં આ કામે ફરીયાદપક્ષ તમામ હકીકતો નિ:શંકપણે પુરવાર કરેલ હોય અને તપાસ દરમ્યાન આરોપી પાસેથી એક ડીજીટલ કાંટો મળી આવેલ હોય તેમજ આરોપી પાસેથી પ્લાસ્ટીકની નાની કોથળીઓ મળી આવેલ હોય જે તમામ હકીકતો પંચ દ્વારા તથા સાહેદો દ્વારા સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ હોય, તેને જોતાં આરોપી એમ.ડી.ડ્રગ્સના માત્ર ઉપભોગ કરતા હોય તેવું નથી પરંતુ તેઓ આ ડ્રગ્સનું વેચાણ પણ કરતા હોવાનું માનવાને કારણ રહે છે. આથી, ડીજીટલ કાંટો આરોપીઓ પાસે શું કરતો હતો તે અંગેનો કોઈ ખુલાસો આરોપી પક્ષ દ્વારા કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં આ કામે આરોપીઓને મહતમ સજા કરવા મુખ્યત્વે દલીલ કરેલ છે.

(૭.૨) વિશેષમાં ફરીયાદપક્ષ દ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, બનાવ સ્થળેથી સનેસ

પોલીસ સ્ટેશન મુદ્દામાલ લઈ ગયેલ ત્યાં સુધીમાં કોઈ માલ પ્રેકટીસ થયેલ હોય કે કોઈ પ્રક્રિયામાં અનિયમિતતા થયેલ હોય તે અંગેનું કોઈ સજેશન કે કોઈ તકરાર આરોપી પક્ષ ધ્વારા લેવામાં આવેલ નથી. તેમજ આંક-૧૫૧ ના સાહેદે સ્પષ્ટ તેમના સોગંદ ઉપરના પુરાવામાં આરોપી તોફીક ધ્વારા પોતાની પાસે રહેલ મુદ્દામાલ કાઢી આપેલ હોય અને મુદ્દામાલ તોફીક પાસે હોય તેવું જણાવેલ હોય, તે સંજોગોમાં આ કામે ફરીયાદપક્ષ આક્ષેપિત વિરુધ્ધ જે આંક-૨૦ થી જે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે તે તે તહોમતનામાના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરેલ હોય, આરોપીને મહતમ સજા કરવા દલીલ કરેલ છે.

(૮) <u>આ કામે આરોપીઓ તરફે વિ.વ.શ્રી ધ્વારા આંક-૧૭૨ થી</u> લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે જે દલીલને નમ્રતાપૂર્વક વંચાણે લેવામાં આવેલ છે તેમજ સદર દલીલમાં જે તકરારો લેવામાં આવેલ છે તેને ધ્યાને લેવામાં આવે તો બચાવપક્ષ ધ્વારા સાહેદ નં.૧ તરીકે આંક-૩૩ થી સાહેદ ચિરાગભાઈ મુકેશભાઈ જેઠવાને પંચ તરીકે તપાસવામાં આવેલ છે જેને ઉલટતપાસ પર આધાર રાખી અને જણાવેલ છે કે, આંક-૩૯ ના સાહેદ પ્રાથમિક પંચનામું લખાવેલ નહી હોવાનું જણાવેલ છે. રેડીંગવાળી જગ્યાએ સીલીંગની કાર્યવાહી થયેલ નથી તેવું જણાવેલ છે. તા.૦૯/૦૩/૨૦૨૪ ના રોજ પંચમાં રહેવા જાણ કરવામાં આવેલી. તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ સાડા સાત આઠ વાગે તેઓ પોલીસ સ્ટેશનમાં જાય તેવી હકીકત લખાવેલ છે. જયારે આંક-૮૧ વાળી યાદીમાં રીસીવની તારીખ ૧૧/૦૩/૨૦૨૪ લખેલ છે. તેમજ તા.૧૧/૦૩/૨૦૨૪ ના રોજ પંચ પંચનામા માટે ગયેલ હોય તેવું ફલિત થતું નથી. આમ, પંચની યાદીમાં અને તારીખ, સમયમાં વિરોધાભાસ આવે છે અને તેઓએ તૈયાર પં ચનામામાં સહી કરેલાનું જણાવેલ છે જેથી સદરહું પંચ સાહેદના મૌખિક પુરાવો માની શકાય તેમ નથી.

(૮.૧) વિશેષમાં બચાવપક્ષ તરફે એવી દલીલ કરેલ છે કે, સાહેદ નં.૨ તરીકે આંક-૪૮ થી ચેતનકુમાર હસમુખભાઈ મકવાણા કે જેઓ આ કામે ફરીયાદી છે તેઓને તપાસવામાં આવેલ છે. સદરહું સાહેદની ઉલટતપાસમાં જે હકીકતો સ્વીકારેલ છે કે, તે જોતાં ફરીયાદવાળી બાતમી તેઓને કેટલા વાગ્યે મળેલી તેની માહિતી નહી હોવાનું અને ફરીયાદીને બાતમી અંગેની રેડીંગ પાર્ટીના સભ્ય નહી હોવાનું જાણ થયેલ નહી હોવાનું, ફરીયાદીને સરકારી પંચ તરીકે હાજર રહેવા કરેલ યાદી સંબંધે માહિતી નહી હોવાનું તેમજ અન્ય રેડીંગ સ્ટાફના માણસો કયાં ઉભા હતા તેની પણ માહિતી નહી હોવાનું તથા તેઓ વેગડ નદીએ પહોંચ્યા તે દરમ્યાન શું કાર્યવાહી કરી તેની

માહિતી નહી હોવાનું તથા એન.ડી.પી.સી.એ. કાયદા મુજબ કરવામાં આવેલ કલમ–૪૨ તથા કલમ–૫૦ ના ઠરાવોની તેમને માહિતી નહી હોવાનું અને તેમની હાજરીમાં કોઈ ઠરાવો નહી થયેલ હોવાનું તથા આ ઠરાવો તેમની હાજરીમાં આરોપીએ સહી કરેલ નહી હોવાનું સ્વીકારેલ છે. વિશેષમાં સદરહું સાહેદે તેની હાજરીમાં આરોપીએ મુદ્દામાલ કાઢીને કોને આપેલ હોવાનું પણ જાણતા ન હોવાનુ તથા સીલીંગ અને સેમ્પલની કાર્યવાહી બનાવવાળી જગ્યાએ નહી કરેલ હોવાનું પંચની સહી રેડવાળા સ્થળે નહી લીધેલ હોવાનું અને પંચનામામા તથા ફરીયાદમાં ડ્રગ્સના વજનમાં ગ્રામ તેમજ મિલીગ્રામનો ફેરફાર હોવાનું તથા તેમની રૂબરૂમાં કોઈ પંચનામા નહી થયેલ હોવાનું સ્વીકારેલ છે. આમ, ફરીયાદી કે જે પી.એસ.આઈ. કક્ષાના વ્યકિત હોવા છતાં ઉલટતપાસમાં સરતપાસમાં જણાવેલ હકીકતોથી વિરોધાભાસી કથનો કરતા હોય જેથી ફરીયાદીનો પુરાવો માનવા યોગ્ય નથી તેવી બચાવપક્ષ તરફે દલીલ કરેલ છે.

(૮.૨) વધુમાં બચાવપક્ષ તરફે એવી દલીલ કરેલ છે કે, આંક–૫૧ ના સાહેદ શશીભાઈ જેન્તીભાઈ, આંક–૫૭ ના સાહેદ જીતેન્દ્રભાઈ અનંતરાય, આંક–૫૮ ના સાહેદ મુસ્તફાભાઈ, આંક–૫૯ ના સાહેદ અજયપાલસિંહ રણજીતસિંહ, આંક–૬૧ ના સાહેદ રાજદીપસિંહ વનરાજસિંહ, આંક–૬૨ ના સાહેદ રાજુભાઈ વામનભાઈ નાઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે, જેથી તેઓનો પુરાવો માનવા યોગ્ય નથી.

(૮.૩) વધુમાં બચાવપક્ષ તરફે એવી દલીલ કરેલ છે કે, આંક–૬૮ થી તપાસવામાં આવેલ સાહેદ મહાવીરસિંહ દિલીપસિંહની ઉલટતપાસ જોતાં પણ તેમના રૂબરૂ કોઈ ઠરાવો થયેલ નહી હોવાનું, પંચોએ તેમના રૂબરૂ કોઈ સહી કરેલ હોવાનું, સીલીંગ અને સેમ્પલીંગની કાર્યવાહી વેગડ નદીના પુલ પર નહી થયેલ હોવાનું તેમની હાજરીમાં ઠરાવો આરોપીની કે પંચોની સહી નહી લેવામાં આવેલ હોવાની હકીકત ઉલટતપાસમાં સ્વીકારેલ છે. આમ, આ કામે ફરીયાદી તથા અન્ય સાહેદોના મૌખિક પુરાવાથી વિરોધાભાસી હકીકતો સદરહું સાહેદના મૌખિક પુરાવામાં જણાય આવે છે. તેઓનો મૌખિક પુરાવો પણ ગ્રાહય રાખી શકાય તેવો નથી. તે જ અનુસાર બચાવપક્ષ ધ્વારા આંક–૬૯ થી તપાસાયેલ વિજયસિંહ ભુપતસિંહ ગોહિલનાઓએ પણ તેઓની ઉલટતપાસમાં ફરીયાદપક્ષના કેસ પ્રત્યે શંકા ઉત્પન્ન થાય તેવી હકીકતો જણાવેલ છે. આથી, તેઓનો મૌખિક પુરાવો પણ ગ્રાહય રાખવાપાત્ર નહી હોવાનું જણાવેલ છે. વિશેષમાં દલીલ કરેલ છે કે, આંક–૭૦ થી તપાસાયેલા એફ.એસ.એલ. અધિકારી ઈટાલીયા સાહેબનો મૌખિક પુરાવો પણ ફરીયાદપક્ષને મદદરૂપ બની શકતો નથી. વિશેષમાં દલીલ કરેલ છે કે, આંક–૮૦ થી

તપાસેલા રેડીંગ અધિકારી અજીતસિંહ વાળાના મૌખિક પુરાવાને જોતાં તેઓએ કરેલ કલમ–૪૨(૨) ના ઠરાવમાં કોઈ સમય દર્શાવેલ નથી કે તેઓને બાતમી કેટલા વાગે મળેલ તે જણાવેલ નથી. કલમ–૪૨ ના ઠરાવમાં સમય જણાવેલ નથી. કલમ–૫૦ ના ઠરાવમાં કોઈ સમય કે સ્થળ દર્શાવેલ નથી. કે કલમ–૫૦ ના ઠરાવમાં આરોપીઓએ ના પાડેલ હોય તેવો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. જેથી આ કામે કલમ–૪૨ તથા કલમ–૫૦ ની મેન્ડેન્ટરી જોગવાઈઓનું પાલન તપાસ કરનાર અમલદારે કરેલ નથી. વિશેષમાં આ કામે તપાસ કરનાર અમલદારનો મૌખિક પુરાવો જોતાં આરોપીઓને ગુન્હા સાથે સાંકળતો કોઈ પુરાવો નહી હોવાની દલીલ કરેલ છે. વિશેષમાં સાહેદોના પુરાવાનું વિશ્લેષણ કરી લેખિત દલીલમાં આ તમામ મુદ્દાઓ સાંકળીને દલીલ કરેલ છે તેમજ રેડીંગ પંચ સાહેદો, તપાસ કરનાર અમલદારના વિગેરેના મૌખિક પુરાવામાં ઉલટતપાસમાં વિરોધાભાસ આવેલ છે તે વિરોધાભાસને પણ જણાવેલ છે. આરોપીઓની અંગ ઝડતીમાંથી કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળેલ ન હોય, રેડ વાળી જગ્યા એ કયા આરોપીએ મુદ્દામાલ કાઢી બતાવેલ તે પુરવાર થતું ન હોય, જાહેર રસ્તો હોય, લોકોની અવર જવર હોવા છતાં સ્વતંત્ર સાહેદો ફરીયાદપક્ષે તપાસેલ નથી. તેઓનો મૌખિક પુરાવો મેળવવા તપાસ કરનાર અમલદારે કોઈ કાર્યવાહી કરેલ નથી. જેથી આ કામે ફરીયાદપક્ષ આક્ષેપિત ગુન્હાની હકીકતો કાયદાની જોગવાઈ મુજબ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ ન હોય, આથી આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવા મુખ્યત્વે દલીલ કરેલ છે. તે તેમની લેખિત દલીલનો હાર્દ છે.

(૮.૪) તેમજ તેઓએ લેખિત દલીલ સાથે સમર્થનમાં નામદાર સર્વોચ્ચ અદાલતના તથા નામદાર હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓ પર આધાર રાખેલ છે. જે પૈકી નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

(1) Criminal Appeal No.1397 of 2007, U.O.I. V/s. Bal Mukund & Ors.

Hon'ble Supreme Court of India.

(2) Criminal Appeal No.1034 of 2008, Noor Aga V/s. State of Punjab & Anr.

Hon'ble Supreme Court of India.

(3) 2021 SCC Online SC 324, Boota Singh And Others V/s. State of Haryana. Hon'ble Supreme Court of India.

(4) Criminal Appeal No.943 of 2005, Vijaysinh Chandubha Jadeja V/s. State of Gujarat. Hon'ble Supreme Court of India.

(5) (2011) 6 S.C.R. 974, Criminal Appeal No.1079 of 2002, Narcotics Central Bureau V/s. Sukh Dev Raj Sodhi.

(6) Beckdan Abdul Rahiman V/s. State of Kerala, April 16, 2002

(7) Criminal Appeal No.273 of 2007, Arif Khan @ Agha Khan V/s. State of Uttarakhand. Hon'ble Supreme Court of India.

(8) (2018), 6 S.C.R. 787, Criminal Appeal No.273 of 2007, Arif Khan @ Agha Khan V/s. State of Uttarakhand.

(9) Criminal Appeal No.1143 of 2019, Vijay Pandey V/s. State of Uttar Pradesh Hon'ble Supreme Court of India.

(10) State of Punjab V/s. Jasbir Singh. November 28, 1995

(11) Criminal Appeal No.2865 of 2022, Shivraj Gorakh Satpute V/s. The State of Maharashtra. Hon'ble Supreme Court of India.

જે ઉપરોકત ચુકાદાઓનું માનસહ વંચાણે લઈ યોગ્ય સ્થાને અર્થઘટન કરવામાં આવેલ છે.

(૮.૫) બચાવપક્ષ નં.૪ તરફે વિ.વકીલશ્રી એસ.યુ.હમીરાણી દ્વારા મુખ્યત્વે આ કામે કલમ–૪૨ થી જે ઠરાવ કરવામાં આવેલ છે, તે કાયદાની જોગવાઈની વિરુધ્ધનું હોવાનું દલીલમાં જણાવેલ છે અને જાહેર માર્ગ હોય, આથી કલમ–૪૩ મુજબનો ઠરાવ કરવો પડે પરંતુ આ કામે તપાસ કરનાર અમલદારે કલમ–૪૨ મુજબનો ઠરાવ કરેલ હોય આથી કાયદા મુજબ આરોપી વિરુધ્ધનો કેસ ટકવાપાત્ર નથી. કલમ–૫૦ મુજબનો કોઈ ઠરાવ કરવામાં આવેલ નથી. આ કામે બનાવસ્થળ ઉપર કોઈ વજન કરવામાં આવેલ ન હોય અને સનેસ પોલીસ સ્ટેશને સમગ્ર કાર્યવાહી કરેલ હોય તેવું જણાવેલ હોય તેવા સંજોગોમાં આ કામે કાર્યવાહી દુષીત થયેલ હોય આથી પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. જેથી આ કામે કાયદાની જોગવાઈ મુજબ કલમ–૪૩ મુજબનો ઠરાવ થયેલ ન હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

(૯) આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભયપક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

| | |
|---|---|
| **(૧)** | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપી નં.૧ તૌફીકભાઈ એહમદભાઈ મન્સુરી, નં.૨ એઝાઝભાઈ, નં.૩ અલ્ફાઝભાઈ તથા નં.૪ હુસેનભાઈ કલીવાળા નાઓએ સફેદ કલરની બલેનો કારમાં પોતાના આર્થિક ફાયદા સારું વગર પાસ પરમીટે ગેરકાયદેસરના નશીલા પદાર્થ નાર્કોટીકસ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો મુંબઈ ખાતે રહેતા આરોપી નં.૫ મહેફુઝ અયુબ મીયાનુર તથા આરોપી નં.૬ તોહરાબ અબ્દુલ રહેમાન ખાન વાળાઓ પાસેથી વેચાણ કરવાના ઈરાદે પોતાના કબજામાં રાખી તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ કલાક ૧૪:૧૦ વાગ્યે ભાવનગર અમદાવાદ હાઈ-વે રોડ, વેગડ નદીના પુલ નજીક જાહેર રોડ ઉપર નાર્કોટીકસ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો જેનું વજન ૯૧.૮૦૦ ગ્રામ કિ.૯,૧૮,૦૦૦/- તથા કાંટો-૧ તથા ત્રણ મોબાઈલ કિ.૧૫,૦૦૦/- તથા ચાર આધારકાર્ડ તથા બલેનો કાર કિ.૭,૦૦,૦૦૦/- તથા ગાડીની આર.સી.બુક તથા પારદર્શક પ્લાસ્ટીકની ખાલી નાની જીપવાળી કોથળી કુલ નંગ-૩૦૬ તથા રોકડા રૂા.૧૦૭૦/- સહિત કુલ રૂા.૧૬,૩૪,૦૭૦/- ના મુદ્દામાલ સાથે મળી આવી, પકડાઈ જઈ, આરોપીઓએ એન.ડી.પી.એસ. એકટની કલમ ૮(સી), ૨૨(સી), ૨૯ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| **(૨)** | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, નાર્કોટીકસ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો આરોપી નં.૧ થી નં.૪ નાઓએ આરોપી નં.૫ અને નં.૬ વાળાઓ પાસેથી વેચાણ અર્થે ખરીદ કરી, આરોપી નં.૬ નાએ આ નાર્કોટીકસ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો વેચાણ કર્યાના રોકડા રૂા.૩૫,૮૦૦/- સાથે મળી આવી, તેમજ આરોપી નં.૭ મોહમ્મદ રીઝવાન ગુલામ ગૌસનાએ આ નાર્કોટીકસ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો વેચાણ કર્યાના રોકડા રૂા.૯,૦૦૦/- સાથે મળી આવી પોતાના ફાયદા સારું ગુનાહિત કૃત્યમાં એકબીજાને મદદગારી કરી, આરોપીઓએ એન.ડી.પી.એસ. એકટની કલમ ૮(સી), ૨૨(સી), ૨૯ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| **(૩)** | શું હુકમ ? |

(૯.૧) ઉપરોકત મુદાઓના નિર્ણયો, તે અંગે નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

(૧) હકારમાં,

(૨) નકારમાં,

(૩) આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

**(૧૦) મુદ્દા નં. ૧ :–**

**(૧૦.૧)** આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાય શાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવુ જોઈએ. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવા જોઈએ. વધુમાં, રજુ થયેલ પુરાવા દરમ્યાન જો કોઈપણ શંકાસ્પદ હકીકત ઉદભવે તો તેનો લાભ આરોપીને મળવા પાત્ર થાય છે.

**(૧૧)** આ કામના આરોપીઓ સામે એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૨(સી), ૨૯ મુજબના ગુના અંગેના આક્ષેપો છે, તે સંજોગોમાં, આક્ષેપિત ગુન્હા અંગેના તત્વો ધ્યાને લેતાં, રેકર્ડ પરના પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે છે. જે નીચે મુજબ છે.

**પંચ સાહેદનો પુરાવો :–**

**(૧૨)** આ કામે **ફરિયાદપક્ષ તરફે પંચ સાહેદ ચિરાગભાઈ મુકેશભાઈ જેઠવા (જી.એસ.ટી.વિભાગમાં સીનીયર કલાર્ક) ને આંક–૩૩ થી** તપાસવામાં આવેલ છે. તેણે તેની સરતપાસમાં જણાવેલ છે કે, '' ગઈ તા.૧૦/૩/૨૦૨૪ ના રોજ હુ એસ.જી.એસ.ટી. વિભાગ, બહુમાળી ભવન, ભાવનગર ખાતે જુનીયર કલાર્ક તરીકે મારી ફરજ પર હાજર હતો ત્યારે અમારા મહેકમ અધીકારી ધ્વારા અમને જાણ કરવામાં આવેલી કે, એસ.ઓ.જી. ની રેઈડમાં પંચ તરીકે જવાનુ છે. ત્યાર બાદ હુ અને મારી સાથેના બીજા કર્મચારી હિતેનભાઈ જાની પંચમાં રહેવા માટે એસ.ઓ.જી. પો.સ્ટે. ગયેલા. ત્યાં એસ.ઓ.જી. ના પી.આઈ. શ્રી એ પોતાનો પરીચય આપેલો અને જણાવેલ કે, હુ એસ.ઓ.જી. ના પી.આઈ. વાળા છુ. અમો પંચોને સમજ કરેલી કે, એસ.ઓ.જી. પોલીસને ચોકકસ અને આધારભુત બાતમી હકીકત મળેલ છે કે, કોઈ શખ્સો મું

બઈથી ડ્રગ્સનો માદક પદાર્થ લઈને આવે છે તેથી તેમને પકડવાના છે અને તેમાં તમારે પંચ તરીકે રહેવાનુ છે. ત્યારે કોણ કોણ આરોપી સદર માદક પદાર્થ લઈને આવે છે તેવા નામ જાહેર કરેલા નહી. આ પંચનામુ કરવા અંગે અમોને સમજ કરેલી અને એસ.ઓ.જી. ના હાજર સ્ટાફ પી.એસ.આઈ. શ્રી સી.એચ.મકવાણા તથા એ.એસ.આઈ. મહાવીરસિંહ દિલીપસિંહ ગોહિલ તથા હેડ કોન્સ. યોગેન્દ્રસિંહ ગોહિલ, વિજયસિંહ ભુપતસિંહ, જયવીરસિંહ વિક્રમસિંહ ચુડાસમા તથા પો.કોન્સ. મહીપાલસિંહ દિલુભા ગોહિલ, રાઘવેન્દ્રસિંહ વિક્રમસિંહ ગોહિલ, ધર્મદીપસિંહ નરેન્દ્રસિંહ જાડેજાની અમોને ઓળખ આપેલી અને જે પૈકી એ.એસ.આઈ. મહાવીરસિંહ ગોહિલ કોમ્પ્યુટર ઓપરેટર તરીકે તથા પો.કોન્સ. મહીપાલસિંહ વિડીયોગ્રાફી તથા ફોટોગ્રાફી તથા યોગેન્દ્રસિંહ સીલીંગની કામગીરી કરશે તેવી સમજ કરેલી અને પંચોને રેડીંગ પાર્ટીની ઓળખ આપેલી. બાદ અમો પંચો તથા રેડીંગ પાર્ટીના માણસોએ અરસપરસ અંગજડતી તપાસ કરી ખાતરી કરતા કોઈના પાસે નાર્કોટીકસને લગતી કે બીજી કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નથી. બાદ આગળ એસ.ઓ.જી. કચેરી ખાતે સરકારી વાહન બોલેરોમાં પોલીસ અધીકારીઓ બેસ ેલા અને અમને પંચોને પ્રાઈવેટ કીઆ સેલ્ટોસમાં બેસાડેલા. અમે ત્યાંથી સનેસ પોલીસ સ્ટેશનથી થોડે આગળ પુલ છે ત્યાં લઈ ગયેલા અને ત્યાં અમારે સદર ઈસમો કે જે નાર્કોટીકસ ડ્રગ્સ લઈને વાહનમાં આવવાના હતા તેની રાહ જોવાની હતી. ત્યાં બધા પોલીસ અધીકારીઓ ઉભા હતા અને અમે પંચો પણ સાઈડમાં ઉભા હતા. ત્યાર બાદ ત્યાં એક બલેનો ગાડી આવેલી અને તેને પોલીસ અધીકારી ધ્વારા અટકાવવામાં આવેલ હતી, તે ગાડીનો નંબર મને યાદ નથી. તે ગાડીની પોલીસ અધીકારી વાળા સાહેબ તથા પી.એસ.આઈ. શ્રી ધ્વારા તપાસ કરવામાં આવેલી. તે ગાડીમાં તપાસ કરતા એક કોથળીની અંદર પાઉડર જેવો માદક પદાર્થ મળી આવેલો. તે બલેનો ગાડીની અંદર ચાર જણા હતા તેમને પોલીસે નીચે ઉતારેલા અને અમને બતાવેલા. ત્યાં પોલીસ ે માદક પદાર્થનુ વજન કરેલુ અને એફ.એસ.એલ. અધીકારી ત્યાં આવેલા અને તેમણે પકડાયેલ મુદ્દામાલનુ ટેસ્ટીંગ કરેલુ અને વજન પણ જોયેલુ. તે ટેસ્ટીંગમાં એવુ જાણવા મળેલુ કે, કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ડ્રગ્સ છે. ત્યાર બાદ તે પદાર્થને ટ્રાન્સપરાન્ટ પ્લાસ્ટિકના બોકસમાં મુકી તેને લાખના સીલ વડે સીલ કરેલુ. ત્યાં પોલીસે અમે સદર કાર્યવાહીમાં જે વસ્તુ જોઈ તે અંગે અમારુ નિવેદન લઈ લખાણ કરેલુ. સદર ગાડીમાં જે ચાર જણા હતા તેને પોલીસ પુછપરછ કરતી હતી, તેના નામ મને હાલ યાદ નથી. તે અંગે પોલીસ ધ્વારા કાગળ કાર્યવાહી કરવામાં આવેલી. ત્યાં પોલીસ ધ્વારા મુદ્દામાલ સીલપેક કરવાની જે કાર્યવાહી કરવામાં આવેલી તે અમને બતાવેલી અને ત્યાર બાદ તે કાર્યવાહીના પંચનામામાં અમો પંચોની સહીઓ લીધેલી.

ત્યાર બાદ પોલીસે સ્થળ પર અમને છુટા કરી દીધેલા અને કહેલ કે, કોર્ટમાં સમન્સ આવે ત્યારે જુબાની આપવા આવવાનુ છે. મારી સમક્ષ જે ઈસમોને અટક કરેલા તેમની પાસેથી સદર નાર્કોટીકસ પદાર્થ તથા મોબાઈલ કબજે કરેલા અને તેમની પાસેથી તેમના કીટબેગ કબજે કરેલા અને તેમની પાસેથી રોકડ રકમ પણ કબજે કરેલી.મને જેલમાંથી ઝુમ મારફતે હાજર ઈસમો બતાવવામાં આવે છે, તેઓને જોઈને જણાવુ છુ કે, તેમાંથી બ્લુ ટીશર્ટ તથા કાળી ટોપી પહેરેલ ઈસમને પોલીસે સદર બલેનો વાહનમાંથી સદર મુદ્દામાલ સાથે પકડેલ હતા. સદર આરોપીએ પોતાનુ નામ તૌફીક અહેમદભાઈ મન્સુરી હોવાનુ જણાવેલ છે. તેમજ તેમની બાજુમાં બેસેલ ઈસમ પણ તે વખતે સદર ગાડીમાં હાજર હોવાનુ જણાવેલ છે. તે આરોપીને પોતાનુ નામ પુછતા તેણે પોતાનુ નામ હુસેન અખ્તરભાઈ કલીવાલા હોવાનુ જણાવેલ છે. આ સિવાય હુ સદર રેઈડ દરમિયાન અન્ય કયા બે ઈસમોને પકડવામાં આવેલા તેને ઓળખતો નથી. મને સદર કામે મુદ્દામાલ આર્ટીકલ નંબર 'એ–ર' બતાવવામાં આવે છે જે જોઈને જણાવુ છુ કે, તે સીલપેક બોકસ છે અને તેમાં રહેલ મુદ્દામાલ અમો પંચો રુબરુ પોલીસે કબજે કરી સદર પ્લાસ્ટિકના બોકસને સીલ કરવામાં આવેલ છે. જે સીલપેક બોકસ ખોલીને મને બતાવવામાં આવે છે. તે જોઈને જણાવુ છુ કે, તેમાં જે મુદ્દામાલ છે તે મુજબનો મુદ્દામાલ પોલીસે મારી રુબરુ સ્થળ પરથી કબજે કરેલ હતો. મને મુદ્દામાલ આર્ટીકલ નંબર ૧, ૫ અને ૭ વાળા મોબાઈલના સીલબંધ કવરો ખોલીને બતાવવામાં આવે છે જે ખોલીને જોતા, તેમાં, દરેક કવરમાં મોબાઈલ છે અને તે કવરો ઉપર અમો પંચોની સહીવાળી કાપલીઓ લગાડવામાં આવેલી છે અને તેની અંદર પણ એક–એક કાપલીઓ મુકવામાં આવેલી છે, જેમાં પંચ નં.૧ તરીકે મારી તથા પંચ નં.ર તરીકે મારી સાથેના હિતેનભાઈ જાનીની સહીઓ છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને અનુક્રમે રજુ **આંક–૩૪, ૩૫ અને ૩૬** આપવામાં આવે છે. મને મુદ્દામાલ આર્ટીકલ નંબર ૧૧ જે સીલબંધ કવર છે તે ખોલીને તેમાં રહેલ ડીઝીટલ વજનકાંટો બતાવવામાં આવે છે જે અને તે કવર ઉપર લગાડવામાં આવેલ કાપલીમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. મને વેલ્યુએબલ મુદ્દામાલ આર્ટીકલ નંબર ૪ વાળુ સીલપેક ખાખી કવર છે તે કોર્ટ રુબરુ ખોલીને બતાવવામાં આવે છે જેમાં રહેલ રૂા. ૫૦૦ ના દરની એક નોટ, રૂા. ૧૦૦ ના દરની બે નોટ, રૂા. ૫૦ ના દરની એક નોટ તથા રૂા. ૨૦ ના દરની એક નોટ તથા તે કવરની અંદર રહેલ પંચ સ્લીપ બતાવવામાં આવે છે જે હુ ઓળખી બતાવુ છુ. સદર પંચ સ્લીપમાં પંચ નં.૧ તરીકે મારી તથા પંચ નં.ર તરીકે મારી સાથેના હિતેનભાઈ જાનીની સહીઓ છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને રજુ **આંક–૩૭** આપવામાં આવે છે. મને વેલ્યુએબલ મુદ્દામાલ આર્ટીકલ નંબર ૧૦ વાળુ સીલપેક ખાખી કવર

છે તે કોર્ટ રુબરુ ખોલીને બતાવવામાં આવે છે જેમાં રહેલ રૂા. ૧૦૦ ના દરની ત્રણ નોટ તથા તે કવરની અંદર રહેલ પંચ સ્લીપ બતાવવામાં આવે છે જે હુ ઓળખી બતાવુ છુ. સદર પંચ સ્લીપમાં પંચ નં.૧ તરીકે મારી તથા પંચ નં.ર તરીકે મારી સાથેના હિતેનભાઈ જાનીની સહીઓ છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને રજુ **આંક–૩૮** આપવામાં આવે છે. મને મુદ્દામાલ આર્ટીકલ નંબર ર વાળુ સીલપેક ખાખી કવર છે તે કોર્ટ રુબરુ ખોલીને બતાવવામાં આવે છે જેમાં રહેલ આધારકાર્ડ તથા તે કવરની અંદર રહેલ પંચ સ્લીપ બતાવવામાં આવે છે જે હુ ઓળખી બતાવુ છુ. સદર પંચ સ્લીપમાં પંચ નં.૧ તરીકે મારી તથા પંચ નં.ર તરીકે મારી સાથેના હિતેનભાઈ જાનીની સહીઓ છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને રજુ **આંક–૩૯** આપવામાં આવે છે. મને મુદ્દામાલ આર્ટીકલ નંબર ૬ વાળુ સીલપેક ખાખી કવર છે તે કોર્ટ રુબરુ ખોલીને બતાવવામાં આવે છે જેમાં રહેલ આધારકાર્ડ તથા તે કવરની અંદર રહેલ પંચ સ્લીપ બતાવવામાં આવે છે જે હુ ઓળખી બતાવુ છુ. સદર પંચ સ્લીપમાં પંચ નં.૧ તરીકે મારી તથા પંચ નં.ર તરીકે મારી સાથેના હિતેનભાઈ જાનીની સહીઓ છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને રજુ **આંક–૪૦** આપવામાં આવે છે. મને મુદ્દામાલ આર્ટીકલ નંબર ૮ વાળુ સીલપેક ખાખી કવર છે તે કોર્ટ રુબરુ ખોલીને બતાવવામાં આવે છે જેમાં રહેલ આધારકાર્ડ તથા તે કવરની અંદર રહેલ પંચ સ્લીપ બતાવવામાં આવે છે જે હુ ઓળખી બતાવુ છુ. સદર પંચ સ્લીપમાં પંચ નં.૧ તરીકે મારી તથા પંચ નં.ર તરીકે મારી સાથેના હિતેનભાઈ જાનીની સહીઓ છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને રજુ **આંક–૪૧** આપવામાં આવે છે. મને મુદ્દામાલ આર્ટીકલ નંબર ૯ વાળુ સીલપેક ખાખી કવર છે તે કોર્ટ રુબરુ ખોલીને બતાવવામાં આવે છે જેમાં રહેલ આધારકાર્ડ તથા તે કવરની અંદર રહેલ પંચ સ્લીપ બતાવવામાં આવે છે જે હુ ઓળખી બતાવુ છુ. સદર પંચ સ્લીપમાં પંચ નં.૧ તરીકે મારી તથા પંચ નં.ર તરીકે મારી સાથેના હિતેનભાઈ જાનીની સહીઓ છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને રજુ **આંક–૪ર** આપવામાં આવે છે. મને મુદ્દામાલ આર્ટીકલ નંબર ૧ર વાળુ સીલપેક ખાખી કવર છે તે કોર્ટ રુબરુ ખોલીને બતાવવામાં આવે છે જેમાં રહેલ ખાલી કોથળીઓ તથા તે કવરની ઉપર રહેલ પંચ સ્લીપ બતાવવામાં આવે છે જે હુ ઓળખી બતાવુ છુ. સદર પંચ સ્લીપમાં પંચ નં.૧ તરીકે મારી તથા પંચ નં.ર તરીકે મારી સાથેના હિતેનભાઈ જાનીની સહીઓ છે જે હુ ઓળખી બતાવુ છુ. મને પંચનામુ વાંચી સંભળાવવામાં આવે છે, તેમાં એવી હકીકત લખેલ છે અને એવુ બનેલ છે કે, (૧) તૌફિકભાઈ અહેમદભાઈ મન્સુરી, (ર) એઝાઝભાઈ ઉર્ફે બાદશાહ હનીફભાઈ મન્સુરી, (૩) હુસૈનભાઈ ઉર્ફે ટાઈગર અખ્તારભાઈ કલીવાલા અને (૪) અલફાઝભાઈ સીદીકભાઈ ગોરી, રહે. તમામ ભાવનગરવાળા જેમાં, નં.૧ તૌફીકભાઈની બલેનો કાર સફેદ કલરની ગાડીમાં રજી. નંબર

જી.જે.–૦૪–ઈ.જે.૨૪૬૨ કાર મુંબઈથી આવનાર છે. વધુમાં મને સમજ કરેલી કે, પોતાના ગામ ભાવનગર બાજુ આવનાર અમદાવાદ–ભાવનગર હાઈવે સનેસ–નારી રોડ ઉપર નીકળનાર કારના આગળના ભાગના ખાનામાં એક પ્લાસ્ટિકની કોથળી છે તે કોથળીમાં માદક પદાર્થ ડ્રગ્સ છે. એ વાત ખરી છે કે પંચનામામાં એવી હકીકત લખેલ છે અને એવુ બનેલ છે કે, સદર કાર્યવાહી માટે જતા પહેલા અમારી અરસપરસ જડતી કરવામાં આવેલી અને નાર્કોટીકસની કાર્યવાહીને લગત તથા મુદ્દામાલ સીલપેક કરવાને લગત સામગ્રી તથા નાર્કોટીકસની કીટ તથા લાખ, દોરા, માચિસ, મીણબત્તી, પ્લાસ્ટિકના બોકસ, પ્લાસ્ટિકની કોથળીઓ, જરૂરી લાઈટો, લેપટોપ, પ્રિ ન્ટર વગેરે સાથે લીધેલ હતા અને તે ચેક કરતા તેમાં કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલી નહી અને તે અંગે અમો પંચો રુબરુ ખરાઈ કરેલી અને સદર પ્રાથમીક પંચનામુ ત્યાં જ કરવામાં આવેલુ અને તેમાં અમો પંચોની સહીઓ મેળવવામાં આવેલી. વધુમાં, સદર પંચનામામાં એવી હકીકત લખેલી છે કે અને એવુ બનેલ છે કે, સનેસ પાસે પોલીસે જે કાર ઉભી રખાવેલી તેનો રજી. નંબર જી.જે.–૪–ઈ.જે.૨૪૬૨ લખેલ છે અને ડ્રાઈવર સીટ ઉપર બેઠેલ વ્યકિતનુ નામ પુછતા પોતાનુ નામ અલ્ફાઝ સાદીકભાઈ ગોરી, ઉ.વ.૨૫, રહે. મોતીતળાવ, શેરી નં.૮, મફતનગર, કું ભારવાડા હોવાનુ જણાવેલ. બાદમાં ડ્રાઈવિંગ સીટની પાછળ બેઠેલ વ્યકિતનુ નામ પુછતાં પોતાનુ નામ તૌફીક અહેમદભાઈ મન્સુરી હોવાનુ જણાવેલુ. અન્ય વ્યકિતનુ નામ પુછતા એઝાઝ ઉર્ફે બાદશાહ હનીફભાઈ મન્સુરી હોવાનુ જણાવેલુ તેમજ ચોથી વ્યકિતનુ નામ પુછતા પોતાનુ નામ હુસૈનભાઈ ઉર્ફે ટાઈગર અખ્તરભાઈ કલીવાલા હોવાનુ જણાવેલુ અને ત્યાર બાદ પી.આઈ. શ્રીએ તેની પોતાની ઓળખ આપેલી અને પોતે ગેઝેટેડ ઓફિસર છે તેવુ જણાવેલુ અને સદર વ્યકિતઓને અન્ય કોઈ ગેઝેટેડ ઓફિસર પાસે અંગજડતી કરાવવી છે ? તેમ પુછેલ હતુ, તેથી આ લોકોએ કહેલ કે, પોતે કોઈ ગેઝેટેડ ઓફિસર હાજર રખાવવા માગતા નથી. વધુમાં, સદર પં ચનામામાં એવી હકીકત લખેલી છે કે અને એવુ બનેલ છે કે, મજકુર ઈસમોએ કારની ડાબી બાજુ ડેશબોર્ડના ખાનામાં પ્લાસ્ટિકની થેલીમાં એમ.ડી. ડ્રગ્સ હોવાનુ જણાવેલુ અને તેઓ એમ.ડી. ડ્રગ્સ પીવાની ટેવવાળા છે અને પોતે એમ.ડી. ડ્રગ્સ રાખે છે અને ખર્ચ કાઢવા માટે અમુક માણસોને એમ.ડી. ડ્રગ્સ વેચતા હોવાનુ જણાવેલ હતુ. વધુમાં, સદર પંચનામામાં એવી હકીકત લખેલી છે કે અને એવુ બનેલ છે કે, કલાક ૧૧–૦૦ વાગે સ્ટાફના જયવિરસિંહ પોતાની સાથે એક માણસને વજનકાંટા સાથે લઈને આવેલા, જેનુ નામ પુછતા પોતાનુ નામ શશીકાંત જેન્તીભાઈ ધંધુકીયા, રહે. સુભાષનગર, ભાવનગર વાળો હોવાનુ જણાવેલુ અને તેની પણ અમો પંચો રુબરુ અંગજડતી કરવામાં આવેલી. વધુમાં, સદર પંચનામામાં એવી

હકીકત લખેલી છે કે અને એવુ બનેલ છે કે, એફ.એસ.એલ. અધીકારીએ સ્થળ ઉપર કબજે કરવામાં આવેલ મુદ્દામાલનુ સ્થળ પરીક્ષણ કરી તે અંગેનુ સર્ટીફિકેટ આપવાની કાર્યવાહી કરેલી અને થેલીમાં રહેલ માદક પદાર્થ મેફેડ્રોન (એમ.ડી.) ડ્રગ્સ હોવાનુ જણાવેલુ. વધુમાં, સદર પંચનામામાં એવી હકીકત લખેલી છે કે અને એવુ બનેલ છે કે, નારી રોડ, વેગડ નદીનો પુલ ભાવનગર તરફ હોઈ અને રેઈડ કાર્યવાહીમાં લાંબો સમય લાગે તેમ હોય જેથી અહીંથી નજીકમાં આશરે ૩૦૦ મીટર દુર સનેસ (વે. ભાલ) પોલીસ સ્ટેશન હોય જ્યાં લાઈટ તથા અન્ય જરૂરી સગવડતાઓ મળી રહે જેથી સનેસ પો.સ્ટે. ગયેલા અને આગળની કાર્યવાહી સનેસ પો.સ્ટે. માં કરેલી. વધુમાં, મને માર્ક–૧૩/૫ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં પ્રાથમીક ભાગમાં તથા અંત ભાગમાં પંચ નં.૧ તરીકે મારી તથા પંચ નં.ર તરીકે મારી સાથેના હિતેનભાઈ જાનીની સહીઓ છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને રજુ **આંક–૪૩** આપવામાં આવે છે. મને માર્ક–૧૩/૬ એન.ડી.પી.એસ. એકટની કલમ–૪ર મુજબનો ઠરાવ બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૧ તરીકે મારી તથા પંચ નં.ર તરીકે મારી સાથેના હિતેનભાઈ જાનીની સહીઓ છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને રજુ **આંક–૪૪** આપવામાં આવે છે. મને માર્ક–૧૩/૭ એન.ડી.પી.એસ. એકટની કલમ–૫૦ મુજબનો સમજપત્ર બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૧ તરીકે મારી તથા પંચ નં.ર તરીકે મારી સાથેના હિતેનભાઈ જાનીની સહીઓ છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને રજુ **આંક–૪૫** આપવામાં આવે છે. મને માર્ક–૧૩/૧૩ વાળો સીઝર મેમો બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૧ તરીકે મારી તથા પંચ નં.ર તરીકે મારી સાથેના હિતેનભાઈ જાનીની સહીઓ છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને રજુ **આંક–૪૬** આપવામાં આવે છે.''

જયારે પંચ સાહેદની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં, તેઓને પંચમાં રહેવા જવાનુ છે તેની જાણ તેમના મહેકમ અધીકારી તરફથી રેઈડના આગલા દિવસ ે રાત્રીના આઠ–નવ કલાકે થયેલી. તેમના મહેકમ અધીકારીનુ નામ રેખાબેન અણજારા છે. તેઓને તે જાણ ટેલીફોનીક કરવામાં આવેલી. તે વખતે તેઓ તેમના ઘરે હતો. તેઓને જે જાણ કરવામાં આવેલી તેમાં કયા પોલીસ સ્ટેશને જવાનુ છે તે પણ જાણ કરવામાં આવેલી. એ બાબત સ્વીકારેલ છે કે, તેમની ઓફિસમાં કોઈપણ લેખિત યાદી આવે તો તેની નોંધ કરવાની હોય છે અને જે લેખિત યાદી મળી હોય તેમાં રીસીવ કરનાર સહી કરતા હોય છે અને તારીખ નાખતા હોય છે. તેઓ જે તે દિવસે પોલીસ સ્ટેશને ગયેલો તે પહેલા તેમના મહેકમ અધિકારીને મળેલો નહી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓને પંચમાં જવાનુ છે તે અંગેની

ટેલીફોનીક જાણ રેઈડના આગલા દિવસે એટલે કે, તા.૦૯/૦૩/૨૦૨૪ ના રોજ રાત્રીના કરવામાં આવેલી. તેઓ તા.૦૯/૦૩/૨૦૨૪ ના રોજ પોલીસ સ્ટેશને ગયેલ ન હતો. તેઓ તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ સવારના સાડા સાત-આઠ વાગે એસ.ઓ.જી. પોલીસ સ્ટેશને ગયેલો. તેઓ પોલીસ સ્ટેશને જઈને પોલીસ અધીકારી વાળા સાહેબને મળેલો. તે વખતે વાળા સાહેબે તેઓને શેના માટે બોલાવવામાં આવેલ છે તેની માહિતી આપેલી. તેઓ ત્યારે પો.સ્ટે. માં આશરે એક કલાક રોકાયેલો. તેઓએ આંક-૪૩ ના પ્રાથમિક પંચનામામાં જે સહી કરેલી તે તેઓ પો.સ્ટે. ગયો ત્યારબાદ પોલીસે તેઓને સમજણ આપી અને ત્યારબાદ તેનુ લખાણ કરવામાં આવેલુ અને પછી તેઓએ તે વાંચીને તેમાં સહી કરી આપેલી. એ બાબત સ્વીકારેલ છે કે, પ્રાથમિક ભાગનું પંચનામું તેઓ લખાવતો હોવ અને પોલીસ લખતી ગયેલ હોય તેવુ બનેલ નથી. તેઓને તેમના મહેકમ અધિકારીએ તા.૧૧/૩/૨૦૨૪ ના રોજ સદર રેઈડની કાર્યવાહીમાં પંચ તરીકે રહેવા મોકલેલ હોય તેવુ બનેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, મુદ્દામાલ સીલપેક કરવાની કાર્યવાહી સનેસ પુલ પાસે કરવામાં આવેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, મુદ્દામાલ સીલપેકની કાર્યવાહી સનેસ પો.સ્ટે. માં કરવામાં આવેલી. એ બાબત સ્વીકારેલ છે કે, પોલીસે કોમ્પ્યુટર ઉપર લખાણની જે કાર્યવાહી કરેલી તે સનેસ પો.સ્ટે. કરેલી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓ સદર તમામ લખાણમાં સહી સનેસ પો.સ્ટે. માં કરેલી.

**ફરીયાદીનો પુરાવો :-**

(૧૩) વધુમાં, આ કામે ફરિયાદપક્ષ તર્ફે **આંક-૪૮ થી ફરીયાદી ચેતનકુમાર હસુભાઈ મકવાણા(પી.એસ.આઈ., એસ.ઓ.જી. શાખા, ભાવનગર) ને** તપાસવામાં આવેલ છે. તેઓએ તેની સરતપાસમાં જણાવેલ છે કે, '' ગઈ તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ અમો એસ.ઓ.જી શાખામા પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા તે દરમીયાન પી.આઈ.શ્રી-એ.આર. વાળા સાહેબ, બાતમી મળેલી કે મુંબઈથી તૌફીક મન્સુરી, એઝાઝ ઉર્ફે બાદશાહ, હુસૈન ઉર્ફે ટાઈગર તથા અલ્ફાજ ગોરી આ ચારેય જણાઓ સફેદ બલેનો કાર નં બર-જીજે-૦૪-ઈજે-૨૪૬૨મા માદક પદાર્થ ડ્ગ્સ લઈને ભાવનગર આવે છે, તે મુજબની બાતમી મળતાં રેઈડ ગોઠવવાનુ આયોજન કરેલ. ત્યારબાદ પી.આઈ. સાહેબ દવારા સરકારી પં ચોને બોલાવી પો.સ્ટે.ના માણસો, એ.એસ.આઈ.-મહાવીરસીંહ, હે.કો.- વીજયસીં હ,યોગેન્દ્રસીંહ, જયવીરસીંહ પો.કો.-મહીપાલસીંહ, રાઘવેન્દ્રસીંહ અને ધર્મેન્દ્રસી

હનાઓને બોલાવી એકબીજાની ઓળખ આપી બાતમી હકીકતથી વાકેફ કરી સરકારશ્રીના ઠરાવને આધારે સરકારી પંચો તથા પોલીસની અરસ પરસ અંગ જડતી કરવામા આવેલી, જેમાં સરકારી પંચ તરીકે ચિરાગ મુકેશભાઈ જેઠવા, જેઓ જી.એસ.ટી. વિભાગમા નોકરી કરતા હતા તેમને બોલાવેલ તથા બીજા હીતેનભાઈ જાની કે જેઓ પણ જી.એસ.ટી. વિભાગમા નોકરી કરતા હોય તેમને બોલાવી અંગજડતી કરતા કરવાતા કોઈ વાંધા જનક વસ્તુ મળી આવેલ નહી અને પ્રાથમીક પંચનામુ એસ.ઓ.જી. શાખાની કચેરીમા કરવામા આવેલ જ્યાથી ઉપરોકત નામ લખાવેલા તમામ વ્યકતીઓ પંચો સાથે કીયા ગાડી નંબર–જીજે–૪–ઈઈ–૬૮૮૨માં હુ, યોગેન્દ્રસીહ, મહીપાલસીંહ અને રાઘવેન્દ્રસીંહ અને સરકારી બોલેરો ગાડી નં બર–જીજે–૪–જીબી–૦૦૫૮માં બાકીના પોલીસ સ્ટાફના તથા પંચો હતા. અમે કીયા ગાડીમા જે લોકો હતા તે લોકોને સનેશ ચોકડી પાસે વોચમાં પ્રથમ મોકલી આપવામા આવેલા અને બાકીના પોલીસ સ્ટેશનેથી બીજા વાહનમાં પ્રાથમીક પંચનામુ નવથી સાડા નવ વચ્ચે થયેલ હોય આથી સાડા નવ કલાક બાદ અમો એસ.ઓ.જી. કચેરીએથી રવાના થયેલા. અમે આશરે વીસ મીનીટની અંદર સનેશ ચોકડી પહોચેલા. બાકીના ગાડીવાળાને સનેશ ભાવનગર રસ્તા ઉપર વોચ રાખીને ઉભા રહેલા. તે બાદ દસ વાગ્યાની આસપાસ સફેદ બલેનો બાતમી વાળી ગાડી જોવા મળતા અમોએ પી.આઈ.–વાળા સાહેબને તે બાબતની મોબાઈલ મારફતે જાણ કરેલી કે બાતમી વાળી ગાડી અહીંથી પસાર થઈ ગયેલી છે. બાદ અમે બાતમી વાળી ગાડીની પાછળ પાછળ અમારી ખાનગી વાહન ચલાવી આવેલા. તે દરમીયાન વેગડ નદીના પુલ ઉપર અમારી બીજી ટીમ સરકારી વાહન વાળી ટીમ દવારા બાતમી વાળી ગાડીને રોકાવી મળેલ બાતમી અંગે અંદર બેસેલ વ્યકતીને વાકેફ કરેલા, જે અંદર બેસેલા વ્યકતીઓના નામ પુછતા જેમા ડ્રાઈવર સીટ ઉપર અલ્ફાઝ ગોરી, તેની બાજુમા તૌફીક મન્સુરી, તેની પાછળ એઝાઝ ઉર્ફે બાદશાહ અને ડ્રાઈવરની પાછળ હુસૈન ઉર્ફે ટાઈગર રહે. તમામ ભાવનગર વાળાઓ હોવાનુ જણાવેલ. અમે તેમને અમારી ઓળખ આપેલી. સદર આરોપીઓને તેઓને કોઈ ગેઝેટેડ ઓફીસર હાજર રખાવવા માટે પુછવામા આવેલ, તો આરોપીઓએ તે બાબતે ના પાડેલી અને આરોપીઓએ સ્વીકારેલ કે એમ.ડી. ડ્રગ્સ પીવાની આદત હોય અને તેઓએ એમ.ડી. ડ્રગ્સ ડ્રાઈવરની ડાબી બાજુના ડેસ્ક બોર્ડમાં લાલ પટ્ટીવાળી પારદર્શક પ્લાસ્ટીકની થેલીમાં રાખેલ હોવાનુ જણાવેલ. આ પુછપરછ દરમીયાન હું પણ ત્યાં પહોચી ગયેલો હતો. તે બાદ એમ.ડી. ડ્રગ્સ હોવાની ખાતરી કરવા માટે પરીક્ષણ કરવુ જરુરી હોય અમારા સાહેબે એફ.એસ.એલ. અધીકારીને મોબાઈલ ફોનથી બોલાવેલ. જે એમ.ડી.

ડ્રગ્સને જોતા તે પ્લાસ્ટીકની કોથળીમા સફેદ કલરનુ હતુ. એમ.ડી. ડ્રગ્સનુ વજન કરવુ જરુરી હોય આથી રેડીગ પાર્ટીના જયવીરસીંહને વજન કાંટો લેવા માટે મોકલવામા આવેલ. આરોપીઓની પંચો રુબરુ અંગ જડતી કરતા ત્રણ મોબાઈલ તથા આધાર કાર્ડ કે જે કેટલા હતા તે મને હાલ યાદ નથી તે તથા બલેનો ગાડી તથા રોકડ રુપીયા પાંચ હજાર ઉપરની કબજે કરેલી. ત્યારબાદ એફ.એસ.એલ. અધીકારી ૧૧:૦૫ વાગે આવેલ, જેઓએ તેમની ઓળખાણ એ.એચ. ઈટાલીયા તરીકે આપેલી. જેઓની પંચો રુબરુ  અંગ જડતી કરાવતા તેમની પાસેથી કોઈ માદક પદાર્થ કે વાંધા જનક વસ્તુ મળી આવેલી નહી. તે બાદ અમારા અધીકારીએ  પરીક્ષણ કરી અહેવાલ આપવા બાબતે રીપોર્ટ આપેલો. ત્યારબાદ એફ.એસ.એલ. અધીકારીએ એમ.ડી. ડ્રગ્સ મળી આવેલ તેનુ પરીક્ષણ કરેલ અને ખાતરી કરેલી કે આ મેફેડ્રોન નામનુ ડ્રગ્સ છે. ત્યારબાદ બનાવ સ્થળે લાઈટની વ્યવસ્થા ના હોય અને સનેશ પોલીસ સ્ટેશન નજીકમા ત્રણસો મીટર દુર આવેલ હોય આથી તમામ આરોપીઓ તથા મુ.મા.ને લઈને તથા પંચોને લઈ અમે સનેશ પોલીસ સ્ટેશન પહોચેલા. ત્યારબાદ મળી આવેલ એમ.ડી. ડ્રગ્સનુ એફ.એસ.એલ. અધીકારીની હાજરીમાં શશીભાઈ જયંતીભાઈ ધંધુકીયા વજનકાંટા વાળા આવેલ હોય તેનુ વજન કરાવતા થેલી સાથેનુ ૯૩.૨૦૦ ગ્રામ થયેલ. મે ફરિયાદમાં ૯૩.૨૦૦ મીલીગ્રામ લખાવેલ છે તે શરતચુક અને ભુલથી લખાવેલ છે. થેલીની બહાર કાઢતા એમ.ડી. ડ્રગ્સનુ વજન ૯૧.૮૦૦ ગ્રામ થયેલ., જે એમ.ડી. ડ્રગ્સ બજાર કીંમત મુજબ કુલ રુપીયા નવ લાખ અઢાર હજારનુ જણાઈ આવેલ. વજન કર્યા બાદ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બામા મુકીને તેને પંચો રુબરુ સીલ કરવામા આવેલ. ફોટોગ્રાફી તથા વીડીયોગ્રાફી કરવાનુ પો.કો.–મહીપાલસીંહને જણાવવામાં આવેલ. સદરહુ મુ.મા. એમ.ડી. ડ્રગ્સ આરોપીઓ કયાથી લાવેલા તે સંબંધે પુછતા તૌફીક મન્સુરીએ જણાવેલ કે સદર એમ.ડી. ડ્રગ્સ મુંબઈ ડોંગરીથી લાવેલા. આરોપીઓ  પાસેથી જે મુ.મા. કબજે કરેલ તે મુ.મા. આરોપીઓના કબજામાથી મેળવેલો હોય આથી સીઝર મેમો તૈયાર કરી આરોપીઓને આપવામા આવેલો. અમે આ કાર્યવાહી સંબંધે એમ.ડી. ડ્રગ્સને પરીક્ષણ કરનાર એફ.એસ.એલ. અધીકારી તથા વજનકાંટા વાળા શશીભાઈનુ વજન કર્યા બાબતનુ પ્રમાણપત્ર મેળવેલ. ગાડીમાથી એક નાનો ડીજીટલ વજન કાંટો મળી આવેલ હોય તેમજ પ્લાસ્ટીકની નાની ઝીપવાળી ૩૦૬ નંગ મળી આવેલી તેનો પણ ઉલ્લેખ કરવામા આવેલો. જે બનાવ સંબંધે આરોપીઓ પાસેથી ૯૧.૮૦૦ગ્રામ એમ.ડી. ડ્રગ્સ કીંમત રુપીયા નવ લાખ અઢાર હજારનુ મળી આવેલ હોય તેમજ અન્ય મુ.મા. પણ મળી આવેલ હોય જેથી બનાવ બાબતે સવારે ૯:૦૦ વાગ્યાના પ્રાથમીક પંચનામાથી ૧૪:૧૦ સુધીનુ પંચનામુ કરવામા આવેલ અને તે બાદ મે બનાવ બાબતે શ્રી સરકાર તરફે ૧૪:૨૦થી ૧૫

:૨૦ સુધીમા મારી ફરિયાદ જાહેર કરેલી, જે માર્ક–૧૩/૨થી રજુ છે તે છે, જેમા મારી સહી છે, જે ફરિયાદ મે પી.આઈ.–એ.આર. વાળા, એસ.ઓ.જી. શાખા સમક્ષ જાહેર કરેલ. જેને રજુ **આંક–૪૯** આપવામાં આવે છે. હું આરોપીઓને જોયે ઓળખુ છું. મને કોર્ટ સમક્ષ આરોપી નંબર–૧ થી ૩ યુ.ટી.પી. હોય જેમને ઝુમ મીટીગ મારફતે ભાવનગર જીલ્લા ખાતેથી વી.સી.થી હાજર રાખેલા હોય જે સ્ક્રીન ઉપર જિલ્લા જેલ ભાવનગરથી હાજર આરોપીઓ બતાવવામા આવે છે, જેમાથી એક આરોપી જેણે શર્ટ પહેરેલ છે તેનુ નામ તૌફીક હોવાનુ જણાવુ છુ, આરોપીને કોર્ટ દવારા તેમનુ નામ જાહેર કરવા કહેતા તેણે તેનુ નામ તૌફીક જણાવેલ છે. મધ્યમાં હાજર આરોપીનુ નામ સાહેદ દવારા અલ્ફાઝ તરીકે જણાવેલ છે અને આરોપીને કોર્ટ દવારા તેમનુ નામ જાહેર કરવા કહેતા તેણે તેનુ નામ અલ્ફાઝ સાદીકભાઈ ગોરી જણાવેલ છે. હુ હાજર ત્રીજા આરોપીનુ ચોકકસ નામ જણાવી શકુ નહી. હવે કહુ છુ કે તેનુ નામ એઝાઝ ઉર્ફે બાદશાહ છે, આરોપીને કોર્ટ દવારા તેમનુ નામ જાહેર કરવા કહેતા તેણે તેનુ નામ એઝાઝ હનીફભાઈ મન્સુરી જણાવેલ છે. આમ સાહેદ દવારા ત્રણ આરોપીઓને ઓળખી બતાવેલ છે, ચોથો આરોપી સર ટી. હોસ્પિટલ ભાવનગર ખાતે સારવાર હેઠળ હોય તેવુ જેલ ઓથોરીટી દવારા જણાવવામા આવેલ છે. મને મુ.મા. આર્ટીકલ નંબર–૧ જે સેમસંગ કંપનીનો એફ૧૩ નંબરનો મોબાઈલ છે તે બતાવવામા આવે છે, જે રેઈડ દરમીયાન આરોપી તૌફીકભાઈ અહેમદભાઈ મન્સુરીના કબજામાથી કબજે કરેલ તે જ છે. મને મુ.મા. આર્ટીકલ નંબર–૫ વીવો વી૨૫ પ્રો કંપનીનો મોબાઈલ બતાવવામા આવે છે, જે રેઈડ દરમીયાન આરોપી એઝાઝ હનીફભાઈના કબજામાથી કબજે કરેલ તે જ છે. મને મુ.મા. આર્ટીકલ નંબર–૭ વીવો કંપની વીવાય૭૩ વાળો મોબાઈલ બતાવવામા આવે છે, જે રેઈડ દરમીયાન આરોપી અલ્ફાઝભાઈ સાદીકભાઈ ગોરીના કબજામાથી કબજે કરેલ તે જ છે. મને મુ.મા. આર્ટીકલ નંબર–૧૨ બતાવવામા આવે છે જે રેઈડ દરમીયાન કારના ડેસ્કમાથી મળેલી ઝીપવાળી પ્લાસ્ટીકની નાની કોથળીઓ છે તે રેઈડ દરમીયાન કબજે કરેલ તે જ છે. મને મુ.મા. આર્ટીકલ નંબર–૧૧ ડીજીટલ કાંટો બતાવવામા આવે છે, જે જોઈને કહુ છુ કે તે રેઈડ દરમીયાન કારના ડેસ્ક બોર્ડમાથી મળી આવેલ ડીજીટલ કાંટો હતો તે જ છે.મને મુ.મા. આર્ટીકલ નંબર–૨, ૬, ૮, ૯ વાળા આધારકાર્ડો બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે તે આરોપીઓ પાસેથી રેઈડ દરમીયાન કબજે કરેલા તે જ છે.''

જયારે બચાવપક્ષ નં.૧ થી નં.૩ તરફે ફરીયાદીની કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં, આ સાહેદે તેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ તેઓ

એસ.ઓ.જી. કચેરી ખાતે નવ વાગે હાજર થયેલો. એ બાબત સ્વીકારેલ છે કે, એસ.ઓ.જી. કચેરીએ આવ્યા બાદ મને હકીકતની માહીતી મળેલી. તેઓ એસ.ઓ.જી. કચેરીએ આવેલ તે સમયે પી.આઈ. વાળા સાહેબ હાજર હતા. એ બાબત સ્વીકારેલ છે કે, તેમની સાથે તેઓને બાતમી સંબંધી વાતચીત થયેલી. એ બાબત સ્વીકારેલ છે કે, બાતમી વાળા સાહેબને મળેલી તેવી હકીકત તેઓએ સરતપાસમા જણાવેલી છે. એ બાબત સ્વીકારેલ છે કે, બાતમી વાળા સાહેબને કેટલા વાગે મળેલી તે તેઓ કહી શકુ નહી. તેઓને વાળા સાહેબે પણ તેમને કેટલા વાગે બાતમી મળેલી તે સમય જણાવેલ નહી. વાળા સાહેબને આ બાતમી કેટલા વાગે અને કયા સ્થળે મળેલી તેની જાણ મને કરેલી નહી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓ એસ.ઓ.જી. કચેરીએ પહોચ્યો તે પહેલા તેઓને બાતમી બાબતે કોઈ જાણ કરેલી નહી. તેઓ પી.આઈ. વાળા સાહેબને નવ વાગે મળેલો. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓ એસ.ઓ.જી. કચેરીએ પહોચેલો ત્યારે સ્ટાફના માણસોને કોણે જાણ કરેલી તેની તેઓને માહીતી નથી. તેઓએ સરતપાસમા જણાવેલા પોલીસ સ્ટાફના માણસો એસ.ઓ.જી. કચેરીએ સવારે નવ વાગે આવી ગયેલા હતા. એસ.ઓ.જી. કચેરીએ વાળા સાહેબને બાતમી કેટલા વાગે મળેલી તેવી કોઈ ચર્ચા રેડીંગ પાર્ટીના સભ્યોને અંદરોઅંદર થયેલી નહી. વાળા સાહેબે રેડીંગ પાર્ટીના તમામ સભ્યો આવી ગયા બાદ તેમની ચેમ્બરમા બધાને બોલાવેલ. વાળા સાહેબે પ્રથમ કામગીરીમા પંચોને તેમની ઓળખાણ કરાવેલી. તેઓ નવ વાગે પહોચેલ તે પહેલા પંચો આવી ગયેલા. પંચો કેટલા વાગે આવેલા તે ચોકકસ સમય તેઓ જણાવી શકુ નહી. એ બાબત સ્વીકારેલ છે કે, પંચો –ને બોલાવવા માટેની યાદી તેમની રુબરુ કરવામા આવેલી નથી. તા.૦૯/૦૩/૨૦૨૪ ના રોજ રાત્રીના સમયે બાતમી હકીકત અંગે તેઓને તથા એસ.ઓ.જી.ના સ્ટાફને માહીતી હોય તેવુ બનેલ નથી. તેઓને એવી કોઈ હકીકતની માહીતી નથી કે તા.૯/૩/૨૦૨૪ ના રોજ વાળા સાહેબે જી.એસ.ટી. વિભાગના કર્મચારીઓને પંચ તરીકે હાજર રહેવા કોઈ યાદી કરેલી કે કેમ. તેઓને એવી કોઈ હકીકતની માહીતી નથી કે તા.૧૧/૦૩/૨૦૨૪ ના રોજ વાળા સાહેબે જી.એસ.ટી. વિભાગના કર્મચારીઓને પંચ તરીકે હાજર રહેવા કોઈ યાદી કરેલી કે કેમ. પ્રાથમિક પંચનામુ વાળા સાહેબે લખાવેલ અને મહાવીરસીંહે ટાઈપ કરેલ. એ બાબત સ્વીકારેલ છે કે, પ્રાથમિક પંચનામાની કાર્યવાહી અડધી કલાકમા પતાવી અને અડધા કલાક પછી રેઈડ માટે ગયેલા. પ્રાથમિક પંચનામા સિવાય સામાન ગાડીમાં મુકવામા આવેલો તે સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલી નહી. તેઓ લાખ, સીલ, કોમ્પ્યુટર, પ્રિ ન્ટર સાથે લઈને ગયેલા. એ બાબત સ્વીકારેલ છે કે, પ્રાથમિક પંચનામુ થયા બાદ તેઓ તથા

તેમની સાથેના પોલીસના માણસો ખાનગી વાહનમા અગાઉ જતા રહેલા. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓને તથા સ્ટાફને વાળા સાહેબે વોચમા રહેવાની સુચના સાથે મોકલેલા. એ બાબત સ્વીકારેલ છે કે, સાડા નવ વાગ્યા પછી તેઓ ખાનગી વાહનમા નીકળેલ તે બાદ એસ.ઓ.જી. કચેરીમા શું કાર્યવાહી થયેલી તેની તેઓને માહીતી નથી. સરકારી વાહનમાં તેઓએ લઈ ગયેલા લાખ, સીલ, કોમ્પ્યુટર, પ્રીંટર, બેગી, વાળા સાહેબ વાળી ગાડીમા મુકવામાં આવેલ. એ બાબત સ્વીકારેલ છે કે, વાળા સાહેબની ગાડીમાં શું શું કાર્યવાહી થયેલી હોય તેની મને અંગત જાત માહીતી નથી. તેઓ તેમની સાથેના સ્ટાફને લઈને કુંભારવાડા વાળા રસ્તે થઈને સનેશ જવા માટે નીકળેલો. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓ એસ.ઓ.જી. કચેરીએથી નીકળેલ તે પહેલાથી તેઓને કઈ જગ્યાએ વોચમા રહેવાનુ છે તેની માહીતી વાળા સાહેબે આપેલી. એ બાબત સ્વીકારેલ છે કે, એસ.ઓ.જી. કચેરીથી કુંભારવાડા વાળો વિસ્તારનો રસ્તો માણસો અને વાહનોની અવર–જવર વાળો છે. તેઓએ દસનાળા જોયેલ છે. એસ.ઓ.જી. કચેરીથી દસનાળા આશરે કેટલા કી.મી.દુર હશે તે હુ કહી શકુ નહી. એસ.ઓ.જી. કચેરીથી દસનાળા સુધી પહોચેલ તે દરમીયાન વાહન યોગેન્દ્રસિંહ ચલાવી રહેલા હતા. આ ક્રિયા ગાડી પી.આઈ. વાળા સાહેબની માલિકીની હતી. એસ.ઓ.જી. કચેરીએથી દસનાળા તેઓ કેટલા વાગે પહોચેલા તે કહી શકુ નહી. એસ.ઓ.જી. કચેરીથી દસનાળા પહોચતા આશરે દસેક મીનીટ જેટલો સમય લાગે. એ બાબત સ્વીકારેલ છે કે, કોઈ પણ સરકારી વાહન સરકારી કામે જાય તો તેની લોગબુકમા કી.મી.,અંતર, વિગેરે લખવામા આવે છે. એ વાતની તેઓને જાણ છે કે અમદાવાદથી હાઈવે ઉપર આવતા દસનાળા આવતા વળાંક લઈને કુંભારવાડા તરફ જવાનો રસ્તો આવે છે. દસનાળાથી હાઈ–વે રોડ અંદાજે સો મીટર દુર આવેલ છે. મને એ વાતની ખબર નથી કે દસનાળાથી ભાવનગર તરફ આવીએ તો માઢીયા ગામ આવે કે કેમ. દસનાળાથી સનેશ ગામ આશરે દસેક કી.મી. દુર છે. દસનાળાથી સનેશ જતા આશરે દસેક મીનીટનો સમય લાગે. એ બાબત સ્વીકારેલ છે કે, જે જગ્યાએ અમારે ઉભા રહેવાનુ હતુ તે સનેશથી દુર હતુ. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે સનેશ ચોકડીએ જ સનેશ ગામ આવેલ છે. એ બાબત સ્વીકારેલ છે કે, એસ.ઓ.જી. કચેરીથી સનેશ ચોકડીએ પહોચતા વીસથી પચ્ચીસ મીનીટનો સમય લાગેલો. એ બાબત સ્વીકારેલ છે કે, વાળા સાહેબ તથા એસ.ઓ.જી. સ્ટાફના અન્ય માણસો કઈ જગ્યાએ ઉભેલા હતા તેની તેઓને અંગત માહીતી નથી. એ બાબત સ્વીકારેલ છે કે, સનેશ ચોકડીએ મુખ્યત્વે ત્રણ રોડ પડે છે. એ બાબત સ્વીકારેલ છે કે, સનેશ ચોકડીએ નીરમાનુ પાટીયુ આવેલ છે. એ બાબત સ્વીકારેલ છે કે, નીરમાથી ભાવનગર પણ

આવી શકાય છે. એ બાબત સ્વીકારેલ છે કે, સનેશ ચોકડીએ ક્રીષ્ના હોટેલ આવેલી છે. એ બાબત સ્વીકારેલ છે કે, ક્રિષ્ના હોટેલે લાઈટ પાણીની સુવીધા મળી રહે છે. એ બાબત સ્વીકારેલ છે કે, ક્રિષ્ના હોટેલે ઘણા મુસાફરો આવતા જતા હોય છે. એ બાબત સ્વીકારેલ છે કે, સનેશથી નીરમા રોડ જાહેર વાહનોની અવર જવર વાળો જાહેર માર્ગ છે. તેઓ જે સનેશ ચોકડીએ ઉભેલા હતા ત્યાથી ક્રિષ્ના હોટેલ સોથી બસ્સો મીટર દુર આવેલી હતી. એ વાતની તેઓને ખબર નથી કે ક્રિષ્ના હોટેલમા સી.સી.ટી.વી. કેમેરા લગાવવામા આવેલા છે કે કેમ. એ બાબત સ્વીકારેલ છે કે, સનેશ ચોકડીએ ટુ વ્હીલ, ફોર વ્હીલ અને ભારે વાહનોની અવર જવર હોય છે અને તે જાહેર રોડ છે. એ બાબત સ્વીકારેલ છે કે, વાળા સાહેબે તેઓને વાહનની પહેલાથી માહીતી આપેલી હતી. હાલ તેઓએ કહી શકુ નહી કે તેઓ જે જગ્યાએ ઉભા હતા ત્યાથી વેગડ નદીનો પુલ આશરે કેટલો દુર આવેલો હતો. તેઓ જે સ્થળે હતો ત્યાથી બાતમી વાળી ગાડી જોતા વેગડ નદીના પુલ સુધી પહોચતા આશરે દસેક મીનીટ જેટલો સમય લાગેલો. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓ પહોચેલ તે પહેલા વાળા સાહેબે વેગડ નદીના પુલ ઉપર શુ કાર્યવાહી કરેલી તેની તેઓને અંગત જાત માહીતી નથી. એન.ડી.પી.એસ. એકટની કલમ–૪૨ અને ૫૦ મુજબના ઠરાવો તેમની રુબરુ કરવામા આવેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, એન.ડી.પી.એસ. કાયદાને લગતા કોઈપણ ઠરાવ તેમની રુબરુ કરવામા આવેલા નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેમની રુબરુમાં એન.ડી.પી.એસ. અન્વયેના કોઈપણ ઠરાવમા આરોપીઓની સહી લેવામા આવેલી નથી.એ બાબત સ્વીકારેલ છે કે, તેમની ફરિયાદમાં કયા આરોપીએ મુ.મા. કાઢી આપેલ અને કોને આપેલ તે જણાવેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, સીલીંગ અને સેમ્પલીગની કાર્યવાહી બનાવવાળી જગ્યાએ કરવામાં આવેલી નહી. એ બાબત સ્વીકારેલ છે કે, સ્થળ ઉપર જયા આરોપીઓને પકડવામા આવેલ તે સ્થળે સરકારી પંચોની કોઈ સહી કરાવવામા આવેલી નહી. વજનકાંટા વાળા શશીભાઈ જેન્તીભાઈ ધંધુકીયા ભાવનગરના કયા વિસ્તારમા રહે છે તેની તેઓને ખબર નથી. તેઓ હાલ એ કહી શકુ નહી કે વજનકાંટાવાળાને પી.આઈ. વાળા સાહેબે વજનકાંટા સાથે હાજર રહેવાની યાદી બનાવ સ્થળેથી કરી કે સનેશ પોલીસ સ્ટેશનેથી કરેલી. જયવીરસિંહ વજનકાંટા વાળાને બોલાવવા કેટલા વાગે ગયેલા તેમજ બોલાવવા માટે ખાનગી વાહનમા ગયેલા કે સરકારી વાહનમા તેની તેઓને ખબર નથી. વજનકાંટા વાળા ભાઈ તથા જયવીરસિંહ કેટલા વાગે આવેલા તેની તેઓને ખબર છે. એ બાબત સ્વીકારેલ છે કે, એસ.ઓ.જી. કચેરીમાં કરવામા આવેલ પ્રાથમિક પંચનામા સમયે કોમ્પ્યુટર તથા પ્રીંટર ચાલુ હતુ કે બંધ તે બાબતની કોઈ નોંધ કરવામા આવેલી નથી. એ બાબત સ્વીકારેલ છે કે,

પ્રાથમિક પંચનામા બાદ બાકીનુ પંચનામુ કરેલ તે સમયે પ્રીંટર ચાલુ હતુ કે બંધ તે બાબતની કોઈ નોંધ પંચનામામા કે ફરિયાદમા કરવામા આવેલી નથી.એ બાબત સ્વીકારેલ છે કે, આરોપીઓ પાસેથી પકડાયેલ ડીજીટલ વજનકાંટો તેમની રુબરુમા આપવામા આવેલો. એ બાબત સ્વીકારેલ છે કે, તે ડીજીટલ કાંટો ચાલુ હતો કે બંધ અવસ્થામા હતો તેવી કોઈ નોંધ ફરિયાદ કે પંચનામામા કરવામા આવેલ નથી. તેઓએ વજનકાંટા વાળા શશીભાઈને પ્રથમ સનેશ પોલીસ સ્ટેશનમા જોયેલા. એ બાબત સ્વીકારેલ છે કે, આરોપીઓને જે સ્થળેથી પકડેલા તે સ્થળે વજનકાંટા વાળા શશીભાઈને તેઓએ જોયેલા નથી. એ બાબત સ્વીકારેલ છે કે, વજનકાંટા વાળા શશીભાઈએ આરોપીઓને પકડેલ તે સ્થળે મુ.મા. ડ્રગ્સનો કોઈ વજન કરેલ નહી. એ બાબત સ્વીકારેલ છે કે, શશીભાઈએ બનાવ સ્થળે કોઈ વજન કરેલ હોય તેનુ પ્રમાણપત્ર તેમની રુબરુમાં આપેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, બનાવ સ્થળે મુ.મા. વાળા એમ.ડી. ડ્રગ્સનુ વજન કરી સીલીંગ અને સેમ્પલીંગ કરેલ હોય તેવુ બનેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, એફ.એસ.એલ. અધીકારીએ સ્થળ પર કોઈ પ્રમાણપત્ર આપેલ નહી. પ્રથમ પંચનામુ કરવામાં આવેલ અને તે બાદ ફરિયાદ કરવામા આવેલી. એ બાબત સ્વીકારેલ છે કે, પંચનામામા સામાન્ય રીતે જે હકીકતો જોઈ હોય તે જ લખવામા આવે છે. એ બાબત સ્વીકારેલ છે કે, આંક–૪૩ વાળા પંચનામામા એમ.ડી. ડ્રગ્સનુ ચોખ્ખુ વજન ૯૧.૮૦૦ ગ્રામ થયેલ તેવી હકીકત લખવામા આવેલી છે. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ જે ફરિયાદ આપેલી તેમા એમ.ડી. ડ્રગ્સનુ ચોખ્ખું વજન ૯૧.૮૦૦ મીલીગ્રામ લખવામા આવેલ છે. એ બાબત સ્વીકારેલ છે કે, તેમની ફરિયાદમાં મુ.મા. સીલીંગ તથા સેમ્પલીંગનુ કયા હોદ્દા દવારા કરાવવામા આવેલ છે તે જણાવેલ નથી. તેમની રુબરુમા કોઈ પંચનામુ થયેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, જે સ્થળે ફરિયાદ આપવામા આવે તે સ્થળનો ઉલ્લેખ ફરિયાદમા કરવાનો હોય છે. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓની ફરિયાદમાં તેઓએ ફરિયાદ સનેશ પોલીસ સ્ટેશને આપેલી કે એસ.ઓ.જી. કચેરીએ આપેલ કે બનાવ સ્થળે આપેલ તે બાબતનો કોઈ ઉલ્લેખ કરવામા આવેલ નથી. તેઓને પકડાયેલ વાહન આરોપીઓની માલીકીનું ના હતુ તેની કોઈ માહીતી નથી. એ બાબત સ્વીકારેલ છે કે, પંચનામુ થયા બાદ તુરંત આરોપીઓને અટક કરેલા. આરોપીઓને અટક કર્યા બાદ કેટલા વાગે તેમના સગા સંબંધીને જાણ કરેલી તેની તેઓને જાણ નથી. સનેશ પોલીસ સ્ટેશને જે કાર્યવાહી થઈ તે અંગેની કોઈ સ્ટેશન ડાયરીની નોંધ તેમના રુબરુ કરવામા આવેલી નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેમની રુબરુમા પી.આઈ. વાળા સાહેબે કોઈ પોલીસ અધીકારીનુ નીવેદન લીધેલ હોય તેવુ બનેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, મુ.મા. આર્ટીકલ

નંબર–૧, ૨, ૫, ૬, ૭, ૮, ૯, ૧૧ અને ૧૨ વાળા કવરો તેઓને બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તે કોઈપણ કવર ઉપર કોઈ અધિકારીનુ સીલ કે સીકકો મારવામા આવેલો નથી.

જયારે બચાવપક્ષ નં.૪ થી નં.૭ તરફે ફરીયાદીની કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં, તેઓએ ઉપરોકત બચાવપક્ષ નં.૧ થી નં.૩ ના વિ.વકીલશ્રીએ કરેલ ઉલટતપાસ એડોપ્ટ કરેલ છે અને વધુમાં એવી ઉલટતપાસમાં કરેલ છે કે, એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ જેના રુબરુ ફરિયાદ જાહેર કરેલી છે તે તેમના ઉપલી અધીકારી હતા. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ ફરિયાદ આપી તે બાદ તેના ઉપલા અધીકારી દવારા તેમનું કોઈ વિશેષ નિવેદન નોંધેલ નથી જેથી કરીને તેઓને આગળની તપાસ બાબતે અંગત જાત માહીતી નથી.

**<u>માદક પદાર્થ એમ.ડી.ડ્રગ્સનું વજન કરનાર સાહેદનો પુરાવો :–</u>**

(૧૪) વધુમાં, આ કામે **<u>ફરિયાદપક્ષ તર્ફે આંક–૫૧ થી સાહેદ શશીભાઈ જ્યંતિભાઈ ધંધુકીયાને</u>** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ ભાવનગર ખાતે શેરડીપીઠના ડેલામા જાગૃતી જવેલર્સના નામે દુકાન ધરાવુ છુ અને આશરે દસેક વર્ષથી વેપાર ધંધો કરુ છુ. આજથી એકાદ વર્ષ પહેલા પોલીસ તેમની દુકાને આવેલી અને વજન કરવાનુ કહી વજન કાંટો લઈને સાથે આવવાનુ કહેતા તેઓ પોલીસ સ્ટેશને ગયેલો. કયા પોલીસ સ્ટેશને ગયેલો તે તેઓને હાલ યાદ નથી. ત્યા પાઉડર જેવી વસ્તુનુ વજન તેમની પાસે કરાવેલ. ત્યાં પોલીસવાળા સિવાય અન્ય કોઈ હાજર ના હતુ. તેઓને સરકારી વકીલશ્રીની કેસ ફાઈલમાથી તેમના નિવેદન સાથે સ્ટેપલ કરેલ તા.૧૦/૩/૨૪ ના રોજનુ પ્રમાણપત્ર બતાવવામા આવે છે, જે જોઈને કહુ છુ કે તેમા તેમની સહી છે, જે તેઓ ઓળખી બતાવે છે જે **<u>આંક–૫૨</u>** થી રજુ છે. આમ, સદરહું સાહેદએ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થનકારક પુરાવો રજુ રાખતા ન હોય, વિ. એ.પી.પી.શ્રીની વિનંતીથી સદર સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં, ફરિયાદપક્ષ તર્ફે સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક લેષમાત્ર પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.જયારે બચાવપક્ષ તરફે સદરહુ સાહેદની લેવામાં આવેલ ઉલટતપાસમાં એ બાબત સ્વીકારેલ છે કે, પોલીસે લખેલ કાગળમાં સહી કરવાનુ તેઓને કહેતા તેઓએ સહી કરી આપેલી તે સિવાય કોઈ હકીકત તેઓ જાણતો નથી.

**અટક પંચનામાના પંચ સાહેદનો પુરાવો :–**

(૧૫) વધુમાં, આ કામે **ફરિયાદપક્ષ તર્ફે આંક–૫૪ થી પંચ સાહેદ જીતેન્દ્રભાઈ અનંતરાય ભટ્ટ**ને તપાસવામાં આવેલ છે. તેઓએ તેની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૬/૦૩/૨૦૨૪ ના રોજ રાત્રીના સમયે તેઓ રોડ પરથી પસાર થતો હતો તે સમયે પોલીસે તેઓને ઉભો રાખી તેમનું નામ, સરનામુ, ઉંમર, મોબાઈલ નંબર પુછીને એક તૈયાર પંચનામામાં તેઓને સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. તેમાં શું લખેલ હતુ તે તેઓએ વાંચેલ નહી કે પોલીસે તેઓને વાંચી સંભળાવેલ નહી. સહી કરવા સિવાય તેઓ કઈ જાણતો નથી. તેઓને માર્ક–૧૩/૧૭ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી છે, જે તેઓ ઓળખી બતાવે છે જે **આંક–૫૫** થી રજુ છે. તેઓને આજરોજ કોર્ટના વેલ્યુએબલ મુદ્દામાલના પ્લાસ્ટિકના સીલબંધ બોક્ષ ખુલ્લી અદાલતમાં ખોલીને બતાવવામાં આવે છે જે બોક્ષમાં ચલણી નાણા જણાઈ આવે છે. જે બોક્ષ ખોલી જતા સીલ ઉપર પંચની સ્લીપ મારેલ છે તે ખોલી જોતા તેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી છે. જેને રજુ **આંક–૫૬** આપવામાં આવે છે. તેમજ બોક્ષ ખોલી ચલણી નાણા નીચે બીજી એક પંચની સહી કરેલી સ્લીપ નીકળેલ છે, તેમાં પણ પંચ નં.૧ તરીકે તેમની સહી છે. જેને રજુ **આંક–૫૭** આપવામાં આવે છે. આમ, સદરહું પંચ સાહેદ તેમની પં ચ તરીકે સહી ઓળખી બતાવવા સિવાય પંચનામાની હકીકતોને સમર્થનકારક પુરાવો રજુ રાખતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી સદર પંચ સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં,સદર પંચ સાહેદની ફરિયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પંચનામાની હકીકતોને સમર્થનકારક લેષમાત્ર પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જયારે બચાવપક્ષ તરફે સદરહું પંચ સાહેદની લેવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, પંચનામામાં સહી કર્યા સિવાય બીજી કોઈ હકીકત તેઓ જાણતો નથી. તેમજ આજરોજ તેઓ જે જુબાની આપે છે તે તેમની રાજીખુશીથી આપે છે.

**અટક પંચનામાના પંચ સાહેદનો પુરાવો :–**

(૧૬) વધુમાં, આ કામે **ફરિયાદપક્ષ તર્ફે આંક–૫૮ થી પંચ સાહેદ મુસ્તુફાભાઈ હુસેનભાઈ બીલખીયા**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૬/૩/૨૦૨૪ ના રોજ રાત્રીના સમયે તેઓ રોડ પરથી પસાર થતો હતો તે સમયે પોલીસ ે તેઓને ઉભો રાખી મારુ નામ, સરનામુ, ઉંમર, મોબાઈલ નંબર પુછીને એક તૈયાર પંચનામામાં તેઓને સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. તેમાં શું લખેલ હતુ તે તેઓએ વાંચેલ નહી

કે પોલીસે તેઓને વાંચી સંભળાવેલ નહી. સહી કરવા સિવાય તેઓ કઈ જાણતો નથી. તેઓને આંક–૫૫ વાળું પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૨ તરીકે તેમની સહી છે, જે તેઓ ઓળખી બતાવે છે, તેઓને આજરોજ કોર્ટના વેલ્યુએબલ મુદ્દામાલના પ્લાસ્ટિકના સીલબંધ બોક્ષ ખુલ્લી અદાલતમાં ખોલીને બતાવવામાં આવે છે જે બોક્ષમાં ચલણી નાણા જણાઈ આવે છે. જે બોક્ષ ખોલી જતા સીલ ઉપર પંચની સ્લીપ મારેલ છે તે ખોલી જોતા તેમાં પંચ નં.૨ તરીકે તેમની સહી છે. તેમજ બોક્ષ ખોલી ચલણી નાણા નીચે બીજી એક પંચની સહી કરેલી સ્લીપ નીકળેલ છે, તેમાં પણ પંચ નં.૨ તરીકે તેમની સહી છે. આમ, સદરહું પંચ સાહેદ તેમની પંચ તરીકે સહી ઓળખી બતાવવા સિવાય પંચનામાની હકીકતોને સમર્થનકારક પુરાવો રજુ રાખતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી સદર પંચ સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં,સદર પંચ સાહેદની ફરિયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પંચનામાની હકીકતોને સમર્થનકારક લેષમાત્ર પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જયારે બચાવપક્ષ તરફે સદરહું પંચ સાહેદની લેવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, પંચનામામાં સહી કર્યા સિવાય બીજી કોઈ હકીકત તેઓ જાણતો નથી. તેમજ આજરોજ તેઓ જે જુબાની આપે છે તે તેમની રાજીખુશીથી આપે છે.

**<u>સી.સી.ટી.વી.ફુટેજ વાળી પેનડ્રાઈવ કબ્જે કરેલ તે પંચનામાના પંચ સાહેદનો પુરાવો :–</u>**

(૧૭) વધુમાં, આ કામે **<u>ફરિયાદપક્ષ તર્ફે આંક–૫૯ થી પંચ સાહેદ અજયપાલસિંહ રણજીતસિંહ ચુડાસમા તથા પંચ સાહેદ રાજદીપસિંહ વનરાજસિંહ ચુડાસમાને આંક–૬૧ થી સોગંદ ઉપર</u>** તપાસવામાં આવેલ છે. તેઓએ તેની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ સાંજના સમયે તેઓ રોડ પરથી પસાર થતો હતો તે સમયે પોલીસ તેઓને ઉભો રાખી તેઓનું નામ, સરનામુ, ઉંમર, મોબાઈલ નંબર પુછીને એક તૈયાર પંચનામામાં તેઓને સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. તેમાં શું લખેલ હતુ તે તેઓએ વાંચેલ નહી કે પોલીસે તેઓને વાંચી સંભળાવેલ નહી. સહી કરવા સિવાય તેઓ કઈ જાણતો નથી. તેઓને નિ.૧૩/૧૯ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે, જે તેઓ ઓળખી બતાવુ છું. જેને રજુ **<u>આંક–૬૦</u>** આપવામાં આવે છે. આમ, સદરહું પંચ સાહેદ તેમની પંચ તરીકે સહી ઓળખી બતાવવા સિવાય પંચનામાની હકીકતોને સમર્થનકારક પુરાવો રજુ રાખતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી સદર પંચ સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય

તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં,સદર પંચ સાહેદની ફરિયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પંચનામાની હકીકતોને સમર્થનકારક લેષમાત્ર પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જયારે બચાવપક્ષ તરફે સદરહું પંચ સાહેદની લેવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, પંચનામામાં સહી કર્યા સિવાય બીજી કોઈ હકીકત તેઓ જાણતો નથી. તેમજ આજરોજ તેઓ જે જુબાની આપે છે તે તેમની રાજીખુશીથી આપે છે.

**<u>અટક પંચનામાના પંચ સાહેદનો પુરાવો :–</u>**

(૧૮) વધુમાં, આ કામે **<u>ફરિયાદપક્ષ તર્ફે આંક–૬૨ થી પંચ સાહેદ રાજુભાઈ વામનભાઈ ભુવાને સોગંદ ઉપર</u>** તપાસવામાં આવેલ છે. તેઓએ તેની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૯/૦૩/૨૦૨૪ ના રોજ હું બાવળીયારી ગામેથી દર્શન કરીને ભાવનગર તરફ આવતો હતો ત્યારે સનેશ પાસે પોલીસે મને ઉભો રાખી સહી કરવાનુ કહી તેમની સાથે લઈ ગયેલી અને એક તૈયાર લખાણમા સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલી. આ લખાણ શેનુ હતુ તે મે વાંચેલ નહી કે પોલીસે મને વાંચી સંભળાવેલ નહી. સહી કરવા સીવાય હુ કઈ જાણતો નથી. મને માર્ક–૧ ૩/૧૮ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે, જેમા પંચ નંબર–૨ તરીકે મારી સહી છે, જે હુ ઓળખી બતાવુ છુ, જે રજુ **<u>આંક–૬૩</u>** આપવામા આવે છે. પોલીસે મારી રુબરુ કોઈ ચીજ વસ્તુ કે રોકડ રકમ કબજે કરેલી ના હોય મને બતાવવામા આવે તો હું ઓળખી શકુ નહી કે કોઈ વ્યકતીને મારી રુબરુ અટક કરેલ ના હોય કોઈ વ્યકતી મને બતાવવામા આવે તો હું ઓળખી શકુ નહી. મને મુ.મા. વે.મુ.મા. આર્ટીકલ નંબર–૮/૨જનો નાણાંથી ભરેલો ડબ્બો સીલબંધ પ્લાસ્ટીકનો પારદર્શક છે તે ખોલી બતાવવામાં આવે છે, જેમાથી નીકળેલ સફેદ પાવતીમા મારી સહી છે, જે હુ ઓળખી બતાવુ છુ, જે સીલબંધ ડબ્બામાથી કાઢી રેકર્ડમા સામેલ રાખવામા આવે છે, જે રજુ **<u>આંક–૬૪</u>** આપવામાં આવે છે. આમ, સદરહું પંચ સાહેદ તેમની પંચ તરીકે સહી ઓળખી બતાવવા સિવાય પંચનામાની હકીકતોને સમર્થનકારક પુરાવો રજુ રાખતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી સદર પંચ સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં,સદર પંચ સાહેદની ફરિયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પંચનામાની હકીકતોને સમર્થનકારક લેષમાત્ર પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જયારે બચાવપક્ષ નં.૪ થી નં.૭ તરફે સદરહું પંચ સાહેદની લેવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, તેઓ આજરોજ જે જુબાની આપુ છે તે તેમની રાજીખુશીથી આપુ છુ

અને કોઈ પણ જાતના દાબ દબાણ વગર આપુ છુ. એ હકીકત કબૂલ રાખેલ છે કે, હાલમાં તેઓને જે સહી બતાવી તે સહી કરવાની સિવાયની કોઈ હકીકત તેઓએ જાણતો નથી. એ હકીકત કબૂલ રાખેલ છે કે, તેઓએ જે કાગળમા સહી કરેલી તેમા શુ લખેલ હતુ તે તેઓએ વાંચેલ નહી કે પોલીસે તેઓને વાંચી સંભળાવેલ નહી. એ હકીકત કબૂલ રાખેલ છે કે, તેઓએ એક સહી કરેલી તે સિવાય કોઈ બીજી સહી કરી હોય તેવુ બનેલ નથી.

**રેડમાં સાથે રહેનાર પોલીસ સાહેદનો પુરાવો :–**

(૧૯) વધુમાં, આ કામે **ફરિયાદપક્ષ તર્ફે આંક–૬૮ થી સાહેદ મહાવીરસિંહ દિલીપસિંહ ગોહિલ (એ.એસ.આઈ., એસ.ઓ.જી.શાખા, ભાવનગર) ને સોગંદ ઉપર** તપાસવામાં આવેલ છે. તેઓએ તેની સરતપાસમાં જણાવેલ છે કે,''સને–૨૦૨૪મા હુ એસ.ઓ.જી. શાખામાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતો હતો તે દરમીયાન તા.૧૦/૩/૨૦૨૪ના રોજ પી.આઈ.–એ. આર. વાળા, એસ.ઓ.જી. ભાવનગરનાઓને બાતમી રાહે હકીકત મળેલી કે, ૧) તૌફીકભાઈ અહેમદભાઈ મન્સુરી, ૨) એઝાજભાઈ ઉર્ફે બાદશાહ હનીફભાઈ મન્સુરી, ૩) હુસૈનભાઈ ઉર્ફે ટાઈગર અખ્તરભાઈ કાલીવાળા, ૪) અલ્ફાઝભાઈ સીદીકભાઈ ગોરી, રહે. ભાવનગર વાળાઓ પોતાની બલેનો કાર નંબર–જીજે–૪–ઈજે–૨૪૬૨મા ડ્રગ્સ લઈને મુંબઈથી ભાવનગર આવી રહયા છે અને સનેશ ચોકડીએથી પસાર થવાના છે. જે બાતમી આધારે પી.આઈ.શ્રીએ ઉપલી અધીકારીશ્રીને લેખીતમા જાણ કરી, બે સરકારી પંચો, ૧) ચીરાગભાઈ મુકેશભાઈ જેઠવા, ૨) હીતેશભાઈ દીપકભાઈ જાની, જી.એસ.ટી. કચેરી, ભાવનગર વાળાઓને એસ.ઓ.જી. ઓફીસ ે બોલાવી તથા સ્ટાફના એસ.ઓ.જી.ના પી.એસ.આઈ.–સી.એચ. મકવાણા, યોગેન્દ્રસીંહ નરેન્દ્રસીંહ ગોહીલ, વિજયસીંહ ભુપતસીંહ, રાઘવેન્દ્રસીંહ વિક્રમસીંહ, મહીપાલસીંહ દીલુભા, ધર્મદીપસીંહ નરેન્દ્રસીંહ તથા અમોને ઉપરોકત બાતમી અંગે સમજ કરી અરસ પરસ જડતી કરી એન.ડી.પી.એસ.ની કોઈ ચીજ વસ્તુ નહી હોવાની ખાતરી કરી બાતમી વાળી જગ્યાએ રેઈડમા જવાનુ નકકી કરી રેઈડ અંગેનો જરુરી સરસામાન ગાડીમા મુકી સરકારી ગાડી બોલેરો જીજે–૪–જીબી–૦૦૫૮, જેમા ડ્રાઈવર મહેશભાઈ વાસુરભાઈ ભેડા તથા ખાનગી વાહન કીયા ગાડી જીજે–૪–ઈઈ–૬૮૮૨ની જડતી કરી તેમા પણ એન.ડી.પી.એસ.ની કોઈ ચીજ વસ્તુ નહી હોવાની ખાતરી કરી ખાનગી વાહનમાં પી.એસ.આઈ.–મકવાણા સાહેબ, યોગેન્દ્રસીંહ, રાઘવેન્દ્રસીંહ અને મહીપાલસીંહ સનેશ ચોકડીએ જવા રવાના થયેલા અને બાકીના માણસો પં ચો સાથે સરકારી ગાડીમાં બેસી બાતમી વાળી જગ્યાએ જવા રવાના થયેલા અને તે બાબતનુ પ્ર

થમ ભાગનુ પંચનામુ કલાક–૯:૦૦થી ૯:૩૦ સુધીનુ કરેલ અને બાતમીવાળી જગ્યા માઢીયા ગામથી આગળ પુલ પાસે રોંગ સાઈડમાં વોચમાં ઉભ રહેલા. તે દરમીયાન કલાક–૧૦:૦૦ વાગે પી.એસ.આઈ. મકવાણા સાહેબનો ફોન પી.આઈ. વાળા સાહેબના ફોનમા આવેલો અને જણાવેલ કે બાતમી વાળી ગાડી સનેશ ચોકડીથી ભાવનગર તરફ આવે છે. જેથી અમો તમામ એલર્ટ થઈ ગયેલા અને બાતમી વાળી બલેનો કાર આવતાં તેને રોકી તેમા બેસેલા ઈસમોના નામ પુછતાં ઉપર મુજબના ૧) તૌફીકભાઈ અહેમદભાઈ મન્સુરી, ૨) એઝાજભાઈ ઉર્ફે બાદશાહ હનીફભાઈ મન્સુરી, ૩) હુસૈનભાઈ ઉર્ફે ટાઈગર અખ્તરભાઈ કાલીવાળા, ૪) અલ્ફાઝભાઈ સીદીકભાઈ ગોરી હોવાનુ જણાવેલ, જેમા ગાડી અલ્ફાઝભાઈ ચલાવતા હોય અને તેની બાજુમા તૌફીકભાઈ બેઠેલા હતા અને પાછળની સીટમા એઝાઝ તથા હુસૈનભાઈ બેસેલા હતા અને પી.આઈ.શ્રી વાળા સાહેબે પોતાની ઓળખ ગેઝેટડ અધીકારી તરીકેની આપી બાતમી અં ગે સમજ કરી તમે બીજા કોઈ મેજી.શ્રી પાસે તમારી તથા ગાડીની જડતી કરાવવા માંગો છો કે કેમ તેમ પુછી તે બાબતના જરુરી ઠરાવો કરેલા અને ચારેય જણાએ ના પાડતાં તે દરમીયાન મકવાણા સાહેબની ટીમ ત્યાં આવી જતાં ચારેય આરોપીઓને તમારી પાસે ડ્રગ્સ હોય તો તે રજુ કરવા જણાવતાં ગાડીના આગળના ડેસ્કબોર્ડમાથી તૌફીકભાઈએ એક પ્લાસ્ટીકની કોથળી કાઢ ેલી જેની અંદર આછા સફેદ રંગનો માદક પદાર્થ હોય જે એમ.ડી. ડ્રગ્સ હોવાનુ તૌફીકભાઈ જણાવતાં પી.આઈ.શ્રી વાળા સાહેબે ડ્રગ્સ બાબતે ખરાઈ કરવા એફ.એસ.એલ. અધીકારીને સ્થળ પર પધારવા જાણ કરેલી અને મળી આવેલ પદાર્થનો વજન કરવા માટે વજનકાંટા વાળાને લઈ આવવા સાથેના પોલીસ કર્મચારીને જાણ કરેલી. ત્યારબાદ કલાક–૧૧:૦૦ વાગે વજનકાંટા વાળા ભાઈ શશીભાઈ જયંતીભાઈ ધંધુકીયા, રહે. ભાવનગર વાળા આવતાં તેમજ કલાક–૧૧:૦૫ વાગે એફ.એસ.એલ. અધીકારીશ્રી આવતાં તેઓની ઓળખ આપી એ.એચ. ઈટાલીયા અને તેઓની જડતી કરતાં તેઓ પાસેથી પણ એન.ડી.પી.એસ. અંગે કોઈ ચીજ વસ્તુ મળી આવેલી નહી અને એફ.એસ.એલ. અધીકારીએ મળી આવેલ ડ્રગ્સની ખરાઈ કરતાં (મેફેડ્રોન) એમ.ડી. ડ્રગ્સ હોવાનુ જણાવેલ અને સદરહુ કાર્યવાહી કરવામાં વાર લાગે એમ હોય અને જાહેર રોડ હોય જેથી નજીકમા સનેશ પોલીસ સ્ટેશન હોય જેથી તમામ રેડીંગ પાર્ટી તથા આરોપીઓ સાથે સનેશ પોલીસ સ્ટેશનમા જઈ અગાઉ કરેલ ઠરાવોની નકલો કાઢી તેમા સહીઓ લઈ તેમજ મળી આવેલ એમ.ડી. ડ્રગ્સનુ વજન કરવા વજનકાંટા વાળા ભાઈ શશીભાઈને જણાવતાં તેઓએ એમ.ડી. ડ્રગ્સનુ વજન કરતા ચોખ્ખુ વજન ૯૧.૮૦૦ ગ્રામ, કીંમત રુપીયા નવ લાખ અઢાર હજાર/– ગણી માર્ક–એ આપી કબજે કરેલ અને ઉપરોકત

ચારેય ઈસમોની અગાઉ જડતી કરેલી હોય તેની પાસેથી ચાર આધાર કાર્ડ, ત્રણ મોબાઈલ કીંમત રુપીયા પંદર હજાર તથા એક વજનકાંટો તથા ખાલી પ્લાસ્ટીકની કોથળીઓ ૩૦૬ તથા રોકડા રૂા.૧૦૭૦/– મળી આવેલા હતા. તે પણ જુદા જુદા કવરમાં મુકી કબજે કરેલા. તેમજ બલેનો ગાડી, કીંમત રુપીયા સાત લાખ અને આર.સી. બુક કબજે કરેલા. હું આરોપીઓને જોયે ઓળખી શકુ, જે પૈકી આજરોજ કોર્ટમા પીળુ ટીશર્ટ પહેરેલ છે તેનુ નામ તૌફીકભાઈ છે. સાહેદે કોર્ટ રુબરુ આરોપીને નામજોગ ઓળખી બતાવેલ છે. ચેકસ વાળુ ટીશર્ટ કાળા જેવા કલરનુ પહેરેલ છે તેમનુ નામ અલ્ફાઝભાઈ છે. હાજર આરોપીને ખુલ્લી અદાલતમાં તેમનુ નામ પુછતા હુસૈન અખ્તરભાઈ હોવાનુ જણાવેલ છે. ચેકસ વાળો શર્ટ પહેરીને ઉભેલ આરોપીને સાહેદ અલ્ફાઝભાઈ તરીકે ઓળખી બતાવે છે, જેમનુ ખુલ્લી અદાલતમા નામ પુછતા અલ્ફાઝભાઈ હોવાનુ જણાવે છે. સાહેદે કોર્ટ રુબરુ આરોપીને નામજોગ ઓળખી બતાવેલ છે. કોલર વાળુ કાળા કલરનુ ટીશર્ટ પહેરીને ઉભેલા આરોપીને સાહેદે એઝાઝભાઈ તરીકે ઓળખી બતાવેલ છે, જેમનુ ખુલ્લી અદાલતમા નામ પુછતા એઝાઝભાઈ હોવાનુ જણાવેલ છે. સાહેદે કોર્ટ રુબરુ આરોપીને નામજોગ ઓળખી બતાવેલ છે.આરોપીઓને રેઈડ દરમીયાન પકડાયેલ મુ.મા. બાબતે પુછતા તેઓ મું બઈ, ડોંગરીથી લાવેલા હોવાનુ જણાવેલ.''

જયારે બચાવપક્ષ નં.૧ થી નં.૩ તરફે સદરહું સાહેદની લેવામાં આવેલ ઉલટતપાસમાં મુખ્યત્વે જોઈએ તો, જે દીવસે રેઈડ કરવાની હતી તે દીવસે તેઓ સાત વાગ્યાની આસપાસ એસ.ઓ.જી. કચેરીએ આવેલો હતો. તેઓને એસ.ઓ.જી. ઓફીસે આવ્યા બાદ બાતમી વાળી વીગત પી.આઈ. વાળા સાહેબ પાસેથી જાણવા મળેલી. તેઓને બાતમી હકીકત નવ વાગ્યા બાદ જાણવા મળેલી. એ બાબત સ્વીકારેલ છે કે, સાતથી નવ વાગ્યા દરમીયાન પી.આઈ. વાળા સાહેબે તેઓને કોઈ બાતમી અંગેની હકીકત જણાવેલી નહી. રેડીંગ પાર્ટીના અન્ય સભ્યો કેટલા વાગે આવેલા તેની તેઓને ખબર નથી પરંતુ નવ વાગે તેમને ચેમ્બરમાં બોલાવેલા. પી.આઈ. વાળા સાહેબને બાતમી કેટલા વાગે મળેલી તેનો સમય અમને જણાવેલ નહી. સવારના નવ વાગ્યાથી રેઈડની કાર્યવાહી પુરી થઈ ત્યાં સુધી પી.આઈ. વાળા સાહેબને બાતમી કેટલા વાગે મળેલી તે બાબતે કોઈ વાત થયેલી નહી. તા.૯/૩/૨૦૨૪ના રોજ કેટલા વાગ્યા સુધી એસ.ઓ.જી. કચેરીએ હતો તે હાલ તેઓને યાદ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે નવ દસ વાગ્યા સુધી હોઈએ છીએ. એ વાતની તેઓને ખબર નથી કે તા.૯/૩/૨૦૨૪ ના રોજ તેઓ હાજર હતો ત્યા સુધીમા વાળા સાહેબે કોઈ સરકારી પંચોને બોલાવેલા કે કેમ. તા.૯/૩/૨૦૨૪ ના રોજ

વાળા સાહેબે સરકારી પંચો ફાળવવા કોઈ યાદી કરેલી કે કેમ તેની મને ખબર નથી. તા.૯/૩/૨૦૨૪ ના રોજ તેઓ કોઈ સરકારી પંચોને મળેલ હોય તેવુ બનેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, પોલીસ કર્મચારીને કોઈ ગુનાહિત બનાવની બાતમી મળે તો તેની નોંધ રજીસ્ટરમાં કરવાની હોય છે. બાતમી અંગેની નોંધ કોણે કરેલી તેની તેઓને ખબર નથી. પી.એસ.આઈ. મકવાણા સાહેબ તથા તેની સાથેના કર્મચારી આશરે ૯–૩૦ આસપાસ નીકળેલા. વાળા સાહેબે પ્રાથમીક પંચનામા પહેલા કયા કયા ઠરાવ કરેલા તેની તેઓને માહિતી નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, ઉપરી અધીકારીને જાણ કરેલી તેટલી તેઓને ખબર છે. એ બાબત ઈન્કારેલ છે કે, જયારે ઉપરી અધીકારીને માહિતી આપવાની હોય ત્યારે તેમાં સમય અને તારીખ લખવી આવશ્યક છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, તારીખ લખવી જોઈએ, સમય જરૂરી નથી. એ વાતની તેઓને ખબર નથી કે ઉપરી અધીકારીને જાણ કેટલા વાગે પત્રથી કરેલી. ઉપરી અધીકારીને જાણ કરતો પત્ર મુકેશભાઈ લઈને ગયેલ હતા. એ વાતની તેઓને ખબર નથી કે મુકેશભાઈ પત્ર લઈને ગયેલ તે પરત કેટલા વાગે આવેલ હતા. તેઓ સરકારી વાહનમાં હતો. એસ.ઓ.જી. કચેરીથી માઢીયા જવા માટે કુંભારવાડાથી દસનાળા થઈ ગયેલ હતા. તેમની સાથે સરકારી જીપમાં પી.આઈ. વાળા સાહેબ, ડ્રાઈવર મહેશભાઈ, બે પંચો, ધર્મદીપસિંહ, વિજયસિંહ એ રીતેના હતા. આશરે ૯–૩૦ પછી એસ.ઓ.જી. કચેરીએથી નીકળેલા. એ બાબત સ્વીકારેલ છે કે, એસ.ઓ.જી. કચેરીએથી કુંભારવાડા થઈ દસનાળા જવુ હોય તો તે માણસોની અવજરજવર વાળો વિસ્તાર છે. સરકારી વાહન કેટલી ગતીથી ચાલતુ હતુ તેની તેઓને ખબર નથી. એ બાબત સ્વીકારેલ છે કે, દસનાળા પહોંચ્યા બાદ ભાવનગર–અમદાવાદ હાઈવે લાગુ પડી જાય છે. દસનાળાથી વેગડ નદીનો પુલ છે ત્યાં પહોંચતા કેટલો દૂર થાય તેની તેઓને ખબર નથી. એ બાબત સ્વીકારેલ છે કે, સનેસ ચોકડીએ ક્રિશ્ના હોટલ તથા ખોડીયાર હોટલ આવેલી છે. એ બાબત સ્વીકારેલ છે કે, ત્યાં લાઈટની તમામ પ્રકારની સુવિધાઓ છે. એ વાતની તેઓને ખબર નથી કે સનેક ચોકડીથી માઢીયા સુધી જતા અનેક નાની–મોટી હોટલો આવેલી છે. એ બાબત સ્વીકારેલ છે કે,બલેનો કાર રોકેલી તે સમયે બનાવ સ્થળે પી.એસ.આઈ. મકવાણા કે તેના સ્ટાફના માણસો હાજર ન હતા. એ બાબત સ્વીકારેલ છે કે, વેગડ નદીનો પુલ માણસોની અવરજવર વાળો વિસ્તાર છે. એ બાબત સ્વીકારેલ છે કે, વેગડ નદીના પુલથી નારી ચોકડી સુધી પેટ્રોલપંપ આવેલા છે. એ બાબત સ્વીકારેલ છે કે,પેટ્રોલપંપ પર સામાન્ય રીતે લાઈટની સુવીધા મળી રહે છે. વેગડ નદીના પુલથી સનેસ પો.સ્ટે. ૩૦૦ થી ૪૦૦ મીટર દૂર હશે. આરોપીઓની અંગજડતી તમામ

રેઈડના માણસોએ કરેલ હશે. એ બાબત સ્વીકારેલ છે કે, આરોપીઓની અંગજડતીમાંથી કોઈ વાંધાજનક પદાર્થ મળી આવેલો નહી. એ બાબત સ્વીકારેલ છે કે, તેમના પોલીસ નિવેદનમાં બલેનો ગાડીમાંથી કયા વ્યકિતએ માદક પદાર્થ કાઢીને આપેલો તેવુ લખેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, વેગડ નદીના પુલ પર જે ઠરાવો કરવામા આવેલા તે મકવાણા સાહેબની હાજરીમાં કરવામાં આવેલ નહી. બનાવ સ્થળે એન.ડી.પી.એસ. એકટની કલમ–૪૨ અને કલમ–૫૦ ના ઠરાવો થયેલા. એ વાતની તેઓને ખબર નથી કે તેમની રુબરુ એન.ડી.પી.એસ. એકટની કલમ–૫૦ મુજબનો કોઈ ઠરાવ કરવામા આવેલો કે કેમ? એ બાબત સ્વીકારેલ છે કે, એન.ડી.પી.એસ. એકટની કલમ–૪૨ નો ઠરાવ પંચો રુબરુ કરવામાં આવેલો. એ વાતની તેઓને ખબર નથી કે તેમની રુબરુમાં અંગજડતીના ઠરાવ વખતે આરોપીએ હા પાડેલ કે ના પાડેલ. વેગડ નદીના પુલથી સનેસ જવાનો નિર્ણય વાળા સાહેબે કરેલો. વેગડ નદીના પુલની આસપાસ લાઈટની વ્યવસ્થા છે કે કેમ? તે અંગેની તપાસ રેડીંગ પાર્ટીના માણસોએ કરેલી. તેઓએ વેગડ નદીના પુલ આસપાસ જોયેલુ. એ બાબત સ્વીકારેલ છે કે, વેગડ નદીના પુલ ઉપર પંચોએ તેમની રુબરુમાં કોઈ સહી કરેલ ન હતી. એ બાબત સ્વીકારેલ છે કે, વેગડ નદીના પુલ ઉપર બીજા ભાગના પંચનામામાં પંચોએ તેમની રુબરુ સહી કરેલી નહી. પંચો તેમની સાથે હતા. એ વાતની તેઓને ખબર નથી કે તા.૧૧/૩/૨૦૨૪ ના રોજ સરકારી પંચો ફાળવવા માટે વાળા સાહેબે યાદી કરેલી. એ બાબત સ્વીકારેલ છે કે, તેમના પોલીસ નિવેદનમાં બલેનો કારમાંથી જે વ્યકિતઓ પકડાયેલ તેણે કેવા કલરના પેન્ટ–શર્ટ પહેરેલા તેવી હકીકત લખાવેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ તેમનું નિવેદન આપતા પહેલા ફરીયાદ તથા પંચનામુ વાંચેલુ. એ બાબત સ્વીકારેલ છે કે, રેડીંગ દરમિયાન જે મુદ્દામાલ કબજે કરેલ હોય તેનો ફરીયાદ તથા પંચનામામાં ઉલ્લેખ કરવો જોઈએ. એ બાબત સ્વીકારેલ છે કે, ફરીયાદ તથા પંચનામા મુજબ ૯૧.૮૦૦ મિલીગ્રામ મુદ્દામાલ મળી આવેલ હોય તેવો ઉલ્લેખ છે. એ બાબત સ્વીકારેલ છે કે, વેગડ નદીના પુલ ઉપર કોઈ સીલીંગ તથા સેમ્પલીંગની કોઈ કાર્યવાહી કરવામાં આવેલી નહી. એ બાબત સ્વીકારેલ છે કે, વેગડ નદીના પુલ ઉપર સીલીંગ તથા સેમ્પલીં ગની કાર્યવાહી બાદ પંચોની સહી કરવામાં આવેલી હોય તેવુ બનેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, વેગડ નદીના પુલ ઉપર સીઝર મેમો તથા ઠરાવોમા કોઈ આરોપીઓની કે પંચોની સહીઓ લેવામા આવેલી નહી. એ વાતની તેઓને ખબર નથી કે કહેવાતો માદક પદાર્થ સનેસ પો.સ્ટે. જતા પહેલા વેગડ નદી પર કોના કબજામાં હતો. એ વાતની તેમને ખબર નથી કે વેગડ નદીથી સનેસ પો.સ્ટે. સુધી કયા વ્યકિત મારફતે મુદ્દામાલ લાવવામાં આવેલો. વેગડ નદીના પુલથી સનેસ

પો.સ્ટે. માં પંચનામુ પુરુ થયુ ત્યારે આશરે સાડા ચાર કલાક જેવો સમય લાગેલો. એ વાતની તેઓને ખબર નથી કે સનેસ પો.સ્ટે. માં અમે, પંચો તથા રેડીંગ પાર્ટીના માણસો ગયેલા તે બાબતે સ્ટેશન ડાયરીમાં કોઈ નોંધ કરેલી નહી. સનેસ પો.સ્ટે. ના કોઈપણ કર્મચારીનું તેમની રુબરુમાં નિવેદન નોંધવામાં આવેલુ નહી. એ વાતની તેઓને ખબર નથી કે એફ.એસ.એલ. અધીકારીએ વેગડ નદીના પુલ પર કોઈ અહેવાલ તૈયાર કરી આપેલ ન હતો. એ વાતની તેઓને ખબર નથી કે એફ.એસ.એલ. અધીકારીએ સનેસ પો.સ્ટે. અહેવાલ તૈયાર કરેલો. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, કયાં તૈયાર કરેલ તેની ખબર નથી પરંતુ અહેવાલ આપેલો. સનેસ પો.સ્ટે. સ્થળ પરીક્ષણ અહેવાલ કેટલા વાગે આપેલો તેની તોઓને ખબર નથી. સ્થળ પરીક્ષણ અહેવાલની યાદી તેમની રુબરુમાં કરવામાં આવેલી. આ યાદી કેટલા વાગે આપવામાં આવેલી તેની તેઓને ખબર નથી. સ્થળ પરીક્ષણ અહેવાલ કરવા માટે એફ.એસ.એલ. અધીકારી કેટલા વાગે આવેલા તેની તેઓને માહિતી નથી. પંચો કેટલા વાગે આવેલા તેની તેઓને માહિતી નથી. એ બાબત સ્વીકારેલ છે કે, પંચનામુ કેટલા વાગે શરુ કરેલ અને કેટલા વાગે પુરુ કરેલુ તેની તેઓને ખબર છે. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓને ચોકકસ સમય યાદ નથી કે, સીઝર મેમો તથા ઠરાવો કેટલા વાગે કરવામાં આવેલા. વજન કાંટાવાળાને બોલાવવા જયવીરસિંહ ચુડાસમા ગયેલા. તેઓ દસ વાગ્યા પછી ગયેલા, ચોકકસ સમય યાદ નથી. જયવીરસિંહને કોઈ યાદી કરી આપી હોય તે તેઓને યાદ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, સનેસથી ભાવનગર આવતા ઘણી બધી દુકાનોમાં વજનકાંટા હોય છે. એ બાબત સ્વીકારેલ છે કે, વજનકાંટાવાળા ભાઈ ભાવનગરના હતા. એ વાતની તેઓને ખબર નથી કે તે જયવીરસિંહના ઓળખીતા હતા. એ વાતની તેઓને ખબર નથી કે વજનકાંટો તેમની રુબરુમાં ચાલુ છે કે બંધ છે તે અંગેની પ્રક્રિયા કરેલી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, વજનકાંટો ચાલુ હતો. એ વાતની તેઓને ખબર નથી કે બલેનો કાર કોની માલિકીની હતી તે અંગે કોઈ તપાસ તેમની રુબરુમાં કરવામાં આવેલી હોય. એ વાતની તેઓને ખબર નથી કે બલેનો આરોપી નં.૧ થી ૪ પૈકી કોઈની માલિકીની ન હતી. એ વાતની તેઓને ખબર નથી કે બલેનો ગાડીના માલિકને વેગડ નદીના પુલ તથા સનેસ પોલીસ ચોકીએ બોલાવેલા કે કેમ? એ બાબત સ્વીકારેલ છે કે, સામાન્ય રીતે કોઈપણ વ્યકિત જે સ્થળ પર ફરીયાદ આપે તે સ્થળ ફરીયાદમાં લખવુ જોઈએ. ફરીયાદ સનેસ પો.સ્ટે. મા આપવામાં આવેલી. ફરીયાદ આશરે ૧૪–૩૦ કલાકથી ૧૫–૦૦ કલાક વચ્ચે આપેલ હશે. એ બાબત સ્વીકારેલ છે કે, પંચનામુ કર્યા બાદ આરોપીને અટક કરવાનો હોય છે. એ વાતની તેઓને ખબર નથી કે આરોપીને અટક કર્યા બાદ

વાળા સાહેબે આરોપીના સંબંધીઓને કરેલી કે કેમ? એ બાબત સ્વીકારેલ છે કે, તેમનું નિવેદન રેડીંગના બનાવ પછી દસ દિવસ બાદ લેવામાં આવેલી છે. હાલ તેઓને એ યાદ નથી કે આ દસ દિવસ દરમિયાન તેઓ રજા ઉપર ગયેલ નહી. એ બાબત સ્વીકારેલ છે કે, આ દસ દિવસ દરમિયાન તેઓએ વાળા સાહેબને કહેલ નહી કે તેમનું નિવેદન નોંધો. આ દસ દિવસ મોડુ નિવેદન કયા કારણે નોંધાયેલ તેનુ કારણ તેઓને ખબર નથી. એ વાતની તેઓને ખબર નથી કે રેડીંગ પાર્ટીમાં જેટલા લોકો હતા તે તમામના નિવેદન એક જ દિવસે નોંધવામાં આવેલા. એ બાબત સ્વીકારેલ છે કે, તેમના નિવેદનમાં આરોપીઓની અંગજડતીમાંથી જે દસ્તાવેજો મળી આવેલા તેના કોઈ નંબર લખાવેલા નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેમના નિવેદનમાં, કયા વ્યકિત ધ્વારા કયાંથી મુદ્દામાલ લઈને આવેલા તેવુ કોણે પુછેલ તેવી કોઈ વ્યકિતનુ નામ જણાવેલ નથી. એ વાતની તેઓને ખબર નથી કે તેમની રુબરુમાં વેગડ નદીના પુલ પર કોઈ વિડીયોગ્રાફી કરવામાં આવેલ નથી. એ વાતની તેઓને ખબર નથી કે તેમની રુબરુમાં વેગડ નદીના પુલ પર પકડાયેલ વાહન સંબંધે કોઈ ફોટોગ્રાફી કરવામાં આવેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, મહીપાલસિંહે વિડીયોગ્રાફી કે ફોટોગ્રાફી કરેલ હોય તે અંગે મને કોઈ અંગત માહિતી નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેમના પોલીસ સમક્ષના નિવેનદમાં બલેનો કારના ડેશબોર્ડમાંથી કયા આરોપીએ મુદ્દામાલ કાઢી બતાવેલ તેવુ જણાવેલ નથી.

જયારે બચાવપક્ષ નં.૪ થી નં.૭ તરફે સાહેદની લેવામાં આવેલ તમામ ઉલટતપાસમાં એડોપ્ટ કરેલી છે તેમજ વધુમાં બચાવપક્ષ નં.૪ તરફે સાહેદની એવી ઉલટતપાસ કરેલ છે કે, એ બાબત સ્વીકારેલ છે કે, આ કામે ફરીયાદી તથા તપાસ કરનાર બંને તેમના ઉપરી અધીકારી હતા.એ બાબત સ્વીકારેલ છે કે, સામાન્ય રીતે કોઈપણ ફરીયાદ દાખલ થયા બાદ તેનો ગુના રજીસ્ટર નંબર પડે. એરેસ્ટ મેમો તેમની હાજરીમાં તૈયાર કરવામાં આવેલ નથી. તેમનું નિવેદન તપાસ કરનાર અધીકારીએ અડધી કલાક–એક કલાક જેવુ ચાલેલુ. એ બાબત સ્વીકારેલ છે કે, રેડીંગ પાર્ટીના તમામ કર્મચારી એસ.ઓ.જી. કચેરીમાં ફરજ બજાવતા હતા.

**<u>રેડમાં સાથે રહેનાર પોલીસ સાહેદનો પુરાવો :–</u>**

(૨૦) વધુમાં, આ કામે **<u>ફરિયાદપક્ષ તર્ફે આંક–૬૯ થી સાહેદ વિજયસિંહ ભુપતસિંહ ગોહિલ (હેડ કોન્સટેબલ, એસ.ઓ.જી.શાખા, ભાવનગર)ને સોગંદ ઉપર</u>** તપાસવામાં આવેલ છે. તેઓએ તેની સરતપાસમાં જણાવેલ છે કે,'' ગઈ તા.૧૦/૩/૨૦૨૪ ના રોજ પી.આઈ. શ્રી એ.આર.વાળા સાહેબનાઓને બાતમી રાહે હકીકત મળેલ કે, તૌફીકભાઈ અહેમદભાઈ મન્સુરી,

એઝાઝભાઈ મન્સુરી, હુસેનભાઈ અખ્તરભાઈ કલીવાલા, અલ્ફાઝભાઈ સીદીકભાઈ ઘોરી, રહે. તમામ ભાવનગર વાળાઓ તૌફીકભાઈ અહેમદભાઈની બલેનો કાર નંબર જી.જે.–૪–ઈ.જે.–૨૪૬૨ માં મુંબઈથી ભાવનગર આવનાર છે અને તેઓની કારમાં માદક પદાર્થ ડ્રગ્સ રાખેલ છે અને તેઓ મુંબઈથી નીકળી ભાવનગર–અમદાવાદ હાઈવે ઉપર આવનાર છે. જે અં ગે બાતમી મળેલ હોય જેથી પો.ઈન્સ. વાળા સાહેબ નાઓએ જી.એસ.ટી. કચેરીમાંથી સરકારી પં ચો ચિરાગભાઈ મુકેશભાઈ તથા હિતેનભાઈ જાની નાઓને બોલાવી એસ.ઓ.જી. સ્ટાફના પી.એસ.આઈ. શ્રી સી.એચ.મકવાણા સાહેબ તથા અમો તથા એ.એસ.આઈ. મહાવીરસિંહ ગોહિલ, હેડ કોન્સ. યોગેન્દ્રસિંહ ગોહિલ, પો.કોન્સ. રાઘવેન્દ્રસિંહ ગોહિલ તથા મહીપાલસિંહ ગોહિલ તથા ધર્મરાજસિંર નરેન્દ્રસિંહ જાડેજા નાઓને બોલાવી ઉપરોકત હકીકતની સમજ કરી પી.આઈ. સાહેબે ખાનગી વાહન જી.જે.–૪–ઈ.ઈ.–૬૮૮૮ કીઆ કાર તથા સરકારી વાહન જી.જે.–૪–જી.બી–૦૦૫૮ માં પંચો રુબરુ અરસપરસ તથા બંને વાહનોમાં તથા સરકારી વાહનના ડ્રાઈવર મહેશભાઈ નાઓની જડતી તપાસ કરી આ અંગે પી.આઈ. વાળા સાહેબ નાઓએ પ્રાથમીક પંચનામુ કલાક ૯–૦૦ થી ૯–૩૦ સુધીનુ કરી ખાનગી વાહનમાં પી.એસ.આઈ. શ્રી સી.એચ.મકવાણા સાહેબ તથા યોગેન્દ્રસિંહ તથા રાઘવેન્દ્રસિંહ તથા મહીપાલસિંહ આગળ વોચમાં રહી બાતમીવાળી કાર આવ્યે જાણ કરવા રવાના કરેલ અને બાકીના અમો તથા પી.આઈ. વાળા સાહેબ તથા પંચો તથા ધર્મરાજસિંહ નરેન્દ્રસિંહ એ રીતેનાઓ જરૂરી સાધન–સામગ્રી લ ેપટોપ, પ્રિન્ટર વગેરે મુકી એસ.ઓ.જી. ઓફિસથી સરકારી વાહનમાં રવાના થઈ કુંભારવાડા, દસનાળા પાસે થઈ મેઈન ભાવનગર હાઈવે ઉપર માઢીયા આગળ પુલ પાસે રોંગ સાઈડમાં અમો તથા સ્ટાફના માણસો, પી.આઈ. સાહેબ, પંચો છુટાછવાયા સંતાઈને ઉભા રહેલા. બાદ પી.આઈ. સાહેબે દસેક વાગ્યા આસપાસ અમો સ્ટાફને ઈશારો કરી બાતમીવાળી કાર આવતી હોવાનુ જણાવી અમો સ્ટાફે કાર આવતા તેને રોકેલ. ત્યાર બાદ સદરહુ કાર બાતમીવાળી હોય, પી.આઈ.સાહેબે કારમાં બેઠેલ ઈસમોની પુછપરછ કરતા હકીકત મુજબવાળા એક કાર ચાલક અલ્ફાઝભાઈ તથા કારચાલકની બાજુમાં તૌફિકભાઈ, પાછળની સીટમાં હુસેનભાઈ અને અલ્તાફભાઈ એ રીતેના બેઠેલા હોય, તેઓને પી.આઈ. સાહેબે બાતમી અંગેની સમજ કરી જરૂરી એન.ડી.પી.એસ. અંગેના ઠરાવો કરી, ઠરાવોની સમજ કરી પોતાની પાસે માદક પદાર્થ ડ્રગ્સ હોય તો રજૂ કરવા જણાવતા તૌફીકભાઈ પોતે જે સીટમાં બેઠા હતા તેની આગળના ભાગે ડેશબોર્ડના ખાનામાંથી એક પ્લાસ્ટિકની જીપલોકવાળી કોથળી કાઢી બતાવેલ. આ કોથળીમાં માદક પદાર્થ ડ્રગ્સ હોવાનુ જણાવેલ. ત્યાર બાદ માદક પદાર્થ ડ્રગ્સ કોથળીમાંથી કાઢી

ખાતરી કરતા દેખીતી રીતે માદક પદાર્થ એમ.ડી. ડ્રગ્સ હોવાનુ જણાઈ આવતા પી.આઈ. સાહેબે એફ.એસ.એલ. અધીકારીશ્રીને ટેલીફોનીક જાણ કરી સ્થળ ઉપર પરીક્ષણ કરવા પધારવા જાણ કરેલી તેમજ સાથેના હેડ કોન્સ. જયવીરસિંહ ચુડાસમા નાઓને વજન કરવા સારુ વજનકાંટાવાળાને બોલાવી લાવવા તજવીજ કરેલી. બાદ મજકુર તૌફીકભાઈની અંગજડતી કરતા તેની અંગજડતીમાંથી મોબાઈલ ફોન તથા આધારકાર્ડ તથા રોકડ રૂપિયા ૭૭૦ મળી આવેલા. અન્ય આરોપીઓની અંગજડતી કરતા બે મોબાઈલ તથા ત્રણ આધારકાર્ડ તથા કારમાંથી આર.સી. બુકની નકલ તથા પ્લાસ્ટિકની જીપલોકવાળી ખાલી ૩૦૬ નંગ બેગ મળી આવેલી. જે તમામ પી.આઈ.સાહેબે પંચનામાની વિગતે કબજે કરેલ. બાદ કલાક ૧૧ વાગે સાથેના હેડ કોન્સ. જયવીરસિંહ નાઓ વજનકાંટાવાળા શશીભાઈ ધંધુકીયા, રહે. ભાવનગર વાળાને ડીઝીટલ વજનકાંટા સાથે લઈ આવેલ. પી.આઈ. સાહેબે આ બાબતે તેઓને લેખિતમાં રીપોર્ટ આપેલો. બાદ કલાક ૧૧–૦૫ વાગે એફ.એસ.એલ.અધીકારી ઈટાળીયા સાહેબ નાઓ પધારતા તેઓને પી.આઈ. સાહેબે લેખિતમાં રિપોર્ટ આપવા તજવીજ કરેલી અને મળી આવેલ ડ્રગ્સનુ પરીક્ષણ કરવા જણાવતા એફ.એસ.એલ. અધીકારીશ્રીએ તેઓ પાસે રહેલ કીટમાંથી પરીક્ષણ કરી મળી આવેલ માદક પદાર્થ મેફેડ્રોન (એમ.ડી.ડ્રગ્સ) હોવાનુ જણાવેલ. બાદ સદરહુ જગ્યાએ જાહેર રોડ હોય, આગળની કાર્યવાહી ત્યાં થઈ શકે તેમ ન હોય તેથી આરોપીઓ તથા પંચો તથા સ્ટાફ સાથે નજીકના સનેસ પો.સ્ટે. ખાતે ગયેલ. જ્યાં આગળ એફ.એસ.એલ. અધીકારી સાહેબ તથા પંચોની હાજરીમાં વજનકાંટાવાળા ભાઈ શશીભાઈએ પોતાના વજનકાંટા ધ્વારા માદક પદાર્થ ડ્રગ્સનુ વજન કરતા કોથળી સાથે વજન ૯૩.૨ ગ્રામ થયેલુ. બાદ ખાલી કોથળીનુ વજન કરતા ૧.૪ ગ્રામ વજન થયેલુ. આમ, સદરહુ માદક પદાર્થનુ ચોખ્ખુ વજન ૯૧ .૮ ગ્રામ થયેલુ. પી.આઈ. સાહેબે આ અંગે સાથેના હેડ કોન્સ. યોગેન્દ્રસિંહ તથા અન્ય સ્ટાફ સાથે સીઝરની કાર્યવાહી કરી પંચનામાની વિગતે માદક પદાર્થ ડ્રગ્સ તથા અન્ય ઉપર જણાવેલ મુદ્દામાલ કબજે કરેલો અને મજકુર ચારેય ઈસમોએ પોતાની કારમાં માદક પદાર્થ ડ્રગ્સ ગેરકાયદેસર રીતે રાખેલ અને મળી આવેલ હોય, જેથી પી.આઈ. સાહેબે તેઓ વિરુધ્ધ ધોરણસરની કાર્યવાહી કરેલી અને પંચનામુ પુરુ થયે ધોરણસર અટક કરેલી અને સાથેના પી.એસ.આઈ. શ્રી સી.એચ.મકવાણા નાઓએ પી.આઈ. સાહેબ રુબરુ એન.ડી.પી.એસ. એકટ હેઠળ ધોરણસરની ફરીયાદ આપી કાયદેસરની કાર્યવાહી કરેલી. આરોપીઓને હુ ઓળખી શકુ. આજરોજ કોર્ટ રુમમાં પીળુ ટીશર્ટ પહેરી બેઠેલ આરોપીને સાહેદે તૌફીકભાઈ તરીકે ઓળખી બતાવતા આરોપીને કોર્ટ રુબરુ ઉભા કરી તેનુ નામ પુછતા તેઓએ પોતાનુ નામ તૌફીકભાઈ હોવાનુ જણાવેલ

છે. કોર્ટ રુમમાં ચેકસવાળુ બ્લેક ટીશર્ટ પહેરી બેઠેલ આરોપીને સાહેદે હુસેનભાઈ તરીકે ઓળખી બતાવતા આરોપીને કોર્ટ રુબરુ ઉભા કરી તેનુ નામ પુછતા તેઓએ પોતાનુ નામ હુસેનભાઈ હોવાનુ જણાવેલ છે. કોર્ટ રુમમાં આરોપી તૌફીકભાઈની બાજુમાં બ્લેક ટીશર્ટ પહેરી બેઠેલ આરોપીને સાહેદે અલ્ફાઝભાઈ તરીકે ઓળખી બતાવતા આરોપીને કોર્ટ રુબરુ ઉભા કરી તેનુ નામ પુછતા તેઓએ પોતાનુ નામ એઝાઝભાઈ હનીફભાઈ મન્સુરી હોવાનુ જણાવેલ છે. કોર્ટ રુમમાં આરોપી ચેકસવાળો શર્ટ પહેરી બેઠેલ આરોપીને સાહેદે અલ્ફાઝભાઈ તરીકે ઓળખી બતાવતા આરોપીને કોર્ટ રુબરુ ઉભા કરી તેનુ નામ પુછતા તેઓએ પોતાનુ નામ અલ્ફાઝભાઈ હોવાનુ જણાવેલ છે. મને મુ.મા. આર્ટીકલ નંબર–૧ જે સેમસંગ કંપનીનો એફ૧૩ નંબરનો મોબાઈલ છે તે બતાવવામા આવે છે, જે રેઈડ દરમીયાન આરોપી તૌફીકભાઈ અહેમદભાઈ મન્સુરીના કબજામાથી કબજે કરેલ તે જ છે. મને મુ.મા. આર્ટીકલ નંબર–૫ વીવો વીરપ પ્રો કંપનીનો મોબાઈલ બતાવવામા આવે છે, જે રેઈડ દરમીયાન આરોપી એઝાઝ હનીફભાઈના કબજામાથી કબજે કરેલ તે જ છે. મને મુ.મા. આર્ટીકલ નંબર–૭ વીવો કંપની વીવાય૭૩ વાળો મોબાઈલ બતાવવામા આવે છે, જે રેઈડ દરમીયાન આરોપી અલ્ફાઝભાઈ સાદીકભાઈ ગોરીના કબજામાથી કબજે કરેલ તે જ છે. મને મુ.મા. આર્ટીકલ નંબર–૧૨ બતાવવામા આવે છે જે રેઈડ દરમીયાન કારના ડેસ્કમાથી મળેલી ઝીપવાળી પ્લાસ્ટીકની નાની કોથળીઓ છે તે રેઈડ દરમીયાન કબજે કરેલ તે જ છે. મને મુ.મા. આર્ટીકલ નંબર–૧૧ ડીજીટલ કાંટો બતાવવામા આવે છે, જે જોઈને કહુ છુ કે તે રેઈડ દરમીયાન કારના ડેસ્ક બોર્ડમાથી મળી આવેલ ડીજીટલ કાંટો હતો તે જ છે. મને મુ.મા. આર્ટીકલ નંબર–૨, ૬, ૮, ૯ વાળા આધારકાર્ડો બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે તે આરોપીઓ પાસેથી રેઈડ દરમીયાન કબજે કરેલા તે જ છે.''

જયારે બચાવપક્ષ નં. ૧ થી નં.૩ તરફે સાહેદની ઉલટતપાસ મુખ્યત્વે બાબત ધ્યાને લઈએ તો, તેઓ રેઈડના દિવસે સવારે કેટલા વાગે ઓફિસે પહોંચેલ તે ચોકકસ સમય યાદ નથી. તેઓ પી.આઈ. વાળા સાહેબનો રાઈટર નથી. બનાવ સમયે વાળા સાહેબના રાઈટર તરીકે મહાવીરસિંહ હતા. તેઓ વાળા સાહેબને આશરે નવ વાગ્યાની આસપાસ મળેલો. તેઓ વાળા સાહેબને મળેલ તે સમયે આશરે એકાદ બે કલાક પહેલા તેઓ તેમની કચેરીએ આવેલો. તેઓ ચોકકસ કહી શકુ નહી કે રેડીંગ પાર્ટીના કેટલા કર્મચારી તેઓ પહોંચેલ તે સમયે આવેલા. એસ.ઓ.જી.કચેરીમાં તેઓ સામાન્ય રીતે નવ–સાડા નવ વાગે આવુ છુ. તેઓ વાળા સાહેબને મળ્યો તે પહેલા એસ.ઓ.જી. કચેરીમાં ઓફિસ કામ કરતો હતો. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓ

વાળા સાહેબને નવ વાગ્યા પહેલા મળેલો નથી. એ બાબત સ્વીકારેલ છે કે, નવ વાગ્યા બાદ તેઓ એકલો વાળા સાહેબને મળેલો હોય અને બાતમીની કોઈ વાત થયેલી હોય તેવુ બનેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, બાતમી અંગેની કોઈ વાત નવ વાગ્યા પહેલા તેઓને વાળા સાહેબે કરેલી નહી. એ વાતની તેઓને ખબર નથી કે તમામ સ્ટાફને એસ.ઓ.જી. કચેરીએ કોણે બોલાવેલા. તેઓને તથા સ્ટાફને બાતમીની જાણ વાળા સાહેબે નવ વાગે કરેલી. બાતમીની જાણમાં વાળા સાહેબે સ્ટાફને તથા પંચોને બોલાવેલ હતા, પંચો હાજર હતા અને બાતમીની તથા રેઈડની માહિતી વાળા સાહેબે આપેલી. તેઓ પ્રથમ બંને પંચોને કયારે જોયેલા તે તેઓને યાદ નથી. પંચો બોલાવવા માટેની યાદી કેટલા વાગે કરવામાં આવેલી તે તેઓને યાદ નથી. ઉપરી અધીકારીને જાણ કરવાનો પત્ર કેટલા વાગે તૈયાર કરેલો તે તેઓને યાદ નથી. પંચોને બોલાવવા માટેની યાદી વાળા સાહેદ દસ તારીખે કરેલી. યાદી લઈને કોણ ગયેલુ તેની તેઓને ખબર નથી. પંચોને હાજર રખાવવાની યાદી કોને આપેલી તેની તેઓને ખબર નથી. એ બાબત સ્વીકારેલ છે કે, રેઈડ કરવા માટેની યાદીનો પત્ર કેટલા વાગે કરવામાં આવેલો તેની તેઓને જાણ નથી. રેઈડના આયોજન અંગે પત્ર કોણ લઈને ગયેલુ, કેટલા વાગે લઈને ગયેલુ અને કેટલા વાગે પરત આવેલ તેની તેઓને ખબર નથી. તેઓને હાલ ચોકકસ યાદ નથી કે રેઈડના આયોજનનો પત્ર લખાયા બાદ તે ઉપરી અધીકારીને આપ્યા પછી તે વચ્ચે કેટલો સમય ગયેલો તેની તેઓને ખબર નથી. એ બાબત સ્વીકારેલ છે કે, રેઈડ આયોજનનો પત્ર કોણે અને કેટલા વાગે તૈયાર કરેલો તેની તેઓને ખબર નથી. તેઓએ ચોકકસ કહી શકુ નહી કે રેઈડનુ આયોજન કરવામાં આવેલ તે પહેલા પ્રાથમીક પંચનામુ કરવામાં આવેલુ. પં ચો નવ વાગ્યા પહેલા આવેલ હતા. એ બાબત સ્વીકારેલ છે કે, પંચો સાથે મારે રુબરુ કોઈ વાત–ચિત થયેલ નથી. મકવાણા સાહેબ તથા તેમની સાથેના વ્યકિત પ્રાથમીક પંચનામુ થયેલ તે પહેલા બે પાંચ મીનીટ પહેલા ગયેલ હશે. એ બાબત સ્વીકારેલ છે કે, એસ.ઓ.જી. કચેરીમાં હાજરી રજીસ્ટર રાખવામાં આવે છે. એ બાબત સ્વીકારેલ છે કે, તેમની કચેરીમાં ખાનગી બાતમી રજીસ્ટર પણ રાખવામાં આવે છે. એ બાબત સ્વીકારેલ છે કે, ખાનગી બાતમી રજીસ્ટરમાં તેની નોંધ કરવામાં આવે છે. જે કર્મચારી કચેરીમાં આવે તેનુ નામ નોંધવામાં આવે છે કે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સમય લખવામાં આવતો નથી. બાતમી રજીસ્ટરમાં કોણે તથા કેટલા વાગે નોંધ કરેલી તેની તેઓને માહીતી નથી. એસ.ઓ.જી.કચેરીમાંથી પ્રાથમીક પંચનામુ કર્યા બાદ ૯–૩૦ કલાકે નીકળેલ હતા. એ બાબત સ્વીકારેલ છે કે,એસ.ઓ.જી. કચેરી ભાવનગર શહેરમાં મધ્યમાં આવેલ છે. તેઓ ચોક્કસ કહી શકુ નહી કે એસ.ઓ.જી. કચેરી થી સનેસ ચોકડી આશરે ૨૫ કી.મી. દુર થાય. તેઓ બનાવ પહેલા એસ.ઓ.જી. કચેરી થી સનેસ ચોકડી સુધી મારુ

વાહન લઈને કદી ગયેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓ એસ.ઓ.જી.કચેરી થી વાળા સાહેબ સાથે તેમની ગાડીમાં હતો. ઓફીસ થી બનાવ વાળી જગ્યા પહોંચતા ૧૫ થી ૨૦ મીનીટ લાગેલી. તેઓ ચોકકસ કહી શકુ નહી કે મારે કેટલો સમય ત્યાં રોકાવુ પડેલ હતુ. બાતમી વાળી જગ્યા એ તેઓ તથા વાળા સાહેબ આશરે કેટલી મીનીટ વોચમાં ઉભા હશુ તે કહી શકુ નહી.એ બાબત સ્વીકારેલ છે કે, તેઓ વોચમાં હતા તે દરમ્યાન મકવાણા સાહેબ કે કોઇ રેડિંગ પાર્ટીના માણસો નો મારા પર ફોન આવેલો નહી. એ બાબત સ્વીકારેલ છે કે,વાળા સાહેબે મકવાણા સાહેબનો કેટલા વાગે ફોન આવેલો તેની અંગત તેઓને કોઇ જાત માહીતી નથી. એ બાબત સ્વીકારેલ છે કે, સનેસ ચોકડી થી લાકડીયા પુલ વાળા રસ્તે આવવામા શોર્ટકટ પડેલ છે. એ બાબત સ્વીકારેલ છે કે, સનેસથી લાકડીયા પુલનો રસ્તો તથા સનેસથી નારી ચોકડીનો રસ્તો પાકો રોડ છે. એ બાબત સ્વીકારેલ છે કે, આ બંને રસ્તાઓ માણસોની અને વાહનોની અવરજવર વાળા છે. એ જરુરી નથી કે અમદાવાદ થી આવતા સામાન્ય રીતે વ્યકિતને લાકડીયા પુલ વાળો રસ્તાનો ઉપયોગ કરતા હોય છે. તેઓને હાલ એ ચોકકસ યાદ નથી કે વેગડ નદીનો પુલ દશ નાળા થી કેટલો દુર થાય. તેઓને એ વાત ખબર નથી કે વેગડ નદિ ના પુલથી દશ નાળા જતા કેટલો સમય લાગે. તેઓ ગાડી રોકેલ ત્યારબાદ મકવાણા સાહેબ આશરે પાંચ–દશ મીનીટ બાદ આવેલા. તેઓ તે બાબતે કંઇ કહિ શકુ નહી કે મકવાણા સાહેબ પણ ગાડી ને રોકી શકે અને તેની તલાશી લઇ શકે તેમ હતા. તેઓ મકવાણા સાહેબને વેગડ નદીના પુલ પર દશ મીનીટ બાદ મળેલો. તેઓને હાલ એ યાદ નથી કે મકવાણા સાહેબ તથા રેડીંગ પાર્ટીના માણસોએ કોઇ ગાડી ઉભી રાખવા પ્રયાસ કર્યાની કોઇ વાત કરેલ કે કેમ. તેઓને એ હાલ યાદ નથી કે મકવાણા સાહેબ આવતા પહેલા ગાડી ઉભી રાખેલ તે સમયે કોઇ વીડીયોગ્રાફી કે ફોટોગ્રાફી કરવામાં આવેલ નહી. એ બાબત સ્વીકારેલ છે કે, ગાડી આવેલ તે સમયે છુટા છવાયા તથા છુપાયેલ હતા અને રોંગ સમયમાં તેઓ હતા. એ હું કહી શકુ નહી કે ઘણી બધી ગાડીઓ બીનવારસી મળી આવતી હોય છે. તેમની ૨૦ વર્ષની નોકરી થયેલ છે. એ બાબત સ્વીકારેલ છે કે,પોલીસ સ્ટેશનમાં બીનવારસી મુદામાલ વાહનોના ઘણા કેસો થયેલ છે. એ બાબત સ્વીકારેલ છે કે, તેમના પોલિસ રુબરુના નિવેદનમાં ગાડીમાથી ચોકકસ કયા આરોપીએ મુદામાલ ડ્રગ્સ કાઢી આપેલ તે ચોકકસ નામ જણાવેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે,બનાવ સ્થળે મુદામાલનો કોઇ સેમ્પલીંગ કે સીલિંગ કરેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, સનેસ ચોકડી થી નારી ચોકડી સુધી ઘણા પેટ્રોલપંપ તથા હોટલો આવેલ છે. એ બાબત સ્વીકારેલ છે કે,પેટ્રોલ પંપ તથા હોટલમાં લાઇટ તથા પાણી ની સુવિધા મળી રહે. એ બાબત સ્વીકારેલ છે કે,જે કઇ કાર્યવાહી કરવામા આવેલ તે સનેસ પોલિસ સ્ટેશનમાં કરવામાં આવેલ. ચારેય આરોપીઓની અંગઝડતી પી.આઇ. વાળા સાહેબે કરેલી. એ બાબત સ્વીકારેલ છે કે, આરોપીઓની અંગઝડતીમાંથી કોઇ વાંધા જનક પદાર્થ મળી આવેલ નહી. બનાવ સ્થળે તેમની હાજરીમાં એન.ડી.પી.એસ. એકટની કલમ –૪૨ તથા ૫૦ અન્વયેના ઠરાવ કરવામાં આવેલ અને તેની સમજ કરેલી. એ બાબત સ્વીકારેલ છે કે, એન.ડી.પી.એસ કલમ–૫૦ અનવ્યે રેડિંગ અધીકારી

આરોપીને અંગ જડતી કોઇ પણ ગેઝેટેડ અધીકારી સમક્ષ અથવા મેજીસ્ટ્રેટ રુબરુ અંગઝડતી કરાવવા ઇચ્છી શકે છે તે જોગવાઇ છે. તેઓને આંક–૪૫ બતાવવામાં આવે છે જે કલમ ૫૦ મુજબનો ઠરાવ છે તે જોઇને જણાવુ છું કે તેમાં રેડિંગ અધીકારી આરોપીને અંગ જડતી કોઇ પણ ગેઝેટેડ અધીકારી સમક્ષ અથવા મેજીસ્ટ્રેટ રુબરુ અંગઝડતી કરાવવા ઇચ્છે છે તેવો સવાલ આરોપીને પુછવામાં આવેલ નથી કે તેની કોઇ નોંધ આ ઠરાવમાં કરવામા આવેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેમના પોલિસ રુબરુ ના નિવેદનમાં આરોપીના અંગઝડતીમાં કબજે લેવામા આવેલ મોબાઇલ, સિમકાર્ડનો નંબર, આધાર કાર્ડનો નંબર તથા ઇલેકશન કાર્ડ નો નંબર મારા નિવેદનમાં લખવામાં આવેલ નથી. મુ.મા. આર્ટીકલ નંબર–૧ જે સેમસંગ કંપનીનો એફ૧૩ નંબરનો મોબાઈલ છે તે બતાવવામા આવે છે, જે રેઈડ દરમીયાન આરોપી તૌફીકભાઈ અહેમદભાઈ મન્સુરીના કબજામાથી કબજે કરેલ તે જ છે. તેઓને મુ.મા. આર્ટીકલ નંબર–૫ વીવો વીર૫ પ્રો કંપનીનો મોબાઈલ બતાવવામા આવે છે, જે રેઈડ દરમીયાન આરોપી એઝાઝ હનીફભાઈના કબજામાથી કબજે કરેલ તે જ છે. મને મુ.મા. આર્ટીકલ નંબર–૭ વીવો કંપની વીવાય૭૩ વાળો મોબાઈલ બતાવવામા આવે છે, જે રેઈડ દરમીયાન આરોપી અલ્ફાઝભાઈ સાદીકભાઈ ગોરીના કબજામાથી કબજે કરેલ તે જ છે. તેઓને મુ.મા. આર્ટીકલ નં બર–૧૨ બતાવવામા આવે છે જે રેઈડ દરમીયાન કારના ડેસ્કમાથી મળેલી ઝીપવાળી પ્લાસ્ટીકની નાની કોથળીઓ છે તે રેઈડ દરમીયાન કબજે કરેલ તે જ છે. તેઓને મુ.મા. આર્ટીકલ નંબર–૧૧ ડીજીટલ કાંટો બતાવવામા આવે છે, જે જોઈને કહુ છુ કે તે રેઈડ દરમીયાન કારના ડેસ્ક બોર્ડમાથી મળી આવેલ ડીજીટલ કાંટો હતો તે જ છે. તેઓને મુ.મા. આર્ટીકલ નંબર–૨, ૬, ૮, ૯ વાળા આધારકા ર્ડો બતાવવામા આવે છે જે જોઇને કહુ છુ કે તેના પર કોઇ સિલિંગ કરવામાં આવેલ નથી.

જયારે બચાવપક્ષ નં.૪ થી નં.૭ તરફે સાહેદની લેવામાં આવેલ તમામ ઉલટતપાસમાં એડોપ્ટ કરેલી છે તેમજ વધુમાં બચાવપક્ષ નં.૪ તરફે સાહેદની એવી ઉલટતપાસ કરેલ છે કે, એ બાબત સ્વીકારેલ છે કે, આ કામના ફરીયાદી તથા તપાસ કરનાર બંને તેમના ઉપરી અધીકારી હતા. એ બાબત સ્વીકારેલ છે કે, સામાન્ય રીતે કોઈપણ ફરીયાદ દાખલ થયા બાદ તેનો ગુના રજીસ્ટર નંબર પડે. એરેસ્ટ મેમો તેમની હાજરીમાં તૈયાર કરવામાં આવેલ નથી. તેમનું નિવેદન તપાસ કરનાર અધીકારીએ અડધી કલાક–એક કલાક જેવુ ચાલેલુ. એ બાબત સ્વીકારેલ છે કે, રેડીંગ પાર્ટીના તમામ કર્મચારી એસ.ઓ.જી. કચેરીમાં ફરજ બજાવતા હતા.

**માદક પદાર્થ એમ.ડી.ડ્રગ્સનું પરિક્ષણ કરનાર અધિકારીનો પુરાવો :–**

(૨૧) વધુમાં, આ કામે **ફરિયાદપક્ષ તર્ફે આંક–૭૦ થી સાહેદ અશ્વિનકુમાર હરીભાઈ ઈટાળીયા (એફ.એસ.એલ.અધિકારી, ભાવનગર) ને સોગંદ ઉપર** તપાસવામાં આવેલ છે. તેઓએ તેની સરતપાસમાં જણાવેલ છે કે,''ગઈ તા.૧૦/૩/૨૦૨૪ ના રોજ કલાક ૧૦–૨૫ વાગે રેડીંગ ઓફિસરશ્રી કે.આર.વાળા, પી.આઈ., એસ.ઓ.જી., ભાવનગર દ્વારા ટેલીફોનીક જાણ કરેલી. સનેસ–નારી રોડ, અમદાવાદ–ભાવનગર હાઈવે પર એક શંકાસ્પદ માદક પદાર્થનુ પરીક્ષણ કરવા સમજ કરેલી. જે અંગે તા.૧૦/૩/૨૦૨૪ ના કલાક ૧૧–૦૫ વાગે બનાવ સંબંધી સ્થળે પહોંચી રેડીંગ ઓફિસરશ્રીએ એક સફેદ જેવા રંગની બલેનો કાર જેના આર.ટી.ઓ. રજી. નંબર જી.જે.–૦૪–ઈ.જે.–૨૪૬૨ રોડની ડાબી બાજુ નારી તરફના મોરે ઉભેલી બતાવેલી. જેમાં ડ્રાઈવર સીટની બાજુમાંથી ડેશબોર્ડ (ખાનુ) માંથી એક લાલ બોર્ડરવાળી ટ્રાન્સપરેન્ટ પ્લાસ્ટિકની ઝીપબેગવાળી બેગમાં એક ઓફવાઈટ જેવા રંગનો સ્ફટીકવાળો પદાર્થ બતાવતા સદર પદાર્થની નાર્કોટીકસ અંગેની પ્રાથમીક કસોટી કરતા તેની સકારાત્મક હાજરી જણાયેલી. ત્યાર બાદ તેની વધુ મેફેડ્રોન અંગેની પ્રાથમીક કસોટી કરતા તેની પણ સકારાત્મક હાજરી જણાયેલી. જેથી સદર પદાર્થનુ વજન કરતા આશરે ૯૩.૨૦૦ ગ્રામ પોલીથીન બેગ સાથેનુ થયેલુ. જેમાં પદાર્થનુ વજન આશરે ૯૧.૮૦૦ ગ્રામ જણાયેલુ. જેમાંથી જરૂરી નમુનો નામદાર મેજી. શ્રી સમક્ષ લઈ જઈ તેમાંથી મેળવી વધુ પરીક્ષણ અર્થે ડી.એફ.એસ., ગાંધીનગર નાર્કોટીકસ વિભાગમાં પરીક્ષણ અર્થે મોકલવા રેડીંગ ઓફિસરશ્રીને સમજ કરેલી. તે સંબંધે રેડીંગ ઓફીસરશ્રીને જરૂરી સુચનો તથા માર્ગદર્શન મારા સ્થળ પરીક્ષણ અહેવાલમાં જણાવેલ છે. મને માર્ક–૧૩/૧૧ વાળો સ્થળ પરીક્ષણ અહેવાલ બતાવવામાં આવે છે જે મારા હસ્તાક્ષરમાં છે અને તેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને રજુ **આંક–૭૧** આપવામાં આવે છે. મને માર્ક–૧૩/૧૦ વાળી યાદી બતાવવામાં આવે છે જેમાં મળ્યા બદલ મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને રજુ **આંક–૭૨** આપવામાં આવે છે. ''

જયારે બચાવપક્ષ નં. ૧ થી નં.૩ તરફે સાહેદની ઉલટતપાસ મુખ્યત્વે બાબત ધ્યાને લઈએ તો, આંક–૭૧ વાળા સ્થળ પરીક્ષણ કરવા માટેની યાદી તેઓને બનાવ સ્થળે પહોંચીને ૧૧–૦૫ કલાકે મળેલી. તેઓને રેડીંગ પાર્ટીના કોઈપણ કર્મચારીએ આરોપીઓને તેઓ પહોચેલ તે પહેલા કેટલા સમયે પહેલા ઉભા રાખેલ તે અંગે જણાવેલ નહી. તેઓ બનાવ સ્થળે આશરે બે–સવા બે કલાક જેવુ રહેલો. એ બાબત ઈન્કારેલ છે કે, તેઓ બનાવ સ્થળે પહોંચેલ ત્યારે કોઈ વ્યકિત ગાડીમાં બેસેલ ન હતો. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, એક વ્યકિત બેસેલ હતો.

એ બાબત સ્વીકારેલ છે કે, જે એક વ્યકિત ગાડીમાં બેસેલ હતો તેનુ નામ, ઉંમર, ધંધો વગેરે તેઓએ પુછેલ નહી. એ બાબત સ્વીકારેલ છે કે, આંક–૭૧ વાળા સ્થળ પરીક્ષણ અહેવાલમાં ગાડીમાં બેસેલ વ્યકિત અંગેની કોઈ હકીકત જણાવેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેમની રુબરુમાં કોઈ વ્યકિતએ ડેશ બોર્ડમાંથી કોઈ વસ્તુ કાઢી આપેલ હોય તેવુ સ્થળ પરીક્ષણ અહેવાલમાં જણાવેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, સ્થળ પરીક્ષણ અહેવાલમાં અમદાવાદ–ભાવનગર હાઈવે, સનેસ–નારી રોડ એવુ લખેલુ છે. આંક–૭૨ વાળી યાદી તેઓને મળેલ તે પહેલા તેઓને ટેલીફોનિક મેસેજ મળેલ ત્યારે તેઓ ભાવનગર હોઈશ. સ્થળ પરીક્ષણ કરવા જઈએ તેની નોંધ તેઓ રજીસ્ટરમાં કરતા હોઈએ છીએ. એ બાબત સ્વીકારેલ છે કે, રજીસ્ટરમાં જે સ્થળે જવાનુ હોય તેનુ સ્થળ, સમય, તારીખ, વાર વગેરે ટુંકી નોંધ કરવાની હોય છે. એ બાબત સ્વીકારેલ છે કે, આ રજીસ્ટરનો ઉતારો તપાસ કરનાર અમલદારે તેમની પાસેથી મેળવેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ સ્થળ ઉપર કોઈ વજન કરેલુ નહી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, તેમની હાજરીમાં વજન કરવામાં આવેલુ. એ બાબત સ્વીકારેલ છે કે, તેમની હાજરીમાં સેમ્પલીંગની કોઈ કાર્યવાહી કરવામાં આવેલી નહી. એ તેઓને યાદ નથી કે આરોપીઓની અંગજડતીમાંથી કોઈ પદાર્થ મળી આવેલ નહી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓ પહોંચ્યો તે પહેલા પોલીસે શું શું કાર્યવાહી કરેલી તેની તેઓને કોઈ અંગત જાત માહિતી નથી. એ બાબત સ્વીકારેલ છે કે, મુદ્દામાલ કઈ વ્યકિત પાસેથી કબજે કરેલો તેવી કોઈ હકીકત સ્થળ પરીક્ષણ અહેવાલમાં દર્શાવાવમાં આવેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, બંધારણની દ્રષ્ટિએ મેફેડ્રોન તથા કેથીનોન બંને અલગ અલગ પદાર્થ છે. એ બાબત સ્વીકારેલ છે કે, સ્થળ પરીક્ષણ અહેવાલ સનેસ પો.સ્ટે. તૈયાર કરવામાં આવેલો. એ બાબત સ્વીકારેલ છે કે, સનેસ પો.સ્ટે. માં તૈયાર કરીને અધીકારીને આપવામાં આવેલો.

જયારે બચાવપક્ષ નં.૪ થી નં.૭ તરફે સાહેદની લેવામાં આવેલ તમામ ઉલટતપાસ એડોપ્ટ કરેલી છે.

**<u>ટોલ પ્લાઝાના સી.સી.ટી.વી.ફુટેજ આપનાર સાહેદનો પુરાવો :–</u>**

(૨૨) વધુમાં, આ કામે **<u>ફરિયાદપક્ષ તર્ફે આંક–૭૩ થી સાહેદ સંજયસિંહ બહાદુરસિંહ ગોહિલને સોગંદ ઉપર</u>** તપાસવામાં આવેલ છે. તેઓએ તેની સરતપાસમાં જણાવેલ છે કે,''હુ ભડભીડ ટોલ પ્લાઝા ખાતે છેલ્લા બે વર્ષથી નોકરી કરુ છુ. હુ ટોલપ્લાઝામાં સર્વર રૂમમાં ફરજ બજાવુ છુ. સી.સી.ટી.વી. ના ફુટેજ મારા અન્ડરમાં આવે. પોલીસે મારી પાસેથી એક

દિવસની સી.સી.ટી.વી. ના ફુટેજ પેનડ્રાઈવમાં માગતા મે પેનડ્રાઈવમાં ફુટેજ આપેલા. આ સી.સી.ટી.વી. ના ફુટેજ ગાડી માટેના માગેલા. આ ગાડી કઈ બાજુથી કઈ બાજુ જતી હતી તે અંગે મને હાલ યાદ નથી. મને પેનડ્રાઈવ બતાવ્યા પછી હુ કહી શકુ કે હુ ઓળખી શકુ કે નહી? મે જે સીલ્વર કરલની પેનડ્રાઈવ પોલીસને આપેલી તને મને બતાવવામાં આવે તો જોયે ઓળખી શકુ. મને મુ.મા. આર્ટીકલ નંબર–૨૦ વાળુ ખાખી કલરનુ એફ.એસ.એલ.ના સીલ સાથેનું સીલબંધ કવર બતાવવામાં આવે છે, જેને ખુલ્લી અદાલતમાં આરોપીઓના વિધ્વાન વ.શ્રીઓ તથા એડીપીપીશ્રીની હાજરીમાં ખોલતાં તેમાંથી નીકળેલ સીલ્વર કલરની પેનડ્રાઈવ જોઈને કહું છું કે તે મે પોલીસને તપાસ દરમીયાન આપેલી તે જ છે. આ પેનડ્રાઈવ મે ખરીદેલી અને તે પેનડ્રાઈવને જે કડીમાં રાખેલ છે તે કડી મારુ નીશાન છે. જે પેનડ્રાઈવને **આંક –૮૮** આપવામાં આવે છે. મને પેનડ્રાઈવના પ્રથમ વીડીયો જેનો નંબર –Ch22_20240310095946 વાળો બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમાં લેન નંબર–૧ માં અમદાવાદથી ભાવનગર આવતી લેન છે, જેમાં તા.૧૦/૦૩/૨૦૨૪ કલાક–૯:૫૯:૪૫માં ગાડી નંબર–જીજે–૦૪–ઈજે–૨૪૬૨ વાળી સફેદ કલરની ગાડીનો વિડીયો ફુટેજ મે પોલીસને પેનડ્રાઈવમાં કાઢીને આપેલ તે જ છે. મને પેનડ્રાઈવના પ્રથમ વીડીયો જેનો નંબર –Ch29_20240308020221 વાળો બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમાં લેન નંબર–૧ ૨માં ભાવનગરથી અમદાવાદ આવતી લેન છે, જેમાં તા.૦૮/૦૩/૨૦૨૪ કલાક–૨:૨:૫૪ માં ગાડી નંબર–જીજે–૦૪–ઈજે–૨૪૬૨ વાળી સફેદ કલરની ગાડીનો વિડીયો ફુટેજ મે પોલીસને પેનડ્રાઈવમાં કાઢીને આપેલ તે જ છે. મે આપેલા સી.સી.ટી.વી.ના ફુટેજ નેશનલ હાઈ–વે–૭૫૧ ના ભડભીડ ટોલનાકા ખાતે આવેલા સી.સી.ટી.વી. કેમેરામાથી મે લીધેલા છે. આ પેનડ્રાઈવના ફુટેજ મે જે ડી.વી.આર.માંથી મેળવેલ તેમાં કોઈ જાતની છેડછાડ કરેલી નથી અને મુળ ડેટા પ્રમાણે જ આપેલ તે બદલનું ભારતિય પુરાવા અધિનીયમની કલમ–૬૫(બી) મુજબનુ પ્રમાણપત્ર આપેલ, જેમાં મારી સહી છે અને સીકકો છે, જે આ કામે માર્ક–૧૩/૩૩થી અસલ રજુ છે તે છે, જેને રજુ **આંક–૮૯** આપવામાં આવે છે. તેમજ તે ટોલનાકામાં સદરહું કારના ફાસ્ટટેગના પૈસા કપાયેલા તે સંબંધે સાકાર ગ્લોબલ લીમીટેડનું સ્ટેટમેન્ટ કુલ પાના–૨ નું સહી–સીકકા વાળુ માર્ક–૧૩/૩૪ થી રજુ કરેલ છે, જેને રજુ **આંક–૯૦** આપવામાં આવે છે. પોલીસે મારી પુછપરછ કરેલી.

જયારે બચાવપક્ષ નં.૧ થી નં.૩ તથા નં.૫ થી નં.૭ તરફે સદરહું સાહેદની લેવામાં

આવેલ ઉલટતપાસ જોઈએ તો, એ બાબત સ્વીકારેલ છે કે, ટોલનાકુ ભાવનગર–અમદાવાદ હાઈ–વે ઉપર આવેલ છે. એ બાબત સ્વીકારેલ છે કે, ત્યાંથી ઘણી બધી ગાડીઓ આવતી જતી હોય છે. એ બાબત સ્વીકારેલ છે કે, કઈ તારીખે સહી કરેલી તેની તેઓને અંગત જાત માહીતી નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ જાતે પ્રમાણપત્ર ટાઈપ કરીને આપેલ હોય તેવુ બનેલ નથી. તેઓને હેઝ વેલ્યુ બાબતે કોઈ માહીતી નથી કે તેઓએ પોલીસને કોઈ હેઝ વેલ્યુ કાઢીને આપેલ છે. સર્વર રુમમાં મારા સીવાય અન્ય બે કર્મચારીઓ ફરજ બજાવે છે. પેનડ્રાઈવ લેતાં પહેલા પોલીસ તેઓને મળવા આવી હોય તેવું બનેલ નથી. એવું પણ બનેલ નથી કે પોલીસ `આવતાં પહેલા ટોલ પ્લાઝાના ઈન્ચાર્જ તરીકે તેઓને ફોન કરેલો હોય. એ બાબત સ્વીકારેલ છે કે, પોલીસ તપાસના કામે સી.સી.ટી.વી. ફુટેજ મેળવવા આવે અને તેઓને આપીએ તો તે અંગેની નોંધ તેમની અંગત ડાયરીમાં કરતા હોઈએ છીએ. પોલીસ તેમની પાસે બે વખત આવેલી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે જેમા એક વખત સી.સી.ટી.વી. ફુટેજ મેળવવાનો લેટર આપવા અને બીજી વખત ફુટેજ લેવા માટે આવેલી. સી.સી.ટી.વી. ફુટેજ લેવા કયા પોલીસ વાળા આવેલા તેમનુ નામ તેઓને ખબર નથી. તેઓએ તે કર્મચારીનુ નામ, સરનામુ પુછેલ નહી. તેઓએ પોલીસ કર્મચારી કયા વિભાગમાં નોકરી કરે છે તેમજ તેમના મોબાઈલ નંબર કે બકલ નંબર લીધેલા નહી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ તે કર્મચારીને કોણે અધિકૃત કરેલ છે તે પણ પુછેલ નહી. એ બાબત સ્વીકારેલ છે કે, આ બે વખત પોલીસ મળેલી તે બાદ પોલીસ તેઓને કયારેય મળવા આવેલી નથી કે તેમનો તેઓને ફોન પણ આવેલો નથી. એ બાબત સ્વીકારેલ છે કે, બે વખત પોલીસ આવેલી તે પછી તેઓને પણ પોલીસને સામેથી મળવા ગયેલો નથી. એ બાબત સ્વીકારેલ છે કે, પોલીસ આ બે વખત તેઓને મળ્યા બાદ તેઓને ફોન કરીને બોલાવેલ હોય તેવુ પણ બનેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓ પોલીસને કઈ લખાવવા ગયેલ હોય તેવું પણ બનેલ નથી. તેઓને સી.સી.ટી.વી. ફુટેજ માટે કાગળ લઈને પોલીસ આવેલી તેમાં તેઓએ રીસીવ કરી અને સહી કરેલી. એ બાબત સ્વીકારેલ છે કે, રીસીવ કોપી સિવાય તેઓએ કયાય સહી કરેલી નથી. એ બાબત સ્વીકારેલ છે કે, રીસીવ કોપીમાં સહી કર્યા બાદ પોલીસે તેઓને પોલીસ સ્ટેશને બોલાવેલ હોય અને તેઓએ સહી કરેલી હોય તેવુ બનેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેમના સહી વાળા કાગળો પોલીસે તેઓને વાંચી સંભળાવેલ હોય તેવું બનેલ નથી. તેઓએ પોલીસને જે પેનડ્રાઈવ આપી તે ભાવનગરથી ખરીદેલી હતી. તેઓએ તે પેનડ્રાઈવ બે વર્ષ પહેલા ખરીદેલી હતી. તેઓએ મેહુલ બુક સ્ટોર, સંસ્કાર મંડળ, બીજા

માળ, ભાવનગરથી ખરીદેલી હતી. એ બાબત સ્વીકારેલ છે કે, પેનડ્રાઈવ ખરીદયાનુ બીલ પોલીસે તેમની પાસે માંગેલી નહી. એ બાબત સ્વીકારેલ છે કે, પોલીસ કોઈ પેનડ્રાઈવ લઈને આવેલી હોય અને તેમા સી.સી.ટી.વી. ફુટેજ આપવાનુ કહેલ હોય તેવુ બનેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ પોલીસને જે પેનડ્રાઈવ આપેલી તે સીલબંધ હાલતમાં આપેલી નહી. એ બાબત સ્વીકારેલ છે કે, ભડભીડ ટોલનાકાના સીલના સીકકા સાથે આ પેનડ્રાઈવ આપવામાં આવેલી નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ ખુલ્લી પેનડ્રાઈવ પોલીસને આપેલી તે બાદ તે પેનડ્રાઈવનો પોલીસે શું ઉપયોગ કરેલો તેની તેઓને માહીતી નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ જે પેનડ્રાઈવ આપેલી તે હેઝ વેલ્યુ કાઢીને આપેલી નહી. એ બાબત સ્વીકારેલ છે કે, ખુલ્લી પેનડ્રાઈવ આપવામાં આવે તો તેમાં રહેલ ડેટામાં કોઈપણ વ્યકતી છેડછાડ કરી શકે. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ જે સી.સી.ટી.વી. ફુટેજ આપેલ તેમાં ગાડીમાં બેસેલા વ્યકતીઓના ચહેરા સ્પષ્ટ જોઈ શકાય તેમ ના હતા. ભડભીડ ટોલનાકાથી અધેલાઈ ગામ સાડા છ થી સાત કી.મી.ના અંતરે આવેલ છે. ભડભીડ ટોલનાકાથી સનેશ ચોકડી નામની જગ્યા આવેલી નથી. સાહેદ સ્વૈચ્છાએ કે તેને નિરમા ચોકડી કહેવામાં આવે છે. જે ભડભીડ ટોલનાકાથી આશરે અગીયાર કી.મી.ના અંતરે આવેલી છે. એ બાબત સ્વીકારેલ છે કે, નિરમા ચોકડીએ ત્રણ રસ્તા પડે છે, જેમા એક ભાવનગર તરફ, એક અમદાવાદ તરફ અને એક લાકડીયા પુલ થઈ ભાવનગર તરફ આવતો રસ્તો છે. એ બાબત સ્વીકારેલ છે કે, નિરમા ચોકડીએ ઘણા બધા માણસો તથા વાહનો હોય છે. એ બાબત સ્વીકારેલ છે કે, નિરમા ચોકડીએ ખોડીયાર હોટેલ આવેલી છે. એ બાબત સ્વીકારેલ છે કે, નિરમા ચોકડીથી માઢીયા ગામ તરફ જતાં ઘણી બધી દુકાનો આવે છે તથા પેટ્રોલ પંપ આવે છે. એ બાબત સ્વીકારેલ છે કે, ભડભીડથી માઢીયા સુધી સનેશ ચોકડી આવતી નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે સનેશનુ પાટીયુ આવે છે. એ બાબત સ્વીકારેલ છે કે,પોલીસને તેઓએ આપેલી પેનડ્રાઈવ પોલીસે તેમની પાસે કેટલા દીવસ રાખેલી તેની તેઓને અંગત જાત માહીતી નથી.

જયારે બચાવપક્ષ નં.૪ તરફે ઉપરોકત મુજબની ઉલટતપાસ એડોપ્ટ કરેલી છે અને બાકીની વધુ ઉલટતપાસ ધ્યાને લઈએ તો, એ બાબત સ્વીકારેલ છે કે, તેઓ સર્વર રુમના ઈન્ચાર્જ તરીકે બનાવ સમયે ફરજ બજાવતો હતો. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ તેમના પોલીસ નીવેદનમા એવુ લખાવેલ નથી કે, ''ભડભીડ ગામે ટોલ પ્લાઝામા ટોલ ઈન્ચાર્જ તરીકે પ્રાઈવેટ નોકરી કરુ છું.''

**<u>રેઈડ કરનાર અધિકારીનો પુરાવો :–</u>**

(૨૩) વધુમાં, આ કામે **<u>ફરિયાદપક્ષ તર્ફે આંક–૮૦ થી સાહેદ અજીતસિંહ રાયસંગભાઈ વાળા (પી.આઈ., એસ.ઓ.જી.શાખા, ભાવનગર)ને સોગંદ ઉપર</u>** તપાસવામાં આવેલ છે. તેઓએ તેની સરતપાસમાં જણાવેલ છે કે,''ગઈ તા.૧૦/૩/૨૦૨૪ના રોજ એસ.ઓ.જી. પી.આઈ. તરીકે ફરજ ઉપર હતા તે દરમીયાન ખાનગી રાહે હકીકત મળેલી કે, મારુતી બલેનો ગાડી નંબર–જીજે–૪–ઈજે–૨૪૬૨, સફેદ કલરની જે મુંબઈ તરફથી ભાવનગર વાયા નારી રોડથી આવનાર છે, જેમા અનુક્રમે તૌફીક અહેમદ મન્સુરી, એઝાઝ ઉર્ફે બાદશાહ હનીફભાઈ મન્સુરી, હુસૈન ઉર્ફે ટાઈગર અખ્તરભાઈ કલીવાળા અને અલ્ફાઝ સીદીકભાઈ ગોરી, તમામ રહે.– મફતનગર, ભાવનગરનાઓ પોતાની સાથે માદક પદાર્થ ગાડીમાં આગળના ભાગે મુકી લઈને આવનાર છે. જે હકીકતના આધારે પોલીસ અધી.શ્રી, ભાવનગરનાઓને રેઈડનુ આયોજન કર્યા બાબતની જાણ કરતો પત્ર લખવામાં આવેલો. તે બાદ સરકારી પંચો ફાળવવા સારુ કમીશ્નરશ્રી, જી.એસ.ટી., વિભાગને યાદી પાઠવેલી., જે આ કામે માર્ક–૧૩/૮થી રજુ છે તે છે, જેમા મારી સહી છે, જે હુ ઓળખી બતાવુ છુ, જે રજુ **<u>આંક–૮૧</u>** આપવામાં આવે છે. તે બાદ સરકારી પંચો એસ.ઓ.જી. ઓફીસ ખાતે આવતાં ઓફીસ ખાતેના રેડીંગ પાર્ટીના અધીકારી પી.એસ.આઈ.–સી.એચ. મકવાણા, એ.એસ.આઈ–મહાવીરસીંહ, હે.કો.–યોગેન્દ્રસીંહ, વિજયસીંહ, જયવીરસીંહ, પો.કો.–મહીપાલસીંહ, રાઘવેન્દ્રસીંહ અને ધર્મદીપસીંહનાઓનો પરીચય કરાવેલો. તે બાદ પંચોને સાથે રાખી એ.એસ.આઈ.–મહાવીરસીંહ કોમ્પ્યુટર ઓપરેટર તરીકે, પો.કો.–મહીપાલસીંહ વીડીયોગ્રાફી અને ફોટોગ્રાફસ લેશે તેવી સમજ કરેલી અને બાતમી હકીકત બાબતે સમજ કરેલી. તે બાદ પંચોને સાથે રાખી અરસ–પરસ રેડીંગ પાર્ટીના માણસોની અંગ જડતી કરેલી, જેમા કોઈ નાર્કોટીકસને લગતી કે કોઈ વાંધાજનક વસ્તુ મળી આવેલી નહી. તે બાદ એસ.ઓ.જી. ઓફીસ ખાતેની સરકારી બોલેરો નંબર –જીજે–૪–જીબી–૦૦૫૮ તથા ખાનગી વાહન કીયા નંબર–જીજે–૪–ઈઈ–૬૮૮૨ની જડતી સારુ સૌ પ્રથમ સરકારી ગાડીના ડ્રાઈવર મહેશભાઈની જડતી કરાવેલી અને તે બાદ બંને વાહનોની જડતી કરતાં કોઈ નાર્કોટીકસને લગતી કે કોઈ વાંધાજનક વસ્તુ મળી આવેલી નહી.તે બાદ નાર્કોટીકસની કીટ, સીલ, લાખ, દોરા, માચીસ, મીણબત્તી, કાગળો, પ્લાસ્ટીકના બોક્ષ, પ્લાસ્ટીકની કોથળીઓ, સફેદ કાગળ, લેપટોપ તથા પ્રિંટર જરુરી લાઈટ સંચાલીત સાધનો સાથે રાખી સરકારી વાહનમાં મુકેલા. સર્વ પ્રથમ ખાનગી વાહનમાં પી.એસ.આઈ.–મકવાણા, યોગેન્દ્રસીંહ, મહીપાલસીંહ, અને રાઘવેન્દ્રસી

હનાઓને ભાવનગર–અમદાવાદ હાઈ–વે પર સનેશ ચોકડીની આગળ રવાના કરેલા અને તે બાદ પંચો સાથે રેડીંગ પાર્ટીના બાકીના માણસો સાથે રવાના થયા અને પ્રાથમીક પંચનામુ કલાક–૯:૩૦ વાગે પુર્ણ કરેલ. તે બાદ એસ.ઓ.જી. ઓફીસ ખાતેથી નીકળી માઢીયા ગામ ઉપરનો બ્રીજ પસાર કરી સામેની બાજુ રોંગ સાઈડ છુટાછવાયા ગોઠવાઈ ગયેલા. ત્યારે પી.એસ.આઈ–મકવાણાનો કલાક–૧૦:૦૦ વાગે ફોન આવેલો કે બાતમી વાળી ગાડી સનેશ ચોકડીથી પસાર થયેલી છે. જેથી પંચો સાથે અમો બધા રેડીંગ પાર્ટીના માણસો વોચમાં રહી ગાડી આવતાં કોર્ડન કરેલ અને બાતમી વાળી ગાડી સફેદ બલેનો જીજે–૪–ઈજે–૨૪૬૨ વાળી ગાડીને ઉભી રખાવેલી. જે વાહનમા ચાર ઈસમો હોય, જેમા ડ્રાઈવીંગ સીટ પર જેમના તેમ બેસેલ ઈસમનુ નામ પંચો રુબરુ પુછતા તેણે તેનુ નામ અલ્ફાઝ ગોરી, રહે. મફતનગર તથા બાજુની સીટમાં તૌફીક મન્સુરી, રહે. મફતનગર તથા તેની પાછળની સીટમાં એઝાઝ ઉર્ફે બાદશાહ મન્સુરી, રહે. મફતનગર અને તેની બાજુમા બેઠેલ હુસૈન ઉર્ફે ટાઈગર કલીવાળા, રહે. મફતનગર, કુંભારવાડા હોવાનુ જણાવેલ. તે બાદ અમોએ અમારી ઓળખાણ આપેલી અને અમે ગેઝેટેડ ઓફીસર છીએ અને સાથેના પંચો તેમજ રેડીંગ પાર્ટીના પોલીસ કર્મચારીની ઓળખ આપેલી અને પુછેલ કે, ' અમને ચોકકસ બાતમી હકીકત છે કે તમારી કબજાની ગાડીમાં માદક પદાર્થ ડ્રગ્સ છે, જેથી તમારી તથા તમારી ગાડીની જડતી કરવી જરુરી છે. તમે મારા સીવાય અન્ય ગેઝેટેડ અધીકારી કે મેજીસ્ટ્રેટ સાહેબ પાસે જડતી કરાવવા માંગતા હોય તો વ્યવસ્થા કરી આપીએ. તે તમારો કાનુની અધીકાર છે.' તેમ જણાવતા પંચો રુબરુ કોઈ અન્યને હાજર રખાવવા માંગતા નથી તેમ જણાવેલ અને સાથે જ પોતાને એમ.ડી. ડ્રગ્સ પીવાની ટેવ છે અને પોતાની પાસે એમ.ડી. ડ્રગ્સ રાખે છે, જે ભાવનગર લઈ જવાનુ હતુ, જે ગાડીના ડેસ્ક બોર્ડના ખાનામા લાલ પટ્ટી વાળી પારદર્શક થેલીમાં એમ.ડી. ડ્રગ્સ હોવાનુ જણાવેલ. આ અરસામાં પાછળથી ખાનગી વાહનના અધીકારી તથા સ્ટાફ સ્થળ પર આવી પહોંચેલ. તે બાદ મજકુર ઈસમોએ પોતાની પાસે રહેલ એમ.ડી. ડ્રગ્સનો જથ્થો ડેસ્ક બોર્ડના ખાનામાથી કાઢ ીને બતાવેલો અને કહેલ કે, પોતાને ડ્રગ્સ પીવાની ટેવ છે અને પોતે ડ્રગ્સ રાખે છે અને વેચાણ સારુ લાવેલ છે. જે જોતાં પ્લાસ્ટીકની પારદર્શક થેલીમાં આછો સફેદ કલરનો માદક પદાર્થ હોવાનુ અને પ્રાથમીક ર્દષ્ટીએ એમ.ડી. ડ્રગ્સ હોવાનુ જણાઈ આવેલ. સદર ડ્રગ્સનુ પરીક્ષણ કરવુ જરુરી હોય એફ.એસ.એલ. અધીકારીને મોબાઈલ દવારા સંપર્ક કરી રેઈડ બાબતે જાણ કરી રેઈડ વાળી જગ્યાએ આવવા માટે વિનંતી કરેલી. તેમજ મળી આવેલ ડ્રગ્સનુ વજન કરવુ જરુરી હોય સ્થળ પર વજનકાંટા સાથે બોલાવવા હે.કો.–જયવીરસીંહને રવાના કરેલા. તે બાદ

ચારેય ઈસમોને ગાડીમાથી ઉતારી અંગજડતી કરતા અનુક્રમે તૌફીક પાસેથી એક સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન સીમકાર્ડ સાથે, પકડાયેલ ગાડીની આર.સી. બુક તથા રોકડા રુપીયા ૭૭૦/– તથા આધારકાર્ડ, બીજા આરોપી નામે એઝાઝ પાસેથી વીવો કંપનીનો વી–૨૫ પ્રો સીમકાર્ડ સાથે, આધારકાર્ડ, ત્રીજા આરોપી અલ્ફાઝ પાસેથી વીવો કંપનીનો વી–૭૩ મોબાઈલ ફોન સીમકાર્ડ સાથે, આધારકાર્ડ તથા ચોથા આરોપી હુસૈનની પાસેથી આધારકાર્ડ, રોકડા રુપીયા–૩૦૦/– મળી આવેલા. તે બાદ ગાડીની જડતી કરતાં ડેશ બોર્ડના ખાનામાથી ડીજીટલ વજનકાંટો તથા પારદર્શક ખાલી નાની ઝીપ વાળી કોથળીઓ જેની ઉપર ''એસવીપી મેજીક સીલ બેગ્સ'' જે આછા ગુલાબી રંગ વાળી નંગ –૨ સીલપેક પેકેટ તથા ખુલ્લુ પેકેટ નંગ–૧ મળી, કુલ–૩૦૬ પારદર્શક કોથળીઓ મળી આવેલી. તે બાદ હે.કો.–જયવીરસીંહ કલાક–૧૧:૦૦ વાગે વજનકાંટા સાથે એક ઈસમને લઈને આવતાં પંચો રુબરુ નામ પુછતાં શશીભાઈ જશુભાઈ ધંધુકીયા, રહે. સુભાષનગર વાળા હોવાનુ જણાવેલ, જે ડીજીટલ વજનકાંટો કે જે પાવરથી સંચાલીત હતો તે લઈને આવેલા અને તેઓને સ્થળ પર લેખીત યાદી આપેલી, જે આ કામે માર્ક–૧૩/૧૨થી રજુ છે તે છે, તેમા મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ **આંક–૮૨** આપવામાં આવે છે. મજકુર ઈસમની પંચો રુબરુ અંગજડતી કરવી હોય તો કહી શકો છો તેમ આરોપીઓને જણાવતાં ના પાડેલી. તે બાદ પંચો દવારા મજકુર વજનકાંટાવાળાની અંગજડતી કરતા કઈ વાંધાજનક કે નાર્કોટીકસને પદાર્થને લગતી કોઈ વસ્તુ મળી આવેલી નહી. તે બાદ વજનકાંટા વાળાને વજન કરવા સારુ લેખીતમાં યાદી આપવામાં આવેલી. બાદ એફ.એસ.એલ. અધીકારી કલાક–૧૧:૦૫ વાગે આવી જતા તેઓએ પોતે એફ.એસ.એલ. અધીકારી એ.એચ. ઈટાલીયા તરીકેની ઓળખાણ આપેલી અને પંચો મારફતે જડતી તપાસ કરતાં નાર્કોટીકસ કે અન્ય કોઈ પદાર્થ મળી આવેલી નહી. એફ.એસ.એલ. અધીકારીશ્રીને સ્થળ પર યાદી પાઠવેલી તે આ કામે આંક–૭૨થી રજુ છે તે છે, તેમા મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છું. હાજર આરોપીઓને એફ.એસ.એલ. અધીકારીની જડતી કરવાનુ પુછતાં મજકુર આરોપીઓએ ના પાડેલી. બાદ એફ.એસ.એલ. અધીકારીએ સ્થળ પરીક્ષણ સારુ લેખીત રીપોર્ટ આપતાં પરીક્ષણ બાદ થેલીમાંથી મેફેડ્રોન (એમ.ડી. ડ્રગ્સ) હોવાનુ જણાવેલ. સદર જગ્યા સનેશ–નારી રોડ, વેગડ નદીનો પુલ, ભાવનગર તરફ હોય અને રેઈડની કાર્યવાહી લાંબી ચાલે તેમ હોય અને નજીકમાં ઈલેકટ્રીકસીટીનુ કનેકશન મળે તેમ ના હોય જેથી ૩૦૦ મીટરના અંતરે આવેલ વેળાવદર ભાલ ( સનેશ ) પોલીસ સ્ટેશન ખાતે લાઈટ ઈત્યાદી સુવિધા મળી શકે તેમ હોય જગ્યાનુ લોકેશન મોબાઈલ ફોનમા લેવામા આવેલ. તે બાદ આરોપીની બલેનો ગાડી સાથેના પો.કો.–ધર્મદીપસીંહ પોલીસ સ્ટેશને લાવેલ

અને પોલીસ સ્ટેશન ખાતે મજકુર આરોપીઓ કોઈ અન્ય ગેઝેટેડ અધીકારી હાજર રખાવવા માંગતા નથી તે બાબતની સમજ–યાદી તૈયાર કરી એન.ડી.પી.એસ. એકટની કલમ–૫૦ મુજબ આરોપીઓને સાર સમજાવી અમો તથા પંચોની સહી કરી, મજકુર ઈસમોની સહી મેળવી તેની નકલ આરોપી ઈસમને આપવામાં આવેલી. જે આ કામે આંક–૪૫થી રજુ છે તે જ છે. તે બાદ પંચો તથા રેડીંગ પાર્ટીની તમો આરોપી ઈસમો જડતી કરી શકો છો તે તમારો કાનુની અધીકાર છે તેમ જણાવતાં કોઈ જડતી કરવા માંગતા નથી તેમ જણાવેલ, જે બાબતની સમજ–યાદી તૈયાર કરી આરોપીઓને સાર સમજાવી અમો તથા પંચોની સહી કરી, મજકુર ઈસમોની સહી મેળવી તેની નકલ આરોપી ઈસમને આપવામાં આવેલી., જે આ કામે આંક–૪૫થી રજુ છે તે જ છે. તે બાદ મજકુર ઈસમોના કબજાની મોટરકારની જડતી કરવી અનીવાર્ય હોય એન.ડી.પી.એસ. એકટની કલમ–૪૨ મુજબની તૈયાર કરી  આરોપીઓને સાર સમજાવી અમો તથા પંચોની સહી કરી, મજકુર ઈસમોની સહી મેળવી તેની નકલ આરોપી ઈસમને આપવામાં આવેલી., જે આ કામે આંક–૪૪થી રજુ છે તે જ છે.  તે બાદ મળી આવેલ એમ.ડી. ડ્રગ્સનુ વજન કરવા સારુ વજનકાંટા ધારક શશીભાઈને જણાવતાં પારદર્શક થેલી સાથેનુ વજન ૯૩.૨૦૦ ગ્રામ થયેલ જે થેલીમાથી બહાર કાઢી ચોખ્ખુ એમ.ડી.ડ્રગ્સનુ વજન ૯૧.૮૦૦ ગ્રામ થયેલ તથા ખાલી થેલીનુ વજન ૧ .૪૦૦ ગ્રામ થયેલ. જે એક ગ્રામનુ વજન દસ હજાર લેખે ગણી ૯૧.૮૦૦ ગ્રામના નવ લાખ અઢાર હજાર રુપીયા થાય છે, જે બાબતે ફોટોગ્રાફસ લેવા પો.કો.–મહીપાલસીંહને જણાવેલ.  મળી આવેલ મુ.મા. પ્લાસ્ટીકની ઝીપ લોક વાળી થેલીમાં મુકી તે થેલીને પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બામાં મુકી તેને માક–એ આપવામા આવેલો અને ડબ્બાને ફરતે સફેદ દોરી બાંધી પંચો તથા અમોની સહી તથા આરોપીઓની સહી વાળી કાપલી મુકી લાખથી પી.આઈ., એસ.ઓ.જી., બી.એચ.આર., સીલ કરી કબજે કરેલ. પંચો રુબરુ સદરહુ નાર્કોટીક ડ્રગ્સ કયાથી લાવેલાનુ પુછતાં મુંબઈ ડોંગરી ખાતેથી લાવેલાનુ જણાવેલ. મજકુર આરોપીઓ પાસેથી કબજે કરવામાં આવેલ મુ.મા. અંગેનો સીઝર મેમો તૈયાર કરી આરોપીઓને સાર સમજાવી અમો તથા પંચોની સહી કરી, મજકુર ઈસમોની સહી મેળવી તેની નકલ આરોપી ઈસમને આપવામાં આવેલી., જે સીઝર મેમો આંક–૪૬થી રજુ છે તે છે. એફ.એસ.એલ. અધીકારીશ્રી દવારા પરીક્ષણ અહેવાલ આપવામાં આવેલો, જે આ કામે આંક–૭૧થી રજુ છે તે જ છે અને વજનકાંટા ધારકે એમ.ડી. ડ્રગ્સનુ વજન કર્યા અંગેનુ પ્રમાણપત્ર લખી આપેલ, જે આ કામે આંક–૫૨થી રજુ છે તે જ છે. મજકુર આરોપીઓ પાસેથી કબજે કરેલ મેફેડ્રોન ડ્રગ્સ ૯૧.૮૦૦ ગ્રામ કીંમત રુપીયા નવ લાખ અઢાર હજાર તથા ડીજીટલ વજનકાંટો કીંમત રુપીયા–૦૦–૦૦, પ્લાસ્ટીકની નાની નાની થેલીઓ નંગ–૩૦૬ કીં

મત રુપીયા ૦૦–૦૦, ગાડીની આર.સી. બુક તથા ચારેય ઈસમોના આધારકાર્ડ કીંમત રુપીયા ૦૦–૦૦ ગણી તથા રોકડા રુપીયા ૧૦૭૦/– તથા બલેનો ગાડી કીંમત રુપીયા સાત લાખ સહીત કુલ મુ.મા. સોળ લાખ ચોત્રીસ હજાર સીત્તેર રુપીયા રેઈડ દરમીયાન પંચનામાની રુએ કબજે કરેલ, જે પંચનામુ આ કામે આંક–૪૩થી રજુ છે તે છે, જેમા બે પંચોની તથા રુબરુ તરીકે મારી સહી છે, જે હું ઓળખ બતાવુ છુ. બાદ એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૨(સી) અને ૨૯ મુજબ અમારા રુબરુની ફરિયાદ ફરિયાદી શ્રી સી.એચ. મકવાણાનાઓએ આપેલી, જેમા રુબરુપણામા મે સહી કરેલી., જે આ કામે આંક–૪૯થી રજુ છે તે જ છે. તેમજ આરોપીઓને અટક કર્યા અંગેની તેમજ જીલ્લા મેજી.શ્રીને જાણ કર્યા અંગેની યાદી તૈયાર કરી પોલીસ સ્ટેશન ખાતે સોંપેલી. મે મળેલ બાતમીની પોલીસ અધી.શ્રી, ભાવનગરને એન.ડી.પી.એસ. એકટની કલમ–૪૨(૨) મુજબ લેખીતમા જાણ કરેલી, જે આ કામે માર્ક–૧૩/૧થી રજુ છે તે છે, તેમા મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ **આંક–૮૩** આપવામાં આવે છે. આંક–૪૯ની ફરિયાદ અન્વયે ગુનો રજી. કરી આગળની કાર્યવાહી કરવા બાબતે મે પી.એસ.ઓ.–સનેશ(વેળાવદર ભાલ) પોલીસ સ્ટેશનને લેખીત યાદી સાથે મોકલી આપેલ, જે આ કામે માર્ક–૧૩/૩થી રજુ છે તે છે, તેમા મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ **આંક–૮૪** આપવામાં આવે છે. મારી રેઈડ દરમીયાન મે જે મુ.મા. કરેલ તે મને બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે તે તે જ છે. હું આરોપીઓને જોયેથી ઓળખુ છુ. જેઓ આજરોજ જીલ્લા જેલ, ભાવનગર દવાર ઝુમ એપ્લીકેશનથી વી.સી.થી રજુ છે તે જ છે.''

જયારે બચાવપક્ષ તરફે સદરહું સાહેદની લેવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લઈએ તો, તેઓને બાતમી મળેલી તે પહેલા તેઓ સવારે છ સાડા છ વાગે એસ.ઓ.જી. કચેરીએ આવેલો. તેઓને ચોકકસ સમય હાલ યાદ નથી કે બાતમી તેઓને કેટલા વાગે મળેલી, સવારના સમયે મળેલી તે યાદ છે. તેઓએ બાતમી અંગેની માહીતી પોલીસ અધી.શ્રીને કલમ–૪૨(૨) મુજબ અંદાજે સવારે સાતથી સાડા સાત વાગ્યાની વચ્ચે કરેલ. પોલીસ અધી.શ્રીને જાણ કરતો ખાનગી પત્ર પો.કો.–મુકેશભાઈ લઈને રુબરુ ગયેલા. ખાનગી પત્ર અંગે તેમની કચેરીના રજીસ્ટરમાં નોંધ કરવામાં આવે છે. એ બાબત ઈન્કારેલ છે કે, તેમા તારીખ, સમય, વાર લખવામાં આવે છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે તેમા તારીખ, વીગત અને આઉટવર્ડ નંબર લખવામાં આવે છે. તેઓને આંક–૮૩ બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે તેમા આરોપીઓના નામો જણાવેલા છે. એ બાબત સ્વીકારેલ છે કે, ડ્રગ્સ ગાડીમા કઈ જગ્યાએ રાખવામા આવેલ છે તેની

માહીતી પણ આપવામાં આવેલી હતી. આંક–૮૩ વાળી યાદી કરેલી તે પહેલા કચેરીમાં પો.કો.–મુકેશભાઈ એક જ હાજર હતા. પો.કો.–મુકેશભાઈ પોલીસ અધી.શ્રીને જાણ કરીને પંદરથી વીસ મીનીટમા પાછા આવી ગયેલા. મુકેશભાઈ આવ્યા બાદ તેઓએ બધા કર્મચારીઓને ફોન કરીને બોલાવેલા. એ બાબત સ્વીકારેલ છે કે, આંક–૮૩ વાળી યાદીમાં કોઈ સમય લખવામાં આવેલો નથી. એ બાબત સ્વીકારેલ છે કે, આંક–૮૩ મા તેઓને બાતમી કેટલા વાગે મળેલી તેના સમયનો ઉલ્લેખ તેમા કરવામાં આવેલ નથી. ખાનગી વાહન તેનું પોતાનુ હતુ. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ રેડીંગમા જતા પહેલા સરકારી વાહનની લોગબુક તપાસ ેલી. પ્રાથમીક પંચનામુ પુરુ થયા બાદ તેમની સાથેના પી.એસ.આઈ.–મકવાણા અને તેમની સાથેનો સ્ટાફ નીકળેલા. એસ.ઓ.જી. કચેરીથી સનેશ–માઢીયા અંદાજે સત્તરથી અઢાર કી.મી. દુર છે. રેઈડ વાળી જગ્યાએ પહોંચતા વીસથી બાવીસ મીનીટ જેટલો સમય લાગેલો. એ બાબત સ્વીકારેલ છે કે, નીકળ્યા બાદ અને સ્થળ પર પહોચ્યા ત્યા સુધીમા પી.એસ.આઈ.–મકવાણાનો તેઓને કોઈ ફોન આવેલો નહી. એ બાબત સ્વીકારેલ છે કે, મકવાણા સાહેબનો તેમના પર ફોન આવેલો ના હોય આથી તેઓ ચોકકસ કયા સ્થાને વોચમા ઉભેલા હતા તેની તેઓને માહીતી ના હતી. એ બાબત સ્વીકારેલ છે કે, દસનાળાથી ભાવનગર–અમદાવાદ હાઈ–વે લાગુ પડે. એ બાબત સ્વીકારેલ છે કે, હોટેલ તથા દુકાનો આવે છે. એ બાબત સ્વીકારેલ છે કે, રેઈડ વાળી જગ્યાએ તેઓ રોંગ સાઈડમાં ઉભેલો હતો. એ બાબત સ્વીકારેલ છે કે, તે સમયે ઘણા બધા વાહનોની અવર–જવર હતી. તેઓએ એકપણ વાહન તપાસેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓ રેઈડ વાળી જગ્યાએ ઉભેલો હતો તે દરમીયાન પી.એસ.આઈ.–મકવાણાએ કોઈ વાહન તપાસેલ નહી. એ બાબત સ્વીકારેલ છે કે, મકવાણા સાહેબે કોઈ વાહન ઉભુ રાખી તલાશી લીધી હોય તેવુ બનેલ નથી. તેઓએ સરકારી પંચો ફાળવવાની યાદી સાડા સાતથી આઠ વાગ્યાની વચ્ચે કરેલી, જે યાદી લઈને મુકેશભાઈ ગયેલા, તેઓ સાડા સાતથી આઠ વચ્ચે આ યાદી લઈને ગયેલા. આ યાદી આપી મુકેશભાઈ પરત કેટલા વાગે પોલીસ સ્ટેશને આવેલા તે હાલ તેઓને યાદ નથી. પંચો બંને સાથે આવેલા. એ બાબત સ્વીકારેલ છે કે, પંચો ફાળવવા યાદી કરેલી તે કયા વ્યકતીએ સ્વીકારેલી તેના નામની તેઓને ખબર નથી. એ બાબત સ્વીકારેલ છે કે, આંક–૮૧ વાળી યાદી કેટલા વાગે લખવામાં આવેલી તે સમય લખવામાં આવેલ નથી. આંક–૮૧ વાળી યાદીમાં રીસીવ તા.૧૧/૦૩/૨૦૨૪ લખેલ છે. એ બાબત સ્વીકારેલ છે કે, આંક–૪૪ થી રજુ ઠરાવમાં કોઈ સમય લખવામાં આવેલ નથી કે તે કયા સ્થળ પર કરવામાં આવેલ છે તે સ્થળનુ નામ

પણ લખેલ નથી અને તેમા તેઓએ આરોપીઓની સહી લીધેલી છે. એ બાબત સ્વીકારેલ છે કે, આંક–૪૪ થી રજુ ઠરાવમાં એવુ લખેલ છે કે, '' પોતાના ગામ ભાવનગર બાજુ જનાર છે અને તે અમદાવાદ ભાવનગર હાઈ–વે સનેશ નારી રોડ ઉપરથી નીકળનાર છે અને કારની આગળના ભાગમા ખાનામા એક પ્લાસ્ટીકની કોથળીમા માદક પદાર્થ ડ્રગ્સ છે તે અંગેની બાતમી હકીકત મળેલી હોય અને જો સદર કાર તથા ચારેય ઈસમોની અંગજડતીથી તાત્કાલીક તપાસ કરવામા નહી આવે તો માદક પદાર્થ ડ્રગ્સનો જથ્થો સગેવગે કરી નાંખશે.'' એ બાબત સ્વીકારેલ છે કે, આંક –૪૪ થી રજુ ઠરાવામા આરોપીની કેટલા વાગે સહી લેવામા આવેલી તેનો ઉલ્લેખ કરેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, આંક–૪૫ થી રજુ ઠરાવ કેટલા વાગે કરેલ તે સમય કે સ્થળ તેમા લખેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, આંક–૪૫ માં જે હકીકત લખેલી છે તે ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવેલ છે તે મુજબની જ છે. એ બાબત સ્વીકારેલ છે કે, આંક–૪૫ થી રજુ ઠરાવમાં આરોપીઓની અંગજડતી અન્ય કોઈ ગેઝેટેડ ઓફીસર કે મેજીસ્ટ્રેટ મારફતે કરાવવી છે કે કેમ તેવો ઉલ્લેખ કરવામા આવેલ નથી તેમજ આરોપીઓએ આ બાબતે ના પાડેલી હોય તેવો પણ કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, આંક–૪૩ વાળા પંચનામામાં બીજા ભાગના પંચનામાના પેરા–'૨'માં જે હકીકત જણાવેલી છે તે કયા ઈસમ દવારા જણાવવામાં આવેલ છે તેનુ કોઈ નામ લખવામાં આવેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, રેઈડ વાળી જગ્યાએ સીલીંગ કે સેમ્પલીંગની કાર્યવાહી કરવામાં આવેલી નથી. એ બાબત સ્વીકારેલ છે કે, આરોપીઓ પાસેથી કબજે કરેલ રોકડ રકમ નોટના નંબરો પંચનામામા જણાવેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, આરોપીઓની અંગજડતીમાથી કબજે કરવામાં આવેલ, મોબાઈલ, આધારકાર્ડ, આર.સી. બુક, રોકડ રકમ કબજે કરેલ તે સંબંધે કોઈ એસ.ઓ.જી. કચેરીનુ કોઈ સીલ મારવામા આવેલ નહી. એ બાબત સ્વીકારેલ છે કે, શશીકાં તભાઈ, ભાવનગર સુભાષનગર ખાતે રહે છે. એ બાબત સ્વીકારેલ છે કે, રેડીંગ વાળી જગ્યાએથી સુભાષનગર આવતા ઘણી બધી દુકાનો આવે છે. એ બાબત સ્વીકારેલ છે કે, સામાન્ય રીતે દુકાનોમા વજનકાંટા હોય છે. એ બાબત સ્વીકારેલ છે કે, પંચનામા વખતે વજનકાં ટા વાળા વ્યકતીનુ નામ ખુલેલુ. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે આવી ગયા પછી. એ બાબત સ્વીકારેલ છે કે, સ્થાનીક સ્થળ પરીક્ષણ અહેવાલ સનેશ પોલીસ સ્ટેશને આપવામાં આવેલો. સનેશ પો.સ્ટે.મા તે સમયે ગઢવી સાહેબ પી.એસ.આઈ. હતા. સનેશ પોલીસ સ્ટેશનમા ત્રણથી ચાર પોલીસ સ્ટાફ હાજર હતા. એ બાબત સ્વીકારેલ છે કે, સનેશ પોલીસ સ્ટેશનમાં ગયેલા તેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરાવેલી નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ તેમની

રુબરુ સનેશ પોલીસ સ્ટાફમાથી કોઈનું નિવેદન લીધેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, સનેશ પોલીસ સ્ટેશનમા કોણ કોણ પોલીસ કર્મી હાજર હતા તેની નોંધ પંચાનામામા કરવામા આવેલ નથી. તેઓને એ ખયાલ નથી કે આરોપીઓને અટક કરેલા તેની જાણ તેના કયા સગાને અને કેટલા વાગે કરેલી. તેઓ કેસ ડાયરી જોઈને કહુ છુ કે ૧૪:૧૦ વાગે કરેલી. એ બાબત સ્વીકારેલ છે કે, ફરિયાદ તથા પંચનામામા આરોપીઓને અટક કરેલ તેની જાણ તેના સગાને કરેલ છે તેવી કોઈ નોંધ કરેલી નથી. એ બાબત સ્વીકારેલ છે કે, રેઈડ સફળ થયેલી છે તેની જાણ ઉપલા અધીકારીને તેઓએ ફરિયાદ દાખલ થયા બાદ કરેલી. એ બાબત સ્વીકારેલ છે કે, ફરિયાદીએ તેમની રુબરુ આપેલી ફરિયાદમાં એવી હકીકત લખાવેલી છે કે, ''એમ.ડી. ડ્રગ્સનુ વજન થેલી સાથે............કીંમત રુપીયા નવ લાખ અઢાર હજાર થાય છે.'' એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ કરેલી કાર્યવાહી ફરીયાદ નોંધેલી ત્યાં સુધી એફ.આઈ.આર.માં કોઈ સુધારો કરવાની કાર્યવાહી તેઓએ કરેલી નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ રેઈડ વાળા સ્થળેથી તેની આજુબાજુમા દુકાન, હોટેલ કે પેટ્રોલ પંપ છે કે કેમ તેની તજવીજ કરાવેલી નહી. એ વાતની તેઓને ખબર નથી કે આર.સી. બુકમાં એકપણ આરોપીનું નામ ના હતુ.

**<u>પી.એસ.ઓ./ફરીયાદ દાખલ કરનારનો પુરાવો :–</u>**

(૨૪) વધુમાં, આ કામે **<u>ફરિયાદપક્ષ તર્ફે આંક–૯૧ થી સાહેદ અમિતકુમાર ધરમશીભાઈ મકવાણા (હેડ કોન્સ્ટેબલ, વેળાવદર ભાલ પોલીસ સ્ટેશન, ભાવનગર) ને સોગંદ ઉપર</u>** તપાસવામાં આવેલ છે. તેઓએ તેની સરતપાસમાં જણાવેલ છે કે,''ગઈ તા.૧૦/૦૩/૨૦૨૪ના રોજ અમો વેળાવદર ભાલ પોલીસ સ્ટેશન ખાતે હે.કો. તરીકે ફરજ બજાવતો હતો અને કલાક–૧૪:૩૦થી ૨૦:૦૦ સુધી પી.એસ.ઓ.ના ચાર્જમાં હતો તે સમયે એસ.ઓ.જી.ના પી.આઈ.– એ. આર. વાળા સાહેબ તરફથી મને લેખીતમાં ગુનો રજીસ્ટર કરવાની યાદી સાથે ફરિયાદ અને અન્ય કાગળો આપવામાં આવેલા. જે યાદી આ કામે આંક–૮૪થી અને ફરિયાદ આંક–૪૯થી રજુ છે તે જ છે. આ બાબતે મે વેળાવદર ભાલ પોલીસ સ્ટેશનની સ્ટેશન ડાયરીમાં અનુક્રમ નંબર–૧૬થી સાંજના ૧૬:૦૦ વાગે નોંધ કરેલી, જે સ્ટેશન ડાયરીની કોમ્પ્યુટર કોપી આજરોજ મારી સાથે લાવેલ છુ, જે રજુ કરુ છુ, જે રજુ **<u>આંક–૯૨</u>** આપવામાં આવે છે. તે બાદ મે આર.એ. વાઢેર, પી.એસ.આઈ., એલ.સી.બી., ભાવનગરને સદરહું કામની તપાસ સંભાળી લેવા લેખીત યાદી કરેલી, જે યાદી આ કામે માર્ક–૧૩/૪ થી રજુ છે તે છે, તેમા મારી સહી છે, જે હુ ઓળખી બતાવુ

છુ, જે રજુ **<u>આંક–૯૩</u>** આપવામાં આવે છે. તેમજ મને આ સાથે જે મુ.મા. મોકલવામાં આવેલ તેની મુ.મા. પાવતી મે બનાવેલી. આ સીવાય મે અન્ય કોઈ કામગીરી કરેલી નથી.

જયારે બચાવપક્ષ તરફે સાહેદની ઉલટતપાસ મુખ્યત્વે ધ્યાને લઈએ તો, તેઓને વાળા સાહેબ તરફથી જે યાદી કરવામાં આવેલી તે બપોરના ૩:૩૦ કલાકે મળેલી. યાદી તથા ફરિયાદ તથા અન્ય કાગળો લઈને વાળા સાહેબ રુબરુ આવેલા. તે સમયે વેળાવદર ભાલ પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.આઈ.–ગઢવી સાહેબ ફરજ બજાવતાં હતા. એ બાબત સ્વીકારેલ છે કે, યાદીમાં કેટલા વાગે યાદી મળેલી તે બાબતનો કોઈ શેરો કરવામાં આવેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, આગળની તપાસ કરવાની યાદી તેઓએ તે જ દીવસે કરેલી. ગુનો દાખલ થયા બાદ તુરંત જ તપાસના હુકમની યાદી લઈને ગયેલા. એ બાબત સ્વીકારેલ છે કે, તપાસના હુકમમાં તપાસ કેટલા વાગે સોંપેલી તે સમય અને તારીખ લખેલી નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ ગુનો રજી. થવા સારુ જે ફરિયાદ સોંપવામાં આવેલી તેનો તેઓએ અભ્યાસ કરેલો અને તે બાદ તેઓએ ગુનો રજી. કરેલો. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ ગુનો રજી. કરેલ તે સમયે વાળા સાહેબ હાજર હતા. તેઓને સ્ટેશન ડાયરીની એન્ટ્રી નંબર–૧૬ બતાવવામાં આવે છે, જેમાં ડ્રગ્સનું વજન ૯૧.૮૦૦ મીલીગ્રામ લખવામાં આવેલ છે. એ બાબત સ્વીકારેલ છે કે, ફરિયાદમાં એવી હકીકત લખેલી છે કે, '' *માઢીયા ગામ પસાર કરી રોંગ સાઈડ પુલ ઉપર વોચમાં રહેલ.*'' એ બાબત સ્વીકારેલ છે કે, તપાસના હુકમમાં ગુનો બન્યાનુ સ્થળ '' *સનેશ નારી રોડ વેગડ નદિના પુલ ઉપર* '' તેવુ લખવામાં આવેલ છે. તેમની પાસે મુ.મા. આશરે પંદરથી વીસ મીનીટ જેટલા સમય સુધી રહેલો. એ જરુરી નથી કે મુ.મા. સોંપ્યાની યાદીમાં રાઈટર હેડની સહી લેવામાં આવે. એ બાબત સ્વીકારેલ છે કે, જે કઈ મુ.મા. રાઈટર હેડને સોંપવામાં આવે તેની એન્ટ્રી રજીસ્ટરમાં કરવામાં આવે છે. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ આવો કોઈ રજીસ્ટરનો ઉતારો તપાસના હુકમની સાથે મોકલી આપેલો નહી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ મુ.મા.ને તપાસના હુકમની સાથે મોકલી આપેલો નહી. એ બાબત સ્વીકારેલ છે કે, આ મુ.મા. રાઈટર હેડે કઈ તારીખે, કેટલા વાગે અને કોની હાજરીમાં અને કોને સોંપેલો તેની તેઓને અંગત જાત માહીતી નથી. એ બાબત સ્વીકારેલ છે કે, રાઈટર હેડે તેમની રુબરુમાં સ્ટેશન ડાયરીમાં મુ.મા. બાબતે કોઈ નોંધ કરાવેલી નહી.

**<u>તપાસ કરનાર અધિકારીનો પુરાવો :–</u>**

(૨૫) વધુમાં, આ કામે **<u>ફરિયાદપક્ષ તર્ફે આંક–૧૦૪ થી તપાસ કરનાર અમલદાર રાહુલ અભેસીંગ વાઢેર (પી.એસ.આઈ., એલ.સી.બી., ભાવનગર)ને સોગંદ ઉપર</u>** તપાસવામાં આવેલ છે. તેઓએ તેની સરતપાસમાં જણાવેલ છે કે,''ગઈ તા.૧૦/૩/૨૦૨૪ના રોજ અમો એલ.સી.બી. ખાતે પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે વેળાવદર ભાલ પોલીસ સ્ટેશન પાર્ટ–બી, ગુના રજી. નંબર–૦૦૪૨/૨૦૨૪, એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૨(સી), ૨૯ મુજબના ગુનાની તપાસ અમારા તરફ ડેપ્યુટ કરવામાં આવેલી, જે તપાસનો હુકમ આ કામે આંક–૯૩ થી રજુ છે તે જ છે, જેના આધારે મને ફરિયાદ સાથેના પેપર્સ મળેલા અને મે આગળની તપાસ શરુ કરેલી. સૌ પ્રથમ મે વલ્લભીપુરના જયુડી. મેજી. સાહેબ સમક્ષ એફ.આઈ.આર.માં મીલીગ્રામ શબ્દ શરતચુકથી લખાયેલ હોય તેના સ્થાને ગ્ર ામ શબ્દનો સુધારો કરવા અરજી આપેલી, જેની સ્થળપ્રત આ કામે માર્ક–૧૩/૧૪થી રજુ છે તે છે, જેમા મારી સહી છે, જે રજુ **<u>આંક–૧૦૫</u>** આપવામાં આવે છે. તે બાદ મે સદરહુ માદક પદાર્થનું સેમ્પલીંગ કરવાની યાદી કરવા વલ્લભીપુરના જયુડી. મેજી. સાહેબને યાદી કરેલી, જેની સ્થળપ્રત આ કામે માર્ક–૧૩ /૧૫થી રજુ છે તે છે, જેમા મારી સહી છે, જે રજુ **<u>આંક–૧૦૬</u>** આપવામાં આવે છે. તપાસના કામે મે તમામ આરોપીઓને અટક કરી પંચો રુબરુ અટક પંચનામુ કરવામાં આવેલ, જે પંચોને વાંચી સંભળાવતા તે ખરુ અને બરાબર હોવાનુ જણાવતા તેમની સહીઓ લીધેલી અને રુબરુ તરીકે મે સહી કરેલી, જે આ કામે અનુક્રમે આંક–૫૫ અને ૬૨થી રજુ છે તે છે અને તેમની પાસેથી મુ.મા. કબજે લીધેલો. તે બાદ ભડભીડ ટોલપ્લાઝા પાસ ેથી સી.સી.ટી.વી.ની પેન ડ્રાઈવ તથા ગાડીની ફાસ્ટ ટેગની ડીટેઈલ સાહેદ સંજયસિંહ રજુ કરતાં હોય તે બે પંચો રુબરુ કબજે લીધેલી અને તે બાબતનું પંચનામુ કરવામાં આવેલ, જે પંચોને વાં ચી, સંભળાવતાં તે ખરુ અને બરાબર હોવાનું જણાવતાં તેમની સહીઓ લીધેલી અને રુબરુ તરીકે મે સહી કરેલી, જે આ કામે આંક–૬૦થી રજુ છે તે છે તથા મે સંજયસિંહ પાસેથી કલમ–૬૫(બી) મુજબનુ સર્ટી. મેળવી તપાસના કામે સામેલ રાખેલ, જે આ કામે આંક–૮૯ થી રજુ છે તે છે. આ દરમીયાન જયુડી. મેજી., વલ્લભીપુર સાહેબ તરફથી ઈન્વેન્ટરી રીપોર્ટ આવતા મે તપાસના કામે સામેલ રાખેલ, જે આ કામે માર્ક–૧૩/૨૦થી રજુ છે તે છે, જે રજુ **<u>આંક–૧૦૭</u>** આપવામાં આવે છે. તે બાદ સી.આર.પી.સી. કલમ–૫૮ મુજબ જીલ્લા મેજી.શ્રીને આરોપીઓ–મહેફુઝ અને તોહરાબની ધરપકડ કર્યાની મે જાણ કરેલી, જેની સ્થળપ્રત આ કામે માર્ક–૧૩/૩૬થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજું **<u>આંક–૧૦૮</u>** આપવામાં આવે છે. તે બાદ સી.આર.પી.સી. કલમ–૫૮ મુજબ જીલ્લા મેજી.શ્રીને આરોપીઓ–મોહમંદ રીઝવાનની ધરપકડ કર્યાની મે જાણ

કરેલી, જેની સ્થળપ્રત આ કામે માર્ક–૧૩/૩૭થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજું **આં ક–૧૦૯** આપવામાં આવે છે. સદરહું કામે મે ક્રાઈમ રાઈટર હેડ સનેશ પોલીસ સ્ટેશનને મુ.મા.નુ ઈન્વેન્ટરી વેરીફીકેશન કરવા તથા ફોટોગ્રાફી કરવાની હોય જેથી સીલબં ધ મુ.મા. સાથે નામ. કોર્ટમાં હાજર રહેવા યાદી કરેલી, જે આ કામે માર્ક–૧૩/૩૮થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજું **આંક–૧૧૦** આપવામાં આવે છે. તે બાદ મુ.મા. મેફેડ્રોન ડ્રગ્સનો ૩૦ ગ્ર ામ જથ્થો જેને માર્ક–એ/૨ આપવામાં આવેલ તેને એફ.એસ.એલ., ગાંધીનગરને સમયસર મોકલી આપવા માટે વેળાવદર ભાલ પોલીસ સ્ટેશનને યાદી કરેલી, જે યાદી આ કામે માર્ક–૧૩ /૩૯થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજું **આંક–૧૧૧** આપવામાં આવે છે.તે બાદ ગુનાના કામે કબજે કરેલ ફોર વ્હીલ ગાડીની ડીટેલ આપવા માટે મે આર.ટી.ઓ., ભાવનગરને યાદી કરેલી, જેની સ્થળપ્રત આ કામે માર્ક–૧૩/ ૪૦થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજું **આં ક–૧૧૨** આપવામાં આવે છે. તે બાદ આર.ટી.ઓ., ભાવનગર તરફથી સદરહું વાહનની ડીટેઈલ સહી–સીકકા સાથે મોકલવામાં આવેલી, જે તપાસના કામે મે સામેલ રાખેલ, જે અસલ આ કામે માર્ક–૧૩/૪૧થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજું **આંક –૧૧૩** આપવામાં આવે છે. આ કામે આરોપી તૌફીક અહેમદ મન્સુરીના બેંક એકાઉન્ટની ડીટેઈલ મેળવવા મે બેંક મેનેજર, એક્ષીસ બેંક, વાઘાવાડી રોડ, ભાવનગરને યાદી કરેલી, જે યાદી આ કામે માર્ક–૧ ૩/૪૨થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજું **આંક –૧૧૪** આપવામાં આવે છે. તે બાદ એક્ષીસ બેંક તરફથી ઈ–મેઈલ મારફતે સદરહુ માહિતી મળી આવતી નથી તેવુ જણાવેલ, જે આ કામે માર્ક–૧૩/૪૩થી રજુ છે તે છે, જે રજુ **આંક–૧૧૫** આપવામાં આવે છે. આ કામે આરોપી તૌફીક અહેમદ મન્સુરીના બેંક એકાઉન્ટની ડીટેલ મેળવવા મે બેંક મેનેજર, એચ.ડી.એફ.સી. બેંક, વાઘાવાડી રોડ, ભાવનગરને યાદી કરેલી, જે યાદી આ કામે માર્ક–૧૩/૪૪થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજું **આંક–૧૧૬** આપવામાં આવે છે. આ કામે આરોપી તૌફીક અહેમદ મન્સુરીના બેંક એકાઉન્ટની ડીટેલ મેળવવા મે બેંક મેનેજર, એસ.બી.આઈ. બેંક, વાઘાવાડી રોડ, ભાવનગરને યાદી કરેલી, જે યાદી આ કામે માર્ક–૧૩/૪૫થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજું **આંક–૧૧૭** આપવામાં આવે છે. આ કામે આરોપી તૌફીક અહેમદ મન્સુરીના બેંક એકાઉન્ટની ડીટેલ મેળવવા મે બેંક મેનેજર, એસ.બી.આઈ. બેંક, વાઘાવાડી રોડ, ભાવનગરને યાદી કરેલી, જે યાદી આ કામે માર્ક–૧ ૩/૪૬થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજું **આંક–૧૧૮** આપવામાં આવે છે. આ કામે આરોપી એઝાઝ ઉર્ફે બાદશાહ હનીફભાઈના બેંક એકાઉન્ટની ડીટેલ મેળવવા મે બેંક મેનેજર,

એસ.બી.આઈ. બેંક, વાઘાવાડી રોડ, ભાવનગરને યાદી કરેલી, જે યાદી આ કામે માર્ક–૧૩/૪૭થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજું **આંક–૧૧૯** આપવામાં આવે છે. તે બાદ એસ.બી.આઈ. બેંક તરફથી આરોપી એઝાઝનુ બેંક સ્ટેટમેન્ટ અમોને મોકલતા તપાસના કામે સામેલ રાખેલ, જે કુલ પાના–૨૯ આ કામે માર્ક–૧૩/૪૮થી રજુ છે તે છે, જેને રજુ **આંક–૧૨૦** આપવામાં આવે છે. આ કામે આરોપી એઝાઝ ઉર્ફે બાદશાહ હનીફભાઈના બેંક એકાઉન્ટની ડીટેલ મેળવવા મે બેંક મેનેજર, એચ.ડી.એફ.સી. બેંક, વાઘાવાડી રોડ, ભાવનગરને યાદી કરેલી, જે યાદી આ કામે માર્ક–૧૩/૪૯થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજું **આંક–૧૨૧** આપવામાં આવે છે. આ કામે આરોપી અલ્ફાઝભાઈ સાદીકભાઈના બેંક એકાઉન્ટની ડીટેલ મેળવવા મે બેંક મેનેજર, એસ.બી.આઈ. બેંક, વાઘાવાડી રોડ, ભાવનગરને યાદી કરેલી, જે યાદી આ કામે માર્ક–૧૩/૫૦થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજું **આંક–૧૨૨** આપવામાં આવે છે. તે બાદ એસ.બી.આઈ. બેંક તરફથી આરોપી અલ્ફાઝનુ બેંક સ્ટેટમેન્ટ અમોને મોકલતા તપાસના કામે સામેલ રાખેલ, જે કુલ પાના–૧૮ આ કામે માર્ક–૧૩/૫૧થી રજુ છે તે છે, જેને રજુ **આંક–૧૨૩** આપવામાં આવે છે. આ કામે આરોપી હુસૈનભાઈ ઉર્ફે ટાઈગર અખ્તર કલીવાળાના બેંક એકાઉન્ટની ડીટેલ મેળવવા મે બેંક મેનેજર, આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, વાઘાવાડી રોડ, ભાવનગરને યાદી કરેલી, જે યાદી આ કામે માર્ક–૧૩/૫૨ થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજું **આંક–૧૨૪** આપવામાં આવે છે. મે મેનેજરશ્રી, ટોલ પ્લાઝા, ભડભીડ વાળાને સી.સી.ટી.વી. ફુટેજ તા.૮/૩/૨૪થી ૧૦/૩/૨૪ ના ફોર વ્હીલ નંબર–જીજે–૪–ઈજે–૨૪૬૨ ના મેળવવા યાદી કરેલી, જેની સ્થળપ્રત આ કામે માર્ક–૧૩/૫૩થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજું **આંક–૧૨૫** આપવામાં આવે છે. મે પી.આઈ, એસ.ઓ.જી. શાખા, ભાવનગરને તા.૧૦/૩/૨૪ના રોજ ૧૧:૦૫થી ૧૪:૧૦ દરમીયાન તેઓએ ઉપયોગમાં લીધેલ સરકારી વાહન બોલેરો જેનો રજી. નંબર–જીજે–૪–જીબી–૦૦૫૮ની લોગબુક મેળવવા યાદી કરેલી, જેની સ્થળપ્રત આ કામે માર્ક–૧૩/૫૪થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજું **આંક–૧૨૬** આપવામાં આવે છે. મે રાજયની બહાર તપાસ કરવા માટે જવા એસ.પી.શ્રીની મંજુરી લીધેલી તે મંજુરી તે સમયના એસ.પી.શ્રી–હર્ષદ પટેલ દવારા આપવામાં આવેલી, જેની અસલ મે તપાસના કામે સામેલ રાખેલી, જે આ કામે માર્ક–૧૩ /૬૪થી રજુ છે તે છે, જેમાં તે સમયના એસ.પી.–હર્ષદ પટેલની સહી છે, જે રજું **આંક–૧૨૭** આપવામાં આવે છે. મે મુંબઈ જઈ ત્યાના ડી.સી.પી.ને પાઈધુની પોલીસ સ્ટેશનમાંથી પોલીસની મદદ મેળવવા યાદી કરેલી, જેની સ્થળપ્રત આ કામે માર્ક–૧૩/૬૫ થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજુ

**આંક–૧૨૮** આપવામાં આવે છે. તે જ રીતે પી.આઈ.શ્રી, પાઈધુની પોલીસ સ્ટેશન, મુંબઈને પણ જરુરી પોલીસ મદદ મેળવવા વિનંતી રીપોર્ટ કરેલ, જેની સ્થળપ્રત આ કામે માર્ક–૧૩/૬૬ થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજું **આંક–૧૨૯** આપવામાં આવે છે. મે મુંબઈ ખાતે આરોપી તોહરાબ અને મહેકુઝને અટક કરવા માટે પાઈધુની પોલીસ સ્ટેશનની મદદ મેળવેલી અને આ બંનેને ત્યાં અટક કરી ભાવનગર લઈ જવા માટે તેમને સોંપવા યાદી કરેલી, જેની સ્થળપ્રત આ કામે માર્ક–૧૩/૬૯ થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજું **આંક–૧૩૦** આપવામાં આવે છે. મે ડોંગરી પોલીસ મુંબઈને આરોપી મોહંમદ રીઝવાનને ઘરપકડ કરવા માટે મદદ મેળવવા યાદી કરેલી, જે યાદીની સ્થળપ્રત આ કામે માર્ક–૧૩/૭૦થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજું **આંક–૧૩૧** આપવામાં આવે છે. મે મુંબઈ ખાતે આરોપી મોહંમદ રીઝવાનને અટક કરવા માટે ડોંગરી પોલીસ સ્ટેશનની મદદ મેળવેલી અને આ બંનેને ત્યાં અટક કરી ભાવનગર લઈ જવા માટે તેમને સોંપવા યાદી કરેલી, જેની સ્થળપ્રત આ કામે માર્ક–૧૩/૭૧થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજું **આંક–૧૩૨** આપવામાં આવે છે. સદરહું તપાસના કામે મને એલ.સી.બી. પોલીસ સ્ટેશનમાં બોલેરો કારની લોગબુક તપાસના કામે ખરી નકલ કરી ઝેરોક્ષ મોકલવામા આવેલી, જે મે તપાસના કામે સામેલ રાખેલી, મે મુંબઈ ખાતે આરોપી તોહરાબ અને મહેકુઝને અટક કરવા માટે પાઈધુની પોલીસ સ્ટેશનની મદદ મેળવેલી અને આ બંનેને ત્યાં અટક કરી ભાવનગર લઈ જવા માટે તેમને સોંપવા યાદી કરેલી, જેની સ્થળપ્રત આ કામે માર્ક–૧૩/૩૧થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે રજું **આંક–૧૩૩** આપવામાં આવે છે. પંચનામાની કાર્યવાહી દરમીયાન અનાર્મ પો.કો.–મહીપાલસિંહ ગોહિલે તેમના ફોનમાંથી કુલ–૯ ફોટોગ્રાફ લઈ તેની પ્રીંટ આપેલી તે સંબંધે ભારતિય પુરાવા અધિનીયમ કલમ–૬૫(બી) મુજબનુ સર્ટી. આપેલ, જે મે મુંબઈ ખાતે આરોપી તોહરાબ અને મહેકુઝને અટક કરવા માટે પાઈધુની પોલીસ સ્ટેશનની મદદ મેળવેલી અને આ બંનેને ત્યાં અટક કરી ભાવનગર લઈ જવા માટે તેમને સોંપવા યાદી કરેલી, જેની સ્થળપ્રત આ કામે માર્ક–૧૩/૩૦થી રજુ છે તે છે, જેમાં તેમની સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજું **આંક–૧૩૪** આપવામાં આવે છે. મે તપાસના કામે સાહેદ હુસૈનભાઈ શબ્બીરભાઈનુ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનુ નીવેદન લેવા વલ્લભીપુર કોર્ટને યાદી કરેલી, જેની સ્થળપ્રત આ કામે માર્ક–૧૩/૩૨ થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજું **આંક–૧૩૫** આપવામાં આવે છે. તે બાદ તપાસના કામે સદરહું નીવેદનની સીલબંધ કોપી મને મળતા મે તપાસના કામે સામેલ રાખેલી. તપાસના કામે મુ.મા. પરીક્ષણ માટે ડી.એફ.એસ., ગાંધીનગરને યાદી કરેલી, જે યાદી આ કામે માર્ક–૧

૩/૭૫થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજું **આંક–૧૩૬** આપવામાં આવે છે. આ યાદી સાથે મે રવાનગી પત્રક પણ મોકલેલ, જે આ કામે માર્ક–૧૩/૭૬ થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજું **આંક –૧૩૭** આપવામાં આવે છે. સદરહુ મુ.મા. ગાંધીનગર ડી.એફ.એસ.ને મળ્યા બદલની પહોંચ અમોને પાઠવેલી, જે આ કામે માર્ક–૧૩/૭૭થી રજુ છે તે છે, જે રજું **આંક–૧૩૮** આપવામાં આવે છે. ગાંધીનગર ડી.એફ.એસ. તરફથી મુ.મા. પરીક્ષણ સંબંધે ફોરવર્ડીંગ લેટર મોકલેલો, જે અસલ આ કામે માર્ક–૧૩/૭૮ થી રજુ છે તે છે, જે રજું **આંક–૧૩૯** આપવામાં આવે છે. તેની સાથે મુ.મા.નો પૃથ્થકરણ અહેવાલ મોકલેલ, જે આ કામે માર્ક–૧૩/૭૯ થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજું **આંક–૧૪૦** આપવામાં આવે છે. મે વેળાવદર ભાલ પોલીસ સ્ટેશનને જે પેનડ્રાઈવ તપાસના કામે કબજે લીધેલી તે ડી.એફ.એસ., ગાંધીનગરને મોકલવા યાદી કરેલી, જેની સ્થળપ્રત આ કામે માર્ક–૧૩/૮૦થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજું **આંક –૧૪૧** આપવામાં આવે છે. મે ડી.એફ. એસ., ગાંધીનગરને પેનડ્રાઈવ પૃથ્થકરણ માટે રવાનગી પત્રક સાથે મોકલેલ, જે આ કામે માર્ક–૧૩/૮૨થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજું **આંક –૧૪૨** આપવામાં આવે છે. સદરહુ મુ.મા. ગાંધીનગર ડી.એફ.એસ.ને મળ્યા બદલની પહોંચ અમોને પાઠવેલી, જે આ કામે માર્ક–૧૩/૮૩થી રજુ છે તે છે, જે રજું **આંક–૧૪૩** આપવામાં આવે છે. તપાસના કામે મે ડી.એફ.એસ., ગાંધીનગરને સદરહુ મુ.મા.નુ તાત્કાલીક પરીક્ષણ કરી અભીપ્રાય આપવા યાદી કરેલી, જેની સ્થળપ્રત આ કામે માર્ક–૧૩/૮૧થી રજુ છે તે છે, જેમાં મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજું **આંક –૧૪૪** આપવામાં આવે છે. તપાસના કામે ડી.એફ.એસ., ગાંધીનગર તરફથી મુ.મા.નુ પરીક્ષણ કરી તેની સાથે ફોરવર્ડીંગ લેટર મોકલવામાં આવેલ, જે અસલ આ કામે માર્ક–૯૬/૧થી રજુ છે તે છે, જેને રજુ **આંક–૧૪૫** આપવામાં આવે છે. તેની સાથે અસલ પૃથ્થકરણ અહેવાલ મોકલેલ, જે અસલ આ કામે માર્ક–૯૬/૨થી રજુ છે તે છે, જેને રજુ **આંક–૧૪૬** આપવામાં આવે છે. તેની સાથે ડી.એફ.એસ., ગાંધીનગરનું ભારતીય પુરાવા અધિનીયમનું કલમ–૬૫(બી)(૪)(સી) મુજબનું અસલ પ્રમાણપત્ર મોકલેલ, જે આ કામે માર્ક–૯૬/૩ થી રજુ છે તે છે, જે રજુ **આંક–૧૪૭** આપવામાં આવે છે, જેની સાથે એનેક્ષર–એ ફોરવ્હીલ ગાડીના ફોટા સાથેના કુલ પાના–૪ આ કામે માર્ક–૯૬/૪થી રજુ છે, જે રજુ **આંક–૧૪૮** આપવામાં આવે છે. મે અટક કરેલા ત્રણેય આરોપીઓ જો આજરોજ કોર્ટમાં હાજર હોય તો હું જોયે ઓળખી શકુ. મે કબજે લીધેલી પેનડ્રાઈવ મને બતાવવામા આવે તો હું ઓળખી શકુ. મને આંક–૮૮ વાળી

પેનડ્રાઈવ બતાવવામાં આવે છે, જે મે તપાસના કામે કબજે કરેલી તે જ છે. તપાસના કામે મે ચાર્જશીટમાં જણાવેલા સાહેદોના નીવેદનો તેમના લખાવ્યા મુજબના લીધેલા. સંપુર્ણ તપાસના અંતે આ સાતેય આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરવા સારુ પુરતો પુરાવો જણાઈ આવતાં મે ચાર્જશીટ કરેલી. ''

જયારે બચાવપક્ષ તરફે સદરહું સાહેદની લેવામાં આવેલ ઉલટતપાસમાં મુખ્યત્વે જોઈએ તો, તેઓએ ગુનાની તપાસ કલાક–૧૬:૦૦ આસપાસ સંભાળેલી. તેઓને સનેશ પોલીસ સ્ટેશને તપાસ મળેલી. તેઓને આંક–૧૩૩ વાળી લોગબુક બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે રેઈડ સમયના દિવસે સરકારી વાહન ૯૦ કી.મી. જેટલું અંદાજીત ચાલેલ છે. બનાવવાળી જગ્યાની તેઓને તપાસ મળ્યા બાદ તેઓએ મુલાકાત લીધેલી. એલ.સી.બી. કે એસ.ઓ.જી. ઓફીસેથી વાહન લઈને બનાવવાળી જગ્યાએ જતાં આશરે અડધાથી એક કલાકની વચ્ચેનો સમય થાય. તેઓ એ કહી શકુ નહી કે એલ.સી.બી. કે એસ.ઓ.જી. ઓફીસેથી બનાવવાળી જગ્યા આશરે કેટલા કી.મી. દુર આવેલી છે. તેઓને તપાસ મળેલી તે સમયે એલ.સી.બી. કે એસ.ઓ.જી. કચેરીએથી બનાવ સ્થળ કેટલુ દુર છે તે જણાવેલ નહી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે સનેશ પોલીસ સ્ટેશન તરફથી ભાવનગર તરફ આવતા આશરે ૩૦૦ મીટર દુર બનાવવાળી જગ્યા આવેલી છે. એ બાબત સ્વીકારેલ છે કે, રેઈડવાળી જગ્યાએથી નિરમા ચોકડી જતાં પેટ્રોલ પંપ તથા હોટલો આવે છે. પંચનામા તથા ફરિયાદ મુજબ સીલીંગની કામગીરી પોલીસ સ્ટેશને કરવામાં આવેલી અને સેમ્પલીંગની કાર્યવાહી એફ.એસ.એલ. અધિકારીની હાજરીમા બનાવ સ્થળે કરવામાં આવેલી. લોકલ એફ.એસ.એલ. રીપોર્ટ કયા આપવામાં આવેલ તે હાલ મને યાદ નથી. એ બાબત સ્વીકારેલ છે કે,પોલીસ સ્ટેશન સીવાય અન્ય કોઈ જગ્યાએ કોઈ વ્યકિત ફરિયાદ આપે તો તેમાં કેમ્પ–એટ લખવુ જોઈએ. એ બાબત સ્વીકારેલ છે કે, ફરિયાદીએ જે ફરિયાદ આપેલી છે તેમા નીચે કેમ્પ–એટ લખેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, પંચનામુ રેઈડ શરુ કરી ત્યારથી શરુ કરેલ અને સનેશ પોલીસ સ્ટેશને પુરુ કરવામાં આવેલ છે તેવુ પંચનામા પરથી જણાઈ આવે છે. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓને તપાસ મળેલી તેની સાથે કોઈ ફોટોગ્રાફી કે વિડીયોગ્રાફી તેઓને મળેલી નથી. એ બાબત સ્વીકારેલ છે કે, રેઈડ અંગેની કાર્યવાહી બાબતે સનેશ પોલીસ સ્ટેશનના કોઈ કર્મચારીનુ નીવેદન લીધેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, રેઈડ કાર્યવાહી સનેશ પોલીસ સ્ટેશનમાં થયેલી તે અંગેની કોઈ સ્ટેશન ડાયરીની નોંધ તેઓને તપાસના

કામે મેળવેલી નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ તેમની તપાસ દરમીયાન જી.એસ.ટી. વિભાગના કોઈ કર્મચારીનું ખુલાસા સંબંધી નિવેદન લીધેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તપાસ તેઓને સોંપાયેલી તે બાદ તેઓ રેડીંગ પાર્ટીના પંચોને મળેલો નથી કે તેમનો ખુલાસો મેળવેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓને તપાસ દરમીયાન જે જે ઠરાવો મળેલા તે તેઓએ વાંચેલા. એ બાબત સ્વીકારેલ છે કે, તે ઠરાવોમાં કેટલા વાગે લખવાનુ શરુ કરેલ અને કેટલા વાગે લખવાના પુરા કરેલ તે સમય તેમાં લખવામાં આવેલ નથી. તેઓને આંક–૪૫ વાળો ઠરાવ બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે, એ બાબત સ્વીકારેલ છે કે, તેમાં ''આરોપીઓ પોતાની જડતી અન્ય કોઈ ગેઝેટેડ અધીકારી કે મેજી.શ્રીની હાજરીમાં કરાવવા માંગે છે કે કેમ તથા આરોપીઓએ ના પાડેલી હોય'' તેવા કોઈ શબ્દો લખવામાં આવેલા નથી. તેઓને આંક–૮૧ વાળી પંચો ફાળવવાની યાદી બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે તેમાં તા.૧૦ જેવુ લાગે છે. આંક–૮૧ વાળી યાદી જોઈને કહુ છુ કે તેમા કેટલા વાગે યાદી કરેલી અને કેટલા વાગે યાદી મળેલ તે સમય નાંખવામાં આવેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, ફરિયાદમાં ૯૩.૨૦૦ મીલીગ્રામ તેવો ઉલ્લેખ કરવામાં આવેલ છે. એ બાબત સ્વીકારેલ છે કે, વાળા સાહેબે કે મકવાણા સાહેબે ફરિયાદમાં લખેલ ૯૩.૨૦૦ મીલીગ્રામ સંબંધે સુધારો કરવા કોઈ કાર્યવાહી કરેલી નથી. એ બાબત સ્વીકારેલ છે કે, ફરિયાદી તરફથી ફરિયાદમાં મીલીગ્રામ સંબંધે સુધારો કરાવવા માટે તેઓને કોઈ જાણ કરવામાં આવેલી નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ સુધારા બાબતે ફરિયાદી મકવાણા સાહેબનુ કોઈ વિશેષ નીવેદન લીધેલ નથી. તેઓને તપાસ મળ્યા બાદ તેઓએ પ્રથમ સનેશ પોલીસ સ્ટેશન ખાતે મુ.મા. જોયેલ, જે ક્રાઈમ રાઈટરની કસ્ટડીમાં હતો. તે ક્રાઈમ રાઈટરનું નામ હાલ તેઓને યાદ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, ક્રાઈમ રાઈટર પાસેથી મુ.મા. લેવાનો હોય તો લેનારની સહી કરવી પડે. મુ.મા. પ્રથમ વખત મે ૧૦'મી તારીખે જોયેલ, કેટલા વાગે જોયેલ તે હાલ યાદ નથી. મુ.મા. પૈકી કયા કયા મુ.મા.ને સીલીંગ કરવામાં આવેલ તે તેઓએ જોયેલ. તેઓએ એમ.ડી. ડ્રગ્સને સીલીંગ કરેલી હાલતમાં જોયેલ. એ બાબત સ્વીકારેલ છે કે, રેઈડ દરમીયાન જે મુ.મા. મળી આવે તેને સીલ કરવો જોઈએ. કયા મુ.મા.ને સીલીંગ કરવામાં આવેલ ના હતા તે હાલ કહી શકુ નહી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ સીલીંગ મુજબના મુ.મા. સંબંધે કોઈ અધિકારીનુ નીવેદન નોંધેલ નથી. તેઓએ ત્રણ આરોપીઓને અટક કર્યા તે પહેલાના ચાર આરોપીઓને વાળા સાહેબે અટક કરેલા. એ બાબત સ્વીકારેલ છે કે, વાળા સાહેબે આ ચાર આરોપીઓને અટક કરેલ તેવો કોઈ અહેવાલ તેઓને તપાસના કાગળો સાથે મળેલ નથી. વાળા સાહેબે કરેલ સી.આર.પી.સી. કલમ–૫૭

હેઠળનો કોઈ રીપોર્ટ તેઓને તપાસના કામે મળેલો નથી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓને તપાસના કામે વાળા સાહેબે એન.ડી.પી.એસ. એકટની કલમ–૫૭ મુજબનો ઠરાવ મળેલો નથી. તેઓ પંચનામુ તથા ફરિયાદ જોઈને કહુ છુ કે તેમા વાળા સાહેબે જે ચાર આરોપીઓને અટક કરેલા તે બાબતે તેના સંબંધીઓને અટકની જાણ કરેલી હોય તેવુ લખેલ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, પહેલા જે ચાર આરોપીઓ પકડાયેલા તે પૈકી કોઈના નામે ફોર વ્હીલ ગાડી ના હતી.

**રેઈડમાં સાથે રહેનાર સાહેદનો પુરાવો :–**

(૨૬) વધુમાં, આ કામે **ફરિયાદપક્ષ તર્ફે આંક–૧૫૧ થી સાહેદ મહિપાલસિંહ દિલુભા ગોહિલ (પોલીસ કોન્સ્ટેબલ, એસ.ઓ.જી.શાખા, ભાવનગર) ને સોગંદ ઉપર** તપાસવામાં આવેલ છે. તેઓએ તેની સરતપાસમાં જણાવેલ છે કે,''ગઈ તા.૧૦/૩/૨૦૨૪ના રોજ અમો એસ.ઓ.જી શાખામા પો.કો. તરીકે ફરજ બજાવતા હતા તે દરમીયાન પી.આઈ.શ્રી–એ.આર. વાળા સાહેબ, બાતમી મળેલી કે મુંબઈથી તૌફીક મન્સુરી, એઝાઝ ઉર્ફે બાદશાહ, હુસૈન ઉર્ફે ટાઈગર તથા અલ્ફાજ ગોરી આ ચારેય જણાઓ સફેદ બલેનો કાર નંબર –જીજે–૦૪–ઈજે–૨૪૬૨મા માદક પદાર્થ ડ્રગ્સ લઈને ભાવનગર આવે છે, તે મુજબની બાતમી મળતાં રેઈડ ગોઠવવાનુ આયોજન કરેલ. ત્યારબાદ પી.આઈ. સાહેબ દવારા સરકારી પંચોને બોલાવી પો.સ્ટે.ના માણસો, એ.એસ.આઈ.–મહાવીરસીંહ, હે.કો.– વીજયસીંહ, યોગેન્દ્રસીંહ, જયવીરસીંહ, મને, રાઘવેન્દ્રસીંહ અને ધર્મેન્દ્રસીંહનાઓને બોલાવી એકબીજાની ઓળખ આપી બાતમી હકીકતથી વાકેફ કરી સરકારશ્રીના ઠરાવને આધારે સરકારી પંચો તથા પોલીસની અરસ પરસ અંગ જડતી કરવામા આવેલી, જેમાં સરકારી પંચ તરીકે ચિરાગ મુકેશભાઈ જેઠવા, જેઓ જી.એસ.ટી. વિભાગમા નોકરી કરતા હતા તેમને બોલાવેલ તથા બીજા હીતેનભાઈ જાની કે જેઓ પણ જી.એસ.ટી. વિભાગમા નોકરી કરતા હોય તેમને બોલાવી અંગજડતી કરતા કરવાતા કોઈ વાંધા જનક વસ્તુ મળી આવેલ નહી અને પ્રાથમીક પંચનામુ એસ.ઓ.જી. શાખાની કચેરીમા કરવામા આવેલ જયાથી ઉપરોકત નામ લખાવેલા તમામ વ્યકતીઓ પંચો સાથે કીયા ગાડી નંબર –જીજે–૪–ઈઈ–૬૮૮૨માં પી.એસ.આઈ–મકવાણા સાહેબ, હુ, યોગેન્દ્રસીહ, અને રાઘવેન્દ્રસીંહ અને સરકારી બોલેરો ગાડી નંબર–જીજે–૪–જીબી–૦૦૫૮માં બાકીના પોલીસ સ્ટાફના તથા પંચો હતા. અમે કીયા ગાડીમા જે લોકો હતા તે લોકોને સનેશ ચોકડી પાસે વોચમાં પ્રથમ મોકલી આપવામા આવેલા. અમે સનેશ ચોકડીએ ઉભા રહેલા. બાદમાં જે બાતમી વાળી કાર હતી તે પસાર થતા મકવાણા સાહેબે પી.આઈ. સાહેબને ફોન કરેલો અને જણાવેલ કે સનેશ ચોકડીથી નારી ચોકડી

બાજુ બાતમી વાળી કાર આવે છે. પી.આઈ. સાહેબે સ્ટાફના માણસોને એલર્ટ કરી બાતમી વાળી કાર ત્યાં ઉભી રખાવેલી. પી.આઈ. સાહેબ પુછપરછ કરતા હતા તે દરમીયાન અમે ત્યાં પહોંચી ગયેલા. પી.આઈ. સાહેબ આરોપીઓને પુછતા હતા કે તમારે મારી પાસે અંગજડતી કરાવવી છે કે એકઝી. મેજી. સાહેબ સમક્ષ કરાવવી છે તો આરોપીઓએ ના પાડેલી અને જરુરી ઠરાવો બાબતે સમજ કરતા હોય આરોપી તૌફીક અહેમદ મન્સુરી, એઝાઝ હનીફભાઈ મન્સુરી, અલ્ફાઝ સાદીકભાઈ ગોરી, હુસૈન અખ્તરભાઈ કલીવાળાને એમ.ડી. ડ્રગ્સ લાવ્યા બાબતે પુછતા કારની ડાબી બાજુના ડેસ્ક બોર્ડના ખાનામા પ્લાસ્ટીકની થેલીમા આછા સફેદ કલરનો એમ.ડી. ડ્રગ્સ તૌફીકે કાઢી પી.આઈ. સાહેબને બતાવેલો. જેથી સ્થળ પરીક્ષણ માટે પી.આઈ. સાહેબે એફ.એસ.એલ. અધીકારીને બોલાવેલ અને હે.કો. જયરવીરસીંહને વજનકાંટા વાળાને બોલાવવા માટે મોકલેલા. આરોપીઓ પાસેથી ૩ મોબાઈલ ફોન, ચાર આધારકાર્ડ, આર.સી. બુક, બલેનો કાર અને પ્લાસ્ટીકની ઝીપ વાળી થેલીઓ મળી આવેલી. બાદ એફ.એસ.એલ. અધીકારી આવતાં પ્લાસ્ટીકની થેલીમા રહેલ પદાર્થનુ નીરીક્ષણ કરતા તે એમ.ડી. ડ્રગ્સ હોવાનુ જણાવેલ. બાદમાં પી.આઈ. સાહેબની સુચનાથી સનેશ પોલીસ સ્ટેશન નજીકમાં હોય જેથી આરોપીઓને સરકારી ગાડીમાં બેસાડી આરોપીની કાર પી.આઈ. સાહેબની સુચનાથી ધર્મેન્દ્રસીંહે ચલાવી પોલીસ સ્ટેશને ગયેલા. બાદ એફ.એસ.એલ. અધીકારીની સુચના અને માર્ગદર્શન મુજબ વજનકાંટા વાળા ભાઈ શશીભાઈ જેન્તીભાઈ ધંધુકીયા વજન કરતા ચોખ્ખુ વજન ૯૧.૮૦૦ ગ્રામ, જેની કીંમત રુપીયા નવ લાખ અઢાર હજારની ગણી પ્લાસ્ટીકના ડબ્બામાં મુકી સીલ કરેલ. આ બાબતે પી.આઈ. બાબતની સુચનાથી મે ફોટોગ્રાફીનુ કામ કરેલ અને યોગેન્દ્રસીંહે સીલીંગનુ કામ કરેલ. બાદ એફ.એસ.એલ. અધીકારીએ નીરીક્ષણનુ પ્રમાણપત્ર અનુે વજનકાંટા વાળાએ વજન કર્યાનુ પ્રમાણપત્ર લખી આપેલ. આરોપીઓ પાસેથી મળેલ મુ.મા.નો સીઝર મેમો લખી આપેલો. આ બાબતની ફરિયાદ પી.એસ.આઈ.–સી.એચ. મકવાણા સાહેબે આપેલી. મે કરેલ ફોટોગ્રાફીના ફોટોસની પ્રીંટ કઢાવેલી. મે પાડેલા ફોટો બાબતે ભારતિય પુરાવા અધીનીયમની કલમ–૬૫(બી) મુજબનુ સર્ટી. આપેલ. મને આંક–૧૩૪ બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે તેમા મારી સહી છે. ''

જયારે બચાવપક્ષ તરફે સદરહું સાહેદની લેવામાં આવેલ ઉલટતપાસમાં મુખ્યત્વે જોઈએ તો, એ બાબત સ્વીકારેલ છે કે, પોલીસ અધીક્ષકશ્રીને જાણ કરતો પત્ર તેમની હાજરીમાં કરવામાં આવેલો. તે કેટલા વાગે કરવામાં આવેલો તે સમય તેઓને યાદ નથી. પોલીસ અધીક્ષકને આ યાદી

કોણ અને કેટલા વાગે આપીને આવેલ તેની તેઓને ખબર નથી. તેઓ બનાવવાળી જગ્યાએથી હાલની રેઈડ પહેલા ઘણી વાર પસાર થયેલ છું. તેઓને પોલીસ સ્ટેશને પી.આઈ. સાહેબને બાતમી મળેલી છે તે બાબતની જાણ થયેલી. પી.આઈ. સાહેબને બાતમી કેટલા વાગે મળેલી તેની જાણ પી.આઈ. સાહેબે અમને કરેલી નહી. તેઓને પી.આઈ. સાહેબે બાતમીની જાણ કયા સમયે કરેલી તે સમય હાલ યાદ નથી. એ બાબત સ્વીકારેલ છે કે, પી.આઈ. સાહેબને બાતમી કેટલા વાગે મળેલી અને પી.આઈ. સાહેબે શું શું કાર્યવાહી કરેલી તેની તેઓને જાણ નથી. સરકારી પંચને બોલાવવા માટેની યાદી કેટલા વાગે કરવામાં આવેલી તેની તેઓને ખબર નથી. સરકારી પંચો ચોકકસ કેટલા વાગે આવેલ તે સમય તેઓ કહી શકુ નહી. એ બાબત સ્વીકારેલ છે કે, સરકારી પંચ સાથે તેઓને કોઈ વાતચીત થયેલી નહી. એ બાબત સ્વીકારેલ છે કે, રેઈડની જે સાધન સામગ્રી છે તે કોણ લેવા ગયેલ તેની તેઓને ખબર નથી. પોલીસે તેમનું નિવેદન વીસમી તારીખે લીધેલ. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓ તા.૧૦/૩/૨૪ થી તા.૨૦/૩/૨૪ સુધી તેમની ફરજ ઉપર જ હતો. તેઓ ફોટોગ્રાફી તથા વિડીયોગ્રાફી કરેલી તે તપાસ કરનારને આપેલા. તેઓએ જે ફોટો પાડેલા તેને મોબાઈલમાથી પોલીસ સ્ટેશનના કોમ્પ્યુટરમાં લઈને પ્રીંટ કાઢેલ. તે સમયે કોમ્પ્યુટર ઓપરેટર કોણ હતુ તે તેઓને યાદ નથી. તેઓએ હાલ એસ.ઓ.જી., એલ.સી.બી. કે કોના કોમ્પ્યુટરમાં ફોટા કઢાવેલ તે યાદ નથી. તેઓને એ ખયાલ નથી કે જેના કોમ્પ્યુટરમાંથી ફોટા કઢાવેલા તેનુ કોઈ સર્ટી. મેળવેલ. તેઓએ કોઈ વિડીયોગ્રાફી કરેલી નથી. તેઓને હાલ એ યાદ નથી કે તેમની પાસે દસ દિવસ મોબાઈલમાં ફોટોસ રહેલ તે તેઓએ સામેથી ત.ક. અમલદારને આપવા ગયેલ કે કેમ. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ નવ કલર પ્રીંટ કયા કોમ્પ્યુટરમાંથી કરાવેલ છે તે બાબતનો કોઈ ખુલાસો તેમના નિવેદનમાં કરેલ નથી.એ બાબત સ્વીકારેલ છે કે, તેઓ અને મકાવાણા સાહેબ રેઈડ દરમીયાન સાથે હતા. તેઓ સાડા નવ પહેલા નીકળેલા, ચોકકસ સમય તેઓને યાદ નથી. ગાડી મકવાણા સાહેબ ચલાવતાં હતા. આ ગાડી કોની હતી તે તેઓને ખયાલ નથી. તેઓ અને મકવાણા સાહેબ સનેશ ચોકડી ઉભેલા હતા. એ બાબત સ્વીકારેલ છે કે, સનેશ ચોકડીથી નિરમા તરફ જઈ ભાવનગર આવવાનો માર્ગ આવેલ છે. એસ.ઓ.જી. ઓફીસથી સનેશ ચોકડી કેટલા વાગે પહોંચેલા તે સમય તેઓને યાદ નથી. પંદર વીસ કી.મી. જેવુ અંતર આવેલ છે. એ બાબત સ્વીકારેલ છે કે, સનેશ ચોકડીએ પેટ્રોલ પંપ તથા હોટેલો આવેલી છે. એ બાબત સ્વીકારેલ છે કે, ત્યાં માણસો તથા વાહનોની અવર–જવર રહે છે. તેઓને ચોકકસ એ સમયની ખબર નથી કે તેઓએ કેટલા સમય

ઉભા રહયા બાદ વાહન પસાર થયેલ. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ વાહન રોકવાની કોઈ કોશીષ કરેલી નહી. તેઓએ લોકો ગાડીમાં બેઠેલા હતા. તેઓ નારી ચોકડી તરફ આવતાં રોડ ઉપર ઉભેલા હતા. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ કે મકવાણા સાહેબે તેઓ ઉભેલા હતા ત્યારે કોઈપણ ગાડીની તલાશી લીધેલી નથી. બનાવના દીવસે તેઓ તથા મકવાણા સાહેબ ભડભીડ ટોલ પ્લાઝા ગયેલા હોય તેવુ બનેલ નથી. સનેશ ચોકડીથી વેગડ નદીનો પુલ આશરે કેટલો દુર આવેલ છે તે તેઓ કહી શકે નહી. એ વાતની તેઓને ખબર નથી કે તેમની હાજરીમાં કોઈપણ આરોપીને ગાડીમાંથી નીચે ઉતારેલા હોય તેવુ બનેલ નથી. તેઓને પી.આઈ. સાથે તેઓ પહોંચેલ તે પહેલા શું શું કાર્યવાહી કરવામાં આવેલી તે અંગેની વાત થયેલી નહી. એ બાબત સ્વીકારેલ છે કે, તેમની રુબરુમાં આરોપીઓની અંગજડતીમાથી કોઈ વસ્તુ કબજે કરેલી નહી. તેઓ પ્રથમ સ્થળે પહોંચેલ તે સમયે પી.આઈ. સાહેબ આરોપીઓને મેજી. રુબરુ તેમની અંગજડતી બાબતેની પુછપરછ કરી રહેલા હતા. તેઓને એ ખયાલ નથી કે પી.આઈ. સાહેબ આ પુછપરછ કરી રહેલા હતા તે સમયે આરોપીઓ ગાડીની અંદર હતા કે બહાર ઉભેલા હતા. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓ પહોંચ્યા તે બાદ આરોપીઓને લઈને પોલીસ સનેશ પોલીસ સ્ટેશને ગયેલી. વેગડ નદીના પુલ પાસે કેટલો સમય રોકાયેલા તે ચોકકસ સમય તેઓને યાદ નથી. એફ.એસ.એલ. અધીકારીએ અહેવાલ કયા આપેલ તે તેઓને ખયાલ નથી. એફ.એસ.એલ. અધીકારી તેઓ પહોંચ્યા બાદ અગીયાર વાગ્યા પછીના સમયે આવેલા. સનેશ પોલીસ સ્ટેશને તેઓ રેડીંગ પાર્ટીના અધીકારીઓ સાથે કેટલા વાગે ગયેલા તે સમય યાદ નથી. એ વાતનો તેઓને ખયાલ નથી કે વેગડ નદીના પુલ પાસે કોઈ સીલીંગ કે સેમ્પલીંગની કાર્યવાહી થયેલી નથી. તેઓને હાલ એ યાદ નથી કે સીલીંગ અને સેમ્પલીંગની તમામ કાર્યવાહી સનેશ પોલીસ સ્ટેશનમાં થયેલી. સનેશ પોલીસ સ્ટેશનમાં કેટલો સમય રોકાયેલા તે સમય તેઓને યાદ નથી. સનેશ પોલીસ સ્ટેશનમાં શું શું કાર્યવાહી કરેલી તે હાલ તેઓને યાદ નથી. અટક કરેલા આરોપીઓની તેમના સગા વ્હાલાને કેટલા વાગે જાણ કરેલી તે સમયની તેઓને ખબર નથી. વજનકાંટા વાળાએ કેટલા વાગે પ્રમાણપત્ર લખી આપેલ તે સમય તેઓને યાદ નથી. સીઝર મેમો કેટલા વાગે આપવામાં આવેલો તે સમય તેઓને ખયાલ નથી. કયા કયા ઠરાવો કેટલા વાગે કરવામાં આવેલ તે સમય તેઓને યાદ નથી. ફરિયાદ મકવાણા સાહેબે પોલીસ સ્ટેશનમાં આપેલી. એ બાબત સ્વીકારેલ છે કે, તેઓ ત્યારે તેમની સાથે હતો. તેઓ કેટલા વાગે ફરિયાદ કરવા ગયેલા તે સમય તેઓને યાદ નથી. સીલ કેટલા વાગે મારેલા તે તેઓને ખયાલ નથી. એ વાતની તેઓને ખબર નથી કે આઈફોન મોબાઈમા ફોટો કેટલા વાગે અને કયા સમયે પાડેલ

તે બતાવે.

**મુદ્દા નં.૧ તથા નં.૨ ની ચર્ચા તથા સમગ્ર કેસનું પુરાવાકીય મુલ્યાંકન :–**

**(૨૭)** સદરહું કામે ઉભયપક્ષકારોની રજુઆત, કાયદાના સિધ્ધાંતો તથા કાયદાની જોગવાઈઓને ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપી નં.૧ થી નં.૪ નાઓ મુંબઈ મુકામેથી કોઈ પણ પાસ પરમીટ વગર ગેરકાયદેસર નસીલા પદાર્થ મેફેડ્રોનનો જથ્થો આરોપી નં.૫ તથા નં.૬ પાસેથી ખરીદી કરી અને વેચાણ કરવાના ઈરાદે પોતાના કબજામાં રાખી તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ કલાક ૧૪:૧૦ વાગ્યે ભાવનગર અમદાવાદ હાઈ–વે વેગર નદીના પુલ પર જાહેર રોડ ઉપર તેઓના કબજામાં રહેલ વાહનમાંથી કુલ ૯૧.૭૦૦ ગ્રામ જેની કિ.૯,૧૮,૦૦૦/– તથા વજન કાંટો નંગ–૧, ૩ મોબાઈલ, ૪ આધારકાર્ડ, બલેનો કાર અને તેમાંથી પારદર્શન પ્લાસ્ટીકની ઝીપ વાળી કોથળીઓ નંગ–૩૦૬ સાથે મળી આવેલ અને આ નાર્કોટીકસ ડ્રગ્સ મેફેડ્રોન આરોપી નં.૧ થી નં.૪ નાએ આરોપી નં.૫ તથા નં.૬ પાસેથી વેચાણ અર્થે ખરીદ કરી રૂા.૩૫,૮૦૦/– મેળવેલ હોય તથા આરોપી નં. ૭ નાએ નાર્કોટીકસ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો રૂા.૯૦૦૦/– માં વેચાણ કરેલ હોય અને નાસ્તા ભાગતા આરોપીઓ જેને પકડવાના બાકી હોય તેઓએ આર્થિક લાભ સારું ગુનાહિત કૃત્ય કરી એકબીજાની મદદગારી કરેલ હોય તે અંગે આરોપીઓ વિરુધ્ધ આક્ષેપીત છે.

**(૨૭.૧)** જે સંબંધે પ્રથમ તો ફરીયાદપક્ષે આ કામે જે ડ્રગ્સ જે નાર્કોટીકસ ડ્રગ્સ મેફેડ્રોન પકડાયેલ છે તે કાયદા અન્વયે પ્રતિબંધીત હોવાનું અને આરોપીઓ પાસે કહેવાતો મુદ્દામાલ મેફેડ્રોન પકડાયેલ તે મેફેડ્રોન ડ્રગ્સ છે કે કેમ ? તે સાબિત કરવાનું રહે છે. જે સંબંધે આ કામે રેકર્ડ ઉપર આવેલ પંચ સાહેદ, ફરીયાદી તથા રેડીંગ અધિકારી તથા રેડીંગમાં સામેલ કર્મચારી તથા પોલીસ સાહેદના મૌખિક પુરાવાથી આરોપીઓ પાસેથી જે ડ્રગ્સ મળી આવેલ તેનું પ્રાથમિક પૃથ્થકરણ આંક–૭૦ થી અશ્વિનકુમાર હરીભાઈ ઈટાળીયાને બનાવ સ્થળે બોલાવવામાં આવેલ. આંક–૭૦ ના સાહેદ અશ્વિનકુમાર હરીભાઈના મૌખ્કિ પુરાવામાં સ્પષ્ટ જણાવેલ છે કે તા.૧ ૦/૦૩/૨૦૨૪ ના રોજ ૧૦:૨૫ વાગ્યે તેઓને રેડીંગ ઓફીસર શ્રી કે.આર.વાળા સાહેબને ટેલીફોન આવતા સનેસ–નારી રોડ ઉપર પરીક્ષણ માટે બોલાવવામાં આવેલ જેઓ ૧૧:૦૫ કલાક બનાવસ્થળે પહોંચેલ. જયાં એક સફેદ જેવા રંગની બલેનો કાર જેનો આર.ટી.ઓ. નં.જી.જે.૦૪ ઈ.જે.૨૪૬૨ હોય જે રોડની ડાબી બાજુ નારી તરફ મોઢે ઉભેલી હોય, જેના ડ્રાઈવર સીટની બાજુથી ડેશબોર્ડના ખાનામાંથી ફોલ્ડર વાળી એક લાલ બોર્ડર વાળી

ટ્રાન્સફર પ્લાસ્ટીક ઝીપ વાળી બેગમાં એક ઓફ વાઈટ જેવા રંગનો સ્ફીકટ વાળો પદાર્થ બતાવતા તેઓએ નાર્કોટીકસ અંગેની પ્રાથમિક કસોટી કરતા તેમાં સકારાત્મક હાજરી જણાયેલી અને તેને વધુ મેફેડ્રોન અંગેની પ્રાથમિક કસોટી કરતા તેની પણ સકારાત્મક હાજરી જણાયેલી. જેનું વજન કરતા ૯૩.૨૦૦ ગ્રામ પોલીથીન સાથેનું થયેલું. આમ, રેડ સમયે પ્રથમ જે ઓફવાઈટ કલરનો સ્ફટીક વાળો પદાર્થ જણાયેલો. તે એફ.એસ.એલ. અધિકારી એ સ્થળ પરીક્ષણ કરતા તે મેફેડ્રોન હોવાનું તેઓએ પ્રાથમિક તારણ આપેલ છે અને જે સંબંધે તેઓએ સ્થળ પરીક્ષણ અહેવાલ આંક-૭૧ વાળો તૈયાર કરી અને પોલીસને આપેલો. સદરહું એફ.એસ.એલ.અધિકારી ધ્વારા મુદ્દામાલને વિશેષ પૃથ્થકરણ માટે એફ.એસ.એલ. ગાંધીનગર તરફ વધુ પૃથ્થકરણ માટે નમુનો લઈ અને મોકલવામાં આવેલો. જે અંગેની યાદી તપાસ કરનાર અમલદાર વાઢેર ધ્વારા આંક-૧૩૬ થી મુદ્દામાલનું પૃથ્થકરણ કરી અભિપ્રાય સર્ટી આપવા માટેની લેખિત યાદી ડી.એફ.એસ. ગાંધીનગરને મોકલેલ છે. જે સંબંધે તેઓએ આંક-૧૩૭ વાળી રવાનગી યાદી તૈયાર કરીને મોકલેલી. જે પૃથ્થકરણ માટે મોકલવામાં આવેલ નમુનાઓ સીલ બંધ પેકેટ તા.૧ ૨/૦૩/૨૦૨૪ ના રોજ ડી.એફ.એસ. ગાંધીનગરના નાર્કોટીકસ વિભાગના મદદનીશ નિયામકને મળેલ હોય તેવી યાદી આંક-૧૩૮ થી રજુ કરેલ છે. આમ, આ તબકકે ફરીયાદપક્ષ જે નમુના ઓફવાઈટ કલરના જે પાઉડર મળી આવેલ તેને આંક-૭૦ ના સાહેદ રૂબરૂ જે પ્રાથમિક પૃથ્થકરણ કરવામાં આવેલ અને નમુના લેવામાં આવેલ તે સીલબંધ અવસ્થામાં ડી.એફ.એસ. ગાં ધીનગરમાં પહોંચેલ હોવાનું આંક-૧૩૮ ની યાદી જોતાં સ્પષ્ટ ફલિત થાય છે. આમ, આ કામે બચાવપક્ષની તમામ સાહેદોની સમગ્ર ઉલટતપાસ જોવામાં આવે તો જે નમુના લેવામાં આવેલા અને પૃથ્થકરણ માટે જે નમુના અલગ તારવવામાં આવેલા તે નમુના પરથી સીલીંગ કે તે નમુનાઓના સેમ્પલીંગ કે અન્ય કાર્યવાહી સંબંધે કોઈ શંકા ઉત્પન્ન થાય તેવી કોઈ હકીકત એકપણ સાહેદની ઉલટતપાસમાં જણાય આવતી નથી. વિશેષમાં આંક-૧૩૮ ના દસ્તાવેજથી જે નમુના રેડ દરમ્યાન લેવામાં આવેલ તે નમુના સીલબંધ અવસ્થામાં હોવાનું સ્પષ્ટ પુરવાર થાય છે. આમ, એફ.એસ.એલ. સમક્ષ સીલબંધ પહોંચેલ નમુનાઓ સંબંધે આંક-૧૩૯ થી પૃથ્થકરણ થયા બાદ નમુનાઓ લઈ જવા માટેની તપાસ કરનાર અમલદારને યાદી કરવામાં આવેલ છે. તે સં બંધે ડી.એફ.એસ. ગાંધીનગર ધ્વારા આસીસ્ટન્ટ ડાયરેકટર ડી.એફ.એસ. એ આંક-૧૪૦ થી જે નમુનાઓ તપાસ દરમ્યાન મોકલવામાં આવેલ તે સીલબંધ નમુનાનું પાર્સલ / સી.સી. નું પૃથ્થકરણ કરી અને તેના પર સીલ લગાવેલ હોય તેવું સ્પષ્ટ મુદ્દામાલના વર્ણનમાં જણાવેલ છે અને આંક-૧૪૦ માં પૃથ્થકરણનું પરીણામ આપવામાં આવેલ છે જેમાં ભૌતિક પરિક્ષણ કરતા

નમુનાને માર્ક–એ /૨ આપવામાં આવેલ છે જેનો દેખાવ એક ઓફવાઈટ રંગના પાઉડર સ્વરૂપનો દર્શાવેલ છે જેનું ચોખ્ખું વજન ૩૦ ગ્રામ જણાવવામાં આવેલ છે. ભૌતિક પરીક્ષણ બાદ તેનું રાસાયણીક ઉપકરણીય પૃથ્થકરણ કરતા તેમાં નીચે મુજબના પરિણામો જણાવેલ છે.

| **રાસાયણીક કસોટીઓ અને ઉપકરણીય પૃથ્થકરણ** | **નમુના માર્ક–એ/૨** |
|---|---|
| સીમોન્સ કસોટી | પોઝીટીવ |
| ચેન –કાઉ કસોટી | પોઝીટીવ |
| થીનલેયર ક્રોમેટો ગ્રાફી | પોઝીટીવ – કન્ટ્રોલ સાથે સામ્ય |
| યુ.વી.સ્પેકોટ્રોફોટોમેટ્રી. | પોઝીટીવ – કન્ટ્રોલ સાથે સામ્ય |
| જી.સી.એમ.એસ. | મેફેડ્રોનની હાજરી જોવા મળેલ હતી. |
| એફ.ટી.આઈ.આર. | પોઝીટીવ – કન્ટ્રોલ સાથે સામ્ય |
| કન્ટ્રોલ મેફેડ્રોન હાઈકલોરાઈડ | |
| | |
| **<u>અભિપ્રાય :–</u>** | નમુના માર્ક–એ/૨ ના પદાર્થમાં કેથેનોન વર્ગના મેફેડ્રોન હાઈકલોરાઈડ (4-menthyl methcathinone hydrochloride) ની હાજરી શોધાયેલ હતી મેફેડ્રોન હાઈકલોરાઈડ એ મેફેડ્રોનનું સોલ્ટ સ્વરૂપ છે જેનો સમાવેશ એન.ડી.પી.એસ. એકટમાં કરવામાં આવેલ છે. |

**(૨૭.૨)** આમ, ઉપરોકત હકીકત જે આંક–૧૪૦ ના પૃથ્થકરણ રીપોર્ટમાં આવેલ છે તે સંબંધે ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો, કલમ–૧(૨૩) માં માદક દ્રવ્યની વ્યાખ્યા કરવામાં આવેલ છે જે ધ્યાને લેવામાં આવે તો.

**<u>કલમ–૧(૨૩) '' માદક પદાર્થ''</u>**

'' માદક પદાર્થ'' એટલે ક અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ માદક પદાર્થની યાદીમાં સમાવિષ્ટ કરેલ કોઈ પદાર્થ, ન્યુટ્રલ અથવા સિન્થેટીક અથવા ન્યુટ્રલ પદાર્થ અથવા કોઈ ક્ષાર અથવા આવા

પદાર્થ અથવા વસ્તુની બનાવટ''

ઉપરોકત જોગવાઈમાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે જે અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ છે તે માદક પદાર્થની યાદીમાં કોઈ પદાર્થ કે વસ્તુની બનાવટ મળી આવે તો તે માદક પદાર્થ એન.ડી.પી.એસ. કાયદાની જોગવાઈ મુજબ ગણાશે. આથી, આ કામે કાયદામાં જે અનુસૂચિ તૈયાર કરવામાં આવેલ છે તેમાં સ્પષ્ટપણે મેફેડ્રોન જેમાં મેફેડ્રોન હાઈકલોરાઈડ જેમાં (4-menthyl methcathinone hydrochloride) નું તત્વ મળી આવેલ તે પ્રતિબંધીત પદાર્થ ગણી શકાય. આમ, આંક-૧૩૯ ના રીપોર્ટથી પોલીસને રેડ દરમ્યાન જે ઓફવાઈટ રંગનો પાઉડર મળી આવેલ તે મેફેડ્રોન હાઈકલોરાઈડ હોવાનું સ્પષ્ટ પુરવાર થાય છે. આથી, આ કામે ફરીયાદપક્ષ ધ્વારા બનાવ સ્થળેથી જે મુદ્દામાલ ઓફવાઈટ કલરનો પાઉડર મળી આવેલ તે એન.ડી.પી.એસ. એકટ અન્વયે કલમ-૧ (૨૩) માં જે વ્યાખ્યા કરવામાં આવેલ છે તે મુજબ માદક પદાર્થ હોવાનું પુરવાર કરવામાં સફળ થયેલ છે.

**(૨૭.૩)** જયારે ફરીયાદપક્ષ રેડ દરમ્યાન મળી આવેલ મુદ્દામાલ એક એન.ડી.પી.એસ.એકટ અન્વયે માદક પદાર્થ હોવાનું પુરવાર કરવામાં આવતું હોય ત્યારે તે પદાર્થ કયાંથી મળી આવેલ તે મહત્વનું બને છે. ફરીયાદપક્ષનો કેસ છે તે મુજબ આ કામે રેડીંગ અધિકારીઓ અમદાવાદ-ભાવનગર હાઈ-વે ઉપર રેડ માટે ઉભેલ હોવાનું અને રેડ સંબંધે વેગડ નદીના પુલ નજીક આરોપી નં.૧ થી નં.૪ ના કબજામાં રહેલ બલેનો કારમાંથી તેના ડેશબોર્ડમાંથી મુદ્દામાલ આરોપીઓએ કાઢી આપેલ હોવાનો ફરીયાદપક્ષનો કેસ છે. આમ, આ કામે બચાવપક્ષ ધ્વારા જે તકરાર ઉત્પન્ન કરવામાં આવેલ છે તે ધ્યાને લેવામાં આવે તો, બચાવપક્ષ ધ્વારા બનાવ સ્થળે એ જાહેર માર્ગ હોય, આથી જાહેર માર્ગ પર જો કોઈ રેડ કરી અને મુદ્દામાલ કબ્જે કરવામાં આવે તો, તે સંબંધે કલમ-૪૩ મુજબનો ઠરાવ કરવો પડે. જયારે આ કામે કલમ-૪૨ મુજબનો ઠરાવ કરવામાં આવેલ છે. જેથી રેડીંગ અધિકારી ધ્વારા જે કાર્યવાહી કરવામાં આવેલ તે દુષીત કાર્યવાહી છે અને કાયદાની જોગવાઈ મુજબ કરવામાં આવેલ નથી. પ્રથમ તો આ કામે ફરીયાદપક્ષનો કેસ જોવામાં આવે તો ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓના કબજામાં રહેલ વાહન માંથી મુદ્દામાલ મળી આવેલ છે. કોઈ પણ આરોપીઓના અંગત કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ નથી અને ચાલુ વાહનને ઉભું રાખી તેમાંથી મુદ્દામાલ મેળવવામાં આવેલ છે. આથી, આ તબકકે જયારે વાહનમાંથી મુદ્દામાલ મળી આવેલ હોય ત્યારે ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ-૧(૮) માં હેરફેરના સાધનની વ્યાખ્યા

કરવામાં આવેલ છે જે મુજબ

**<u>કલમ–૧(૮) ''હેરફેરનું સાધન''</u>**

''હેરફેરનું સાધન'' એટલે ગમે તે પ્રકારનું કોઈ પણ વર્ણનવાળું હેરફેરનું સાધન અને તેમાં કોઈ પણ વિમાન, વાહન અથવા વહાણનો સમાવેશ થાય છે.

ઉપરોકત જોગવાઈ મુજબ કોઈ પણ પ્રકારના વર્ણનવાળું હેરફેરનું સાધન તેમાં કોઈ પણ વિમાન, વાહન કે વાહણનો સમાવેશ થાય છે અને આ તબકકે વાહનમાં જયારે હેરફેર થઈ રહેલ હોય ત્યારે ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૧(૮)(બી) માં ગેરકાયદેસર હેરફેરની વ્યાખ્યા કરવામાં આવેલ છે જે મુજબ

**<u>કલમ–૧(૮)(બી) '' ગેરકાયદેસર હેરફેર''</u>**

''ગેરકાયદેસર હેરફેર'' કેફી ઔષધ અને મન:પ્રભાવી દ્રવ્યના સંબંધમાં ''ગેરકાયદેસર હેરફેર'' એટલે, ('ઈલ્લીસીટી ટ્રાફિક) કેફી ઔષધો અને માદક પદાર્થોના સંબંધમાં ગેરકાયદેસર હેરફેર એટલે કે.

આમ, જયારે વાહનમાંથી મુદ્દામાલ મળેલ હોય, તે સંજોગોમાં બચાવપક્ષની અન્ય એક તકરાર એ પણ છે કે, આ કામે રેડીંગ અધિકારી દ્વારા કાયદાની કલમ–૪૨ મુજબની કાર્યવાહી કરેલ નથી અને કલમ–૪૩ મુજબનો કોઈ ઠરાવ કરેલ નથી. બચાવપક્ષની દલીલ અનુસાર બનાવ સ્થળ જાહેર માર્ગ હોય, જાહેર સ્થળ હોય તેથી કલમ–૪૩ મુજબનો ઠરાવ કરવો પડે. આમ, જાહેર માર્ગમાં જયારે વાહન જઈ રહેલ હોય ત્યારે કલમ–૪૩ મુજબનો ઠરાવ કરવો આવશ્યક બનતો હોય પરંતુ તે કરેલ નથી. આ તબકકે કાયદાના સિધ્ધાંતો સંબંધે પ્રથમ ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૪૨ તથા કલમ–૪૩ ની જોગવાઈઓ ધ્યાને લેવી આવશ્યક છે.

**<u>કલમ–૪૨ સર્ચ સીઝર, વોરંટ અથવા અધિકારપત્ર સિવાય પ્રવેશ કરવાની, ઝડતી લેવાની, કબ્જે લેવાની અને ગિરફતાર કરવાતી સતા :–</u>**

(૧) કેન્દ્ર સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમ કરીને આ અર્થે અધિકૃત કર્યા પ્ર માણેના કેન્દ્રીય આબકારી, નાર્કોટિકસ, કસ્ટમ, રેવન્યુ ઈન્ટેલીજન્સ ખાતાના અથવા બીજા કોઈ ખાતાના (પટ્ટાવાળા, સિચાંઈ અથવા કોન્સ્ટેબલથી ઉપલા દરજજાના) કોઈ પણ અધિકારીને અથવા રાજય સરકારના સામાન્ય અથવા ખાસ હુકમથી આ અર્થે અધિકાર આપેલ

હોય તેવા રાજય સિપાઈ અથવા કોન્સ્ટેબલથી ઉપલા દરજજજાના કોઈ પણ અધિકારીને, પોતાની અંગત જાણ ઉપરથી અથવા કોઈ વ્યકિતએ આપેલી અને લખી લીધેલી માહિતી ઉપરથી એમ માનવાને કારણ હોય કે જેના સંબંધમાં પ્રકરણ–૪ હેઠળ શિક્ષાપાત્ર ગુન્હો કરવામાં આવેલ હોય એવા કોઈ કેફી ઔષધ અથવા માદક પદાર્થ અથવા આવો ગુન્હો કરવામનો પુરાવો પુરો પાડે તેવા કોઈ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ, કોઈ પણ મકાન, જલયાન અથવા વાડબંધ જગ્યામાં રાખવામાં અથવા છુપાવવામાં આવેલ છે, તો તે અધિકારી સુર્યાદય અને સુર્યાસ્ત વચ્ચે કોઈ પણ સમયે.

(એ) તેવા કોઈ મકાન, જલયાન અથવા સ્થળમાં પ્રવેશી ઝડતી લઈ શકશે.

(બી) સામાનો કરવામાં આવે તો, કોઈ બારણું તોડીને ખોલી શકશે અને એવા પ્રવેશમાં નડતો બીજો કોઈ અવરોધ દૂર કરી શકશે.

(સી) તેને એમ માનવાને કારણ હય કે આવું ઔષધ અથવા પદાર્થ અને તે બનાવવામાં ઉપયોગ કરેલ તમામ વસ્તુઓ અને બીજી કોઈ પણ ચીજવસ્તુઓ અને કોઈ પણ પશુ અથવા વાહન આ એકટ હેઠળ જપ્ત થવાને પાત્ર છે, તો તે આવા ઔષધ અથવા પદાર્થને લગતા પ્રકરણ–૪ હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુન્હો કરવાના પુરાવો પુરો પાડવાને માનવાને કારણ હોય તેવો કોઈ પણ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ કબ્જે લઈ શકશે.

(ડી) તેને એમ માનવાને કારણ હોય કે કોઈ વ્યકિતએ પ્રકરણ–૪ હેઠળ આવા ઔષધ અથવા પદાર્થને લગતા શિક્ષાપાત્ર કોઈ ગુન્હો કર્યો છે તો તે વ્યકિતને અટકાવી, તેની ઝડતી લઈ શકશે અને પોતાને યોગ્ય લાગે તો તેને ગિરફતાર કરી શકશે.

**<u>કલમ–૪૩ સાર્વજનિક સ્થળોમાં કબ્જે રાખવાની અને ગિરફતાર કરવાની સતા :–</u>**

કલમ–૪ર માં જણાવેલકોઈ પણ ખાતાના કોઈ પણ અધિકારી –

(એ) તેને એમ માનવાને કારણ હોય કે કોઈ કેફી ઔષણ અથવા માદક પદાર્થ સંબંધમાં પ્ર કરણ –૪–એ હેઠળ શિક્ષાને પાત્ર ગુન્હો કરવામાં આવ્યો છે તે કેફી ઔષધ અથવા માદક પદાર્થ અને આવા ઔષધ અથવા પદાર્થ સાથે કોઈ પશુ અથવા વાહન અથવા ચીજવસ્તુ આ એકટ હેઠળ જપ્ત કરવાને પાત્ર છે અને તેને એમ માનવાને કારણ હોય કે આવા ઔષધ અથવા પદાર્થને લગતા પ્રકરણ હેઠળ શિક્ષાપાત્ર ગુન્હો થવાનો પુરાવો પુરો પાડે તેવા કોઈ દસ્તાવેજ જપ્ત કરી શકશે.

(બી) તેને એમ માનવાને કારણ હોય કે કોઈ વ્યકિતએ પ્રકરણ–૪ હેઠળ શિક્ષાપાત્ર ગુન્હો કર્યો છે તો તે વ્યકિતને અટકાવીને તેની ઝડતી લઈ શકશે અને જો આવી વ્યકિત પાસે કોઈ કેફી ઔષધ અથવા માદક પદાર્થનો કબજો હોય અને આવા કબજો કાયદા વિરુધ્ધ હોવાનું પોતાને જણાય તો, તેને અને સામેની બીજી વ્યકિતને ગિરફતાર કરી શકશે.

**સ્પષ્ટીકરણ :–** આ કલમના હેતુઓ માટે ''સાર્વજનિક સ્થળ'' એ શબ્દ પ્રયોગમાં સાર્વજનિક વાહન, હોટલ, દુકાન અથવા બીજા સ્થળ કે જેનો સાર્વજનિક ઉપયોગ અથવા પ્રવેશનો ઈરાદો હોય તેનો સમાવેશ થાય છે.

ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૪ર અને કલમ–૪૩ ના જે તફાવત છે તે સંબંધે બચાવપક્ષ ધ્વારા **બુટાસિંઘ અને અન્ય વિરુધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા, ર૦ર૧ એસ.સી.સી.ઓનલાઈન (એસ.સી.) પાના નં.૩ર૪** ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. જે સંબંધે આ તબકકે સદરહું ચુકાદાના પેરા નં.૧૪ તથા પેરા નં.૧૫ ની હકીકતોને ધ્યાને લેવામાં આવે તો,

**14.** Furthermore, in the case in hand, the accused were present in a jeep on a public path and in such circumstance, the provisions of Section 43 and not of 42 of the Act come into play. As per explanation to Section 43 of the Act, the public place includes a conveyance also. Section 43 of the Act contemplates a seizure made in a public place or in transit. As such, Section 42 of the Act is not applicable to the facts of the present case …"

**15.** The evidence in the present case clearly shows that the vehicle was not a public conveyance but was a vehicle belonging to accused Gurdeep Singh . The Registration Certificate of the vehicle, which has been placed on record also does not indicate it to be a Public Transport Vehicle. The explanation to Section 43 shows that a private vehicle would not come within the expression "public place" as explained in Section 43 of the NDPS Act. On the strength of the decision of this Court in Jagraj Singh alias Hansa (2016) 11 SCC 687, the relevant provision would not be Section 43 of the NDPS Act but the case would come under Section 42 of the NDPS Act.

આમ, ઉપરોકત ચુકાદામાં જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે, તેમાં સદરહું કેસની હકીકત અનુસાર જયારે કોઈ પણ વાહન પબ્લીક ટ્રાન્સપોર્ટ ન હોય ત્યારે કલમ–૪ર મુજબનો ઠરાવ કરવો

પડે અને જયારે પબ્લીક ટ્રાન્સપોર્ટનું વાહન હોય ત્યારે એટલે કે ખાનગી વાહન ન હોય ત્યારે કલમ–૪૩ મુજબનો ઠરાવ કરવો પડે. કલમ–૪૩ માં સ્પષ્ટપણે સ્પષ્ટીકરણમાં જણાવેલ છે કે, આ કલમના હેતુમાટે સાર્વજનિક સ્થળ એ શબ્દ પ્રયોગ **સાર્વજનિક વાહન,** હોટલ, દુકાન અથવા બીજા સ્થળે કે જેનો સાર્વજનિક ઉપયોગ અથવા પ્રવેશનો ઈરાદો હોય તેનો સમાવેશ થાય છે. આમ, કલમ–૪૩ માં વાહન સંબંધે સ્પષ્ટ રીતે સ્પષ્ટતા કરેલ છે કે, કલમ–૪૩ મુજબ સાર્વજનિક વાહન હોય તો જ કલમ–૪૩ મુજબનો ઠરાવ થઈ શકે. આમ, હાલના કેસમાં જે વાહન સંડોવાયેલ છે તે વાહન સાર્વજનિક વાહન હતું કે ખાનગી વાહન હતું તે ધ્યાને લેવુ આવશ્યક છે. જયારે આ કામે તપાસ કરનાર અમલદારે ગુન્હામાં સંડોવાયેલ વાહનની આર.સી.બુક આંક–૧૧૩ થી તેઓની સરતપાસમાં રજુ કરેલ છે. જે આર.ટી.ઓ. રજીસ્ટર્ડ વાહન બલેનોની માલિકી હુસેનભાઈ શબ્બીરભાઈ માલવીની હોવાનું અને સદરહું વાહન ઓનર ટાઈપ : ઈન્ડીવીજયુલ એટલે કે ખાનગી વાહન હોવાનું ફલીત થાય છે. ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલ રેડીંગ અધિકારી તથા રેડીંગ સ્ટાફના માણસો તેમજ સાહેદોના મૌખિક પુરાવાથી આ કામે બનાવ સ્થળે વાહન નં. જી.જે.૦૪ ઈ.જે.૨૪૬૨ બનાવ સ્થળેની મળી આવેલ હોવાનું સ્પષ્ટ જણાવેલ છે. તેમજ બચાવપક્ષ ધ્વારા પણ બનાવ સ્થળે ગુન્હામાં સંડોવાયેલ વાહન હાજર નહી હોવા અંગે કોઈ બચાવ કોઈ તકરાર લેવામાં આવેલ નથી. જેથી આ કામે આંક–૧૧૩ વાળા આર.સી.બુક સંબંધે પણ બચાવપક્ષ ધ્વારા કોઈ તકરાર લેવામાં આવેલ ન હોય, તે સંજોગોમાં ગુન્હામાં સંડોવાયેલ વાહનની માહિતી તપાસ કરનાર અમલદારે આંક–૧૧૨ વાળી યાદીથી આર.ટી.ઓ. કચેરી, ભાવનગર પાસે માંગણી કરેલ હોય અને ગુન્હામાં સંડોવાયેલ બલેનો કાર નં .જી.જે.૦૪ ઈ.જે.૨૪૬૨ એ ભાવનગર આર.ટી.ઓ. કચેરીમાં નોંધાયેલ હોય તથા તે ખાનગી માલિકીની કાર હોવાની માહિતી આવેલ હોય જે આંક–૧૧૩ થી રજુ હોય તે સંજોગોમાં આ કામે કલમ–૪૩ ની સ્પષ્ટીકરણમાં જે હકીકત જણાવેલ છે તે મુજબ સાર્વજનિક સ્થળેથી કબ્જે કરવાની અને ગિરફતાર કરવાની સતા સંબંધે સાર્વજનિક સ્થળ એટલે કે સાર્વજનિક વાહન હોવાનું ઠરાવેલ હોય અને હાલના કેસની હકીકતો જોતાં આ કામે વાહન જયારે સાર્વજનિક હોય તેવું ફલિત થતું ન હોય તથા વાહન ખાનગી માલિકીની હોવાનું આંક–૧૧૩ ના પુરાવાથી પુરવાર થતું હોય તે સંજોગોમાં આ કામે ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૪૩ મુજબનો તપાસ કરનાર અમલદારે ઠરાવ કરવો પડે તે બચાવપક્ષની તકરાર કાયદા મુજબ ટકવાપાત્ર નથી.

**(૨૭.૪)** આ કામે બચાવપક્ષ ધ્વારા ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૪૨ મુજબની કાર્યવાહી કરેલ ન હોય અને કલમ–૪૨ ની જોગવાઈઓની પાલન કરેલ ન હોય તેવી તકરાર લીધેલ છે પરંતુ કલમ–૪૨ ની જોગવાઈઓ સંબંધે કાયદાના પ્રાવધાનને જોતાં તેમાં સ્પષ્ટપણે કોઈ પણ વાહનમાં પ્રવેશ કરવા માટે કોઈ પણ અધિકારી જેને રાજય સરકાર ધ્વારા નિયુકત કરવામાં આવેલ હોય જે પટ્ટાવાળા સિંચાઈ તથા કોસ્ટેબલની ઉપરના દરજજાના હોય તે પ્રવેશી શકશે. આમ, આ કામે કાયદાની જોગવાઈ જોતાં સબ ઈન્સ્પેકટર કરતા નીચેના દરજજાના વ્યકિતને આવી કોઈ રેડ કરવાનો અધિકાર પ્રાપ્ત થતો ન હોય, આ કામે આંક–૪૨ નો ઠરાવ જે આંક–૪૪ થી રજુ કરવામાં આવેલ છે, તેમાં કારની તથા કારમાં સવાર ચારેય જણાની અંગઝડતી કરવા માટેનો ઠરાવ કરવામાં આવેલ છે. આમ, આંક–૪૪ જોતાં કલમ–૪૨ મુજબનો ઠરાવ એ પોલીસ ઈન્સ્પેકટર એસ.ઓ.જી. શાખા, ભાવનગરના એ.આર.વાળા ધ્વારા કરવામાં આવેલ હોય અને પોલીસ ઈન્સ્પેકટની નિયુકતી રાજય સરકાર ધ્વારા ગેઝેટમાં પ્રસિધ્ધી કરી તેઓની નિયુકતી કરવામાં આવેલ હોય, તે સંજોગોમાં આંક–૪૪ વાળો કલમ–૪૨ નો ઠરાવ ગેઝેટેડ અધિકારી અને પોલીસ ઈન્સ્પેકટનો હોદો ધરાવતા રાજય સરકાર ધ્વારા નિયુકત કરવામાં આવેલ વ્યકિત ધ્વારા કરવામાં આવેલ હોવાનું પુરવાર થાય છે. આથી, કલમ–૪૨ મુજબના ઠરાવની કાર્યવાહી થયેલ નહી હોવાની તકરાર પણ ગ્રાહય રાખવાપાત્ર જણાતી નથી.

**(૨૭.૫)** ઉપરોકત રજૂઆતોનો નિર્ણય કરવા માટે ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની **કલમ–૪૧ અને કલમ–૪૨** ધ્યાનમાં લેવી જરૂરી છે. સદર કાયદાની **કલમ ૪૧** ધ્યાનમાં લેતા તે કલમ હેઠળ નીચે મુજબના ત્રણ કક્ષાના અધિકારીઓ સર્ચ અને સીઝરના અધિકારો ભોગવી શકે છે.

(૧) મેટ્રો મેજીસ્ટ્રેટ અથવા ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ તથા સેકન્ડ કલાસ મેજીસ્ટ્રેટનાએ જે અધિકારીને વોરન્ટ આપેલ હોય તે અધિકારી. આવા અધિકારી મેજીસ્ટ્રેટના વોરન્ટમાં જણાવેલ મર્યાદા અને શરતો પ્રમાણે આરોપીને અટક કરી શકે, અથવા તો કોઈ ઘર, વાહન કે વ્યકિતની ઝડતી તપાસ રાત્રીના કે દિવસ દરમ્યાન કરી શકે.

(૨) એન.ડી.પી.એસ.એકટની કલમ–૪૧(૨) માં નિર્દીષ્ઠ કરેલ કેન્દ્ર સરકાર અથવા રાજય સરકારના ખાતાઓના રાજયપત્રીત કક્ષાના અધિકારીઓ સર્ચ અને સીઝર કરી શકે છે. આવા રાજય પત્રીત કક્ષાના અધિકારીઓને પોતાના અંગત જ્ઞાન કે પોતાને કોઈ વ્યકિતએ આપેલ

બાતમી અને લખી લીધેલ બાતમીના આધારે એવું માનવાને કારણ હોય કે, એન.ડી.પી.એસ. એકટના પ્રકરણ–૪ મુજબનો ગુન્હો બને છે, તો તેવા રાજયપત્રીત કક્ષાના અધિકારીને તેવી વ્યકિતને અટક કરવાના, મકાન, જગ્યા કે વાહનની ઝડતી કરવાના અધિકારો આપવામાં આવેલ છે. આવા રાજયપત્રીત કક્ષાના અધિકારી ઉપર એવો કોઈ પ્રતિબંધ મુકવામાં આવેલ નથી કે, આવા રાજય પત્રીત અધિકારીએ માત્ર દિવસ દરમ્યાન કે રાત્રી દરમ્યાન સર્ચ અને સીઝર કરવી એટલે કે આવા રાજય પત્રીત અધિકારી રાત્રે કે દિવસે કોઈપણ સમયે કોઈપણ વ્યકિતને અટક કરી શકે, કે કોઈ ઘર, કોઈ જગ્યા કે કોઈ વાહનની સર્ચ કરી શકે. આવા રાજયપત્રીત અધિકારી જાતે સર્ચ, સીઝર કરી શકે અથવા તો પોતાના અધિકારો પોતાના તાબાના કર્મચારીને ડેલીગેટ કરી શકે. આવા અધિકારો જે વ્યકિતને ડેલીગેટ કરવામાં આવે તે વ્યકિત પ્યુન, સીપોઈ કે કોન્સ્ટેબલથી ઉપરના દરજજાની વ્યકિત હોવી જોઈએ. આવા ડેલીગેટેડ અધિકારો સંપૂર્ણ હોતા નથી એટલે કે તે પોતાના અધિકારો પોતાના નીચલા કર્મચારીને માત્ર દિવસે કે રાત્રે વાપરવા પુરતા ડેલીગેટ કરી શકે.

(૩) ગેઝેટેડ કક્ષાના અમલદારે જે અધિકારીને અધિકારો ડેલીગેટ કર્યા હોય, તે અધિકારી પણ કલમ–૪૧ હેઠળ સર્ચ, સીઝર અને એરેસ્ટના મર્યાદીત અધિકારો વાપરી શકે છે.

**(૨૭.૬)** સદરહું કામે ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૪૧ અને કલમ–૪૨ નું વિશ્લેષણ કરતા એવું સ્પષ્ટ થાય છે કે કલમ–૪૧ હેઠળ ગેઝેટેડ અમલદારને વિસ્તૃત રીતે સત્તાઓ આપવામાં આવેલ છે જયારે કલમ–૪૨ અધિકારીઓને મર્યાદીત સત્તાઓ મળી છે. કલમ–૪૧ હેઠળના ગેઝેટેડ અમલદારોને કોઈપણ સમયે, કોઈપણ જગ્યાએ સર્ચ, સીઝર અને એરેસ્ટ કરવાના વિસ્તૃત અધિકારો આપવામાં આવેલ છે. આવા અધિકારો રાત્રીના સમયે કે દિવસના સમયે તેઓ ભોગવી શકે છે અને રાત્રીના સમયે આવા અધિકારો ભોગવતા પહેલા તેમણે કોઈ મકાન કે વાહન કે જગ્યાનું રાત્રી દરમ્યાન ઝડતી, તપાસ કરતા પહેલા વોરન્ટ મેળવવાની જરૂર નથી અને વોરન્ટ મેળવ્યા વગર શા માટે ઝડતી કરવામાં આવેલ છે તેના કારણોની કોઈ નોંધ કરવાની પણ જરૂરીયાત નથી અને તેવા કારણોની નકલ પોતાના ઉપરી અધિકારીને મોકલવાની પણ આવશ્યતા નથી. ત્યારે ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૪૨ હેઠળ જે નોન ગેઝેટેડ અધિકારીઓને આપવામાં આવેલ અધિકારો તેઓ દિવસ દરમ્યાન વાપરી શકે અને રાત્રીના સમયે આવા અધિકારો વાપરવાના હોય,

એટલે કે રાત્રીના સમયે કોઈ મકાન, વાહનની કે જગ્યાની ઝડતી તપાસ કરવાની હોય તો તેવી ઝડતી તપાસ કરતા પહેલા તેને આવી ઝડતી તપાસ વોરન્ટ વગર શા માટે કરવાની જરૂરીયાત ઉભી થયેલી છે તેના લેખીત કારણો લખવા ફરજીયાત છે અને તેવા લેખીત કારણોની એક નકલ પોતાના ઉપરી અધિકારીને મોકલી આપવાની ફરજીયાત છે. આ સંબંધે નામદાર ઉચ્ચ તથા સર્વોચ્ચ અદાલતે જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે ધ્યાને લેવામાં આવે તો,

**Kamlesh Parmanand Gangwar V/s State of Gujarat, reported in 1999 (3) G.L.R 2119,** ના ચુકાદામાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે,

Requirement of Sec. 42(2) would be necessary to be met with only where, the officer making the entry, search, seizure or arrest is an officer falling under Sec. 42(1) of N.D.P.S. Act. But where an officer falling under the category of Sec. 41(2) of the N.D.P.S. Act carries out such entry, search, seizure or arrest, requirement of Sec. 42(2) would not be necessary to be met with.

તેમજ **Harun @ Rashid Khamisha Thaim V/s State of Gujarat, reported in 2003 (1) G.C.D 277,** ના ચુકાદામાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે,

Where raid to the premises of accused was carried out under Sec.41(2) and the Police Inspector being a Gazetted Officer was empowered to carry out the entire search, seizure and arrest by day or night either by himself or by authorised an officer, Sec.41 being duly complied with the conviction of accused under Sec.20 was proper.

તેમજ **Abdul Salam Yusuf Sheikh V/s State of Gujarat, reported in 2003 (2) G.L.R 1643 = 2003 (3) G.L.H 88 (DB),** ના ચુકાદામાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે,

(B) Narcotic Drugs and Psychotropic Substances Act, 1985 (LXI of 1985) - Secs. 41(2) and 42(1) - Requirement to send copy of information to superior officer - Requirement is applicable only to empowered officers mentioned in Sec. 42(1) - Officers of Gazetted rank specified in Sec. 41(2) are not required to send copy of information to superior officer.

On making examination of Sec. 42(2) of the said Act, it is true that it is applicable to those officers who are referred to in Sec. 42(1) of the said Act. There is nothing analogous in the provision of sub-sec. (2) of Sec. 42 of the said

Act in Sec. 41 of the N.D.P.S. Act which is applicable to P. I. in Narcotic Cell, and therefore, Sec. 42(2) of the said Act is not applicable to P. I. in Narcotic Cell as he was a Gazetted Officer empowered with the powers under Sec. 41(2) of the said Act.

તેમજ **M. Prabhulal V/s Assistant Director , Directorate of Revenue Intelligence, reported in A.I.R 2003 S.C 4311,** ના ચુકાદામાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે,

When the Gazetted Officer has himself conducted the search, arrested the accused and seized the contraband, he was acting under S. 41 and, therefore, it was not necessary to comply with S. 42.

તેમજ **G. Srinivas Goud V/s State of A.P, reported in AIR 2005 S.C 3647,** ના ચુકાદામાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે,

Non-compliance of S. 42 by not sending copy of information to immediate superior officer - When search was conducted by Gazetted Officer requirement of sending copy to Superior Officer is not mandatory.

**(૨૭.૭)** આમ, ઉપરોકત પુરાવાકીય મુલ્યાંકનને ધ્યાને લેતાં આ કામે ફરીયાદપક્ષ ધ્વારા ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૪૨ મુજબનો ઠરાવએ ખાનગી વાહનની તપાસણી માટે કરવામાં આવેલ હોય તેવું સ્પષ્ટ જણાય આવે છે. વિશેષમાં આંક–૪૪ થી રજુ કરેલ કલમ–૪૨ ના ઠરાવમાં આરોપીઓની સહી નહી હોવા અંગેનો કોઈ બચાવ લેવામાં આવેલ નથી કે તેને પડકારવામાં પણ આવેલ નથી. તે સંજોગોમાં આ કામે આંક–૪૪ થી રજુ કરેલ કલમ–૪૨ નો ઠરાવ યથાયોગ્ય અને કાયદાની જોગવાઈ મુજબ સક્ષમ અધિકૃત વ્યકિત ધ્વારા કરવામાં આવેલ છે તેવું ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સફળ થયેલ છે. વિશેષમાં આ કામે કલમ–૪૨ (૨) મુજબ પેટા કલમ–૧ હેઠળ જે માહિતી મળેલ હોય છે તે પોતાના ઉપરી અધિકારીને ૭૨ કલાકની અંદર તુરત તે માહિતી મોકલવાની જોગવાઈ કરવામાં આવેલ છે તે સંબંધે આ કામે રેડીંગ અધિકારીશ્રી અજીતસિંહ રાયસીંગભાઈ વાળાને આંક–૮૦ થી જે સોગંદ ઉપર પુરાવો રજુ કરેલ છે તેમાં તેઓએ સ્પષ્ટપણે જણાવેલ છે કે તેઓને જે બાતમી મળેલ તે બાતમી એન.ડી.પી.એસ.એકટની કલમ–૪૨(૨) મુજબ તેઓના ઉપરી અધિકારી એટલે કે પોલીસ અધિક્ષક, ભાવનગરને લેખિતમાં જાણ કરેલી, જે લેખિતમાં જાણ તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ કરેલ હોવાનો દસ્તાવેજ આંક–૮૩ થી રજુ કરેલ છે. આમ, આં

ક–૮૩ ના દસ્તાવેજને ધ્યાને લેતાં ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૪૨ (૨) અન્વયે જે મેન્ડેન્ટરી જોગવાઈ છે તેનું સ્પષ્ટપણે પાલન થયેલ હોવાનું પુરવાર થાય છે. આથી, બચાવપક્ષ ધ્વારા કલમ–૪૨ (૨) અન્વયેના પાલન થયેલ ન હોય તે તકરાર પણ ટકવાપાત્ર જણાય આવતી નથી.

**(૨૭.૮)** આ કામે જે વાહન બલેનો કાર નં.જી.જે.૦૪ ઈ.જે.૨૪૬૨ વાળું વાહન આ કામના આરોપી નં.૧ થી નં.૪ ના કબજામાં હોય અને સદરહું વાહન ખાનગી વાહન હોય તેવું જયારે ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવવામાં સફળ થયેલ હોય, તે સંજોગોમાં તે વાહનની અંદર રહેલ કોઈ પણ ગેરકાયદેસરના નશાયુકત પદાર્થ સંબંધેની જવાબદારી તે વાહનમાં ચાલન કરી રહેલ યાત્રીઓની રહે છે. જેથી આ કામે આરોપીઓની બનાવ સ્થળે હાજરી તથા ઓળખ સંબંધેનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદપક્ષના તપાસવામાં આવેલ ઉપરોકત સાહેદોના મૌખિક પુરાવાને જોતાં તમામ સાહેદોએ બનાવ સ્થળે આરોપી નં.૧ થી નં.૪ ની હાજરી હોવાનું જણાવેલ છે અને આ વાહન આરોપી નં.૧ થી નં.૪ ના કબજા વાળા વાહનમાં હોવાનું સ્પષ્ટ ફલીત થાય છે. જેથી આ તબકકે સ્ટેટ ઓફ હરીયાણા વિરુધ્ધ જર્નનાઈલ સિંઘ ૨૦૦૪ (૫) એસ.સી.સી. પાના નં .૧૮૮ માં પણ પબ્લીક પ્લેસ અને વાહન સંબંધે સ્પષ્ટ જોગવાઈ કરેલ છે અને જયારે ચાલતા વાહન સંબંધે કોઈ રેડ કરવામાં આવે તે સમયે ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૪૯ અન્વયેની જોગવાઈ જોવામાં આવે તો,

**<u>કલમ–૪૯ વાહન અટકાવી ઝડતી લેવાની સતા :–</u>**

કલમ–૪૨ હેઠળ અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી, તેને એવી શંકા લાવવાને કારણ હોય કે જેના સંબંધમાં કોઈ પણ સમયે આ કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે અથવા થાય છે અથવા થઈ રહયું છે, તેવી શંકા જાય તો તેવા કોઈ પણ કેફી ઔષધ અથવા માદક પદાર્થ (અથવા નિયંત્રિત પદાર્થ) ની હેરફેર કરવામાં કોઈ પશુ અથવા વાહનનો ઉપયોગ થયો છે અથવા થઈ રહયો છે તો આવા પશુ અથવા વાહનને રોકી શકશે અથવા વિમાનની બાબતમાં તેની નીચે ઉતારવાની ફરજ પાડી શકશે અને

(એ) વાહન અથવા તેના ભાગની બારીક તપાસ કરી શકશે અને ઝડતી લઈ શકશે.

(બી) જો પશુ અથવા વાહન રોકવાની જરૂર જણાય તો તેને રોકવા માટેના તમામ કાયદેસરના સાધનો વાપરી શકશે અને આવા સાધનો નિષ્ફળ જાય તો પશુ અથવા વાહન ઉપર

ગોળીબાર કરી શકશે.

આમ, ઉપરોકત જોગવાઈ ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૪૨ મુજબ કોઈ પણ અધિકૃત કરેલ વ્યકિતને શંકા જાય કે કોઈ પણ કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે કે માદક કે કેફી પદાર્થ નિયંત્રીત પદાર્થની હેરાફેરી કરવામાં આવેલી રહેલ છે તો તે વાહનને રોકી શકવા માટે ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૪૨ અન્વયેના નિયુકત કરેલ વ્યકિત અધિકૃત છે અને આ વાહનની બારીકાઈથી તપાસ કરી શકશે તથા તે રોકવા માટે કાયદેસરના પગલા લઈ શકશે. આમ, આ કામે બલેનો કાર નં.જી.જે.૦૫૪ ઈ.જે.૨૪૬૨ ને અટકાવવા માટે એસ.ઓ.જી.પી.આઈ. શાખા, ભાવનગર અધિકૃત વ્યકિત હોવાનું ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૪૯ મુજબ જણાય આવે છે. આથી, આ કામે ચાલુ વાહનને અટકાવી તે સંબંધે તેની ઝડતી લેવાની કાર્યવાહી કાયદાની જોગવાઈ મુજબ કરવામાં આવેલ હોવાનું ફલિત થાય છે.

(૨૭.૯) વધુમાં, આ કામે આરોપીપક્ષે ફરિયાદપક્ષના કેસ અંગે એવી તકરાર લેવામાં આવેલ છે કે, સદર રેઈડ દરમિયાન પોલીસ ધ્વારા આરોપીની અંગઝડતી પણ હાથ ધરવામાં આવેલ છે, તેમ છતાં, રેડીંગ ઓફીસર ધ્વારા તે વ્યકિતગત અંગઝડતી પહેલા ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૫૦ ની જોગવાઈનું પાલન કરવામાં આવેલ નથી. આમ, ફરિયાદપક્ષે ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯ ૮૫ ની કલમ–૫૦ ની મેન્ડેટરી જોગવાઈનો નો સ્પષ્ટ ભંગ કરવામાં આવેલ હોય, ફરિયાદપક્ષનો આખો કેસ તે કારણસર નિષ્ફળ (vitiate) બનેલ હોવાનું રેકર્ડ પરથી સ્પષ્ટ થાય છે.

આમ, આરોપી પક્ષે ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૫૦ સંદર્ભે ઉપરોકત જે તકરાર લેવામાં આવેલ છે તે અંગે ઉભયપક્ષની રજૂઆતો સં દર્ભે રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે આ કોર્ટને સર્વ પ્રથમ ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૫૦ ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી જણાય છે. જે નીચે મુજબ છે.

**50. Conditions under which search of persons shall be conducted.—**

(1) When any officer duly authorised under section 42 is about to search any person under the provisions of section 41, section 42 or section 43, he shall, if

such person so requires, take such person without unnecessary delay to the nearest Gazette Officer of any of the departments mentioned in section 42 or to the nearest Magistrate.

(2) If such requisition is made, the officer may detain the person until he can bring him before the Gazetted Officer or the Magistrate referred to in subsection (1).

(3) The Gazette Officer or the Magistrate before whom any such person is brought shall, if he sees no reasonable ground for search, forthwith discharge the person but otherwise shall direct that search be made.

(4) No female shall be searched by anyone excepting a female.

(5) When an officer duly authorised under section 42 has reason to believe that it is not possible to take the person to be searched to the nearest Gazetted Officer or Magistrate without the possibility of the person to be searched parting with possession of any narcotic drug or psychotropic substance, or controlled substance or article or document, he may, instead of taking such person to the nearest Gazette Officer or Magistrate, proceed to search the person as provided under section 100 of the Code of Criminal Procedure, 1973 (2 of 1974).

(6) After a search is conducted under sub-section (5), the officer shall record the reasons for such belief which necessitated such search and within seventy-two hours send a copy thereof to his immediate official superior.

આમ, ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૫૦ ની ઉપરોકત જોગવાઈ સંદર્ભે રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કેસમાં એન.ડી.પી.એસ. એકટની કલમ–૫૦ ના પાલન અંગે ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ ફરિયાદી ચેતનકુમાર હસુભાઈ મકવાણાએ તેની આંક–૪૮ ની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ કલાક બલેનો કાર નં. જી.જે.૦૪ ઈ.જે.૨૪૬૨ માં માદક પદાર્થ લઈને આવતા હોવાની માહિતી મળેલ આથી તેઓ પોલીસ સ્ટાફના માણસો તથા પંચો સાથે વોચમાં બેસેલા સદર આરોપીઓને પી.આઈ. વાળા સાહેબે તેઓની જાણ ગેઝેટેડ ઓફીસર તરીકેની આપેલી અને તેઓએ એમ.ડી. ડ્રગ્સ પીવાની આદત વાળા હોવાની તથા તેઓએ ડ્રાઈવરની ડાબી બાજુના ડેશબોર્ડમાં લાલપટ્ટી વાળી પારદર્શક પ્લાસ્ટીકની થેલીમાં રાખેલ

હોવાનું જણાવેલ. તે જ અનુસાર આંક–૩૩ ના સાહેદ પંચ ચિરાગભાઈ મુકેશભાઈ જેઠવા ધ્વારા પણ સોગંદ ઉપરના પુરાવામાં ગાડીની અંદર વાળા સાહેબ તથા પી.એસ.આઈ. ધ્વારા તપાસ કરવામાં આવેલ અને તપાસ કરતા એક કોથળીની અંદર પાઉડર જેવો માદક પદાર્થ મળી આવેલો તેવું જણાવેલ છે. તેમજ આંક–૬૯ થી રેડીંગમાં સામેલ સાહેદ વિજયસિંહ ભુપતસિંહ ગોહિલ ધ્વારા પણ સોગંદ ઉપરના પુરાવામાં ઠરાવોની સમજ કરી પોતાની પાસે માદક પદાર્થ હોય તે રજુ કરવા જણાવતા તોફીકભાઈએ પોતે જે સીટમાં બેઠા હતા તેની આગળના ભાગે ડેશબોર્ડના ખાનામાંથી એક પ્લાસ્ટીકની ઝીપલોક વાળી કોથળી કાઢી બતાવેલ. જે કોથળીમાં માદક પદાર્થ ડ્રગ્સ હોવાનું જણાવેલ. ત્યારબાદ માદક પદાર્થ ડ્રગ્સ કોથળીમાંથી કાઢી ખાતરી કરતા દેખીતી રીતે માદક પદાર્થ એમ.ડી.ડ્રગ્સ હોવાનું જણાય આવેલ. આવી હકીકત સોગંદ ઉપર જણાવેલ તેમજ આંક–૭૦ ના સાહેદ એફ.એસ.એલ.અધિકારી અશ્વિનકુમાર હરીભાઈ ઈટાલીયા ધ્વારા પણ સોગંદ ઉપરના પુરાવામાં આર.ટી.ઓ.રજીસ્ટ્રેશન જી.જે.૦૪ ઈ.જે.૨૪૬૨ રોડની ડાબી બાજુ નારી તરફના મોંરે ઉભેલી બતાવેલ જેમાં ડ્રાઈવર સીટની બાજુમાંથી ડેશબોર્ડ (ખાનું) માંથી એક લાલ બોર્ડરવાળી ટ્રાન્સફર પ્લાસ્ટીકની ઝીપબેગવાળી બેગમાં એક ઓફવાઈટ રંગનો સ્ફટીક વાળો પદાર્થ બતાવતા પદાર્થ નાર્કોટીકસ અંગેની પ્રાથમિક કસોટી કરતા તેની સકારાત્મક હાજરી જણાયેલી તેવું સોગંદ ઉપર જણાવેલ છે. તેજ અનુસાર આંક–૬૮ ના સાહેદ મહાવીરસિંહ દિલીપસિંહ ગોહિલ ધ્વારા પણ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, ચારેય આરોપીઓને તમારી પાસે ડ્રગ્સ હોય તો રજુ કરવા જણાવતા ગાડીના આગળના ડેશબોર્ડમાંથી તોફીકભાઈ એક પ્લાસ્ટીકની કોથળી કાઢેલી જેની અંદર આછા સફેદ રંગનો માદક પદાર્થ હોય જે એમ.ડી.ડ્રગ્સ હોવાનું તોફીકભાઈએ જણાવતા. પી.આઈ. શ્રી વાળા સાહેબે ડ્રગ્સ બાબતે ખરાઈ કરવા એફ.એસ.એલ.અધિકારીને સ્થળ પર પધારવા જાણ કરેલી. તેમજ આંક–૮૦ થી સાહેદ અજીતસિંહ રામસિંગ વાળા કે જેઓ રેડ કરનાર તથા ઠરાવ કરનાર અધિકારી છે તેઓના સોગંદ ઉપરના પુરાવામાં સ્પષ્ટ જણાવેલ છે કે, '' અમને ચોકકસ બાતમી હકીકત છે કે તમારી કબજાની ગાડીમાં માદક ડ્રગ્સ છે જેથી તમારી ગાડીની ઝડતી કરવી જરૂરી છે તમે મારા સિવાય અન્ય ગેઝેટેડ અધિકારી કે મેજિસ્ટ્રેટ સમક્ષ ઝડતી કરાવવા માંગતા હોય તો વ્યવસ્થા કરી આપીએ તે તમારો કાનુની અધિકારી છે તેમ જણાવતા પંચો રૂબરૂ કોઈ અન્યને હાજર રખાવવા માંગતા નથી તેમ જણાવેલ છે અને સાથે જ પોતે એમ.ડી.ડ્રગ્સ પીવાની ટેવવાળા છે અને પોતાની પાસે એમ.ડી.ડ્રગ્સ રાખે છે જે ભાવનગર લઈ જવાનું હતું જે ગાડીના ડેશબોર્ડના ખાનામાં લાલ પટ્ટી વાળી પારદર્શક વાળી થેલીમાં એમ.ડી. ડ્રગ્સ હોવાનું જણાવેલ'' તે જ અનુસાર આંક–૧૫૧

ના સાહેદ મહિપાલસિંહ દિલુભા ગોહિલ ધ્વારા સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, ''પી.આઈ. વાળા સાહેબે આરોપીઓને પુછતા હતા કે તમારે મારી પાસે અંગઝડતી કરાવવી છે કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ પાસે કરાવી છે ? તો આરોપીઓ ના પાડેલી અને જરૂરી ઠરાવો બાબતે સમજ કરતા હોય, આરોપી તૌફીક અહેમદ મન્સુરી, એઝાઝ હનીફ મન્સુરી, અલ્ફાઝ સાદીક, હુસૈન અખતરભાઈ કલીવાળા એમ.ડી.ડ્રગ્સ લાવવા બાબતે પુછતા કારની ડાબી બાજુએ ડેશબોર્ડના ખાનામાં પ્લાસ્ટીકની થેલીમાં આછા સફેદ કલરની એમ.ડી. ડ્રગ્સ તોફીકે કાઢી પી.આઈ. સાહેબને બતાવેલ'' આમ, ફરીયાદપક્ષ ધ્વારા જે ફરીયાદી, રેડીંગ અધિકારી તથા રેડમાં સામેલ પોલીસ અધિકારીઓ તેમજ પંચના મૌખિક પુરાવાને જોતાં આરોપીઓને કબજામાં રહેલ બલેનો કાર નં.જી.જે.૦૪ ઈ.જે.૨૪૬૨ માંથી ડ્રાઈવર સાઈડની ડેશબોર્ડમાંથી આરોપી તૌફીક ધ્વારા એમ.ડી. ડ્રગ્સ કાઢી બતાવેલ હોવાનું સ્પષ્ટપણે સાહેદોએ જણાવેલ છે. આમ, બચાવપક્ષ ધ્વારા આ કામે જે તકરાર લીધેલ છે કે, એમ.ડી. ડ્રગ્સ કોણે કાઢી આપેલ તે ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવેલ નથી તે તકરાર ટકવાપાત્ર નથી. વિશેષમાં આ કામે ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૫૦ ના બાદ સંબંધેની જે તકરાર લેવામાં આવેલ છે તો તેમાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, '' **કલમ–૪૧, કલમ–૪૨ તથા કલમ–૪૩ ની જોગવાઈઓ હેઠળ કોઈ વ્યકિતની ઝડતી લઈ રહયા હોય ત્યારે તે વ્યકિતને નજીકના ગેઝેટેડ અધિકારી અથવા મેજિસ્ટ્રેટ સમક્ષ લઈ જવા જોઈએ.** '' હાલના કેસમાં હકીકતને સદરહું જોગવાઈ સાથે મુલવણી કરવામાં આવે તો, આ કામે જે એમ.ડી. ડ્રગ્સએ બલેનો ગાડીના ડ્રાઈવર સાઈડના ડેશબોર્ડના ખાનામાંથી એમ.ડી. ડ્રગ્સ મેળવેલ છે. એટલે કે કોઈ વ્યકિતની ઝડતી લેવામાં આવી નથી પરંતુ વાહનની ઝડતી કરવામાં આવેલ છે. આથી, કલમ–૫૦ એ કોઈ પણ વ્યકિતની ઝડતી કરવી હોય તો તેણે મેજિસ્ટ્રેટ અથવા તો ગેઝેટેડ અધિકારી સમક્ષ લઈ જવાની જરૂરીયાત રહે છે. હાલના કેસમાં આ કામે કોઈ વ્યકિતની ઝડતી થયેલ ન હોય પરંતુ વાહનની ઝડતી થયેલ હોય આથી કલમ–૫૦ ની આવશ્યક જોગવાઈઓનો ભંગ કરેલ હોવાની બચાવપક્ષની તકરાર ટકવાપાત્ર નથી. વિશેષમાં આ કામે રેડીંગ અધિકારી શ્રી આંક–૮૦ ના સાહેદ અજીતસિંહ રાયસંગભાઈ વાળા ના મૌખિક પુરાવાને જોતાં તેઓએ સ્પષ્ટ તેઓના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તેઓએ જો આરોપી ગેઝેટેડ અધિકારી કે મેજિસ્ટ્રેટ સમક્ષ કોઈ ઝડતી કરાવવા માંગતા હોય તેની વ્યવસ્થા કરી આપશે અને તે આરોપીનો કાનુની અધિકારી છે. આમ, આ કામે આંક–૮૦ ના સાહેદ સ્પષ્ટ રીતે તેઓના મૌખિક પુરાવામાં આરોપીઓને તેઓને જે કાયદા ધ્વારા આપવામાં આવેલ અધિકાર છે તેની સ્પષ્ટ માહિતી આપેલ હોય, આથી

આરોપીઓના કાયદા ધ્વારા આપવામાં આવેલ અધિકારોની જાણકારી અને માહિતી અપાયેલ હોવાનું ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સફળ થયેલ છે. આ તબકકે એ બાબત પણ નોંધનીય છે કે, કલમ–૫૦ અન્વયેના ઠરાવની કોઈ નમુનો કે તે અંગેની કોઈ સ્પષ્ટ લખાણ કાયદા ધ્વારા નિયત કરવામાં આવેલ નથી. પરંતુ નામદાર સર્વોચ્ચ અદાલતે વિવિઘ ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, ઘી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એક્ટ, ૧૯૮૫ ની કલમ–૫૦ નો હાર્દ એ આરોપીની તપાસણી સ્વતંત્ર અને નિષ્પક્ષ રીતે થાય તે હેતુનો છે. આથી જયારે તપાસ કરનાર અમલદાર ધ્વારા આરોપીઓને તેઓના કાયદાકીય હકક સંબંઘે જાણકારી આપેલ હોય અને તેઓને સ્પષ્ટપણે મેજિસ્ટ્રેટ કે ગેઝેટેડ અધિકારી પાસ ે તેઓ ઝડતી કરાવવા માંગતા હોય તો તેની વ્યવસ્થા કરી આપવાની તૈયારી દર્શાવેલ હોય, જે અંગે આંક–૪૫ થી તેની સમજ પત્રક રજુ કરેલ હોય, અને તેમાં આરોપીઓની તેમજ પંચોની તેમજ ઠરાવ કરનાર એસ.ઓ.જી. પી.આઈ. એ.આર. વાળાની સહી હોય, તે સંજોગોમાં આ કામે ફરીયાદપક્ષ ધ્વારા આરોપીઓના કાયદા ધ્વારા નિયત કરવામા આવેલ સુનિશ્ચીત અધિકારીની સમજ આરોપીઓને આપેલ હોવાનું ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવવામાં સફળ થયેલ છે. જેથી આ કામે બચાવપક્ષ ધ્વારા ઘી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એક્ટ, ૧૯૮૫ ની કલમ–૫૦ ની મેન્ડેન્ટરી જોગવાઈઓનું ભંગ થયેલાની તકરાર ટકવાપાત્ર જણાય આવતી નથી.

જે મજકુર આરોપી નં.૧ થી નં.૪ નાને પી.આઈ.એ પોતે પોતાનુ નામ જણાવી પોતે પોલીસ ઈન્સ્પેકટર અને ગેઝેટેડ અધિકારી હોવાની ઓળખ આપી અને તેને રેડિંગ પાર્ટીના તમામ માણસોની ઓળખ આપેલી. તેમજ પી.આઈ. એ મજકુર ઈસમને પોતાને મળેલ બાતમીથી વાકેફ કરેલ અને તેને સમજ કરેલ કે, પોતે ગેઝેટેડ અધિકારી છે અને મજકુર આરોપીઓની ગાડીમાં નાર્કોટીકસનો જથ્થો હોવાની ચોકકસ બાતમી છે, જેથી ગાડીની તથા તેની જડતી કરવાની હોઈ અન્ય કોઈ ગેઝેટેડ અધિકારી કે મેજિસ્ટ્રેટ પાસ ે તેઓ જડતી કરાવવા માગતા હોય તો તેઓ જડતી કરાવી શકે છે જે તેઓનો કાનુની અધિકાર છે. જેથી મજકુરે અન્ય કોઈ ગેઝેટેડ અધિકારી પાસે જડતી કરાવવા માગતા નથી તેવુ જણાવેલ, જે અં ગે એન.ડી.પી.એસ. એકટની કલમ–૫૦ મુજબ લેખિતમાં સમજ કરી, પ્રતમા સહી મેળવેલી. તેમજ રેડિંગ પાર્ટીના માણસો કે પંચોની તેઓ જડતી કરવા માગતા હોય તો કરી શકે છે તેવી સમજ કરતા, મજકુરે આવી કોઈ જડતી કરવા માગતા નથી તેવુ જણાવેલ અને આ અંગે લ

ેખિતમાં સમજપત્ર તૈયાર કરી, તેમા પંચો તથા મજકુરની સહી મેળવી એક પ્રત મજકુરને આપેલ. વધુમાં, ફરિયાદીની ઉપરોકત જુબાનીની સાથો સાથ ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ રેડીંગ પાર્ટીના સભ્યોએ પણ સદરહું હકીકતને સમર્થન આપેલ હોય, વધુમાં, ઉપરોકત બં ને સાહેદોની જુબાનીની સાથો સાથ ફરિયાદ પક્ષે રજૂ થયેલ આંક–૪૫ નો એન.ડી.પી.એસ. એકટની કલમ–૫૦ મુજબનો આરોપીઓ નં.૧ થી નં.૪ નાઓને સમજ કર્યા અંગેનો પત્ર ઘ્યાને લેતાં તે પત્રની વિગતો પરથી પણ તે હકીકત સ્પષ્ટ થાય છે કે, રેડીંગ પાર્ટીના સભ્ય પી.આઈ. એસ.ઓ.જી.શાખા, ભાવનગર દ્વારાં આરોપીનં.૧ થી નં.૪ ના ગાડીની તથા તેમની વ્યકિતગત ઝડતી કરતાં પહેલાં તેઓ કોઈપણ મેજીસ્ટ્રેટ કે અન્ય કોઈ ગેઝેટેડ અધિકારીઓને હાજર રાખવા માં ગતા હોય તો તેઓ વ્યવસ્થા કરી આપે અને આ અંગે તેમનો કાયદાકીય અધિકાર છે તેવી જાણ સદર આરોપીને લેખિતમાં કરવામાં આવેલ છે અને તે બદલ સદર એન.ડી.પી.એસ. એકટની કલમ–૫૦ મુજબના સમજપત્ર ઉપર આરોપીનં.૧ થી નં.૪ નાઓની સહી પણ લેવામાં આવેલ છે. આમ, ફરિયાદ પક્ષે રજૂ થયેલ ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવા પરથી ફરિયાદ પક્ષ દ્વારા ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૫૦ ની જોગવાઈનું સંપૂર્ણપણે પાલન થયેલ હોવાનું રેકર્ડ પરથી સ્પષ્ટ થાય છે. આમ, આરોપી પક્ષે એન.ડી.પી.એસ. એકટની કલમ–૫૦ સંદર્ભે ઉપરોકત જે તકરાર લેવામાં આવેલ છે તે આ કોર્ટને ગ્રાહ્ય રાખવાનું ઉચિત જણાતું નથી. વધુમાં, આ કેસના ઉપરોકત સંજોગો ધ્યાને લેતાં રેકર્ડ પરથી જયારે એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આ કેસમાં ફરિયાદ પક્ષ દ્વારા એન.ડી.પી.એસ. એકટની કલમ–૫૦ની જોગવાઈનુ પાલન કરવામાં આવેલ છે ત્યારે આરોપી પક્ષે તેમની સદર દલીલના સમર્થનમાં જે ચૂકાદાઓ રજૂ કરેલ છે તે ચૂકાદાઓ આ કેસમાં આરોપીપક્ષની તરફેણમાં ધ્યાને લઈ શકાય તેમ ન હોવાનું આ કોર્ટનું નમ્રપણે માનવું છે.

બચાવ પક્ષે વિ.વ.શ્રી એવી રજુંઆત કરેલ છે કે, ફરીયાદ પક્ષે કલમ–૫૦ ની આદેશાત્મક જોગવાઈનુ પાલન કરેલ નથી. ફરીયાદ પક્ષે આંક–૪૫ થી કલમ–૫૦ મુજબનુ સમજ પત્ર રજું કરેલ છે. પરંતુ તેવુ સમજપત્ર માત્ર રજુ કરી દેવાથી ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૫૦ ની જોગવાઈઓનુ પાલન થયેલ છે તેવુ કહી શકાય નહી.

**(૨૭.૧૦)** સદરહું કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.જી.પી.શ્રી ની રજુઆત છે કે, ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૫૦ વંચાણે લેવામાં આવે તો

આરોપીને જાણ કરવી જોઈએ કે, તેની ઝડતી કોઈ ગેઝેટેડ અધિકારી કે, મેજીસ્ટ્રેટ સમક્ષ લેવડાવવાનો તેને અધિકાર છે. આવી જાણ કરવામાં ન આવી હોય તો તે ફકત આ કારણસર આરોપીને નિર્દોષ ઠરાવી શકાય નહી. જે વ્યકિતની ઝડતી તપાસ કરવાની છે તેને આ પ્રબંધ હેઠળ અધિકાર અંગે માહીતગાર કરવાની ઝડતી કરનાર અધિકારીની ફરજ છે. પંચની હાજરીમાં સંબંધીત વ્યકિતને જણાવવું જોઈએ કે, તેની ઝડતી તપાસ કોઈ ગેઝેટેડ અધિકારી કે મેજીસ્ટ્રેટ સમક્ષ કરાવવાનો તેને અધિકાર છે. તેઓની વધુમાં રજુઆત છે કે, કલમ–૫૦ વ્યકિતની ઝડતી તપાસને લાગુ પડે. ઘર કે મકાનની ઝડતીને લાગુ પડે નહી. આ સંબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટે જે ચુકાદાઓમાં અલગ–અલગ સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે આ તબકકે ઘ્યાને લેવામાં આવે તો **Aslambhai Ibrahimbhai Memon V/s State of Gujarat, reported in 1990 G.L.R 150,** એવું પ્રસ્થાપિત કરેલ છે કે,

A Police Inspector being an Officer authorised under Sec. 42, can seize an article from a person in a public place - He is not required to obtain a search warrant from a Magistrate - Failure to reduce to writing information per se does not vitiate the trial - Offences under the Act are cognizable - A person must be taken to the nearest Magistrate if he makes such a demand but not otherwise - There is no duty on the Officer to inform the accused of his rights under Sec. 50 - Sec. 55 does not require that a report in writing must be submitted - It only speaks of communication - Only the provisions of Secs. 41, 42, 49 and 53 are mandatory - Non-compliance with the other provisions does not render conviction illegal, unless miscarriage of justice or prejudice is established.

તેમજ **State of Rajasthan V/s Babu Ram, reported in A.I.R 2007 S.C 2018,** એવું પ્રસ્થાપિત કરેલ છે કે,

Bag, briefcase or any article or container carried by accused cannot be treated as body of human being and does not come within definition of 'person' and therefore compliance of S. 50 not necessary.

તેમજ **Ghasita Sahu V/s State of M.P , reported in A.I.R 2008 S.C 1425,** એવું પ્રસ્થાપિત કરેલ છે કે, The right of search being taken only in presence of Magistrate or Gazetted Officer is restricted where search is to be taken of a "person" of accused. Where the search was of house, it cannot be said that right

was breached."

**(૨૭.૧૧)** સદરહું કામે રેડીંગ ઓફીસર પી.આઈ.શ્રી એ.આર.વાળાને આંક–૮૦ થી તરીકે તપાસવામાં આવેલા છે. તેમણે પોતાની જુબાનીમાં કહ્યુ છે કે, કલમ–૫૦ મુજબનું સમજપત્ર આંક–૪૫ થી રજુ છે જેમાં પંચોની સહી તથા આરોપીઓ નં.૧ થી નં.૪ નાઓની સહી પી.આઈ.શ્રી એ.આર.વાળા રૂબરૂ કરવામાં આવેલ છે. આ પત્રક વાંચતા એ સ્પષ્ટ થાય છે કે, આરોપીને ઝડતી તપાસ કરવા માંગતા હોય તો તેમને લેખીતમાં જાણ કરવામાં આવેલ છે. વધુમાં આંક–૪૩ નુ ંપચનામુ વંચાણે લેતાં તેમજ ફરીયાદપક્ષનો કેસ વંચાણે લેતાં તથા ફરીયાદ મુજબ મુદ્દામાલ મેફેડ્રોન ડ્રગ્સ આરોપી નં.૧ થી નં.૪ ના કબજામાં રહેલ બલેનો કાર નં .જી.જે.૦૪ ઈ.જે.૨૪૬૨ માંથી મળી આવેલ. આમ આરોપીની અંગઝડતી દરમ્યાન કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી પરંતુ, આરોપી નં.૧ થી નં.૪ ના કબજામાં રહેલ બલેનો કાર નં .જી.જે.૦૪ ઈ.જે.૨૪૬૨ માંથી મુદ્દામાલ મળી આવેલ છે જેથી કલમ–૫૦ની જોગવાઈ આ કામે લાગુ પડી શકે તેમ નથી. અને ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૫૦ નો કોઈ બાદ નડતો હોય તેવું જણાય આવતું નથી.

**(૨૭.૧૨)** આ કામે બચાવપક્ષ દ્વારા નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા Criminal Appeal No.943 of 2005, Vijaysinh Chandubha Jadeja V/s. State of Gujarat. તથા (૨) (2011) 6 S.C.R. 974, Criminal Appeal No.1079 of 2002, Narcotics Central Bureau V/s. Sukh Dev Raj Sodhi. તથા (૩) Criminal Appeal No.1143 of 2019, Vijay Pandey V/s. State of Uttar Pradesh ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે જે બંને ચુકાદાઓનું નમ્રતાપૂર્વક જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તેને ધ્યાને લેવામાં આવેલ છે. સદરહું બંને ચુકાદાઓના કેસની હકીકત વંચાણે લેવામાં આવે તો બંનેમાં કલમ–૫૦ ની જોગવાઈઓનું પાલન કરવું મેન્ડેન્ટરી હોવાનું ઠરાવવામાં આવેલ છે. અત્રેની અદાલત પણ કલમ–૫૦ ની જોગવાઈઓનું પાલન કરવું મેન્ડેન્ટરી હોવાનું સ્પષ્ટપણે સ્વીકારે છે. પરંતુ આ કામે હાલના હાથ પરના કેસની હકીકત વંચાણે લેતાં આરોપીઓ અંગ ઝડતીના અંગત કબજામાંથી કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી. પરંતુ વાહનના ડેશબોર્ડ માંથી મુદ્દામાલ મળી આવેલ હોય આથી કલમ–૫૦ સંદર્ભે હાથ પરના કેસ સાથે સદરહું ચુકાદામાં જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે લાગુ પડી શકે તેમ નથી. વિશેષમાં બચાવપક્ષ દ્વારા **Beckdan Abdul Rahiman V/s. State of Kerala, April 16, 2002** ના ચુકાદાના સિધ્ધાંત પર આધાર રાખેલ છે પરંતુ સદરહું કેસની હકીકત વંચાણે લેવામાં આવે તો સદરહું કેસની હકીકત મુજબ રેલ્વે સ્ટેશન પર આરોપી રહસ્યમય ગતિવિધીમાં જણાયેલ અને આથી સબ ઈન્સ્પેકટર

દ્વારા આરોપી પાસે જઈ પોતાની ઓળખ આપી આરોપીની ધોતીમાંથી ગાંજો પકડાયેલ હોય અને આરોપીને અટક કરવામાં આવેલ. આમ, સદરહું કેસની હકીકત મુજબ પી.એસ.આઈ. દ્વારા રેલ્વે સ્ટેશન પરથી આરોપીની અંગઝડતીમાંથી અને આરોપીએ પહેરેલ ધોતીમાંથી ગાંજો પકડાયેલ હોય તે સંજોગોમાં કલમ–૫૦ ની જોગવાઈ મુજબ કોઈ પણ ગેઝેટેડ અધિકારી સમક્ષ જ તેની ઝડતી થઈ શકે તેવી કલમ–૫૦ માં જોગવાઈહોય અને પી.એસઆઈ.એ ગેઝટેડ અધિકારી ન હોય, જેથી નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં આરોપીને નિર્દોષ ઠરાવેલ. પરંતુ હાથ પર રહેલ હાલના કેસની હકીકત જોતાં આરોપીઓની અંગઝડતીમાંથી અંગત રીતે શરીરના કોઈ ભાગમાંથી એમ.ડી. ડ્રગ્સ મળી આવેલ નથી તેમજ ગેઝેટેડ અધિકારી પોલીસ ઈન્સ્પેકટર ,એસ.ઓ.જી.શાખા, ભાવનગર દ્વારા રેડ કરવામાં આવેલ હોય આથી કલમ–૫૦ ની જોગવાઈનું પાલન થયેલ હોવાનું સ્પષ્ટ જણાય છે, સદરહું કેસની હકીકત સાથે હાલનો કેસ વિપરીત જણાય આવતો હોય, બચાવપક્ષને તે મદદરૂપ બની શકતો નથી. બચાવપક્ષ દ્વારા નામદાર સર્વોચ્ચ અદાલતના **Criminal Appeal No.273 of 2007, Arif Khan @ Agha Khan V/s. State of Uttarakhand.** ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે, સદરહું ચુકાદાની હકીકત વંચાણે લેવામાં આવે તો રેડ કરનાર કોઈ પણ પોલીસ ઓફીસર ગેઝેટેડ અધિકારી ન હોય આથી કલમ–૫૦ ની જોગવાઈઓનું પાલન થયેલ ન હોય, આથી આરોપીને નિર્દોષ ઠરાવેલ પરંતુ હાલના કેસમાં રેડ કરનાર અધિકારી ગેઝેટેડ હોય તે સંજોગોમાં હાલના ચુકાદાનો સિધ્ધાંત બચાવપક્ષને મદદરૂપ બની શકતો નથી. બચાવપક્ષ દ્વારા નામદાર સર્વોચ્ચ અદાલતના **State of Punjab V/s. Jasbir Singh. November 28, 1995** ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે, સદરહું ચુકાદાને વંચાણે લેતાં, સદરહું કેસની હકીકત મુજબ રેડ કરનાર અધિકારી ગેઝેટેડ અધિકારી ન હતા અને કલમ–૫૦ અંગેના ઠરાવમાં આરોપીઓ દ્વારા તેઓની અંગઝડતી ગેઝેટેડ અધિકારી ન હોય તે વ્યકિત કરે તો પણ વાંધો નથી તેવી હકીકત કલમ–૫૦ ના ઠરાવમાં લખેલ હોવા છતાં, કલમ–૫૦ ની જોગવાઈ મુજબનું પાલન થયેલ ન હોય, જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકેલ. જેથી સદરહું કેસની હકીકતને હાલના કેસ સાથે મુલવવામાં આવે તો, આ કામે રેડીંગ કરનાર અધિકારી એ ગેઝેટેડ અધિકારી હોય તેઓને સ્પષ્ટપણે આરોપીઓને તેના કાયદાકીય હકક સંબંધે જાણકારી આપેલ હોય, આથી સદરહું ચુકાદાની હકીકત સાથે હાલના હાથ પરના કેસની હકીકતને મુલવતા તે બંને હકીકતો એકબીજાથી અલગ પ્રકારની જણાય આવતી હોય, સદરહું ચુકાદાની હકીકત પર આધાર રાખી જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે હાલના કેસમાં બચાવપક્ષને મદદરૂપ બની શકતો નથી.

(૨૭.૧૩) આ કામે ફરીયાદપક્ષ ધ્વારા સોગંદ ઉપરના પુરાવાઓને ધ્યાને લેવામાં આવે તો, તપાસ કરનાર અમલદારે તપાસ દરમ્યાન મુદ્દામાલની ઈન્વેન્ટરી મેજિસ્ટ્રેટ રૂબરૂ કરેલ હોય અને તે ઈન્વેન્ટરી રીપોર્ટ આંક–૧૦૪ ના તપાસ કરનાર અમલદાર રાહુલ અભેસીંગ વાઢેર ધ્વારા આંક–૧૦૭ થી ઈન્વેન્ટરીનો રીપોર્ટ રજુ કરેલ છે. આમ, એન.ડી.પી.એસ.એકટની કલમ–૫ર(એ) મુજબ તપાસ કરનાર અમલદારે નિયમો અનુસાર મેજિસ્ટ્રેટ રૂબરૂ ઈન્વેન્ટરી કરેલ હોય તે હકીકત પણ સ્પષ્ટપણે ફલિત થતી હોય, આથી કલમ–૫ર (એ) ની હકીકતો સાબિત કરવામાં પણ ફરીયાદપક્ષ સફળ થયેલ છે. આ તબકકે રેડીંગ ઓફીસર શ્રી આંક–૮૦ ના સાહેદ એ.આર. વાળા ધ્વારા આંક–૮૪ થી જે મુદ્દામાલ કબ્જે કરેલ તેનો સીઝર મેમો તૈયાર કરી અને તે સીઝર મેમોમાં આરોપી તથા આરોપીઓની તથા સીઝર મેમો આપનાર એ.આર.વાળાની તેમજ બે સ્વતંત્ર પંચોની સહી હોવાનું આંક–૪૬ થી રજુ કરવામાં આવેલ છે. આમ, કલમ–૫૭ મુજબનો સીઝર મેમો પણ આરોપીઓને આપવામાં આવેલ હોવાનું અને પંચોની હાજરીમાં આપેલ હોવાનું તથા તેમાં આરોપીની સહી લીધેલ હોવાનું ફલીત થાય છે. જેથી આ કામે તપાસ કરનાર અમલદાર ધ્વારા આરોપીઓને ધરપકડ કર્યા બાદ આરોપીને અટક કરેલ તે અંગની જાણ તેઓના કુંટુબીજનો તથા ઉપલા અધિકારીને કરેલ હોય તે અંગે આંક–૧૦૮ તથા આંક–૧૦૯ થી તપાસ કરનાર અમલદારે જિલ્લા મેજિસ્ટ્રેટ, કલેકટર કચેરીને જાણ કરતી યાદી કરેલ છે. જેમાં આરોપીઓની સહી તથા આરોપીઓના જે કૌટુંબીક વ્યકિતને જાણ કરતી યાદી રજુ કરેલ છે. આમ, કલમ–૫૭ કે કલમ–૫૮ ની તકરાર સંબંધે બચાવપક્ષ ધ્વારા કોઈ ઉલટતપાસમાં તકરાર લેવામાં આવેલ નથી. જેથી આ તબકકે બચાવપક્ષ જે વિરોધાભાસ ઉપર આધાર રાખેલ છે જે તે જોવામાં આવે તો જે વ્યકિતએ પોલીસ સમક્ષ જે કથન કરેલ છે તે સંબંધે તે વ્યકિતનું જ વિરોધાભાસ ધ્યાને લઈ શકાય. એક સાહેદે સોગંદ ઉપર જણાવેલ હકીકત અંગે બીજા સાહેદે સોગં દ ઉપર જે હકીકત જણાવેલ છે તે હકીકતને એકબીજાના વિરોધાભાસી કથન તરીકે ગણી શકાય નહી. વિશેષમાં હાલના કેસમાં આરોપી પક્ષ ધ્વારા આ કામે સોગંદ ઉપરના પુરાવામાં જે કથનો કરેલો છે તે કથનો સંબંધે કોઈ વિરોધાભાસ સાહેદની ઉલટતપાસમાં લાવવામાં આવેલ નથી કે તે વિરોધાભાસ સંબંધે જેની સમક્ષ જે કથન કરવામાં આવેલ હોય તે કથન સંબંધે કોઈ તકરાર લ ેવામાં આવેલ નથી. જેથી આ કામે બચાવપક્ષ કોઈ વિરોધાભાસી કથનો રેકર્ડ ઉપર લાવેલ ન હોય, કે તે કથનોને પુરવાર કરેલ ન હોય, તે સંજોગોમાં ટ્રાયલ દરમ્યાન જે કથનો વિરોધાભાસ સ્વરૂપે રેકર્ડ ઉપર આવેલન હોય, તે સંબંધે દલીલ કરવા માટે પણ બચાવપક્ષ સફળ માની શકાય નહી. જેથી ટ્રાયલ દરમ્યાન બચાવ લેવામાં આવેલ ન હોય, તેની પર બચાવપક્ષ

આધાર રાખી શકે નહી કે તે સંબંધે માત્ર દલીલ આધારીત તકરાર લઈ શકે નહી.

**(૨૭.૧૪)** આ તબકકે ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૩૫ તથા કલમ–૫૪ ની જોગવાઈ ધ્યાને લેવી આવશ્યક છે.

**કલમ–૩૫ ગુનાહિત માનસ–માની લેવા બાબત :–**

(૧) આરોપી ગુનાહિત માનસની જરૂર હોય તેવા આ એકટ હેઠળના ગુનાની કોઈ પણ ફરીયાદમાં કોર્ટ આવું માનસ હોવાનું માની લેશે. પણ આરોપી હકીકતો પુરવાર કરવા બચાવ કરી શકશે, તે ફરીયાદમાં ગુનાના તહોમતવાળા કોઈ કૃત્યના સંબંધમાં આવું કોઈ માનસ ન હોતું.

**કલમ–૫૪ ગેરકાયદેસર વસ્તુઓના કબજા ઉપરથી માની લેવા બાબત :–**

આ એકટ હેઠળની ઈન્સાફી કાર્યવાહીઓમાં, વિરુધ્ધનું સાબિત કરવામાં ન આવે તો અને ત્યાં સુધી કોઈ આરોપી –

(એ) કોઈ કેફી ઔષધ અથવા પદાર્થના,

(બી) પોતે વાવેતર કરેલી જમીન ઉપર ઉગાડેલા કોઈ અફીણના છોડ, ભાંગ ગાંજાનો છોડ અથવા કોકાના છોડના,

(સી) કોઈ કેફી ઔષધ અથવા માદક પદાર્થ બનાવવા માટે ખાસ યોજેલ સાધનના અથવા તે માટે ખાસ અનુકુળ બનાવેલા વાસણોના જથ્થાના .

(ડી) કોઈ પણ સામગ્રી જેના ઉપર કેફી પદાર્થ અથવા મન: પ્રભાવી દ્રવ્ય અથવા મન:પ્રભાવી અથવા નિયંત્રીત પદાર્થ બનાવટની કોઈ પ્રક્રિયા કરવામાં આવી હોય તે અથવા જેમાંથી કોઈ પણ કેફી ઔષધ અથવા મન: પ્રભાવી દ્રવ્ય અથવા નિયંત્રિત પદાર્થ બનાવવામાં આવ્યો હોય તે સામ્ર ગીના બચેલ કોઈ પણ શેષ.

**(૨૭.૧૫)** આમ, આરોપીપક્ષ ધ્વારા સદર સર્ચવાળી જગ્યાના તથા ડ્રગ્સના સભાન કબજા અંગે ઉપરોકત જે તકરાર લેવામાં આવેલ છે તથા તે અંગે ફરિયાદપક્ષ ધ્વારા ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૩૫ તથા ૫૪ ની ધારણાઓ અંગેની ઉપરોકત જે રજુઆતો કરવામાં આવેલ છે. તેનું મૂલ્યાંકન કરતી વખતે આ કોર્ટને સર્વપ્રથમ સદર તકરાર અંગે નીચે મુજબના ચુકાદાઓ ધ્યાને લેવા જરુરી જણાય છે.

**(1) (2009) 12 SCC 303 "State Of Punjab Versus Malkiat Singh"**

"2. In appeal the High Court found that there were several factors which justified the acquittal of the respondent. The first was that the recovery was from a room near a tube well belonging to one Pritam Singh. **Though the prosecution claimed that the room was under the control of the respondent, no evidence was led in that regard.**

8. **Additionally, no evidence was adduced to show the possession of the room by respondent who was admittedly not the owner of the room.** ....."

(2) **2013 (4) GLR 3412 "Vishnubhai Maheshwari Prasad Versus State Of Gujarat"**

**"15.** On the aspect for conscious possession, we may refer to the decision of this Court in the case of **Ibrahim @ Gafo Ismailbhai Tarakwadia vs. State of Gujarat in Criminal Appeal No. 237/09,** decided on 01.02.2012 wherein this Court had an occasion to consider the obligation on the part of the prosecution to discharge the burden for proving the conscious possession after considering the case of **Noor Aga vs. State of Punjab (2008) 16 SCC 417** and it was observed by this Court in the said decision at paragraphs 8, 9 and 10 as under:

> *"8. We may first refer to the decision of the Apex Court in the case of Noor Aga vs. State of Punjab (2008) 16 SCC 417, wherein the Apex Court had an occasion to examine the constitutional validity of sections 35 and 54 of the NDPS Act and while upholding the constitutional validity, it was observed by the Apex Court at Paras 58 and 59 as under:*
>
> > *"58. Sections 35 and 54 of the Act, no doubt, raise presumptions with regard to the culpable mental state on the part of the accused as also place burden of proof in this behalf on the accused; but a bare perusal the said provision would clearly show that presumption would operate in the trial of the accused only in the event the circumstances contained therein are fully satisfied. An initial burden exists upon the prosecution and only when it stands satisfied, the legal burden would shift. Even then, the standard of proof required for the accused to*

*prove his innocence is not as high as that of the prosecution. Whereas the standard of proof required to prove the guilt of accused on the prosecution is "beyond all reasonable doubt" but it is 'preponderance of probability' on the accused. If the prosecution fails to prove the foundational facts so as to attract the rigours of Section 35 of the Act, the actus reus which is possession of contraband by the accused cannot be said to have been established.*

*59. With a view to bring within its purview the requirements of Section 54 of the Act, element of possession of the contraband was essential so as to shift the burden on the accused. The, provisions being exceptions to the general rule, the generality thereof would continue to be operative, namely, the element of possession will have to be proved beyond reasonable doubt."(Emphasis supplied)*

*Thereafter, at Paragraph 62, it was observed by the Apex Court that "In India the statute must not only pass the test of reasonableness as contained in Article 14 of the Constitution of India but also the" liberty' clause contained in Article 21 of the Constitution of India".*

*9. Once again, the incidental aspects for the obligation upon the prosecution to prove the case and the burden upon the accused to prove otherwise came to be considered by the Apex Court in the case of* ***Bhola Singh vs. State of Punjab reported at 2011 (11) SCC 653*** *and the Apex Court at Para 10 observed as under:*

*"10. While dealing with the question of possession in terms of Section 54 of the Act and the presumption raised under Section 35, this Court in Noor Aga vs. State of Punjab and Anr. (2008) 16 SCC 417 while upholding the constitutional validity of Section 35 observed that as this Section imposed a heavy reverse burden on an accused, the condition for the applicability of this and other related sections would have to be spelt out on facts and it was only after the prosecution had discharged the initial burden to prove the foundational facts that Section 35 would come in to play."*

*10. The aforesaid shows that it is only after the prosecution has discharged its initial burden to prove the foundational facts that Section 35 of the Act would come into play, the reverse burden upon the accused would start. Under the circumstances, we need to examine as to whether the initial burden has been properly discharged by the prosecution or not- It is only thereafter, we may be required to examine whether the accused has discharged the reverse burden of making out his case or not."*

16. It is in this light of the legal position, we have to further examine as to whether the initial burden has been properly discharged by the prosecution or not.

17. The evidence of the witnesses examined by the prosecution shows that | the accused was present in the room. But the said aspect if considered with the testimony of Raghuvirsinh, P.W 8, who investigated into the complaint shows that the statement of the owner Ranjanben Gangaram was recorded and it was verified by him that one room was rented to the accused and xerox of light bill were also received, but no evidence whatsoever has been laid by the prosecution either of landlady Ranjanben Gangararri nor any document of light bill on the name of the accused was produced. It further appears that as per Raghuvirsinh, P.W. 8, Exhibit 30, the statement of the adjoining persons were also recorded but, unfortunately, not a single neighbour has been examined by the prosecution to show that the room was in possession of the accused. One LIC policy was also produced in the evidence by this witness, RW. 8 on the name of the accused and the same was accepted at.Exh.36 but the address shown in the said policy was Tulsi Restaurant, Ganesh Nagar, Pandesara, G.I.D.C, Surat and not the place at which the raid was carried out or the room concerned. Under these circumstances, we find that the prosecution has miserably failed to discharge the initial burden in proving the conscious possession of the premises/room which was raided and where ganja was found.

18. At this stage, we may refer to the decision of the Apex Court in the case of **State of Punjab vs. Malkiat Singh reported at 2009(12) SCC 303,** wherein also no evidence was led by the prosecution that the room was

under the control of the accused and therefore, consequently, the High Court had acquitted the accused and the observations of the High Court was taken note of by the Apex Court that the drug

peddlers who are corroding the health of the nationare allowed to go scot-free because of ineffective investigation and for not collecting evidence to secure their conviction; We wish to endorse the same as it has happened in the present case.

19. Under the circumstances, even if the case being so serious where huge quantity of ganja was found, on account of either no proper investigation or no proper material led before the Court, the real offender would go scot-free. **In our view, on both the aspects, for non-compliance of the proviso to Section 42 as well as on the aspects of not discharging of initial burden by the prosecution for showing conscious possession of the room at which the ganja was found, the guilt and conviction as recorded by the learned Special Judge cannot be maintained and consequently, the benefit would go to the accused**.

**(3) (2020) 9 SCC 202 "Gangadhar Alias Gangaram Versus State Of Madhya Pradesh"**

"9. The presumption against the accused of culpability under Section 35, and under Section 54 of the Act to explain possession satisfactorily, are rebuttable. It does not dispense with the obligation of the prosecution to prove the charge beyond all reasonable doubt. The presumptive provision with reverse burden of proof, does not sanction conviction on basis of preponderance of probability. Section 35(2) provides that a fact can be said to have been proved if it is established beyond reasonable doubt and not on preponderance of probability.

10. The stringent provisions of the NDPS Act, such as Section 37, the minimum sentence of 10 years, absence of any provision for remission do not dispense with the requirements of prosecution to establish a prima facie case beyond reasonable doubt after investigation, only where after which the burden of proof shall shift to the accused. The gravity of the sentence

and the stringency of the provisions will therefore call for a heightened scrutiny of the evidence for establishment of foundational facts by the prosecution.

13. The appellant was held guilty and convicted in view of his name being recorded as the owner of the house in the voters list 2008, ignoring the fact that sale agreement was subsequent to the same on 12.06.2009. The prosecution cannot be held to have proved that Exhibit P18 was a fabricated and fictitious document. No appeal has been preferred by the prosecution against the acquittal of the co accused.

14. In view of the nature of evidence available it is not possible to hold that the prosecution had established conscious possession of the house with the appellant so as to attribute the presumption under the NDPS Act against him with regard to recovery of the contraband. Conviction could not be based on a foundation of conjectures and surmises to conclude on a preponderance of probabilities, the guilt of the appellant without establishing the same beyond reasonable doubt.

**(૨૭.૧૬)** આમ, ઉપરોકત ચુકાદાઓમાં સભાન કબજા અંગે તથા ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૩૫ તથા કલમ–૫૪ ની જોગવાઈઓમાં દર્શાવવામાં આવેલ ધારણાઓ અંગે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની એકટની કલમ–૩૫ તથા ૫૪ ની જોગવાઈઓ આરોપી સામે દોષિત માનસિક સ્થિતિના સંદર્ભમાં ધારણાઓ ઉભી કરે છે અને આ અંગે પુરાવાનો બોજો પણ આરોપી ઉપર મુકે છે. પરંતુ, તે જોગવાઈઓ વંચાણે લેતાં, કાયદાની એ હકીકત પણ સ્પષ્ટ થાય છે કે, સદર ધારણા માત્ર ત્યારે જ લાગુ પડશે જયારે તે જોગવાઈમાં દર્શાવેલ સંજોગો રેકર્ડ પરથી સંપૂર્ણપણે સંતોષાય. આમ, સદર જોગવાઈઓમાં દર્શાવેલ સંજોગો સાબિત કરવાનો પ્રારંભીક બોજો ફરિયાદપક્ષ ઉપર રહે છે અને ફરિયાદપક્ષે તે સંજોગો સંતુષ્ટ થાય ત્યારે કાયદાકીય બોજો આરોપી ઉપર ખસે છે અને તે સંજોગોમાં પણ આરોપીને તેની નિર્દોષતા સાબિત કરવા માટે જરુરી પુરાવા રજુ કરવાનો બોજો ફરિયાદપક્ષ જેટલો ઉંચો નથી પરંતુ, ''સંભાવનાની પ્રાધાન્યતા''

(preponderance of probability) આધારેનો છે. આમ, ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૩૫ તથા કલમ–૫૪ ની ધારણાઓ માટે તથા તેના ખંડનનો બોજો આરોપી ઉપર ખસેડવા માટે ફરિયાદપક્ષે સર્વપ્રથમ એ હકીકત સાબિત કરવી પડે કે, પ્રતિબંધીત વસ્તુનો સભાન કબજો આરોપીનો હતો.

(૨૭.૧૭) આમ, ઉપરોકત કાયદાકીય સિધ્ધાંતો ધ્યાને લેતાં, આ કામે ફરિયાદપક્ષે સદર જોગવાઈઓમાં દર્શાવેલ પાયાની હકીકતો સાબિત કરી, તેનો પ્રાથમિક બોજો યોગ્ય રીતે નિભાવેલ છે કે કેમ? તે અંગે રેકર્ડ પરના પુરાવાનું ઉભયપક્ષની ઉપરોકત રજુઆતો સંદર્ભે મૂલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદપક્ષે આ કામે ઉપર રેકર્ડ ઉપર તપાસેલા સાહેદોના મૌખિક પુરાવાથી કહેવાતો મુદ્દામાલ ઓફવાઈટ પાઉડર મેફેડ્રોન ડ્રગ્સ હોવાનું પુરવાર કરેલ હોય, તેમજ સદરહું મુદ્દામાલ બલેનો કાર નં. જી.જે.૦૪ ઈ.જે.૨૪૬૨ ના વાહનમાં ડેશબોર્ડમાંથી મળી આવેલ હોય, આ કામે આરોપી નં.૧ થી નં.૪ નાઓ સદરહું વાહનમાં બેસેલ હોય અને વાહનનો કબજો તેમનો હોય તેમજ મુદ્દામાલ આરોપી નં.૧ થી નં.૪ પૈકી તૌફીક ધ્વારા કાઢી બતાવવામાં આવેલ હોય અને આ ગાડીનો કબજો ભોગવટો આરોપીનો હોય તેવું સ્પષ્ટ પુરવાર થતું હોય તે સંજોગોમાં આ કામે મેફેડ્રોનનો કબજો જે વાહનમાં હતો તે સંબંધે કલમ–૫૪ માં જે જોગવાઈ કરેલ છે તે ધ્યાને લેવામાં આવે તો, **નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા અરૂણ કાંમ્બલી વિરુધ્ધ સ્ટેટ ઓફ ગોવા ૧૯૯૯ એસ.સી.સી. ઓનલાઈન બોમ્બે પાના નં.૬૦૨ ના ચુકાદામાં સ્પષ્ટ ઠરાવેલ છે કે,** જયાં સુધી વિરુધ્ધનું પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી ગેરકાયદેસર વસ્તુનો કબજો આરોપીનો છે તેનું અનુમાન તથા કોર્ટ માની લેશે. આમ, કલમ–૫૪ ની જોગવાઈ જોતાં એન.ડી.પી.એસ.એકટની ઈન્સાફી કાર્યવાહીમાં વિરુધ્ધનું સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી કોઈ પણ સામગ્રી કે કેફી પદાર્થ આરોપીના કબજામાં છે તેવું પૂર્વાનુમાન કરી શકશે અને જયારે કોન્સીયસ સંબંધે **નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા યુનીયન ઓફ ઈન્ડીયા વિરુધ્ધ મહમદનવાઝ ખાન, ૨૦૨૧ (૧૦), એસ.સી.સી., પાના નં.૧૦૦ ના ચુકાદામાં સ્પષ્ટ ઠરાવેલ છે કે,** વ્યકિત ખાનગી વાહનમાં જઈ રહેલ હોય તે સંજોગોમાં તેમજ વ્યકિત જાહેર વાહનમાં જઈ રહેલ હોય તે બંને સંજોગો અલગ–અલગ હોય છે અને જયારે નશાકારક પદાર્થ ખાનગી વાહનમાંથી મળી આવે તે સંજોગોમાં કબજા સંબંધેની સ્પષ્ટતા કરવાની જવાબદારી આરોપી પક્ષની રહે છે. હાલના કેસમાં આ કામે મુદ્દામાલ મેફેડ્રોન ડ્રગ્સ બલેનો કાર નં.જી.જે.૦૪ ઈ.જે.૨૪૬૨ માંથી મળી આવેલ છે તેનો કબજો આ કામના આરોપી નં.૧ થી નં.૪ પાસે હોવાનું અને આરોપી નં.૧ તૌફીક

ધ્વારા સદરહું મુદ્દામાલ બોમ્બેથી લાવેલ હોવાનું અને તેઓ નશો કરવાની આદતવાળા હોવાનું અને પકડાયેલ મુદ્દામાલ બોમ્બે મુકામે આરોપી નં.૫ થી નં.૭ પાસેથી લાવેલ હોવાનું જણાવેલ હોય, તે સંજોગોમાં આ કામે ફરીયાદપક્ષ મુદ્દામાલ વાળું વાહન ખાનગી હોવાનું પુરવાર કરેલ હોવાનું અને તે વાહન આરોપી નં.૧ થી નં.૪ ના કબજામાં હોવાનું પુરવાર થયેલ હોય, તેમજ આ કામે કલમ–૫૪ ની જોગવાઈ જોતાં ફરીયાદપક્ષ જયારે મેફેડ્રોનનો જથ્થો કોન્સીયસ પઝેશન આરોપી નં.૧ થી નં.૪ ની પાસે રહેલ ગાડીમાં હોવાનું પુરવાર કરેલ હોય, તે સંજોગોમાં આ કામે બચાવપક્ષ લીધેલ સમગ્ર તકરાર જોતાં બનાવ સ્થળે આરોપીની હાજરી નહી હોવાનું કે બનાવ સ્થળે રેડમાં સંડોવાયેલ વાહનની હાજરી નહી હોવાની કોઈ તકરાર કે બચાવ લેવામાં આવેલ ન હોય તે સંજોગોમાં ફરીયાદપક્ષ નિ:શંકપણે આક્ષેપિત તહોમતની હકીકત પુરવાર કરવામાં સફળ થયેલ હોય, આથી ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૫૪ અન્વયેનું વિરુધ્ધનું અનુમાન થઈ શકે તેવી કોઈ હકીકત કે બચાવ આ કામે આરોપી પક્ષ પુરવાર કરવામાં સફળ થયેલ ન હોય, આથી કલમ–૫૪ ના અનુમાનો સંબંધેની પૂર્વધારણાને ખંડન કરવામાં બચાવપક્ષ નિષ્ફળ નિવડેલ છે. તેમજ ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૩૫ અન્વયે ગુનાહિત માનસ સંબંધેની જોગવાઈ જોવામાં આવે તો ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની એકટ અન્વયેના ગુન્હામાં ગુનાહિત માનસ પુરવાર કરવાની જરૂર નથી અને તે સંબંધે ગુન્હો કરવાનો ઈરાદો ઉદ્દેશ અને જાણકારી તેમજ માન્યતા અથવા તો માનવાને કારણ હોવું ગુનાહિત માનસ કોર્ટ માની શકે છે. આમ, ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૩૫ અન્વયે જયારે આરોપી પાસેથી તેના કબજામાં રહેલ ખાનગી વાહનમાં મેફેડ્રોન ડ્રગ્સ ડ્રાઈવર સાઈડે ખુદ આરોપીએ કાઢી બતાવેલ હોય, ત્યારે હાલના ગુન્હામાં આરોપીઓની ગુનાહિત માનસ ન હતું તેવું ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સફળ થયેલ છે. આમ, ગુનાહિત માનસ પણ ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સફળ થયેલ છે અને કલમ–૩૫ અન્વયે આરોપી ગુન્હો કરવાની માનસ અવસ્થામાં હતા તેવું સ્પષ્ટ પુરવાર થાય છે. જેથી આ તબકકે કલમ–૩૫ તથા કલમ–૫૪ ના પૂર્વાનુંમાન સંબંધેની જોગવાઈ જોતાં આ કામના આરોપી નં.૧ થી નં.૪ પાસેથી કોન્સીયસ પઝેશનમાં તેઓના કબજામાં રહેલ ખાનગી વાહનમાં મેફેડ્રોન ડ્રગ્સ મળી આવેલ હોવાનું પૂર્વાનુંમાન કરવો પુરતો ફરીયાદપક્ષે રજુ કરેલ છે. અને તે પૂર્વાનુંમાનનું ખંડન કરવા સંબંધેનો કોઈ પુરાવો બચાવપક્ષ ધ્વારા રેકર્ડ ઉપર લાવવામાં સફળ થયેલ નથી.

(૨૭.૧૮) આમ, ઉપરોકત કાયદાકીય સિધ્ધાંતો ધ્યાને લેતાં, આ કામે બચાવપક્ષ ધ્વારા પંચોના તથા સાહેદના ફરી જવા પર મુખ્યત્વે દલીલ કરેલ છે અને જણાવેલ છે કે, સદરહું સાહેદોનો પુરાવો ટ્રાયલ દરમ્યાન ગ્રાહય રાખી શકાય તેવો નથી અને દુષીત છે, જેથી આ તબકકે સાહેદોએ ફરીયાદપક્ષના અમુક કેસની હકીકતને સ્વીકારેલ ન હોય, તે સં જોગોમાં સાહેદોના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે શું ધ્યાને લેવું તે અંગેના સિધ્ધાંતો જે ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે તે આ તબકકે **નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા Vahaji Ravaji Thakore And Another Versus State Of Gujarat 2004 (1) GLR 777**

18. Hakum Singh and Others V/s. State of Rajasthan reported in (2000) 7 SCC 490, Hon ble Supreme Court has held as follows :-

["............ The only premise for dubbing them as "interested witnesses" is that they were the kith and kin of the deceased. Why should such witnesses be termed as interested witnesses- If they had seen the occurrence, they would certainly have the interest to bring the offenders of the murder of their breadwinner to book. Normally, the kith and kin of the deceased, if they had seen the occurrence would not absolve the real offenders and involve innocent persons in that murder."

35. In view of aforesaid legal position, we are of considered view that merely because the panch witnesses do not support the case of the prosecution, the case of the prosecution need not be thrown overboard as unreliable. It must be realised that the phenomenon of panch witnesses turning hostile to the prosecution is not unknown and is ever on the increase. It needs hardly to be emphasised that the decision of a case does not depend solely on the question whether the panch witnesses support the prosecution or turn their back on it. If the decision of the case were to depend solely on the testimony of panch witnesses regardless of the evidence of independent witnesses, in theory, it would be giving a right of veto to the panchas so far as the question of culpability of an accused is concerned. If the evidence of Police Officer is otherwise found to be true and dependable, judicial pragmatism requires that merely because the panchas do not support, it should not be made a ground to discard his evidence.

**Dalwadi Govindbhai Amarshibhai Versus State Of Gujarat 2004 (2) GLR 1285**

**19.** The argument that panch witnesses have not supported the seizure of the clothes and, therefore, the report of Forensic Science Laboratory regarding clothes does not assist the prosecution, has no substance. It is well settled that panchnama of seizure of clothes can be proved by the evidence of Investigating Officer. In Vahaji Ravaji Thakore & Anr. V/s. State of Gujarat, 2003 (3) G.L.H. 283, the Division Bench of this Court, in paragraph 35, has held as under:

["Merely because the panch witnesses do not support the case of the prosecution, the case of the prosecution need not be thrown overboard as unreliable. It must be realised that the phenomenon of panch witnesses turning hostile to the prosecution is not unknown and is ever on the increase. It needs hardly to be emphasised that the decision of a case does not depend solely on the question whether the panch witnesses support the prosecution or turn their back on it. If the decision of the case were to depend solely on the testimony of panch witnesses regardless of the evidence of independent witnesses, in theory, it would be giving a right of veto to the panchas so far as the question of culpability of an accused is concerned. If the evidence of Police Officer is otherwise found to be true and dependable, judicial pragmatism requires that merely because the panchas do not support, it should not be made a ground to discard his evidence."]

Applying principles laid down in the said judgment to the facts of the present case, we find that the contents of panchnama of seizure of clothes stand proved by natural and trustworthy evidence of the Investigating Officer, Mr. Mer. The seizure of clothes, as referred to by Mr. Mer, was never challenged during his cross examination. Therefore, no benefit of doubt can be given to the appellant on the basis that seizure of his clothes is not proved as required by law.

તેમજ Yogesh Singh Versus Mahabeer SinghSUPREME COURT OF INDIA 2016 (0) AIR(SC) 5160 ના ચુકાદામાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે,

**24.** On the issue of appreciation of evidence of interested witnesses, Dalip Singh Vs. State of Punjab, AIR 1953 SC 364 = 1954 SCR 145, is one of the earliest cases on the point. In that case, it was held as follows:

"A witness is normally to be considered independent unless he or she springs from sources which are likely to be tainted and that usually means unless the

witness has cause, such as enmity against the accused, to wish to implicate him falsely. Ordinarily, a close relative would be the last to screen the real culprit and falsely implicate an innocent person. It is true, when feelings run high and there is personal cause for enmity, that there is a tendency to drag in an innocent person against whom a witness has a grudge along with the guilty, but foundation must be laid for such a criticism and the mere fact of relationship far from being a foundation is often a sure guarantee of truth."

**25.** Similarly, in Piara Singh and Ors. Vs. State of Punjab, AIR 1977 SC 2274 = (1977) 4 SCC 452, this Court held:

"It is well settled that the evidence of interested or inimical witnesses is to be scrutinised with care but cannot be rejected merely on the ground of being a partisan evidence. If on a perusal of the evidence the Court is satisfied that the evidence is creditworthy there is no bar in the Court relying on the said evidence."

**26.** In Hari Obula Reddy and Ors. Vs. The State of Andhra Pradesh, (1981) 3 SCC 675, a three-judge Bench of this Court observed:

".. it is well settled that interested evidence is not necessarily unreliable evidence. Even partisanship by itself is not a valid ground for discrediting or rejecting sworn testimony. Nor can it be laid down as an invariable rule that interested evidence can never form the basis of conviction unless corroborated to a material extent in material particulars by independent evidence. All that is necessary is that the evidence of interested witnesses should be subjected to careful scrutiny and accepted with caution. If on such scrutiny, the interested testimony is found to be intrinsically reliable or inherently probable, it may, by itself, be sufficient, in the circumstances of the particular case, to base a conviction thereon."

**27.** Again, in Ramashish Rai Vs. Jagdish Singh, (2005) 10 SCC 498, the following observations were made by this Court:

"The requirement of law is that the testimony of inimical witnesses has to be considered with caution. If otherwise the witnesses are true and reliable their testimony cannot be thrown out on the threshold by branding them as inimical witnesses. By now, it is well-settled principle of law that enmity is a double-

edged sword. It can be a ground for false implication. It also can be a ground for assault. Therefore, a duty is cast upon the court to examine the testimony of inimical witnesses with due caution and diligence."

**28.** A survey of the judicial pronouncements of this Court on this point leads to the inescapable conclusion that the evidence of a closely related witnesses is required to be carefully scrutinised and appreciated before any conclusion is made to rest upon it, regarding the convict/accused in a given case. Thus, the evidence cannot be disbelieved merely on the ground that the witnesses are related to each other or to the deceased. In case the evidence has a ring of truth to it, is cogent, credible and trustworthy, it can, and certainly should, be relied upon. (See Anil Rai Vs. State of Bihar, (2001) 7 SCC 318; State of U.P. Vs. Jagdeo Singh, (2003) 1 SCC 456; Bhagalool Lodh & Anr. Vs. State of U.P., (2011) 13 SCC 206; Dahari & Ors. Vs. State of U. P., (2012) 10 SCC 256; Raju @ Balachandran & Ors. Vs. State of Tamil Nadu, (2012) 12 SCC 701; Gangabhavani Vs. Rayapati Venkat Reddy & Ors., (2013) 15 SCC 298; Jodhan Vs. State of M.P., (2015) 11 SCC 52). Discrepancies in Evidence

**29.** It is well settled in law that the minor discrepancies are not to be given undue emphasis and the evidence is to be considered from the point of view of trustworthiness. The test is whether the same inspires confidence in the mind of the Court. If the evidence is incredible and cannot be accepted by the test of prudence, then it may create a dent in the prosecution version. If an omission or discrepancy goes to the root of the matter and ushers in incongruities, the defence can take advantage of such inconsistencies. It needs no special emphasis to state that every omission cannot take place of a material omission and, therefore, minor contradictions, inconsistencies or insignificant embellishments do not affect the core of the prosecution case and should not be taken to be a ground to reject the prosecution evidence. The omission should create a serious doubt about the truthfulness or creditworthiness of a witness. It is only the serious contradictions and omissions which materially affect the case of the prosecution but not every contradiction or omission. (See Rammi @ Rameshwar Vs. State of M.P., (1999) 8 SCC 649; Leela Ram (dead) through Duli Chand Vs. State of Haryana and Another, (1999) 9 SCC 525; Bihari Nath Goswami Vs. Shiv Kumar

Singh & Ors., (2004) 9 SCC 186; Vijay @ Chinee Vs. State of Madhya Pradesh, (2010) 8 SCC 191; Sampath Kumar Vs. Inspector of Police, Krishnagiri, (2012) 4 SCC 124; Shyamal Ghosh Vs. State of West Bengal, (2012) 7 SCC 646 and Mritunjoy Biswas Vs. Pranab @ Kuti Biswas and Anr., (2013) 12 SCC 796). Lapses in Investigation.

ઉપરોકત ચુકાદાઓના સિધ્ધાંતોને હાલ કેસ સાથે મુલવવામાં આવે તો પ્રથમ તો પંચો કે સાહેદોના ફરી જવા માત્રથી ફરીયાદપક્ષનો સમગ્ર કેસ માનવા યોગ્ય નથી તેવું ગણી શકાય નહી. આ કામે બચાવપક્ષ ધ્વારા ફરીયાદ તથા પંચનામામાં વજન અંગે ગ્રામ તથા મિલીગ્ર ામના લખાણમાં ફેરફાર થયેલ હોવાની તકરાર લીધેલ છે. પરંતુ આ કામે તપાસ કરનાર અમલદારના આંક–૧૦૪ થી રાહુલ અભેસીંગ વાઢેરને તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, મિલીગ્રામ શબ્દ શરતચુકથી લખાયેલ હોવાનું તે અંગેનો રીપોર્ટ વલ્લભીપુર જે.એમ.એફ.સી. કોર્ટ સમક્ષ કરેલ છે , જે રીપોર્ટ આંક–૧૦૫ થી રજુ કરવામાં આવેલ છે તે રીપોર્ટ પર જે.એમ.એફ.સી. કોર્ટ, વલ્લભીપુર સમક્ષ તા.૧૧/૦૩/૨૦૨૪ ના રોજ રીસીવ કરવામાં આવેલ છે. આમ, આ તબકકે **નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા Amish Devgan Versus Union Of India 2021 (1) SCC 1 ના ચુકાદામાં સ્પષ્ટ ઠરાવેલ છે કે,** એફ.આઈ.આર. એ ઈન્સાઈકલોપીડીયા નથી માત્ર ગુન્હાની જાહેરાત છે અને જયારે ગ્રામ તથા મિલીગ્રામએ ટાઈપોગ્રાફીકલ મિસ્ટેક હોય તે હકીકતને જયારે ફરીયાદના બીજા દિવસે તપાસ કરનાર અમલદારે રીપોર્ટ મારફતે કોર્ટના ધ્યાન પર આપેલ હોય અને કોર્ટે તે હકીકત સ્વીકારેલ હોય, તે સંજોગોમાં પંચનામા તેમજ સાહેદના મૌખિક પુરાવામાં તેમજ એફ.એસ.એલ. અધિકારી સમક્ષ કરવામાં આવેલ વજનથી અને સ્થળ પરીક્ષણ અહેવાલથી આરોપીઓ પાસેથી મળેલ એમ.ડી.ડ્રગ્સનું વજન થેલી સાથે ૯૩.૨૦૦ ગ્રામ અને એમ.ડી.ડ્રગ્સનું ચોખ્ખું વજન ૯૧ .૮૦૦ ગ્રામ થયેલ હોવાનું લખાયેલ હોય તે સંજોગોમાં એફ.આઈ.આર.મા મિલીગ્રામ લખાયેલ તે હકીકત માત્રથી ફરીયાદપક્ષનો સમગ્ર કેસ માર્યા જતો નથી. તેમજ જયારે સ્વતંત્ર પંચો, સ્વતંત્ર સરકારી સાહેદ, રેડીંગના સભ્યો ધ્વારા પણ વજન તથા સ્થળ સંબંધે સ્પષ્ટ પુરાવો રજુ કરેલ હોય તથા આ કામે જથ્થાને ધ્યાને લેતાં મેફેડ્રોનનો ચોખ્ખો જથ્થો ૯૧.૮૦૦ ગ્રામ હોય જેને કાયદામાં નિયત કરેલ શેડુઅલને ધ્યાને લેતાં તે કોમીંશયલ એટલે વાણિજય કોન્ટીટીમાં આવતો હોય તેવું પણ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ છે. તેમજ બચાવપક્ષ ધ્વારા પૂર્વાનુમાન સંબંધે શંકા ઉત્પન્ન થઈ શકે તેવા સુચક કે વિરોધાભાસી સવાલો પુછવામાં આવેલ ન હોય, તે

સંજોગોમાં આ કામે ફરીયાદપક્ષના કેસ પરત્વે કોઈ શંકા ઉત્પન્ન થતી નથી.

(૨૭.૨૦) વિશેષમાં આ કામે આરોપી નં.૧ થી નં.૪ ના કહેવાતો મુદ્દામાલ મુંબઈ મુકામેથી લાવેલાનો ફરીયાદપક્ષનો કેસ છે. જે સંબંધે તપાસ કરનાર અમલદાર ધ્વારા મુંબઈ મુકામે જઈ અને તપાસ કરેલ હોય તે અંગેના પુરાવાઓ રજુ કરેલ છે જે પૈકી આંક–૧૨૭ થી ગુજરાત રાજય બહાર તપાસ કરવા માટે જવા અંગેની પરવાનગી માંગેલ અને આંક–૧૨૮ થી આંક–૧૩૨ સુધી મું બઈ પોલીસની મદદ મેળવેલ હોવાનો દસ્તાવેજ રજુ કરેલ છે પરંતુ આ કામે તપાસ કરનાર અમલદાર ધ્વારા આરોપી નં.૫ થી નં.૭ ની ગુન્હામાં સંડોવણી સંબંધે જે પુરાવો રજુ કરેલ છે તે મુલવવામાં આવે તો આ કામે ફરીયાદીની ફરીયાદ અનુસાર આરોપી તૌફીકએ નાર્કોટીકસ ડ્રગ્સ મુંબઈ ડુંગરીએથી લાવેલ હોવાનું જણાવેલ છે. જે અંગેની હકીકત આંક–૪૯ ની ફરીયાદમાં તેમજ આંક–૪૩ ના પંચનામામાં પંચો રૂબરૂ જણાવેલ છે. પરંતુ આ કામના આરોપી નં.૫, ૬ તથા નં.૭ પાસેથી આરોપી મુદ્દામાલ લાવેલ હોય તે અંગેનો કોઈ સ્પષ્ટ પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તેમજ તપાસ કરનાર અમલદારના આંક–૧૦૪ થી રાહુલ અભેસીંગ વાઢેરના સરતપાસનું મુલ્યાંકન કરતા આ કામે આરોપી નં.૫ મહેફુઝ અયુબ મીયાનું, આરોપી નં.૬ તહેરાબ અબ્દુરહેમાન ખાન, આરોપી નં.૭ મહમદરીઝવાન નાઓનું ગુન્હામાં નામ કેવી રીતે અને કયા નિવેદનના આધારે તેમજ આરોપી નં.૧ થી નં.૪ સાથે તેઓને કયા ટ્રાન્ઝેકશન આધારે તે અંગેની કોઈ સ્પષ્ટતા ફરીયાદપક્ષ કોઈ પણ પુરાવા આધારે રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જેથી આરોપી નં.૫ થી નં.૭ નાઓએ આ મેફેડ્રોન ડ્રગ્સનું વેચાણ કરેલ હોય તેવું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

(૨૮) આમ, આ કેસમાં રજુ થયેલ પુરાવા તથા સંજોગોનું સમગ્રપણે મૂલ્યાંકન કરતાં, ફરિયાદપક્ષ આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબના તમામ કારણોસર આ કામના આરોપી સામે આક્ષેપિત ગુન્હાનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તેમજ ફરિયાદપક્ષના પુરાવા પરથી તથા જરુરી પુરાવાના અભાવે રેકર્ડ પર ફરિયાદપક્ષના કેસ અંગે તથા આરોપીની સદર ગુન્હામાં સંડોવણી અંગે જે વ્યાજબી શંકાઓ ઉદભવેલ છે, તેનો લાભ ક્રિમીનલ જયુરીસ્પ્રૃડન્સના મૂળભુત સિધ્ધાંત મુજબ આરોપીને મળવાપાત્ર છે. આમ, ઉપરોકત તમામ સં જોગોમાં, આ કામના આરોપીને તેમની વિરુધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામા બાબતે તકસીરવાન ઠરાવી શકાય નહીં, તેવું આ કોર્ટનું નમ્રપણે માનવું છે અને તે સંજોગોમાં આ કામના આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવાનું આ કોર્ટને ઉચિત જણાય છે. ઉપરોકત

તમામ સંજોગોમાં જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં તથા મુદ્દા નં.ર નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવી અને મુદ્દા નં.૩ પરત્વે આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

(૧) આ કામના આરોપી નં.પ **મહેફુઝ અયુબ મિયાનુર,** રહે. ચકલા સ્ટ્રીટ બિલ્ડીંગ નં.૧૦૩/૧૦૫, મસ્જીદ બંર, મુંબઈ, આરોપી નં.૬ **તોહરાબ ખાન અબ્દુલ રહેમાન ખાન**, રહે. રૂમ નં.પ૦૮, ઉતમ પેલેસ, મીનારા મસ્જીદ,મહંમદઅલી રોડ, મુંબઈ તથા આરોપી નં.૭ **મોહમ્મદ રિઝવાન ગુલામ ગૌસ,** રહે. રૂમ નં.૧૦, બીજા માળે, ઝુમા મસ્જીદ બિલ્ડીંગ, ઝંડાગલીની સામે, એમ.ઈ.માર્ગ, ડોંગરી, મુંબઈ નાઓને તેઓની સામેના ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–**૮(સી), ૨૨(સી), ૨૯** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના તહોમતમાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે શં કાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના **<u>આરોપી નં.૧ તૌફીકભાઈ અહેમદભાઈ મન્સુરી,</u>** રહે. શેરી નં.૩, કાદરી મસ્જીદની બાજુમાં, મોતીતળાવ, કુંભારવાડા, ભાવનગર, **<u>આરોપી નં.ર એઝાઝભાઈ ઉર્ફે બાદશાહ હનીફભાઈ મન્સુરી</u>**, રહે. શેરી નં.૬, મોતીતળાવ કુંભારવાડા, ભાવનગર, **<u>આરોપી નં.૩ અલ્ફાઝભાઈ સાદીકભાઈ ગોરી</u>**,રહે. શેરી નં.૮, મફતનગર, મોતીતળાવ, કુંભારવાડા, ભાવનગર તથા **<u>આરોપી નં.૪ હુસેનભાઈ ઉર્ફે ટાઈગર અખ્તરભાઈ કલીવાળા</u>,** રહે. શેરી નં.૦૬, મોતીતળાવ, કુંભારવાડા, ભાવનગરનાઓને તેઓની સામેના ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–**૮(સી) સાથે વાંચતા કલમ–૨૨(સી) તથા સાથે વાંચતા કલમ–૨૯** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના તહોમતમાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૩) આ કામના આરોપી નં.પ થી નં.૭ નાએ ક્રિમીનલ પ્રોસીજર કોડ,૧૯૭૩ ની કલમ– ૪૩૭(એ) મુજબ આ હુકમ સામે ઉચ્ચ અદાલતમા અપીલ કે પીટીશન થયે જે તે અદાલત સમક્ષ હાજર રહેવા માટે રૂા.૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા અત્રેની અદાલતમાં રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૦૧'લી, માહે–જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,

સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૬/૨૦૨૬ **(જીગ્નેશ ગિરીશભાઈ દામોદ્રા)**
સ્થળ–ભાવનગર. સ્પેશ્યલ જજ (એન.ડી.પી.એસ.) અને
પાંચમાં એડીશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ, ભાવનગર.
U.I.C. No. GJ00996

*MITUL POPAT*

(૨૯) સજા અંગે સાંભળ્યા, આરોપી નં.૧ થી નં.૩ ના તરફે વિ.વકીલશ્રી બી.કે.વાઘેલા તથા આરોપી નં.૪ તરફે વિ.વકીલશ્રી એસ.વાય.હમીરાણી ધ્વારા દલીલ કરેલ છે કે, આ કામના આરોપી નં.૧ થી નં.૩ ની તથા નં.૪ ઉંમર યુવાન વર્ગના છે. વિશેષમાં તેમના ઉપર કુંટબની જવાબદારી છે, આરોપીઓ પરણીત હોય તથા સામાજિક તથા વ્યવહારીક જવાબદારી તેમના ઉપર રહેલ હોય, તે સંજોગોને ઘ્યાને લેતાં અને ઓછામાં ઓછી સજા કરવા તથા દંડ કરવા રજુઆત કરેલ છે. વિશેષમાં દલીલ કરેલ છે કે, આરોપી નં.૧ થી નં.૪ ના અગાઉ આ પ્રકારના કોઈ પણ ગુન્હામાં સંડોવાયેલ નથી તેમજ ગુનાહિત ઈતિહાસ નથી. તેમજ અગાઉ તેમના વિરુઘ્ધ કોઈ નશાકારક પદાર્થનું વેચાણ સંગ્રહ કે ઉપયોગ કરવા અંગેના ગુન્હા નોંધાયેલ ન હોય તે સંજોગોમાં આરોપીઓ ઉપર રહેમ દ્રષ્ટી રાખી ઓછામાં ઓછી સજા કરવા દલીલ કરેલ છે. વિશેષમાં અત્રેની અદાલતનું ઘ્યાન કલમ–૨૨ (સી) ઉપર દોરી એવી દલીલ કરેલ છે કે, તેમાં ઓછામાં ઓછી સજાની જોગવાઈ નિયત કરેલ હોય, તેમજ ઓછામાં ઓછો દંડની પણ જોગવાઈ નિયત કરેલ હોય, તે સંજોગોમાં આ કામે કેસના સંજોગોમાં આરોપીની સામાજિક આર્થિક જવાબદારી તેમજ આરોપીઓના ભુતકાળમાં કોઈ ગુનાહિત કૃત્ય ન હોય, તે તમામ સંજોગોને ઘ્યાને લેતાં ઓછામાં ઓછી સજા કરવા મુખ્યત્વે દલીલ કરેલ છે.

(૩૦) સદરહું કામે વિ.એ.જી.પી.શ્રી એમ.એચ.મહેતા આજરોજ હાજર થયેલ છે અને તેઓએ આ કામે પ્રોસીકયુશન ધ્વારા કેસ નિ:શંકપણે પુરવાર કરેલ હોય, આરોપીને કાયદા ધ્વારા નિયત કરેલ મહતમ સજા કરવા રજુઆત કરેલ છે.

(૩૧) સદરહું કામે ઉભયપક્ષકારોની રજુઆત, કાયદાના પ્રાવધાનો, આક્ષેપિત ગુન્હાનું તહોમત તે લગત પ્રસ્થાપિત સમગ્ર સિઘ્ધાંતોને ઘ્યાને લેવામાં આવે તો, આ કામના આરોપીઓ વિરુઘ્ધ કોમર્શીયલ કોન્ટીટીમાં મેફેડ્રોન ડ્રગ્સ રાખવાનો ગુન્હો પુરવાર થયેલછે. જે સંબંધે આ કામે જે કાયદાની જોગવાઈઓ છે તે નિયંત્રીત પદાર્થ તથા માદક પદાર્થની જે જોગવાઈઓ કરવામાં આવેલ છે તેમાં મેફેડ્રોન ડ્રગ્સને સમાવિષ્ટ કરવામા આવેલ છે તેથી આ તબકકે નામદાર સર્વોચ્ચ

અદાલત ધ્વારા દુરાંડ ડીડયર વિરુધ્ધ મુખ્ય સચિવ ગોવા કેન્દ્ર શાસિત પ્રદેશ, ૧૯૯૦ એસ.સી.સી. (સી.આઈ.આર.) પાના નં.૬૫ માં એન.ડી.પી.એસ. એકટ અન્વયેનો કાયદાનો જે હેતુ છે તે સંબંધે ચર્ચા કરવામાં આવે છે અને સદરહું ચુકાદાના પેરા નં.૨૪ માં જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે ધ્યાને લેતાં સદરહું કાયદાનો કેન્દ્રવર્તી વિચાર એ છે કે, જયારે કોઈ સંગઠીત ગેરકાયદેસર પ્રવૃતિઓ દેશમાં માદક દ્રવ્ય અને માદક પદાર્થોને દાણચોરી કરે અથવા તો ગેરકાયદેસર રીતે હેરફેર કરી અને તેનો ખુદ ઉપભોગ કરે તે તેનું વેચાણ કરે તે સંબંધે દેશની જનતા અને ખાસ કરીને યુવા વર્ગમાં જે પ્રમાણમાં નાર્કોટીકસ ડ્રગ્સ અને તેમાં પણ ખાસ કરીને એમ.ડી.ડ્રગ્સનું ચલણ ગેરકાયદેસર રીતે ઉપભોગ કરવા માટે વધી રહેલ છે જેના કારણે દેશના યુવાધન અને દેશના કિશોરો /યુવતીઓ, વિદ્યાર્થીઓ વિગેરે ઉપભોગ કરે છે જેના કારણે દેશનું યુવાધાન કિશોર અવસ્થામાં જ તેમજ યુવાવસ્થામાં નાશ પામે છે.આમ, એન.ડી.પી.એસ. એકટ અન્વયેનો ગુન્હો માત્ર અર્થતંત્રને નહી પરંતુ દેશના યુવાધનને નાશ કરી શકે તે પ્રકારનું દુષણ છે અને આના કારણે દેશમાં જે નાર્કોટીકસ ડ્રગ્સનું ઉપભોગ કરવાનું પ્રમાણ વધી રહેલ છે તે સંબંધે સદરહું ચુકાદામાં ચિંતા પણ વ્યકત કરવામાં આવેલ છે. આમ, એન.ડી.પી.એસ. એકટ અન્વયેના તહોમતને હળવાશથી લઈ શકાય નહી. કારણ કે, સદરહું ગુનાના કારણે સામાજિક, આર્થિક તેમજ યુવાધનના માનસિક સ્થિતિને અસર કરતું તંત્ર છે અને સમગ્ર સમાજ તેમજ દેશ માટે હાનિકારક, ધાતકીય અસરો, દુરોગામી પરિબળ સાથે જણાય આવે છે. આમ, સદરહું અસરને ધ્યાને લેતાં આ કામે આરોપીઓને તેમની ઉંમર, સામાજિક દરજજો, તેમની સામાજિક જવાબદારીઓ વિગેરેને ધ્યાને લેવામાં આવે તો પણ કોઈ યુવાનને અન્ય યુવાધનને નુકસાન કરવાનો કોઈ અધિકાર પ્રાપ્ત થતો નથી અને એન.ડી.પી.એસ.ની કલમ–૩૫ માં સ્પષ્ટપણે ગુનાહિત માનસ સંબંધે જોગવાઈ કરવામાં આવેલ છે કે, જયારે એન.ડી.પી.એસ.એકટ અન્વયે કોઈ વ્યકિત એન.ડી.પી.એસ.નું સબસ્ટન્સ લઈને મળી આવે ત્યારે તેનો ઈરાદો, તેનો ઉદ્દેશ અને તેની જાણકારી અને તેની માન્યતા અથવા તો જે તે કૃત્ય કરી રહેલ છે તેને માનવાનું કારણ હોવાની જાણકારી છે તેવું કાયદામાં સ્વયં સ્પષ્ટ પ્રસ્થાપિત કરેલ છે. જેથી આ કામે આરોપીઓ પાસેથી જે જથ્થામાં મેફેડ્રોન ડ્રગ્સ મળી આવેલ છે તેને ધ્યાને લેતાં આરોપીઓનું ગુનાહિત માનસ સ્વંય સ્પષ્ટ પુરવાર થતું હોય તે સંજોગોમાં સદરહું કૃત્યના નિર્ણય સંબંધે તેવો અજાણ હોય તેવો કોઈ બચાવ કે તેવી કોઈ તકરાર આ તબકકે ધ્યાને લેવી આવશ્યક ગણાતી નથી અને અદાલત ધ્વારા હંમેશા કોઈ પણ નિર્ણય કરવામાં આવે તેની અસર જનમાનસ તથા સામાન્ય માનવી ઉપર થતી

હોય છે, તેમજ સમાજ પર પણ નિર્ણયની અસર રહેતી હોય છે. જેથી આ કામે આરોપીઓ સામે જે તહોમત પુરવાર થયેલ છે તેમાં આરોપીઓને મહતમ સજા કરવી ન્યાયોચિત જણાય છે પરંતુ દંડ સંબંધે આરોપીઓને કાયદા દ્વારા સુનિશ્ચીત કરેલી ઓછામાં ઓછી સજા કરવી પણ ન્યાયોચિત જણાય છે. જેથી આ કામે ઉપરોકત રજુઆત તથા તારણોને ધ્યાને લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

(૧) આ કામના **આરોપી નં.૧ તૌફીકભાઈ અહેમદભાઈ મન્સુરી,** રહે. શેરી નં.૩, કાદરી મસ્જીદની બાજુમાં, મોતીતળાવ, કુંભારવાડા, ભાવનગરનાઓને તેઓની સામેના ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–**૮(સી) સાથે વાંચતા કલમ–૨૨(સી) તથા સાથે વાંચતા કલમ–૨૯** મુજબના ગુન્હા આરોપીને ૨૦ (વીસ) વર્ષની સખત કેદની સજા અને આરોપીને રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) નો દંડનો હુકમ કરવામાં આવે છે, વધુમાં જો આરોપી તેને ફરમાવવામાં આવેલી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો વધુ ૨ (બે) વર્ષની સખત કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના **આરોપી નં.૨ એઝાઝભાઈ ઉર્ફે બાદશાહ હનીફભાઈ મન્સુરી**, રહે. શેરી નં.૬, મોતીતળાવ કુંભારવાડા, ભાવનગરનાઓને તેઓની સામેના ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–**૮(સી) સાથે વાંચતા કલમ–૨૨(સી) તથા સાથે વાંચતા કલમ–૨૯** મુજબના ગુન્હા સબબ ૨૦ (વીસ) વર્ષની સખત કેદની સજા અને આરોપીને રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) નો દંડનો હુકમ કરવામાં આવે છે, વધુમાં જો આરોપી તેને ફરમાવવામાં આવેલી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો વધુ ૨ (બે) વર્ષની સખત કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના **આરોપી નં.૩ અલ્ફાઝભાઈ સાદીકભાઈ ગોરી**,રહે. શેરી નં.૮, મફતનગર, મોતીતળાવ, કુંભારવાડા, ભાવનગરનાઓને તેઓની સામેના ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–**૮(સી) સાથે વાંચતા કલમ–૨૨(સી) તથા સાથે વાંચતા કલમ–૨૯** મુજબના ગુન્હા સબબ ૨૦ (વીસ) વર્ષની સખત કેદની સજા અને આરોપીને રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) નો દંડનો હુકમ કરવામાં આવે છે, વધુમાં જો આરોપી તેને ફરમાવવામાં આવેલી દંડની રકમ ભરવામાં કસૂર

કરે તો વધુ ૨ (બે) વર્ષની સખત કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના **આરોપી નં.૪ હુસેનભાઈ ઉર્ફે ટાઈગર અખ્તરભાઈ કલીવાળા,** રહે. શેરી નં.૦૬, મોતીતળાવ, કુંભારવાડા, ભાવનગરનાઓને તેઓની સામેના ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટ, ૧૯૮૫ ની કલમ–૮**(સી) સાથે વાંચતા કલમ–૨૨(સી) તથા સાથે વાંચતા કલમ–૨૯** મુજબના ગુન્હા સબબ ૨૦ (વીસ) વર્ષની સખત કેદની સજા અને આરોપીને રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) નો દંડનો હુકમ કરવામાં આવે છે, વધુમાં જો આરોપી તેને ફરમાવવામાં આવેલી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો વધુ ૨ (બે) વર્ષની સખત કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૫) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ– ૪૨૮ અન્વયે આરોપી નં.૧ થી નં.૪ નાએ કાચા કામના કેદી તરીકે ભોગવેલી સજાના દિવસો તેમને ઉપર જણાવ્યા મુજબની ફરમાવવામાં આવેલી કેદની સજામાથી મજરે આપવાનો હુકમ કરવામા આવે છે.

(૬) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૩ અન્વયે આરોપી નં.૧ થી નં.૪ નાઓને ચુકાદાની નકલ વિના મૂલ્યે તાત્કાલીક આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૫ અન્વયે ચુકાદાની એક નકલ ડિસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ, ભાવનગરને મોકલવાનો હુકમ કરવામાં આવે છે.

(૮) આ કામે ધી નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એકટના ગુન્હામાં ઉપયોગમાં લેવાયેલ વાહન બલેનો કાર નં. જી.જે.૦૪ ઈ.જે.૨૪૬૨ ની વચગાળાના માટે મુકત કરવામાં આવેલ હોય તો તે તેના રજીસ્ટર્ડ ઓનરે માંગણી કરનારે એન.સી.બી., અમદાવાદ ઝોનલ ઓફીસે રજુ કરવી અને સદરહું બલેનો કાર જપ્ત કરી રાજયસાત કરવા સારૂ એન.સી.બી. અમદાવાદ ઝોનલ ઓફીસને સોંપવાનો હુકમ કરવામાં આવે છે. આ અંગે એસ.ઓ.જી.શાખા, ભાવનગરને બલેનો કાર કબ્જે કરી એન.સી.બી., અમદાવાદ ઝોનલ ઓફીસે રજુ કરી રાજયસાત કરવાની કાર્યવાહી કરવા માટેની અલગથી યાદી કરવી.

વધુમાં મુદ્દામાલ મોબાઈલો જે કબ્જે થયેલ છે તે અંગે જો કોઈ માંગણીદાર આવે તો તે સં બંધે અપીલ સમય બાદ ઈન્કવાયરી કરી યોગ્ય ન્યાયીક નિર્ણય કરવાનો હુકમ કરવામાં

આવે છે. અન્યથા જો કોઈ માંગણીદાર ઉત્પન્ન થાય તો તેનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબની રોકડ સરકાર ખાલસા કરવી અને અન્ય બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

આ હુકમ આજરોજ તા.૦૧'લી, માહે–જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૬/૨૦૨૬
સ્થળ–ભાવનગર.

**(જીગ્નેશ ગિરીશભાઈ દામોદ્રા)**
સ્પેશ્યલ જજ (એન.ડી.પી.એસ.) અને
પાંચમાં એડીશ્નલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ, ભાવનગર.
U.I.C. No. GJ00996

*MITUL POPAT*

## <u>વિશેષ હુકમ</u>

આ કામે હુકમ જાહેર કર્યા બાદ તોહમતનામા મુજબ NDPS ની કલમ–૨૨ (સી) ના સ્થાને ટાઈપ મિસ્ટેકથી ૨૦(સી) લખાયેલ હોય આથી જજમેન્ટમાં કલમ–૨૦ (સી) ના સ્થાને કલમ–૨૨(સી) નો અંક અંગેનો સુધારો કરવાનો અને તે અંગે સજા વોરંટમાં પણ સુધારો કરવા અલગથી યાદી કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૦૨/૦૬/૨૦૨૬

**(જીગ્નેશ ગિરીશભાઈ દામોદ્રા)**
સ્પેશ્યલ જજ (એન.ડી.પી.એસ.) અને
પાંચમાં એડીશ્નલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ, ભાવનગર.
U.I.C. No. GJ00996